# GPSC મુખ્ય પરીક્ષા GS - 1, PAPER-4, (ફરજીયાત)
# જાહેર વહીવટ

લેખક : પ્રફુલ્લ ગઢવી (M.P.A., M.A., L.L.B., D.Pharm )


૧. જાહેર વહીવટ અને સરકારી કામકાજ

૨. વહીવટના સિદ્ધાંતો અને વાદો

૩. વહીવટી વર્તણૂક

૪. કર્મચારી ગણ વ્યવસ્થા તંત્ર

૫. નાણાં વ્યવસ્થા

૬. વ્યવસ્થા તંત્ર પર નિયંત્રણ

૭. તુલનાત્મક વ્યવસ્થા તંત્ર

૮. ભારતમાં કેન્દ્રીય વ્યવસ્થા તંત્ર

૯. ભારતમાં મુલ્કી સેવા

૧૦. રાજ્ય-જિલ્લા અને સ્થાનિક વ્યવસ્થા તંત્ર





ચાણક્ય





વુડ્રો વિલ્સન

## ૧. જાહેર વહીવટ અને સરકારી કામકાજ

- **"રાજ્યશાસ્ત્રના એક અગત્યના પેટા વિષય તરીકે જાહેર વહીવટનો વિષય તેનું પોતાનું આગવું વ્યક્તિત્વ ધરાવતો થયો છે."**
- **જાહેર વહીવટનો અર્થ, વ્યાપ અને વિશેષતા, ખાનગી અને જાહેર વહીવટ, એક વિદ્યાશાખા તરીકે વહીવટનો ઉદ્‌ભવ અને ઉદ્વિકાસ**

→ 'જાહેર વહીવટ'નો ખ્યાલ એક પ્રવૃત્તિ તરીકે આપણે વિદેશો પાસેથી મેળવ્યો નથી છતાં પણ જાહેર વહીવટનો ખ્યાલ અભ્યાસની દૃષ્ટિએ વિદેશોમાંથી રજુ થયેલો જોવા મળે છે. અને ભારતમાં જોવા મળતા જાહેર વહીવટના ઉદાહરણો નીચે મુજબ વિગતે ચર્ચીશું.

→ પ્રાચીન સિંધુ ખીણના 'મોહેં-જો-દડો' અને 'હડપ્પા' શહેરોના કાટખૂણે કાપતા સીધા પહોળા રસ્તા, જાહેર સ્નાનાગાર વગેરે અવશેષો તે સંસ્કૃતિએ જાહેર વહીવટની સમજ પચાવી હશે તેવું જણાવે છે.

→ યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ, મનુસ્મૃતિ, શુક્રાચાર્યના નીતિસાર, મહાભારતના શાંતિપર્વ અને કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં રાજાના ધર્મો-પ્રજાકલ્યાણનાં કાર્યો અને રાજ્યે કેવી રીતે કરવેરા નાંખવા જોઈએ, તે અંગેનાં થયેલાં વર્ણનો, તે સમયે જાહેર વહીવટનો પરિચય—આ ચિંતકોને કેટલી ઊંચી કક્ષાએ હશે તેનો ચિતાર આપે છે !

→ નાના પાયા પરની કે એકાકી પ્રવૃત્તિ માટે વિશેષ તંત્ર કે વ્યવસ્થા જરૂરી બનતી નથી.

→ પરંતુ જેમ જેમ પ્રવૃત્તિઓનો ફેલાવો વધતો જાય તેમ તેમ તેનું વ્યવસ્થિત રીતે સંચાલન કરવું પડે.

→ આમ, મનુષ્યની સામૂહિક પ્રવૃત્તિઓના વિકાસની સાથે તેના અવિભાજ્ય અંગ તરીકે "વહીવટ" આદિકાળથી એક યા બીજા સ્વરૂપે ઉદ્‌ભવેલ છે.

→ અન્ય અનેક શાસ્ત્રોની જેમ "વહીવટ"ના ક્ષેત્રે પણ વૈજ્ઞાનિક અભિગમનો વિકાસ થયો જેમાંથી વહીવટની ઘણી અગત્યની શાખા "જાહેર વહીવટ" બની. તેમાં પણ ખાસ કરીને ઔદ્યોગિક ક્રાંતિ ઉપરાંત લોકતાંત્રિક અને સમાજવાદી વહીવટી માળખાના વિકાસ બાદ 19મી સદીથી "જાહેર વહીવટ"ના કાર્યક્ષેત્રમાં બહોળો અને વૈજ્ઞાનિક ધોરણે વિકાસ થયો.

→ આમ છતાં જાહેર વહીવટને એક વ્યવસ્તિત અને વૈજ્ઞાનિક શાસ્ત્ર તરીકે વિકસાવવાનું માન પશ્ચિમના દેશોને એને મુખ્યત્વે અમેરિકાને ફાળે જાય છે.

→ ઈ.સ. 1787માં સૌપ્રથમ હેમિલ્ટને પોતાના પુસ્તક 'સમવાયવાદી'માં 'જાહેર વહીવટ' શબ્દની વ્યાખ્યા આપી તેનું કાર્યક્ષેત્ર સમજાવવા પ્રયત્ન કર્યો.

→ ત્યાર બાદ લગભગ એકસો વર્ષે ઈ.સ. 1887માં 'પોલિટિકલ સાયન્સ ક્વાર્ટસી' નામના મેગેઝિનમાં 'વહીવટનો અભ્યાસ' એ વિષય ઉપર અમેરિકન પ્રમુખ વુડ્રો વિલ્સને મહત્ત્વપૂર્ણ નિબંધ લખ્યો.

→ આ નિબંધે જાહેર વહીવટને એક સ્વતંત્ર શાસ્ત્ર તરીકે વિકસાવવા માટે રાજ્યશાસ્ત્રીઓ અને વહીવટના અન્ય અભ્યાસીઓનું ધ્યાન કેન્દ્રિત કર્યું એમ આપણે કહી શકીએ.

## ⏩ જાહેર વહીવટનો અર્થ :

→ 'જાહેર વહીવટ'ને સમજવા માટે આપણે 'વહીવટ' શબ્દને સમજવો જરૂરી છે.

→ વહીવટ માટે અંગ્રેજીમાં વપરાતો <u>'Administration'</u> શબ્દ લેટિન ભાષાના <u>'Ad'</u> અને <u>'Ministiar'</u> (એડ ને મિનિસ્ટીયર) પરથી બનેલો છે.

→ તેનો અર્થ સેવા કરવી - કાર્યો પાર પાડવા કે તેનું સંચાલન કરવું તેવો કરી શકાય.

→ જાહેર વહીવટ માટે અંગ્રેજીમાં વપરાતા 'Public Administration' શબ્દમાં <u>'Public'</u> 'જાહેર' શબ્દ રાજ્યનો અને સરકારનો ઉલ્લેખ કરે છે.

→ તેથી જાહેર વહીવટને રાજ્યવહીવટ કે સરકારી વહીવટ તરીકે પણ ઓળખવામાં આવે છે.

→ "જાહેર વહીવટ"માં જાહેર શબ્દ ખૂબ મહત્ત્વનો છે.

→ તે દર્શાવે છે કે આ 'જાહેર હિત' સાથે સંકળાયેલ પ્રવૃત્તિ અંગેના વહીવટ અંગેનું શાસ્ત્ર છે અને તે પ્રજાના હિત માટે પ્રજાના નાણાંથી થતાં કાર્યો સાથે સંલગ્ન પ્રવૃત્તિઓનાં વિવિધ પાસાંઓનો અભ્યાસ કરે છે.

→ જાહેર વહીવટની પ્રજાજીવન પરની અસરના વ્યાપકપણાને લીધે તેનો અભ્યાસ એ હવે "સામાન્ય જ્ઞાન" (Gveneral Knowledge)ની જરૂરિયાત ગણાવી શકાય.

→ "જાહેર વહીવટ" શબ્દને વ્યાખ્યાબદ્ધ કરીને તેને સ્પષ્ટ કરવા કેટલાક રાજ્યશાસ્ત્રીઓ અને વહીવટશાસ્ત્રીઓએ પ્રયત્ન કર્યો છે જે આ પ્રમાણે છે : **વુડ્રો વિલ્સન**ના મતે, "જાહેર વહીવટ એ કાયદાનો વિસ્તૃત અને વ્યવસ્થિત અમલ છે.

→ કાયદાને અમલી બનાવતી પ્રત્યેક ક્રિયા એ વહીવટી પ્રક્રિયા છે."

→ વુડ્રો વિલ્સનની આ વ્યાખ્યા ઉપરથી જાહેર વહીવટની ત્રણ મહત્ત્વની બાબતો સ્પષ્ટ થાય છે : (અ) તે કાયદેસર ચાલતી પ્રવૃત્તિ છે. (બ) તે વ્યવસ્થિત ઢબે કામ કરે છે. (ક) તેની સેવાનો વ્યાપ ખૂબ જ વિસ્તૃત હોય છે. **પ્રો. એલ.ડી. વ્હાઇટના મતે,** "અધિકૃત સત્તાએ જાહેર કરેલી નીતિના અમલ અને પરિપૂર્ણતાના હેતુ ધરાવતા તમામ કાર્યોનો સમાવેશ જાહેર વહીવટમાં કરવામાં આવે છે."

→ એલ.ડી. વ્હાઇટની આ વ્યાખ્યા ઉપરથી કહી શકાય કે જાહેર વહીવટ એ (અ) અધિકૃત સત્તા દ્વારા હાથ ધરવામાં આવે છે. (બ) તેનાં કાર્યો હેતુપૂર્ણ હોય છે. (ક) તે સરકારની નીતિનો અમલ કરે છે.

→ **લ્યુથર ગલિક :** "આ શાસ્ત્ર સરકાર સાથે સંબંધ ધરાવે છે અને આ રીતે તે મુખ્ય કારોબારી ઉપરાંત ધારાકીય અને ન્યાયિક શાખાઓને લગતી "વહીવટી" બાબતો પણ આવરી લે છે."

→ ઉપરોક્ત વ્યાખ્યાઓના અભાવ ઉપરથી આપણે ટૂંકમાં કહી શકીએ કે, "રાજ્ય વહીવટ એ રાજ્યનાં ધ્યેયો અને સરકારની નીતિઓને પરિપૂર્ણ કરવા માટે કાયદેસર રીતે, વ્યવસ્થિત ઢબે અને સભાનતાપૂર્વક હાથ ધરાતી પ્રવૃત્તિઓનો અભ્યાસ કરતું શાસ્ત્ર છે."

## ⏩ જાહેર વહીવટનું કાર્યક્ષેત્ર અને સ્વરૂપ:

→ જાહેર વહીવટશાસ્ત્રનો ઉપર પ્રમાણે અર્થ સમજ્યા પછી તેના અભ્યાસક્ષેત્રનો આપણેવિચાર કરીશું. વહીવટના અભ્યાસક્ષેત્રમાં કઈ-કઈ બાબતોનો સમાવેશ કરવો જોઈએ તેના માટે વહીવટશાસ્ત્રીઓમાં એકમતી નથી.

→ વહીવટના અભ્યાસક્ષેત્ર અંગે જુદા જુદા વહીવટશાસ્ત્રીઓએ જે મત કે દૃષ્ટિબિંદુ બતાવ્યા છે તેને તપાસવાથી વહીવટના કાર્યક્ષેત્રની સમજ પ્રાપ્ત કરી શકાય.

**(1) વિશાળ દૃષ્ટિબિંદુ :**

→ આ દૃષ્ટિબિંદુનું સમર્થન જહોન પિફનર, માર્શલ ડિમોક, લ્યુથર ગુલિક જેવા વહાવટીશાસ્ત્રીઓએ કરેલું છે.

→ આ ચિંતકોનું માનવું છે કે જાહેર વહીવટશાસ્ત્ર સરકારની ત્રણેય શાખાઓ ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્રની સમગ્ર પ્રવૃત્તિઓનો અભ્યાસ કરે છે.

→ આ વહીવટશાસ્ત્રીઓનું માનવું છે કે આધુનિક રાજ્યવસ્થામાં જાહેર જીવન સરકારની આ ત્રણેય શાખાઓની પ્રવૃત્તિઓ વત્તેઓછે અંશે પ્રભાવિત હોય છે.

**(2) સંકુચિત દૃષ્ટિબિન્દુ :**

→ પ્રો. હર્બર્ટ સાયમન અને એલ.ડી. વ્હાઇટ જેવા ચિંતકોએ આ દૃષ્ટિબિન્દુનું સમર્થન કર્યું છે.

→ તેમના મતે જાહેર વહીવટશાસ્ત્ર સરકારન કારોબારી શાખાની પ્રવૃત્તિઓના અભ્યાસ ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરે છે.

→ એટલે કે ન્યાયતંત્ર કે ધારાકીય કામગીરીને આવરી લેતું નથી.

**(3) સંચાલકીય દૃષ્ટિબન્દુ :**

→ આ દૃષ્ટિબંદુના સમર્થક વહીવટશાસ્ત્રીઓના મતે જાહેર વહીવટશાસ્ત્રના અભ્યાસક્ષેત્રમાં માત્ર સંચાલન (Managerial) સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓનો જ અભ્યાસ થાય છે.

→ આ દૃષ્ટિબિંદુના અગ્રણી`વા અમેરિકન વહીવટશાસ્ત્રી લ્યૂથર ગુલિકે જાહેર વહીવટના અભ્યાસક્ષેત્રને <u>'POSDCoRB'</u> શબ્દો દ્વારા સ્પષ્ટ કરવા પ્રયત્ન કર્યો છે.

→ આ શબ્દનો પ્રત્યેક અક્ષર જાહેર વહીવટની મુખ્ય પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરે છે.

→ તેમાં P એટલે Planing આયોજન.

→ આયોજન એ કાર્યની પૂર્વતૈયારી છે.

→ O એટલે Irganisation - સંગઠન એ એવો વ્યવસ્થિત માનવસમૂહ - કર્મચારી સમૂહ છે જેના દ્વારા વહીવટી કાર્યો પાર પડે છે.

→ S એટલે Staffing - કાર્મીક વહીવટ જેમાં કર્મચારીઓની નીતિ, તાલીમ તથા તેમના કામની શરતોનો સમાવેશ થાય છે.

→ D એટલે Directing - માર્ગદર્શન જેમાં સંગઠનની કામગીરીના પ્રત્યેક તબક્કે જરૂરી આદેશ અને સૂચનનો સમાવેશ થાય છે.

→ Co - એટલે Co-ordinating - સમન્વયનો અર્થ છે.

→ સંગઠનના વિવિધ ભાગોનાં કાર્યો વચ્ચે આંતરસંબંધ જાળવવો.

→ R એટલે Repoting - અહેવાલ - એટલે જેના પ્રત્યે વહીવટ જવાબદાર છે તેવી સત્તા-અધિકારીને પરિસ્થિતિથી વાકેફ રાખવા.

→ B એટલે Budgeting - અંદાજપત્ર, જેમાં સંગઠન માટે નાણાકીય સાધનોનો અંદાજ, નિયંત્રણ અને હિસાબનો સમાવેશ થાય છે.

→ વહીવટશાસ્ત્રી લ્યૂથર ગુલિકનું માનવું હતું કે આ 'POSDCoRB' પ્રવૃત્તિઓ પ્રત્યેક સંગઠનમાં સમાનપણે જોવા મળે છે.

→ તેથી તેનો અભ્યાસ મહત્ત્વનો છે.

→ પરંતુ લ્યૂથર ગુલિકના આ દૃષ્ટિબિંદુના ટીકાકારોનું કહેવું છે કે, "પોસ્ટકોર્બ" પ્રવૃત્તિઓ એ વહીવટનાં માત્ર સાધનો છે.

→ તે જાહેર વહીવટના વિષયવસ્તુની અવગણના કરે છે જે યોગ્ય નથી.

→ અસરકારક વહીવટ માટે સંબંધિત વિષયવસ્તુનું ઊંડું જ્ઞાન પણ જરૂરી બાબત છે.

**(4)** આ દૃષ્ટિબિંદુનું સમર્થન જહોન પિફનર અને વોકર જેવા વહીવટશાસ્ત્રીઓએ કર્યુ છે.

→ તેમના મતે જાહેર વહીવટના અભ્યાસક્ષેત્રમાં (અ) જાહેર વહીવટના સિદ્ધાંતો અને (બ) જાહેર વહીવટના વ્યાવહારિક પાસાનો એમ બંનેનો સમાવેશ કરવો જોઈએ.

→ તેમના મતે પોસ્ડકોર્બ પ્રવૃત્તિઓ જાહેર વહીવટનું સૈદ્ધાંતિક પાસું રજૂ કરે છે.

→ તે સાથે જાહેર વહીવટના અભ્યાસમાં રાજકીય, નાણાકીય, શૈક્ષણિક, સામાજિક, સ્થાનીય જેવી બાબતોનો પણ સમાવેશ થાય છે.

→ આજે જાહેર વહીવટમાં માનવીય તત્ત્વોનો પણ અભ્યાસ થાય છે.

→ આજે જાહેર વહીવટશાસ્ત્ર એ રાજ્યશાસ્ત્ર ઉપરાંત અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન જેવા શાસ્ત્રો સાથે સંબંધ વિકસાવીને પોતાના અભ્યાસક્ષેત્રમાં નવા ખ્યાલો અને ટેક્નિકોનો સમાવેશ કરી રહ્યું છે.

→ સંચાલકીય દૃષ્ટિબિંદુમાં ઉચ્ચ કક્ષાએ ઉપયોગમાં લેવાતી "મેનેજરિયલ ટેક્નિક" કેન્દ્રસ્થાને છે.

→ પરંતુ આ ઉપરાંત રોજિંદી કામગીરી અને વિશિષ્ટ કામગીરી માટે અનેક પ્રકારની પદ્ધતિ અને વિશિષ્ટ જ્ઞાન જરૂરી બને છે તેને પણ જાહેર વહીવટના ક્ષેત્રમાં આવરી લેવા જોઈએ તેવા દૃષ્ટિબિંદુને "સમન્વયકારી દૃષ્ટિબિંદુ" કહે છે જે વધારે સમતોલ અને વાસ્તવિક ગણાય છે.

→ જાહેર વહીવટ માટે આ બંને દૃષ્ટિબિંદુ એક સિક્કાની બે બાજુ જેટલાં જ મહત્ત્વનાં છે.

**⏩ જાહેર વહીવટના અભ્યાસનું મહત્ત્વગ :**

→ જાહેર વહીવટ એક સામાજિક વિજ્ઞાન છે.

→ તે જાહેર જીવનમાં માનવસંગઠનો, માનવીય વર્તન, જાહેર પ્રવૃત્તિઓ અને વહીવટી પ્રક્રિયાઓનો વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ કરે છે.

→ આ સાથે રાજ્યમાં લોકોના કલ્યાણ માટે વહીવટકારોએ જાહેર વહીવટના સિદ્ધાંતોનો વ્યવહારમાં ઉપયોગ કરવાનો હોય છે.

→ તે જાહેર વહીવટ સમાજ, રાજ્ય અને રાષ્ટ્રના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક જીવન સાથે પ્રત્યક્ષ રીતે સંકળાઈ ગયું છે.

→ અમેરિકન ઇતિહાસકાર ચાર્લ્સ બર્ડના મતે, "સંસ્કૃતિનું ભાવિ સમાજના પ્રશ્નો હલ કરી શકે તેવા વહીવટીશાસ્ત્ર અને વહીવટી ફિલ્સૂફી વિકસાવવાની શક્તિ પર અવલંબે છે.

→ આમ જાહેર વહીવટ એ આધુનિક સંસ્કૃતિની સફળતા કે નિષ્ફળતાની ચાવી છે.

**(1) જાહેર વહીવટ અને લોકકલ્યાણ :**

→ આધુનિક રાજ્ય એ કલ્યાણ રાજ્ય છે.

→ આજે રાજ્ય બાળકના જન્મથી નહિ પરંતુ જન્મ પહેલાંથી કાળજી લેવા માંડે છે.

→ માતા ગર્ભવતી હોય છે ત્યારથી જ તંદુરસ્ત બાળક માટે માતાના આરોગ્ય માટે રાજ્ય વિવિધ યોજનાઓ વિચારે છે.

→ અમસમાં મૂકે છે.

→ બાળકના જન્મની નોંધ તો લે છે પરંતુ તેના પ્રાથમિક શિક્ષણ, પીવાના પાણી, રહેઠાણની વ્યવસ્થા, પોષણયુક્ત આહાર, બેરોજગારીનિવારણ, રસ્તાઓ, પૂલોનું નિર્માણ, રેલવે, બસ તથા વિમાન જેવા વાહનવ્યવહાર તથા તાર-ટેલિફોન જેવા સંદેશાવ્યવહારનાં સાધનોનું સંચાલન જાહેર વહીવટ કરે છે.

**(2) જાહેર વહીવટ રાજ્ય અને સમાજને સ્થિરતા આપે છે :**

→ રાજ્યમાં સરકારો આવે અને જાય, પ્રધાનો બદલાતા રહે, પરંતુ લોકકલ્યાણની પ્રવૃત્તિઓ ચાલુ રહે તે જોવાનું કામ જાહેર વહીવટ કરે છે.

→ રાજ્ય એ સમાજની એક સંસ્થા છે.

→ સમાજમાં પણ ઘમાં પરિવર્તન આવતા હોય છે.

→ જૂના વચ્ચે સંઘર્ષો થતા હોય છે.

→ એ બધાની વચ્ચે પણ માનવજીવનને સ્થિરતા અને સાતત્ય બક્ષવાનું કામ જાહેર વહીવટની પ્રવૃત્તિઓ કરે છે.

**(3) જાહેર વહીવટ અને લોકશાહી :**

→ લોકશાહીની સ્વતંત્રતા અને સમાનતાના હક્કો વાસ્તવિક જીવનમાં નાગરિકો ભોગવી શકે તે કામ જાહેર વહીવટ દ્વારા થાય છે.

→ લોકશાહીમાં રાજ્યસેવકો લોકોને બિનપક્ષપાતી રીતે સેવા આપે છે.

→ લોકશાહી સરકાર નિશ્ચિત મુદ્દતને અંતે બદલાય પણ નાગરિક જીવનને સલામતીભરી રીતે સંચાલિત રાખવાનું કામ જાહેર વહીવટ કરે છે.

→ જાહેર વહીવટ દ્વારા પોલીસ રાત્રે સૂતેલા કે દિવસે પોતાની જીવન પ્રવૃત્તિઓમાં વ્યસ્ત નાગરિકોની સલામતી માટે જાગૃત રહે છે.

→ કાયદેસર રીતે સમાજમાં વર્તતા નાગરિકોની સમાનતાનો ભંગ થાય નહિ, અસ્પૃશ્યતા જેવું વર્તન થાય નહિ તે જોવાનું કામ પણ જાહેર વહીવટ કરે છે.

**(4) જાહેર વહીવટ એક વિષય તરીકે :**

→ જાહેર વહીવટ આપણે આગળ જોયું તેમ લોકોના જીવન માટે અતિ અગત્યની બાબત છે.

→ ત્યારે એક વિષય તરીકે તેનો અભ્યાસ પણ નાગરિકો માટે મહત્ત્વનો બને છે.

→ પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ સમાજવિદ્યાના ભાગ તરીકે જાહેર વહીવટનાં કેટલાંક તત્ત્વો શીખવાય છે.

→ કોલેજ અને યુનિવર્સિટી શિક્ષણમાં તે અલગ વિષય તરીકે પણ શીખવાય છે.

→ આ વિષયનું શિક્ષણ રાજ્યને કુશળ વહીવટકારો આપી શકે છે.

→ જાહેર વહીવટ સમાજને એક બાજુ સ્થિરતા આપે છે, તો બીજી બાજુ સમાજની પ્રગતિનું માધ્યમ પણ બને છે.

→ તે કલ્યાણ રાજ્યને અમલી બનાવનાર સાધન છે.

→ તે લોકશાહીનાં મૂલ્યોનું જતન કરવામાં પણ ઉપયોગી પુરવાર થાય છે.

•

# જાહેર વહીવટ અને ખાનગી વહીવટ

→ મનુષ્ય સામાજિક પ્રાણી છે. તેને સમૂહમાં રહેવું ગમે છે.

→ આ સમૂહજીવનની પ્રવૃત્તિઓના સંચાલન માટે વહીવટ એક પ્રક્રિયા તરીકે પ્રત્યેક સમયે પછી તે લગ્નસભારંભ હોય, કાપડની મિલ હોય કે સરકારનો રેવન્યુ વિભાગ હોય - પ્રત્યેકમાં જોવા મળે છે.

→ તેથી જ હેન્રી ફેયોલ, મેરી ફોલેટ તથા એલ.ઉર્વીક જેવા વહીવટશાસ્ત્રીઓ વહીવટની આધારભૂત એકતાને ધ્યાનમાં લઈને જાહેર તથા ખાનગી વહીવટ વચ્ચે ભેદ જોતા નથી.

→ આ વહીવટશાસ્ત્રીઓનું માનવું છે કે બંને પ્રકારના વહીવટમાં હિસાબ-કિતાબ, કાર્યાલય પ્રક્રિયા, વહીવટી કુશળતા, નીતિઘડતર અને અમલ, સંગઠન, જાહેર સંપર્ક અને સંશોધન જેવી બાબતો બંને વહીવટ માટે જરૂરી છે.

→ તેથી જાહેર વહીવટ અને ખાનગી વહીવટ એવા ભેદ પાડવાને અસ્થાને છે.

→ પરંતુ હર્બર્ટ સાયમન, પોલ એપલીબી અને જોશિયા સ્ટેમ્પ જેવા વહીવટશાસ્ત્રીઓના મતે જાહેર અને ખાનગી વહીવટ બંને જુદા જુદા વાતાવરણ ને પરિસ્થિતિમાં કામ કરવાનું હોવાથી બંને વચ્ચે વાસ્તવિક અર્થમાં મોટો તફાવત છે.

→ જાહેર અને ખાનગી વહીવટ વચ્ચેના તફાવતને આપણે અભ્યાસની સરળતા ખાતર નીચે પ્રમાણે તપાસીશું :

→ વાસ્તવમાં જાહેર વહીવટ અને ખાનગી વહીવટ એ વહીવટની બે શાખાઓ છે.

→ આ બંને શાખાઓની પોતાની આગવી પ્રણાલીગત, કાયદાકીય અને મૂળભૂત જરૂરિયાતોને લીધે બંનેનાં લક્ષણોમાં અમુક અંશે તફાવત રહે છે.

→ પરંતુ તેમ છતાં બંને એકબીજાના વિરોધી ન કહી શકાય. “વહીવટ” રૂપી સિક્કાની બે બાજુ જેવાં છે.

→ આ તફાવત મુખ્યત્વે સ્વરૂપો છે.

→ ગુણવત્તામાં ક્યારેક દેખાતો તફાવત સ્વરૂપ અને અન્ય કારણોને લીધે વિશેષ છે.

**(1) સંગઠન :**

→ સંગઠનની આવશ્યકતા બંને પ્રકારના વહીવટમાં જણાતી હોવા છતાં ખાનગી વહીવટની તુલનાએ જાહેર વહીવટનું સંગઠન નિયમની ચુસ્તતાના માળખામાં ગોઠવાયેલું હોય છે.

→ જાહેર વહીવટનું સંગઠન નોકરશાહીના સિદ્ધાંતને આધારે, જ્યારે ખાનગી વહીવટનું સંગઠન વ્યવસાયલક્ષી સ્વરૂપનું હોય છે.

**(2) મૂળભૂત ધ્યેય :**

→ જાહેર વહીવટનું મૂળભૂત ધ્યેય પ્રજાનું કલ્યાણ છે.

→ તેથી જાહેર વહીવટના નીતિઘડતર સમયે અને નીતિના અમલ દરમિયાન જાહેર વહીવટની પ્રવૃત્તિઓના સંચાલન પાછળ નફાનો હેતુ હોતો નથી.

→ એટલું જ નહિ કેટલીક વાર ખોટ સહન કરવી પડતી હોય તોપણ જાહેર વહીવટ લોકોની સેવાને પ્રાથમિકતા આપીને તે પ્રવૃત્તિ ચાલુ રાખે છે. દા.ત., ગુજરાત રાજ્ય બસ સેવા અને ભારત સરકારની રેલવે સેવાને આનું ઉદાહરણ ગણાવી શકાય.

→ જ્યારે ખાનગી વહીવટનું પ્રાથમિક ધ્યેય નફો પ્રાપ્ત કરવાનું છે.

→ ખાનગી વહીવટ પોતાના એકમોની સ્થાપના અને તેનું સંચાલન નફાના ઉદ્દેશ્યથી જ કરે છે.

**(3) કાર્યના સ્વરૂપની દૃષ્ટિએ :**

→ જાહેર વહીવટની સેવાનો વ્યાપ સામાન્ય રીતે ખૂબ જ મોટો હોય છે.

→ તેના કાર્યક્ષેત્રમાંથી ભાગ્યે જ કોઈ વ્યક્તિ બાકાત રહેતી હોય છે. દા.ત., ભારતમાં તાર અને ટપાલ વિભાગની સેવાઓ ભારતનાં પ્રત્યેક ગામડાં અને શહેરોમાં વિસ્તરેલી છે.

→ એટલું જ નહિ વિદેશોમાં પણ ભારતનો ટપાલ વિભાગ ટપાલ મોકલે છે.

→ જ્યારે ખાનગી વહીવટી સેવાઓનો વ્યાપ ખૂબ જ મર્યાદિત સ્વરૂપનો હોય છે.

→ દા.ત. આંગડિયા સર્વિસ દ્વારા પણ ટપાલ અને નાણાં પહોંચાડાય છે. પરંતુ આ સેવા ખૂબ જ મર્યાદિત શહેરો પૂરતી હોય છે.

**(4) જવાબદારી દૃષ્ટિએ :**

→ જાહેર વહીવટ જવાબદારીની દૃષ્ટિએ લોકોને જવાબદાર હોય છે. જાહેર વહીવટમાં થતી નાની બેદરકારી કે ઉચાપત મોટું સ્વરૂપ ધારણ કરી શકે છે.

→ આવી બાબતોને લોકો અદાલતમાં પડકારી શકે છે.

→ રાજકીય પક્ષો ધારાસભામાં પ્રશ્નો ઉઠાવી શકે છે અને આખરે લોકમત તેની વિરુદ્ધ જવાનો ડર જાહેર વહીવટને રહે છે.

→ જ્યારે ખાનગી વહીવટ પ્રત્યક્ષ રીતે તેના માલિકને જવાબદાર હોવાથી લોકોનો પ્રત્યક્ષ રીતે તેના ઉપર અંકુશ હોતો નથી.

**(5) કાર્યક્ષમતાની દૃષ્ટએ :**

→ જાહેર વહીવટની કામગીરી નિયમ પ્રમાણે ચાલતી હોવાથી અને તે નોકરશાહીના માળખામાંથી પસાર થતી હોવાથી તેનું કામકાજ ધીમી ગતિએ ચાલે છે.

→ જ્યારે ખાનગી વહીવટમાં 'મારાપણા'ની લાગણી હોવાથી અને તેનામાં વ્યવસાયિતા વધુ હોવાથી કામકાજ ઝડપથી અને નિપુણતાથી ચાલે છે.

**(6) સમાનતાપૂર્ણ વ્યવહારની દૃષ્ટિએ :**

→ જાહેર વહીવટમાં સરકારી કર્મચારીએ ચોક્કસ નીતિનું પાલન કરવાનું હોય છે.

→ આ માટે કર્મચારીઓએ કોઈ પણ જાતના ભેદભાવ વિના સમાનપણે લોકોને સેવા આપવાની હોય છે.

→ જ્યારે ખાનગી વહીવટમાં કર્મચારી ધંધાનું હિત જોઈને લોકો સાથેના વર્તનમાં ફેરફાર કરી (અસમાનતા આવી) શકે છે.

**(7) નાણાકીય અંકુશની દૃષ્ટએ :**

→ જાહેર વહીવટની પ્રવૃત્તિઓમાં થતો ખર્ચ ધારાસભાના નાણાં વિનિયોગ અધિનિયમ પ્રમાણે હોય છે.

→ જાહેર વહીવટમાં નાણાંનો દુર્વ્યય કે ભ્રષ્ટાચાર જણાય તો તેની સામે ધારાસભામાં અને આમજનતામાં ભારે વિરોધ થઈ શકે છે.

→ જ્યારે ખાનગી એકમનાં નાણાકીય નિયંત્રણ સ્થિતિસ્થાપક હોય છે કારણ કે તેમાં ખર્ચ કરનાર અને આવક મેળવનાર એકમ એક જ હોય છે.

**(8) ઈજારાશાહી-હરીફાઈ :**

→ જાહેર વહીવટ દ્વારા અપાતી કેટલીક સેવાઓને હરીફાઈનો સામનો કરવો પડતો નથી.

→ આ બાબતોમાં જાહેર વહીવટ ઇજારો ભોગવે છે એમ કહી શકાય. દા.ત., ભારતીય રેલવે, ટપાસસેવા.

**(9) જવાબદારી :**

→ લોકશાહીમાં જાહેર વહીવટ લોકોને જવાબને પાત્ર (જવાબદાર) હોય છે.

→ આ ખૂબ જ મહત્ત્વનું લક્ષણ છે.

→ જેમાંથી ખાનગી ક્ષેત્રને એકંદરે મુક્તિ છે.

→ આ લક્ષણને કારણે જ જાહેર વહીવટના સ્વરૂપ, સંગઠન, કાર્યશૈલી અને કાર્યક્ષમતા ખાનગી ક્ષેત્રથી જુદાં પડે છે.

→ જ્યારે ખાનગી વહીવટને હંમેશા હરીફાઈનો સામનો કરવો પડે છે.

→ હવે નવી અર્થનીતિમાં વૈશ્વિકરણને લીધે હરીફાઈનું તત્ત્વ વધુ તીવ્ર બનશે.

→ આમ જાહેર અને ખાનગી વહીવટ વચ્ચે સ્વરૂપ અને જવાબદારીની દૃષ્ટિએ તફાવત છે.

→ છતાં બંને વહીવટની કેટલીક આધારભૂત બાબતો જેનો આપણે આગળ વિચાર કર્યો છે તે સમાન હોવાથી ક્યારેક ખાનગી વહીવટમાં નિપુણ જણાતી વ્યક્તિની સરકાર કોર્પોરેશનના બોર્ડમાં નિમણૂક કરે છે.

•

# જાહેર વહીવટનો એક ઈતિહાસ (એક વિજ્ઞાન તરીકે)

→ જાહેર વહીવટ એક વ્યાવહારિક વિજ્ઞાન છે અને તેથી તેણે આંતરવિદ્યાકીય સ્વરૂપ ધારણ કર્યું છે. સામાજિક વિજ્ઞાનોમાં તે નવું વિજ્ઞાન છે.

→ તેનો ઉદ્‌ભવ થયે 125 વર્ષ જેટલો સમય માંડ થયો છે.

→ અમેરિકાના પ્રમુખ બન્યા તે પહેલાં રાજ્યશાસ્ત્રનું પ્રિન્સ્ટન યુનિવર્સિટીમાં અધ્યાપન કરતા પ્રો. વુડ્રો વિલ્સને જોયું કે રાજ્યશાસ્ત્ર સરકારની કેટલીક પ્રક્રિયાઓનો અભ્યાસ કરતું નથી અથવા કરી શકતું નથી.

→ આ પ્રક્રિયાઓના અભ્યાસ માટે એક અલગ શાસ્ત્રની જરૂર છે, તે બાબત ઉપર ભાર મૂકતો નિબંધ 'વહીવટનો અભ્યાસ' 1987માં લખ્યો.

→ આમ જાહેર વહીવટનો એક શાસ્ત્ર તરીકે ઉદ્‌ભવ થયો.

→ પ્રારંભમાં તેનો રાજ્યશાસ્ત્રની એક શાખા તરીકે વિકાસ શરૂ થયો.

→ ઈ.સ. 1900માં એફ.જે. ગુડનાઉએ પોતાના પુસ્તક 'રાજકારણ અને વહીવટ'માં જણાવ્યું કે, 'રાજકારણ એ રાજ્યની ઇચ્છાની પ્રતિક્રિયા છે અને વહીવટ એ ઇચ્છાનો અમલ છે.'

→ તેમણે એમ પણ કહ્યું કે કાર્યક્ષમ ને પ્રગતિશીલ સરકાર માટે વહીવટ ઉપર રાજકારણનો અંકુશ હોવો જોઈએ.

→ આ સમયે અમેરિકન સરકારમાં સુધારણાનું આંદોલન ચાલતું હતું જેના લીધે જાહેર વહીવટના અભ્યાસ ઉપર વધુ ધ્યાન અપાવ માંડ્યું.

→ સંયુક્ત રાજ્ય અમેરિકાની ઘણી યુનિવર્સિટીઓમાં જાહેર વહીવટનો એક શાસ્ત્ર તરીકે અભ્યાસ શરૂ થયો.

→ 1926માં એલ.ડી. વ્હાઇટે 'જાહેર વહીવટના અભ્યાસની ભૂમિકા' એ મહત્ત્વનું પુસ્તક લખીને જાહેર વહીવટને રાજ્યશાસ્ત્રથી સ્વતંત્ર શાસ્ત્ર બનાવવા પ્રયત્ન કર્યો.

→ તેમણે એ બાબત ઉપર ભાર મૂક્યો કે જાહેર વહીવટનું મુખ્ય ધ્યેય કાર્યક્ષમતા છે. આમ જાહેર વહીવટના વિકાસના પ્રારંભિક તબક્કામાં તેને રાજ્યશાસ્ત્રથી એક સ્વતંત્ર શાસ્ત્ર બનાવવા ઉપર ભાર મૂકાયો.

→ બીજો તબક્કો એક સ્વતંત્ર વિજ્ઞાન તરફ વિકાસની આગેકૂચ કરવા જાહેર વહીવટશાસ્ત્રીએ કેટલાક સિદ્ધાંતો આપવા પ્રયત્ન કર્યો.

→ જેમાં 1927માં ડબલ્યુ.એફ. વોલીબીના 'જાહેર વહીવટના સિદ્ધાંત' પુસ્તકે મહત્ત્વનું પ્રદાન કર્યું.

→ તેમણે એવા સિદ્ધાંતો આપવા પ્રયત્ન કર્યો જેનાથી જાહેર વહીવટમાં સુધારણા થઈ શકે.

→ વિલોબીએ શરૂ કરેલ આ કાર્યને મેરી પાર્કર ફોલેટ, હેન્રી ફેયોલ, જેમ્સ મુની, રૈલે તથા લ્યૂથર ગુલિક અને ઉરવિકે આગળ ધપાવ્યું.

→ 1937માં લ્યૂથર ગુલિક અને ઉરવિકે 'વહીવટી વિજ્ઞાન ઉપર લેખ' પુસ્તક પ્રકટ કર્યું.

→ તેમણે જાહેર વહીવટની પ્રવૃત્તિઓને સૈદ્ધાંતિક સ્વરૂપ આપવા 'POSDCoRB' (પોસ્ડકોર્બ)નો ખ્યાલ આપ્યો.

→ જાહેર વહીવટને એક વિજ્ઞાન તરીકે વિકસાવવાનો આ પરંપરાગત અભિગમ હતો.

→ તેમાં મેકસવેબરના 'નોકરશાહીના આદર્શ પ્રકાર'નો ખ્યાલ ખૂબ જ મહત્ત્વનો હતો.

**⏩ ત્રીજો તબક્કો :**

→ આમ જાહેર વહીવટને એક સ્વતંત્ર શાસ્ત્ર (વિજ્ઞાન) તરીકે વિકસાવવા તેના સિદ્ધાંતોનું ઘડતર આગળ વધતું હતું, ત્યારે જ કેટલાક અભ્યાસુઓએ આ સિદ્ધાંતોની મર્યાદા બતાવી.

→ અમેરિકામાં પ્રમુખ એફ.ડબલ્યુ. રૂઝવેલ્ટના 'ધ ન્યુ ડીલ' કાર્યક્રમે જાહેર વહીવટના રાજકીય અને સામાજિક સંદર્ભોમાં પરિવર્તન આણ્યું.

→ 1938માં ચેસ્ટર બર્નાર્ડે 'કારોબારીનાં કાર્યો' પુસ્તક લખ્યું જેમાં જાહેર વહીવટના સૈદ્ધાંતિક નહિ પરંતુ વ્યાવહારિક પાસા ઉપર ભાર મૂક્યો.

→ એફ.એમ. માર્ક્સના 'જાહેર વહીવટનાં તત્ત્વો' પુસ્તકમાં જેને 'મૂલ્યરહિત વહીવટ' તરીકે ઓળખાવાય છે, તે મૂલ્ય આધારિત રાજકારણ છે.

→ 1946માં પ્રો. હર્બર્ટ સાયમને પોતના એક લેખમાં વહીવટી સિદ્ધાંતોને 'વહીવટ કહેવતો' તરીકે ઓળખાવી.

→ 1947માં રોબર્ટ એ. દહેલે 'જાહેર વહીવટનું વિજ્ઞાન-3 : સમસ્યાઓ' એ લેખમાં જણાવ્યું છે કે મૂલ્યોના વ્યક્તિગત ભિન્નતા અને સામાજિક–સાંસ્કૃતિક વૈવિધ્યને લીધે જાહેર વહીવટને વિજ્ઞાન તરીકે વિકસાવવામાં સમસ્યા છે.

→ 1948માં ડીવાઇટ વાલ્ડોએ 'વહીવટી રાજ્ય : અમેરિકન જાહેર વહીવટના રાજકીય સિદ્ધાંતનો અભ્યાસ' એ પુસ્તકમાં જાહેર વહીવટના સૈદ્ધાંતિક પાસાનો વિરોધ કરતાં જણાવ્યું કે જાહેર વહીવટ એ લોકશાહી અને મૂલ્ય આધારિત પ્રથાનો એક ભાગ છે.

→ ચેસ્ટર બોર્ડ સંગઠનીય કાર્યોત્સાહની વાત કરી અને હર્બર્ટ સ્પેન્સરે હકીકતોમાં 'આંતરમૂલ્યો' કેવી રીતે સંકળાયેલાં છે તે જણાવતા કહ્યું કે વહીવટી પ્રક્રિયામાં મૂલ્યનિર્ધારણને અવગણી શકાય નહિ. → અ । મ આ વર્તનવાદી તબક્કામાં જાહેર વહીવટ રાજ્યશાસ્ત્રની શાખા બનવા તરફ ફરીથી પાછું ફર્યું.

- **ચોથો તબક્કો <u>1956</u> થી <u>1970</u> :**

→ જાહેર વહીવટના વિજ્ઞાનના વિકાસના આ તબક્કામાં ફરીથી વહીવટશાસ્ત્રીઓ એ બાબતનો એકરાર કરવા તરફ વર્યા કે રાજ્યશાસ્ત્ર વર્તનવાદી અભ્યાસો તરફ વળ્યું છે.

→ આમ છતાં નિર્ણયઘડતર જેવી બાબતો જે જાહેર વહીવટના અભ્યાક્ષેત્રની છે તેને રાજ્યશાસ્ત્ર ન્યાય આપી શકે તેમ નથી.

→ આમ થવાથી જાહેર વહીવટના અભ્યાસીઓએ સંગઠનના સંસ્થાત્મક પાસાને બદલે વર્તનવાદી પાસા પર ભાર મૂક્યો અને તે માટેની ટેક્નિકો શોધવા પ્રયત્ન કર્યો.

→ આ માટે અમેરિકામાં મીનોબ્રોક ખાતે 1967માં જાહેર વહીવટશાસ્ત્રના 33 વિદ્વાનો એકત્ર થયા.

→ તેમણે અર્થતંત્ર અને કાર્યક્ષણતા, લોકશાહી વિચારોના ભેદ અને મજબૂત સૈદ્ધાંતિક ભૂમિકા સંદર્ભે પ્રશ્નો ઉઠાવ્યા.

→ મીનોબ્રોક કોન્ફરન્સે નવીન જાહેર વહીવટશાસ્ત્ર માટેની ચળવળ શરૂ કરી.

→ જેણે ધોરણકીય સિદ્ધાંત (Narmative theory), સામાજિક સંદર્ભ અને માનવતાવાદમાંથી વિચારો અને આદર્શોનો ઉપયોગ શરૂ કર્યો.

→ આથી પણ આગળ વધીને તેમણે બિનમાર્ક્સવાદી એવા ઉદારવાદી સંદર્ભ સાથે સામાજિક સમતા અને લોકશાહી મૂલ્યોનું સમર્થન કર્યું.

→ તેમણે નિર્ણયઘડતર અને નિર્ણયના અમલમાં સંબંધિત સમૂહોના ભાગીદારીની વાત કરી.

→ નવા જાહેર વહીવટશાસ્ત્રે નીતિઘડતરમાં વહીવટકારોની તરફદારી કરી.

- **પાંચમો તબક્કો <u>1971</u> પછી :**

→ આમ પ્રથમ ચાર તબક્કા દરમિયાન જાહેર વહીવટશાસ્ત્રની વિકાસ માટેની મથામણ અને પડકારો ઉકેલવા માટેના પ્રયત્નમાંથી એક સ્વતંત્ર શાસ્ત્ર તરીકે તો તેનો વિકાસ શક્ય બન્યો જ છે.

→ એટલું જ નહિ આજે જાહેર વહીવટશાસ્ત્રનો અભ્યાસ રાજ્યશાસ્ત્ર ઉપરાંત સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, કાયદાશાસ્ત્ર, માનવ-નૃવંશશાસ્ત્ર, મનોવિજ્ઞાન સાથે આંતરવિદ્યાકીય બન્યો છે અને સામાજિક વિજ્ઞાનો તેમાં રસ લેતાં થયાં છે.

→ આજે તુલનાત્મક જાહેર વહીવટ અને વિકાસાત્મક વહીવટના અભ્યાસો વિકસ્યા છે.

→ જાહેર વહીવટ સંસ્કૃતિબદ્ધ (Culture bound) પણ છે.

→ તેથી પશ્ચિમનાં રાષ્ટ્રો ઉપરાંત એશિયા અને આફ્રિકાનાં રાષ્ટ્રોમાં પણ જાહેર વહીવટના ક્ષેત્રે અભ્યાસો વધ્યા છે.

→ વૈશ્વિકરણ અને ઉદારીકરણની અર્થનીતિએ જાહેર વહીવટના અભ્યાસમાં નવી દિશા ઉઘાડી છે.

→ આ નવી અર્થનીતિના ઘડતરમાં અને અમલમાં જાહેર વહીવટ પણ નવાં મૂલ્યો, નવી ટેક્નિકો અને સિવિલ સેવકો ાટે નવી તાલીમ અંગે ચિંતન શરૂ કર્યું છે.

→ જાહેર વહીવટની પ્રક્રિયા નવો ઓપ મેળવી રહી છે અને એક વિજ્ઞાન તરીકે જાહેર વહીવટશાસ્ત્ર આ દિશામાં અભ્યાસ હાથ ધરી રહેલ છે.

**(6) છઠ્ઠો તબક્કો 1980 પછી : નવીન જાહેર સંચાલન :**

→ જાહેર વહીવટ સામે નૂતન પડકારો અને પ્રશ્નો ઉદ્‌ભવવાની શરૂઆત સંયુક્ત રાજ્ય અમેરિકા અને સોવિયેત રશિયા વચ્ચેના 1980ના દેતાંતના દિવસોમાં થઈ ચૂકી હતી.

→ આ સમયે ઠંડા યુદ્ધના ઓસરતા પૂર સાથે આ બંને મહાસત્તાઓને આર્થિક થાકનો અહેસાસ થઈ રહ્યો હતો. 1970ના દાયકાના વર્તનવાદી વિશ્લેષણ અને રાજ્ય કેન્દ્રીત ઇસ્ટન પ્રથાના આદર્શ રૂપ (મોડેલ)ના દિવસો પૂરા થઈ રહ્યા હતા એવું રાજકીય અર્થશાસ્ત્રીઓનું તારણ હતું.

→ તેથી જ 1980ની આ ચિંતાજનક પરિસ્થિતિમાં પલટો લાવવાનો સંકેત યુ.એસ.એ. ના પ્રમુખ રોનાલ્ડ રેગન અને યુ.કે.ના વડાપ્રધાન માગરિટ થેચરે આપેલો.

→ પ્રમુખ રોનાલ્ડ રેગને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય આર્થિક પ્રવાહોના અભ્યાસ માટે નીમેલ ગ્રેસ પંચે પોતાના અહેવાલમાં જણાવ્યું કે રાજ્યવહીવટમાં રહેલાં સ્થાપિત હિતો યથાવત્ સ્થિતિ જાળવી રાખવાના પક્ષમાં છે : તેમના વલણમાં પરિવર્તન લાવવું જરૂરી છે.

→ આ પરિસ્થિતિના નિવારણના મનોમંથનમાંથી નવી ઉદારવાદી અર્થનીતિ, ખાનગીકરણ અને વૈશ્વિકરણને આકાર આપતું ચિંતન વિકસ્યું.

→ આ ચિંતને ‘લોકપસંદગી સિદ્ધાંત’ને બળ આપ્યું.

→ આ લોકપંસદગી સિદ્ધાંતનું સમર્થન મિલ્ટન ફ્રીડમેન, જેમ્સ બૂચમેન, ગોર્ડન તૂલોક અને લિલિયમ નિસ્કમેને કરેલું છે.

→ આ સિદ્ધાંતકારોથી થોડા જુદા પડતા ચિંતકો હતા લાફેર, ગીલ્ડર અને વીનીસ્કી.

→ તેમનું ચિંતન પૂર્તિપાસા આર્થિક અભિગમ તરીકે ઓળખાય છે.

→ વિન્સેન્ટ ઓસ્ટ્રમના મતે લોકપસંદગી સિદ્ધાંત સુશાસન (ગુડ ગવર્નેન્સ)ની સૈદ્ધાંતિક ભૂમિકા પૂરી પાડે છે.

→ વિન્સેન્ટ ઓસ્ટ્રમનાં બે પુસ્તકો ‘અમેરિકન જાહેર વહીવટ’માં બુદ્ધિયુક્ત કસોટી (1974) અને સંયુક્ત ગણતંત્રનો રાજકીય સિદ્ધાંત (1987) બંનેનું તારણ હતું કે એકીકૃત સત્તા નાગરિકોની વિવિધ જરૂરિયાતોને સંતોષવા સક્ષમ પ્રયત્ન કરતી હતી.

→ ઉપરોક્ત સિદ્ધાંતકારોમાં કેટલાક મતભેદ હોવા છતાં તેઓ આર્થિક ચિંતનની જમણેરી શાખાનું સમર્થન કરે છે.

→ તેઓ રાજ્યની સામેલગીરી ઇજારાશાહીનું સમર્થન કરનારી, અંદાજપત્રમાં વધારો કરનારી, પસંદગીની તકો ઘડનારી, નકામી વસ્તુઓ તથા બિનજરૂરી સેવાઓને પ્રોત્સાહન આપનારી માને છે.

→ તેથી તેઓ રાજ્યને વહીવટી અને ઉત્પાદકીય ભૂમિકામાંથી પાછું વાળવાની ભલામણ કરે છે.

→ તેઓ રાજ્યનાં નિયંત્રણો હળવા કરવા અને ખાનગીકરણને પ્રોત્સાહન આપી બજારની ભૂમિકાને વધારવાની વાત કરે છે.

→ તેઓ રાજ્યનાં નિયંત્રણો હળવા કરવા અને ખાનગીરણને પ્રોત્સાહન આપી બજારની ભૂમિકાને વધારવાની વાત કરે છે.

→ વિશ્વબેન્કે પણ 1991ના પોતાના અહેવાલમાં સરકાર અને બજાર વચ્ચેની આંતરક્રિયાની જૂની પ્રથા ઉપર પુનઃવિચારણા કરવા ઉપર ભાર મૂક્યો હતો.

→ તે સાથે વસ્તુઓના ઉત્પાદન, વહેંચણી અને સેવાઓ માટે હરીફાઈયુક્ત બજારની તરફદારી કરી હતી.

→ આ બાબતને માટે ડેવિડ ઓસ્બોર્ન અને ટેડગેબ્લરે ‘સરકારની પુનઃ શોધ’ – રી-ઇન્વેસ્ટિંગ ગવર્નમેન્ટ’ના ખ્યાલનું સમર્થન કરેલું.

→ 1994ના ઓગસ્ટમાં કેનેડાના કેરેલોટમ ખાતે જાહેર વહીવટ અને સંચાલનની ઉચ્ચ સ્તરીય કોમન વેલ્થના સંગઠનનું સંમેલન મળ્યું હતું.

→ જેમાં જાહેર સંચાનના જે પ્રશ્નોની વિચારણા થયેલી તેમાં ‘સંક્રાંતિકાલીન સરકાર’ એ અગત્યનો મુદ્દો હતો.

→ આ સંમેલનને જાહેર મેનેજરોની ભૂમિકા ઉપર ભાર મૂકેલો, તેઓ નાગરિકોને ઉચ્ચ પ્રકારની સેવા આપતા, મેનેજરોની સ્વાયત્તતામાં વધારો કરવા ઇચ્છતા હતા.

→ આ સમગ્ર ચિંતને નવીન જાહેર સંચાલન (NPM)ને જન્મ આપ્યો. વિકાસ-વહીવટ, લોકશાહી વહીવટ, લોકપસંદગી સિદ્ધાંત અને 'કટોકટી સંચાલને' નવા જાહેર સંચાલનને વિકસાવ્યું છે.

→ વહીવટી પ્રથાના આ નવા પ્રારૂપ (મોડેલ)ને નવીન જાહેર સંચાલન તરીકે ઓળખવામાં આવે છે.

→ પ્રો. જ્હોન એરીક બર્ન નવીન જાહેર સંચાલનનો પાયો નાંખનારામાંના એક છે.

→ તેમણે ખાનગી ક્ષેત્રની સંચાલનની ટેક્નિકો જાહેર ક્ષેત્રમાં કેવી રીતે ઉપયોગમાં લઈ શકાય તે બતાવ્યું છે.

→ અભ્યાસીઓના મતે નવા જાહેર સંચાલનના કેટલાક અગત્યના મુદ્દાઓ નીચે પ્રમાણે છે :

(1) કાર્યક્ષમતા, અસરકારકતા અને સેવાની ગુણવત્તા ઉપર ભાર આપવો.

(2) ઉચ્ચ કોટીક્રમવાળા સંગઠનને સ્થાને વિકેન્દ્રીત વાતાવરણવાળું સંચાલન ગોઠવવું જે ગ્રાહકોની નજદીક રહીને કાર્ય કરતું હોવાથી તે ગ્રાહકો અને અન્ય હિતજૂથોની માંગણીઓ-અપેક્ષાઓ પ્રમાણે સેવાઓ ગોઠવી શકે છે.

(3) નવી કાર્મીક સંચાલનનીતિનો અમલ કરવો જે વધુ સ્થિતિસ્થાપક હોય અને કર્મચારીઓ માટે ઉપયોગી હોય.

→ આ ઉપરાંત તેમાં નિયમના માળખાની ચુસ્તતામાં ઘટાડો, ખાનગીકરણ, જાહેર સેવાઓના એકમોમાં ઘટાડો અને સંસ્થાકીય  તથા બંધારણીય સુધારણાના કાર્યક્રમને સૂચવે છે.

→ આ સુધારાઓનો ઉદ્દેશ્ય બહુત્વવાદી હરીફાઈયુક્ત સંસ્થાઓને ઉત્તેજના આપવાનો, હિતજૂથો તથા સહકારી સંસ્થાઓના પ્રભાવને ઘટાડવાનો તથા જાહેર ખર્ચને નિયંત્રિત કરવાનો છે. આ સમગ્ર બાબતોને લીધે રાજ્યની ભૂમિકા બદલાય છે.

→ હવે બજાર કેન્દ્રમાં આવે છે.

→ રાજ્યને વહીવટ કરવાને બદલે રાજ્ય સંચાલન કરવાની નવી ભૂમિકા ભજવવાની રહે છે.

→ તેણે પ્રેરક, પ્રોત્સાહક અને દોરનારની ભૂમિકા ભજવાની છે.

## ⏩ સુશાસન (Good Governance) :

→ 'સુશાસન' અંગેનું ચિંતન માનવસંસ્કૃતિના ઉદ્‌ભવ સાથે થયેલું છે. અંગ્રેજી ભાષામાં Good governance શબ્દ સૌપ્રથમ 1928માં વપરાયો. 1701માં તેણે ચોક્કસ અર્થ ધારણ કર્યો.

→ તેમ છતાં તેના અંગેનું ચિંતન પશ્ચિમમાં પ્લેટોના 'આદર્શ રાજ્ય'માં અને રૂસોના 'જનરલવિલ'ના ખ્યાલમાં થયેલું જણાય છે.

→ ભારતમાં પ્રાચીન સમયમાં યુજુર્વેદમાં "ઝડપી ન્યાય અને લોકોના પ્રશ્નોના ઉકેલ માટે ડાહ્યા અને અનુભવી માણસોની સભાની રાજાએ સલાહ લેવી જોઈએ" એવું જણાવ્યું છે.

→ ગીતામાં શ્રીકૃષ્ણે જણાવ્યું છે : "પ્રત્યેક વ્યક્તિએ તેના ધર્મ (ફરજ)નું પાલન પૂરી સમજ સાથે કરવું જોઈએ. મહાભારતના શાંતિ પર્વમાં ભીષ્મપિતાએ અંતિમ સમયે પાંડવોને સલાહ આપેલી કે, "રાજાની શાશ્વત ફરજ તેની પ્રજાનું કલ્યાણ કરવામાં રહેલી છે."

→ કૌટિલ્યના અર્થશાસ્ત્ર અને મહર્ષિ મનુના મનુસ્મૃતિમાં સુશાસન માટે રાજાની ફરજો બતાવાયેલી છે.

→ મહાત્મા ગાંધીના 'રામરાજ્ય'ની કલ્પનામાં સુશાસનનો આદર્શ સમાયેલો હતો.

→ આમ સુશાસનનો ખ્યાલ તો અતિ પ્રાચીન છે.

→ પરંતુ આજે નવીન જાહેર સંચાલન થકી સુશાસન કેવી રીતે લાવી શકાય તે માટેની બાબત મહત્ત્વની છે.

→ 'સુશાસન' એ એવું વિશેષણ છે જેની સાથે કેટલાંક મૂલ્યો સંકળાયેલાં છે.

→ જ્યારે શાસન એક પ્રક્રિયા તરીકે મૂલ્યરહિત હોવાનો દાવો કરે છે.

→ લોકશાહી વ્યવસ્થામાં સુશાસન એ સંકળાયેલી બાબત છે.

→ તે હેતુપૂર્ણ અને વિકાસલક્ષી વહીવટ છે.

→ તે પ્રજાના જીવનધોરણને સુધારવાનું લક્ષ ધરાવે છે.

→ તે સંગઠનની ઉચ્ચ અસરકારકતાને સ્પર્શે છે.

→ તેને સત્તા અને વહીવટ કેન્દ્ર સાથે સંબંધ છે, જે સમાજમાં ઉદ્‌ભવતા પડકારોને પહોંચી વળવા સક્ષમ હોય છે.

→ તે શાસનનાં નવાં મૂલ્યોને વ્યક્ત કરે છે જે પ્રથાની વધુ કાર્યક્ષમતા, આધારભૂતતા અને વિશ્વનીયતા વધારે છે.

→ તે નાગરિક સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર બતાવનાર, મૂલ્ય સહિત અને લોકોની ભાગીદારીવાળી છે.

→ પ્રો. બી.એલ.ફેડિયા, બી.એન. ચીટલેન્જી, વિન્સેન્ટ ઓસ્ટ્રેમ, ગાર્ન હાઈડેન અને બી.એલ.શર્મા જેવા ચિંતકો સુશાસન અંગે ઉપરોક્ત મત ધરાવે છે.

→ પ્રો. પાઇ અને પાંડીરકર સુશાસન માટે રાષ્ટ્રરાજ્યને જરૂરી ગણે છે.

→ તે તેના લોકોને નેતૃત્વ આપવા માટે શાંતિપૂર્ણ રીતે વર્તે છે એમ તેમનું માનવું છે.

→ ઓ.પી. મીનોચના મતે, "સુશાસન શાસનનાં નવાં મૂલ્યોને સ્વીકારે છે.

→ જેથી વધુ સારી કાર્યક્ષમતા, અધિકૃતતા અને વિશ્વનીયતાવાળી પ્રથા પ્રાપ્ત થઈ શકે."

→ આમ સુશાસન એ સંપૂર્ણ કે પૂરી ઘટના નથી.

→ તે ગતિશીલ ખ્યાલ છે.

→ તે ઝડપથી પલટાતી રાજકીય, સામાજિક અને આર્થિક બાબતો જે આંતરરાષ્ટ્રીય વાતાવરણ સાથે અને શાસનની ક્રિયાત્મકતા સાથે સંકળાયેલ છે.

→ 1992માં વિશ્વબેન્કે પોતાના અહેવાલમાં જણાવેલું કે, "સુશાસન એ છે જે એવા વાતાવરણને ઉત્તેજે છે, સક્ષમ માનવવિકાસને શક્ય બનાવે અને મજબૂત (Sound) આર્થિક નીતિઓને અમલી બનાવે."

→ વિશ્વબેન્કે તેના અહેવાલમાં સુશાસન માટે સાત બાબતો મહત્ત્વની ગણી હતી : (1) રાજકીય ઉત્તરદાયિત્વ જેમાં લોકો દ્વારા રાજકીય પ્રથાની સ્વીકૃતિ અને રાજકીય સત્તા વાપરવાની કાયદેસરતા ચૂંટણીઓ દ્વારા આપવામાં આવતી હોય છે.

→ (2) સંગઠન રચવાની સ્વતંત્રતા અને વિવિધ ધાર્મિક, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને ધંધાકીય સમૂહો દ્વારા શાસનની પ્રક્રિયામાં ભાગીદારી આપવી.

→ (3) કાયદાના શાસનને આધારે કાનૂની માળખું સ્થાપવું અને માનવહક્કોના રક્ષણ માટે ન્યાયતંત્રનું સ્વતંત્ર હોવું, સામાજિક ન્યાય જાળવવો તથા શોષણ વિરુદ્ધ, સત્તાના દુરપુયોગ વિરુદ્ધ સુરક્ષા આપવી.

→ (4) અમલદારશાહીનું ઉત્તરદાયિત્વ તથા કાર્યનો દેખાવ જાળવવો, સેવાની ગુણવત્તાના સંદર્ભમાં કાર્યક્ષમતા જાળવવી, વહીવટમાં ખુલ્લાપણું અને ગતિશીલતા જાળવવા.

→ (5) જાહેર નીતિના ઘડતર માટે માહિતી મેળવવાનું સ્વાતંત્ર્ય જાળવવું અને સરકારના દેખાવનું મૂલ્યાંકન કરવું.

→ (6) વહીવટી પ્રથાની કાર્યક્ષમતા અને અસરકારકતા જાળવવા નાણાનું મૂલ્ય જાળવવું.

→ (7) સરકાર અને નાગરિક સમાજ (Civil Society) વચ્ચે સહકાર જળવાય.

→ જ્યારે 2002ના 'માનવવિકાસ' અહેવાલમાં સુશાસન માટે નવ બાબતો મહત્ત્વની ગણાવી છે, જેનો ટૂંકમાં ઉલ્લેખ કરીએ તો (1) લોકોના માનવહક્કો અને મૂળભૂત સ્વતંત્રતાઓનું સન્માન થાય જેથી તેઓ ગૌરવપૂર્વક જીવી શકે.

→ (2) લોકોના જીવનને અસર કરતા નિર્ણય અંગે તેમને પૂછવામાં આવે. → (3) લોકો નિર્ણય લઈ શકે તેઓ ગૌરવપૂર્વક જીવી શકે.

→ (4) સ્ત્રીઓને પુરુષની સમકક્ષ ગણાતી હોય.

→ (5) વર્તમાન નીતિઓમાં ભાવિ પેઢીની જરૂરિયાતોનો પડઘો પડવો જોઈએ.

→ (6) આર્થિક અને સામાજિક નીતિઓ લોકોની જરૂરિયાતો અને અપેક્ષાઓને સંતોષે તે પ્રમાણેની હોવી જોઈએ.

→ (7) આર્થિક અને સામાજિક નીતિઓનું ધ્યેય ગરીબાઈ દૂર કરવાનું હોવું જોઈએ અને પ્રત્યેક લોકોને તેમના જીવન માટેની પસંદગીની તક આપનારી હોવી જોઈએ.

→ (8) લોકો જાતિ, ધર્મ, વર્ગ, લિંગ કે અન્ય કોઈ પ્રકારના ભેદભાવથી સ્વતંત્ર હોય, (9) જીવનના ખાનગી અને જાહેર ક્ષેત્રના પડતરમાં લોકોનો અવાજ હોય.

→ ટૂંકમાં સુશાસન માટે સરકારની અધિકૃતતા ચૂંટણી જેવા લોકો દ્વારા નક્કી થાય.

→ નીતિઘડતર અને સેવા આપવામાં સરકાર સક્ષમ રહે તથા માનવહક્કો અને કાયદાનું શાસન જળવાય તો રાજ્યમાં સુશાસન આવી શકે છે અને વ્યક્તિની વ્યક્તિમત્તાનો તથા રાષ્ટ્રનો સમતુલિત વિકાસ શક્ય બને છે.

**⏩ સરકારની પુનઃ શોધ (Reinventing governmenrt) :**

→ ડેવિડ ઓસ્બોર્ન અને ટેડ ગેબ્લરે 'સરકારની પુનઃ શોધના ખ્યાલનું સમર્થન કર્યું છે.

→ તેમનું માનવું છે કે સુશાસન લાવવું હોય અને સતત જાળવવું હોય તો સરકારની પુનઃ શોધ કરતા રહેવું જોઈએ.

→ ઓસ્બર્ન અને ગેબ્લરે સરકારની પુનઃ શોધના દશ સિદ્ધાંતો આપ્યા છે, જે નીચે પ્રમાણે છે :

(1) સરકાર પ્રેરક-પ્રોત્સાહક અને દોરવણી આપતી હોય, નહિ કે ઠપકો આપતી હોય.

(2) સરકાર સામુદાયિક ભાવનાને દૃઢ બનાવતી હોય જેથી સમુદાય જાતે તેના પ્રશ્નો ઉકેલવા આગળ આવે.

(3) સરકાર સેવાઓમાં હરીફાઈને ઉત્તેજે, તેમને કાર્યક્ષમ અને કરકસરયુક્ત બનાવે.

(4) સરકાર ચોક્કસ ધ્યેયસર (મિશન) કામ કરે અને નિયમાનુસાર કામ કરે.

(5) પરિણામલક્ષી સરકાર રહે એટલે કે જેમાં પાયાનું બહિક્ષપ હેતુસિદ્ધિ માટે પ્રોત્સાહન અપાતું હોય અને માર્ગદર્શન મળતું હોય.

(6) ગ્રાહકલક્ષી સરકાર : એટલે કે સરકાર જે કાર્યો કરે છે તે ગ્રાહકલક્ષી હોય.

(7) સાહસિક સરકાર : જે સ્ત્રોતોનો માત્ર ખર્ચ કરવાને બદલે કમાવવા માટે તેને સજ્જ (mobilize) કરે.

(8) પૂર્વાનુમાનિત સરકાર : એટલે કે સમાજમાં સમસ્યાઓ ઉદ્‌ભવે તે પહેલાં તેને ઓળખી શકતી હોય અને અટકાવી શકતી હોય તેવી સરકાર.

(9) વિકેન્દ્રિત સરકાર : એવી સરકાર કે જેની કાર્યાત્મક ભાત કોટીક્રમવાળી હોવાને બદેલ ભાગીદારીયુક્ત હોય.

(10) બજારલક્ષી સરકાર : એવી સરકાર કે બજારુ પરિવર્તનોને ઓળખીને અનુકૂળ થઈ શકતી હોય.

→ સરકારની પુનઃ શોધનો આ ખ્યાલ સુશાસન માટે જરૂરી હોવાથી વિશ્વના પ્રત્યેક દેશોએ તેની સરકારનાં અંગોમાં જરૂરી નવીનીકરણ માટે પ્રયત્નો કર્યા છે.

→ જેમ કે સરકારનું કદ ઘટાડવા દક્ષિણ આફ્રિકામાં બે નાયબ વડાપ્રધાનોના હોદ્દા નાબૂદ કરાયા અને પ્રધાનોની સંખ્યા 22 થી ઘટાડી 17 કરાઈ.

→ જાપાનમાં પ્રધાનોની સંખ્યા 20 થી ઘટાડી 14 કરાઈ.

→ ભારતમાં 7 જુલાઈ 2004 થી કેન્દ્ર અને રાજ્યોમાં ધારાસભાની સંખ્યાના 15 પ્રધાનો રહે તેવી એન.ડી.એ. સરકારે અગાઉ કરેલા સુધારાનો અમલ થઈ ગયો છે.

→ બ્રિટન, યુ.એસ.એ., ન્યૂઝીલેન્ડ, ઓસ્ટ્રેલિય, દ.કોરિયા, ફ્રાન્સ, રશિયા આ દિશામાં ક્યારના પહેલ કરી ચૂક્યા છે.

→ આમ રાજકીય કારોબારીના કદને ઘટાડવા સાથે વહીવટી કારોબારીનું કદ પણ ઘટાડાઈ રહ્યું છે.

→ ભારતમાં 1992માં 73માં અને 74માં બંધારણીય સુધારા દ્વારા અનુક્રમે પંચાયતી રાજ અને શહેરી સ્થાનિક સરકારોને બંધારણમાં સ્થાન આપી તેમાં પુનઃ શોધનો કાર્યક્રમ ધરાય છે.

→ સ્ત્રીઓને 33 % તેમાં અનામત અપાઈ ને સ્ત્રીઓની ભાગીદારીને ઉત્તેજન અપાયું છે.

**⏩ નાગરિક સમાજ :**

→ છેલ્લા કેટલાક સમયથી રાજ્ય અને સમાજ વચ્ચેના ભેદની ચર્ચા અભ્યાસીઓમાં ઉગ્ર બની છે. છેલ્લા કેટલાં સમયથી રાજ્ય અને સમાજ વચ્ચેના ભેદની ચર્ચા અભ્યાસીઓમાં ઉગ્ર બની છે.

→ આ અભ્યાસીઓએ રાજ્યને કાળજીપૂર્વક સમાજ—નાગરિક સાજથી અલગ પાડ્યું છે.

→ ત્યારે કેટલાક પ્રશ્નો સાહજિક રીતે ઉદ્‌ભવે છે.

→ જેમ કે યુરોપિયન સમાજોમાં ઉદ્‌ભવેલ 'નાગરિક સમાજ'ના ખ્યાલને ભારત જેવા દેશો અનુસરી શકે ખરા ? આપણા જીવન અને જગતને જાણવા તે ઉપયોગી છે ? શું તેને બંધારણીય મહત્ત્વ છે ? આપણે આ બાબતો અંગે સમજ મેળવવા પ્રયત્ન કરીશું.

→ આપણે સમાજ અને રાજ્યનો અર્થ સ્પષ્ટ કરતા કહી શકીએ કે પ્રત્યેક સમાજ પોતાની બાબતો અંગે નિર્ણય જાતે લઈ શકે તેવું ઇચ્છતો હોય છે.

→ તે પોતાની ઇચ્છિત દિશામાં જવા પ્રયત્નશીલ હોય છે.

→ આ માટેની જાહેર સત્તા રાજ્ય બનાવે છે.

→ નાગરિક સમાજ આ જાહેર સત્તા-જાહેર ક્ષેત્રની બહાર વિકસે છે.

→ તે સમાજનો એવો વિસ્તાર કરે છે જ્યાં લોકો ભેગા થાય છે ને રાજ્યના રાજકારણના પ્રભાવની બહાર મંડળ બનાવે છે.

→ જોકે સમાજની તમામ સંસ્થાઓ કે મંડળોને નાગરિક સમાજ આવરી લેતો નથી.

→ જેમ કે કુટુંબ, જ્ઞાતિ કે પશ્ચિમના ગીલ્ડ જેવી સંસ્થાઓ નાગરિક સમાજ નથી.

→ નાગરિક સમાજનું ક્ષેત્ર રાજકીય નહિ એવું જાહેર ક્ષેત્ર જરૂર કહી શકાય.

→ એટલું જ નહિ તેના સભ્યો જાહેર નિર્ણયઘડતર ઉપર પ્રભાવ પણ પાડે છે.

→ ટી. સ્ટોલ, પાનના ગલ્લા, મીઠાઈની દુકાન અને પ્રદર્શનખંડ જેવા સ્થળોએ થતી પ્રત્યક્ષ મોઢામોઢની આંતરક્રિયા પણ નાગરિક સમાજના વિકાસમાં ફાળો આપે છે.

→ તે સાથે સમાચારપત્રો, મેગેઝિનો, રેડિયો, ટી.વી. જેવા દ્વિતીય કક્ષાની આંતરક્રિયાનાં માધ્યમો પણ તેના વિકાસમાં ફાળો આપે છે.

→ તે સાથે સમાચારપત્રો, મેગેઝિનો, રેડિયો, ટી.વી. જેવા દ્વિતીય કક્ષાની આંતરક્રિયામાં માધ્યમો પણ તેના વિકાસમાં ફાળો આપી શકે છે.

→ નાગરિક સમાજ એ ખાનગી મંડળી થકી બને છે.

→ આવું મંડળ તમામ લોકોના પ્રવેશ માટે શક્ય ન પણ હોય તે પ્રત્યક્ષ રીતે બધાને સ્પર્શતું ન પણ હોય.

→ જેમ કે શિક્ષકોનું મંડળ ઉદ્યોગપતિઓ માટે ખુલ્લું હોતું નથી.

→ આમ નાગરિક સમાજના સભ્યો મર્યાદિત હેતુ માટે એકઠા થાય છે.

→ તેઓ રાજ્યના જાહેર હોદ્દાઓ ઉપર હોતા નથી.

→ તેઓ સરકારના અનુદાન પણ લેતા નથી.

→ આમ છતાં તેઓ નિર્ણયઘડતર પ્રક્રિયા ઉપર જરૂર પડે પ્રભાવ પાડી શકે છે.

→ ચાલીસ ટેઇલર જેવા અભ્યાસીઓ માને છે કે નાગરિક સમાજ વિશાળ ભૌગોલિક પ્રદેશમાં વિસ્તરી શકે છે જેને અચોક્કસ સીમાઓ હોય છે.

→ તેમાં સમાન મન અને એકતા હોય છે.

→ એટલે કે નાગરિક સમાજ 'અમેપણાની' ભાવનાવાળો હોય છે. ટેઇલર તેને ઉદ્દામવાદી, બિનસાંપ્રદાયિક મેટાટોપિકલ એમ કહે છે.

→ હેબરમાસ અને ફેરવર્ડ જેવા અભ્યાસીઓનું માનવું છે કે નાગરિક સમાજ હજુ પરિવર્તિત થઈ રહ્યો છે.

→ ગ્રાહક સંસ્કૃતિનો વિકાસ, ભૌગોલિક અને સામાજિક ગતિશીલતાએ રાજ્યની નાગરિકતાની ગાંઠ ઢીલી કરી છે.

→ તેમનું માનવું છે કે લોકોની વાજબી માંગણીઓ માટે સમાન ધોરણો વિકસાવાય, ચર્ચાવિચારણા માટે મોકળાશવાળું વાતાવરણ અપાય, બીજાઓના અભિપ્રાય પ્રત્યે સહિષ્ણુતા કેળવાય તો નાગરિક સમાજ મજબૂત બને છે.

→ નાગરિક સમાજ વ્યક્તિગત હિત કરતાં જાહેર હિતની વાત કરતો હોય છે.

→ તેથી તેના સભ્યોમાં સમાનતા હોવી જરૂરી છે.

→ પરંતુ અનુરાધા ચીનોય જેવા અભ્યાસીઓનું માનવું છે કે હજી સ્ત્રીઓને નાગરિક સમાજમાં જોઈએ તેવું સ્થાન મળતું નથી.

→ ટૂંકમાં નાગરિક સમાજ એ સ્વૈચ્છિક મંડળો દ્વારા રચાય છે.

→ તે રાજકારણના પ્રભાવની બહાર સક્રિય હોય છે.

→ આવો નાગિરક સમાજ લોકશાહીની સફળતા માટે જરૂરી છે.

→ તે જાહેર હિતના નિર્ણયઘડતરમાં જરૂર પડી પ્રભાવ નાંખી શકે છે.

→ તે રીતે તે સુશાસન માટે મદદરૂપ છે.

•

# વહીવટના સિદ્ધાંતો અને વાદો

- **'સંસ્કૃતિનું ભાવિ સમાજના પ્રશ્ન હલ કરી શકે તેવા વહીવટશાસ્ત્ર અને વહીવટી તત્ત્વજ્ઞાન વિકસાવવાની શક્તિ ઉપર અવલંબે છે." – ચાર્લ્સબર્ડ**
- **(વૈજ્ઞાનિક વહીવટ, આદર્શરૂપ નોકરશાહી, સ્થાપનાકાલીન-શાસ્ત્રીય, માનવીય સંબંધ, વર્તણૂક અભિગમ અને વ્યવસ્થા અભિગમ, અધિકમના સિદ્ધાંતો, આદેશ સાતત્યના નિયમનક્ષેત્ર, સત્તાધિકાર અને જવાબદારી, સંકલન, સત્તાસોંપણી, સર્વેક્ષણ, વ્યવસ્થા પ્રકાર અને કર્મચારી ગણ)**

→ જાહેર વહીવટશાસ્ત્રના ચિંતકોમાં વહીવટના સિદ્ધાંતો અને વાદો અનુસંધાને એકમત નથી. પ્રત્યેક ચિંતકે પોતાના દૃષ્ટિકોણથી વહીવટનો અભ્યાસ કર્યો છે.

→ તેથી આ ચિંતકોએ જુદા જુદા સિદ્ધાંતો તથા વાદોનું સમર્થન કર્યું છે.

→ જાહેર વહીવટને સમજવા માટે આ જુદા જુદા વાદો અને સિદ્ધાંતોનો અભ્યાસ જરૂરી છે.

→ જોકે વહીવટશાસ્ત્રી હર્બર્ટ સાયમન જેવા ચિંતકો આ સિદ્ધાંતોનો સિદ્ધાંત તરીકે નહિ પરંતુ માત્ર ખ્યાલ કે કહેવત જેવું સ્થાન આપે છે.

→ પરંતુ જાહેર વહીવટ પણ એક સામાજિક વિજ્ઞાન છે અને વહીવટશાસ્ત્રીઓએ અનુભવજન્ય જ્ઞાન દ્વારા આ સિદ્ધાંતોને ચકાસેલા છે અને પ્રમાણિત કરેલા છે.

→ તેથી તે જાહેર વહીવટના અભ્યાસીઓ માટે તથા વહીવટકારો માટે માર્ગદર્શકરૂપ બને છે.

→ પરંતુ આપણે કહી શકીએ જાહેર વહીવટના સિદ્ધાંતો ભૌતિકવિજ્ઞાનની સરખામણીએ સમય અને સ્થળ પ્રમાણે ઓછા પ્રમાણભૂત જણાય છે.

→ જાહેર વહીવટના વાદો અને સિદ્ધાંતોનો અભ્યાસ આપણે નીચે પ્રમાણે કહીશું :

**(અ) વૈજ્ઞાનિક સંચાલન :**

→ 19મી સદીના પાછળના ભાગમાં અમેરિકામાં ઔદ્યોગિક સંચાલનમાં જોડાયેલા વહીવટકારાએ રોજબોજના પ્રશ્નો ઉકેલવાને બદલે વધુ દીર્ઘજીવી અને વધુ સર્વગ્રાહી અભિગમ વિકસાવવા પ્રયત્ન કર્યા.

→ સંચાલનના આ નવા અભિગમનો પાયો નાંખનાર હેન્રી આર. ટોવેન અને હેન્રી મેટકાફે હતા.

→ હેન્રી ટોવેને ઈ.સ. 1886માં 'અમેરિકન સોસાયટી ઓફ મિકેનિકલ એન્જિનિયર'થી વૈજ્ઞાનિક સંચાલનનું તત્ત્વજ્ઞાન સમજાવતો નિબંધ રજૂ કર્યો હતો.

→ વૈજ્ઞાનિક સંચાલનના આ વિચારોથી પ્રભાવિત થનાર વહીવટકારોમાં ફ્રેડરીક વિન્સલો ટેઇલર મખ્ય હતા.

→ ઈ.સ. 1886 પછી ટેઇલરે પોતાનું સંપૂર્ણ ધ્યાન 'વૈજ્ઞાનિક સંચાલન'ના સંશોધન પાછળ આપ્યું હતું અને તેમણે આ ક્ષેત્રે ખૂબ જ મોટું પ્રદાન કર્યું, જેને લીધે વૈજ્ઞાનિક સંચાલન સાથે તેમનું નામ વિશેષતઃ સંકળાયું છે.

- **વૈજ્ઞાનિક સંચાલનનો ખ્યાલ :**

→ ટેઇલરના મતે વૈજ્ઞાનિક સંચાલન માને છે કે માલિક, કામદાર અને ગ્રાહકનાં હિતો વચ્ચે કોઈ સંઘર્ષ નથી.

→ તેમના મતે ઉચ્ચ ઉત્પાદકતા સંચાલકને વધુ નફો, શ્રમિકોને વધુ વેતન ને ગ્રાહકોને નિમ્ન દરે વસ્તુઓ અપાવે છે.

→ ટેઇલરે પોતાના વૈજ્ઞાનિક સંચાલનના ખ્યાલને સ્પષ્ટ કરતાં જણાવ્યું કે સંચાલને શ્રમિકોની કામગીરીનાં ધોરણો નક્કી કરીને, આયોજન કરીને, સંગઠન સાધીને, નિયંત્રણ જાળવીને તથા શ્રમિકો-કર્મચારીઓને ઇન્સેન્ટીવ (કામગીરી માટેના પ્રોત્સાહક) આપીને પોતાની જવાબદારી નિભાવવી જોઈએ.

→ વૈજ્ઞાનિક સંચાલનનું તત્વજ્ઞાન વધુ સ્પષ્ટ કરતાં ટેઇલરે જણાવ્યું કે (1) વૈજ્ઞાનિક વિચારસરણીનો વિકાસ (2) કામદારોની વૈજ્ઞાનિક ઢબે પસંદગી (3) કામદારોની વૈજ્ઞાનિક ઢબે તાલીમ અને વિકાસ (4) શ્રમિકો અને સંચાલન વચ્ચે ગાઢ અને મૈત્રાચારીભર્યાં નજીકનો અને હેતુપૂર્વકનો સહકાર મહત્ત્વની બાબત છે.

→ તેમણે પ્રત્યેક શ્રમિક એક સમયે માત્ર એક જ અધિકારીના નિરીક્ષણ, માર્ગદર્શન ને નિયંત્રણ નીચે કામ કરે તેને બદલે કાર્યાત્મક ફોરમેનશિપની વાત કરી.

→ ટેઇલરના મતે વૈજ્ઞાનિક સંચાલન એ એક માનસિક ક્રાંતિ છે.

→ તે શ્રમિકો અને સંચાલનનાં હિતોને પરસ્પરથી સંકળાયેલા જુએ છે.

→ તેથી ટેઈલર શ્રમિકો અને સંચાલનને ખભેખભા મિલાવીને કામ કરવાનું કહે છે.

**(બ) આદર્શરૂપ નોકરશાહી :**

→ જાહેર વહીવટશાસ્ત્રમાં નોકરશાહીનો ખ્યાલ અતિ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. નોકરશાહી માટે અંગ્રેજીમાં વપરાતો શબ્દ બ્યુરોક્રસી (bureaucray) ફ્રેન્ચ ભાષાના બ્યૂરો (bureau) શબ્દ ઉપરથી બન્યો છે, જેનો અર્થ ડેસ્ક થતો.

→ તેથી 'ડેસ્ક સરકાર' એવો નોકરશાહીનો અર્થ કરાયો. નોકરશાહી શબ્દનો સૌપ્રથમ ઉપયોગ ફ્રેન્ચ તત્ત્વચિંતક ગોર્નેએ 18મી સદીના મધ્યમાં કરેલો.

→ ત્યાર બાદ બ્રિટિશ ચિંતકોએ નોકરશાહી ઉપર ચિંતન શરૂ કરેલું જેમાં જે.એસ. મીલનું નામ આગળ પડતું છે.

→ મીલ પછી સમાજશાસ્ત્રી મોસ્કા અને મીચેલે પણ 'નોકરશાહી' ઉપર ઊંડો અભ્યાસ કરેલો.

→ પરંતુ નોકરશાહી ઉપર વ્યવસ્થિત અભ્યાસ કરવાનું માન એકસવેબરને ફાળે જાય છે.

→ મેકસવેબરે રજૂ કરેલ નોકરશાહીના 'આદર્શ પ્રકાર'નું મોડેલ આધુનિક નોકરશાહીનાં ઘણાં લક્ષણો ધરાવે છે.

→ તેમના મતે નોકરશાહી એ 'નીમાયેલ કર્મચારીઓનું વહીવટી માળખું છે.' વેબરનું માનવું હતું કે તેમનો નોકરશાહીનો 'આદર્શ પ્રકાર' એ કાનૂની-તાર્કિક પ્રકારનો છે અને તેથી તે પરંપરાગત કે કરિશ્મા આધારિત વહીવટી પ્રથાઓ કરતા ઉચ્ચ છે.

→ મેકસવેબરે 'આદર્શ પ્રકારની નોકરશાહી'ની વધુ સમજૂતી માટે નીચે પ્રમાણે લાક્ષણિકતાઓ આપી છે :

**(1) અવૈયક્તિક વ્યવસ્થા :**

→ મેક્સવેબરની 'આદર્શ પ્રકારની નોકરશાહીની વહીવટી રચનાની મહત્ત્વપૂર્ણ અવૈયક્તિક વ્યવસ્થા છે.' તેમના મતે સોપાનિક તંત્રરચનામાં ઉચ્ચ અધિકારી તેના નિમ્ન કર્મચારીને જે આદેશ આપે છે અને નિમ્ન કર્મચારી આજ્ઞાધીનતા બતાવી આદેશનો અમલ કરે છે – તે બંનેમાં અવૈયક્તિકપણું હોય છે.

**(2) નિયમ :**

→ મેક્સવેબરના મતે સંગઠનની કામગીરીની પ્રક્રિયા નોકરશાહી દ્વારા નિયમાનુસાર જ થળી જોઈએ.

→ કામગીરીની પ્રક્રિયાને સોપાનિક પદક્રમના પ્રત્યેક તબક્કામાંથી ચોક્કસ માર્ગે પસાર થવું પડે છે.

**(3) અધિકારક્ષેત્ર :**

→ નોકરશાહીના આદર્શ પ્રકારમાં કામગીરી માટે અધિકારક્ષેત્ર ચોક્કસપણે નક્કી હોય છે.

→ અહીં શ્રમવિભાજનને આધારે ફરજો તથા કાર્યો નક્કી થયેલ હોય છે.

→ કામગીરી માટે અધિકારીને ચોક્કસ સત્તા અપાયેલી હોય છે.

→ વધુમાં ચોક્કસ શરતોને આધીન રહીને અધિકારીઓ સાધનોનો ઉપયોગ કરી શકે છે.

**(4) કોટિક્રમ :**

→ વેબરના મતે સંગઠન કોટિક્રમના સિદ્ધાંત પ્રમાણે ગોઠવાયેલ હોય છે.

→ પ્રત્યેક નિમ્ન સ્થાનના અધિકારીએ ઉચ્ચ સ્થાનના અધિકારીના આદેશને અનુસરવાનું હોય છે, ઉચ્ચ અધિકારીના નિરીક્ષણ અંકુશ નીચે કામગીરી બજાવવાની હોય છે.

**(5) વૈયક્તિક અને જાહેર સાધનો :**

→ વેબરના મેત નોકરશાહીના આદર્શ પ્રકારનું મહત્ત્વ ત્યાં રહ્યું છે કે તે વહીવટી કર્મચારીઓને વહીવટના સાધનોની માલિકીપણાના ભાવથી જુદો કરે છે.

→ અહીં અધિકારીઓ તેમના સ્થાનનો દુરુપયોગ ન કરે તે માટે તેમના ઉપર પૂરતાં નિયંત્રણો મૂકાય છે.

**(6) લેખિત દસ્તાવેજો :**

→ મેકસવેબર માનતા કે નોકરશાહી માટે વહીવટી કાર્યો, નિર્ણયો અને નિયમોની રચના અને જાળવણી લેખિત રીતે થાય છે.

→ એટલું જ નહિ મૌખિક ચર્ચાઓની પણ નોંધ લેવાય છે.

→ આમ થવાથી લેખિત દસ્તાવેજો વહીવટીતંત્રને લોકોને જવાબદાર બનાવે છે અને ભવિષ્યની કામગીરી માટે તૈયાર માહિતી - આધાર પૂરાં પાડે છે.

**(7) એકનિષ્ઠ પ્રકાર :**

→ વેબરના મતે એકનિષ્ઠ પ્રકાર નોકરશાહીમાં નિર્ણયો ઝડપથી લેવાય છે, આદેશની એકતા જળવાય છે અને નિરીક્ષણ તથા નિયંત્રણ સરળ રીતે સ્થપાય છે.

→ પરિણામે ધ્યેયસિદ્ધિ માટે કાર્યદક્ષતા કેળવી શકાય છે.

**મૂલ્યાંકન :**

→ મેક્સવેબરના નોકરશાહીના આદર્શ પ્રકારની ઘણા અભ્યાસીઓએ ટીકા કરી છે. સમાજશાસ્ત્રી રોબર્ટ મર્ટનનું માનવું છે કે વેબરનું કાનૂની-તાર્કિક મોડેલ નિયમોમાં એવી રીતે ગૂંચવાય છે કે તે બિનકાર્યક્ષમતામાં પરિણમે છે.

→ સમાજશાસ્ત્રી ટાલકોટ પારસન્સ ટીકા કરતાં કહે છે કે વેબરના મતે સંગઠનમાં ઉચ્ચ સ્થાને રહેલ અધિકારી તેના સ્થાન અને ટેક્નિકલ જ્ઞાનને આધારે આદેશ આપે છે, જેથી સંગઠનમાં વ્યવસ્થા જળવાય છે.

→ પરંતુ આ બાબત ક્યારેક સંઘર્ષ પણ પેદા કરી શકે છે.

→ ઉચ્ચ સ્થાને ન હોય તેવી વ્યક્તિ પાસે પણ વિશેષ જ્ઞાન અને અનુભવ હોઈ શકે છે.

→ એલ્વીન ગોલ્ડનર ટીકા કરતાં કહે છે કે વેબરનું મોડેલ સંગઠન બહારના સંપર્કો - સંબંધો પણ કર્મચારીઓના વર્તન ઉપર અસર કરે છે.

→ તે બાબતને વેબરે ધ્યાનમાં લીધી નથી.

→ રૂડોલ્ફ ટીકા કરતા કહે છે કે વેબરનું મોડેલ એવી ખોટી ધારણા પર છે કે વહીવટ એ માત્ર તાર્કિક યાંત્રિક બાબત છે અને કર્મચારીઓ માત્ર ટેક્નિકલ રીતે કાર્ય કરતા લોકો છે.

→ પીટર બ્લ્યુ, રોબર્ટ પ્રેસ્થસ અને વિલિયમ ડેલની જેવા અભ્યાસીઓનું માનવું છે કે વેબરનું કાનૂની-તાર્કિક મોડેલ પશ્ચિમના સમાજો માટે યોગ્ય છે.

→ પરંતુ એશિયા-આફ્રિકાના વિકાસશીલ દેશો માટે આ મોડેલ અનુરૂપ નથી.

→ સાયમનના મતે વેબરે સંઠનમાં માનવર્તનને ધ્યાનમાં લીધું નથી.

→ રીનહાર્ડ બેન્ડીસના મતે ચોક્કસ કિસ્સાઓ-બનાવોના સંદર્ભમાં નિર્ણયઘડતર માટે સમાજિક અને રાજકીય મૂલ્યોનું મહત્તવ હોય છે તે બાબત વેબરે ધ્યાનમાં લીધી નથી.

→ મેક્સવેબરના નોકરશાહીના મોડેલને વિકસાવવા માટે જે ચિંતકોએ પ્રયત્ન કર્યો છે તેમાં એફ.એમ. માર્ક્સનું નામ મહત્ત્વું છે.

→ તેમણે નોકરશાહીના ચાર પ્રકાર ગણાવેલા : (1) વાલી પ્રકાર : નોકરશાહી જેમાં શાસ્ત્રોમાં અપાયેલ આધારો પર નાગરિક કર્મચારીઓની ભરતી થતી. ઈ.સ. 1960માં ચીનમાં અને 17-40માં પ્રશિયામાં આ પ્રકાર હતો. (2) જ્ઞાતિગત પ્રકાર (The caste bureaucracy) : જેમાં ઉચ્ચ વર્ગ કે વર્ણના લોકોને નાગરિક સેવામાં ભરતી કરાતા પ્રાચીન અને મધ્યકાલીન સમયમાં ભારતમાં બ્રાહ્મણો અને ક્ષત્રિયો તેનું ઉદાહરણ છે. (3) પૈતૃક પ્રકાર (The patronage bureaucracy) : આ પ્રકારમાં વ્યક્તિગત કે રાજકીય કૃપાપાત્રોને નાગરિક સેવાામં લેવાતા બ્રિટન ઉદાહરણ અને યુ.એસ.એ.માં લાંબા સમય સુધી આ પદ્ધતિ હતી. (4) લાયકાત પ્રકાર (The merit bureaucracy) : આજે દુનિયાના મોટા ભાગના દેશોમાં લાયકાત આધારિત સ્પર્ધાત્મક પરીક્ષાઓથી નાગરિક સેવામાં ભરતી થાય છે.

→ અભ્યાસુઓએ આદર્શ પ્રકારના નોકરશાહી મોડેલની ઘણી ટીકાઓ કરી હોવા છતાં કે વેબરના ચિંતન ઉપર તે સમયની જર્મનીની પરિસ્થિતિની મર્યાદા હોઈ શકે છે.

→ તેથી આજે આધુનિક વહીવટ માટે તેના 'મોડેલ'ની મર્યાદાઓ દેખાઈ શકે છે.

→ પરંતુ આજે પણ તેમના 'આદર્શ પ્રકાર'ના મોડેલની ઘણી બાબતો આવકારપાત્ર છે.

→ જેમ કે તાલીમબદ્ધ અને નિપુણ અધિકારીઓ વધુ કાર્યક્ષમતાથી વહીવટ કરી શકે છે.

→ વેબરે તેમન મોડેલની બતાવેલી, આપણે આગળ જોઈ તે, સાત લાક્ષણિકતાઓની અભ્યાસુઓએ નકારાત્મક અસરો બતાવી છે.

→ આમ છતાં આપણે કહી શકીએ છીએ કે આ લાક્ષણિકતાઓની વિધેયાત્મક અસરો વધુ છે અને તેથી જ વેબરનું એ વિધાન આજે પણ યથાર્થ પુરવાર થાય છે કે, 'જે સમાજો નોકરશાહીથી એક વાર શાસિત થાય છે તે ક્યારેય તેને છોડી શકતા નથી.'

→ આજે કલ્યાણરાજ્ય અને વૈશ્વિકરણના યુગમાં પણ નોકરશાહી તેની મર્યાદાઓ છતાં જાહેર વહીવટનું એક અભિન્ન અંગ છે.

**(ક) શાસ્ત્રીય પરંપરાવાદી કે સંગઠનાત્મક સિદ્ધાંત :**

→ પરંપરાગત કે સંગઠનાત્મક સિદ્ધાંતનું સમર્થન એલ.ડી. વ્હાઇટ, વિલોબી, એન્ડરસન, હેન્રી ફ્યોલ, લ્યુથર ગુલિક, જેમ્સ ડી. મુની, એલ.એફ. ઉર્વિક, એ.સી. રૈલે અને આર.સેલ્ટન જેવા વહીવટશાસ્ત્રીઓએ કરેલ છે. → પ્રથમ વિશ્વયુદ્ધ પછી જાહેર વહીવટના વિકાસના પ્રારંભિક તબક્કામાં આ ચિંતકોએ સમયને અનુરૂપ પોતાના અભ્યાસોમાં વર્ણનપ્રધાનતા ઉપર ભાર આપીને કાનૂની દૃષ્ટિએ વહીવટી પ્રક્રિયાને ઔપચારિકતા (Formal) ઐતિહાસિકતા અને વૈચારિકતા આધારે સમજાવવા પ્રયત્ન કર્યો.

→ આ સિદ્ધાંતના સમર્થકોનું માનવું હતું કે જાહેર વહીવટની મૂળ સમસ્યાઓ સંગઠનના કાનૂની માળખામાંથી જન્મે છે જે સંગઠનના આંતરસંબંધોને ઔપચારિક તથા ઐતિહાસિક સંદર્ભમાં મૂલવે છે.

→ આ સિદ્ધાંતના સમર્થકોનો એ પણ મત છે કે વહીવટી પ્રક્રિયાના મહત્ત્વપૂર્ણ તત્ત્વો તથા તાલીમ વહીવટી રચનાઓમાં કેટલીક સમાન વિશેષતાઓ હોય છે.

→ આ ચિંતકોએ એવા આધારો આપવા પ્રયત્ન કર્યો જેનાથી સંગઠનની રચના શક્ય બને, સંગઠનામં કાર્યવિભાજન થાય અને સમન્વય સ્થાપી શકાય.

→ આ ચિંતકોએ સંગઠન કર્મચારીઓના સ્થાન, અધિકાર અને ફરજો નિશ્ચિત કરવા પ્રયત્નો કર્યા અને સંગઠનમાં કામ કરતા કર્મચારીઓ ઉપર નિરીક્ષણ અને નિયંત્રણની પ્રણાલીઓ શોધવા પણ પ્રયત્ન કર્યો.

→ હેન્રી ફેયોલે સંગઠનની તમામ પ્રક્રિયાઓને છ સમૂહોમાં વિભાજિત કરી : ટેક્નિકલ, વ્યાપારિક, આર્થિક, રક્ષણાત્મક, હિસાબી તથા વહીવટી.

→ તેમના મતે વહીવટનાં પાંચ તત્ત્વો છે : પૂર્વાનુમાન અને આયોજન, સંગઠનની રચના, માર્ગદર્શન, સમન્વય અને નિયંત્રણય → લ્યુથર ગુલિકે 'પોસ્ડકોર્બ' POSDCoRB' શબ્દ દ્વારા સંગઠનના સિદ્ધાંતોને સમજાવવા પ્રયત્ન કર્યો.

→ જેમ્સમૂની અને રેલેએ સંગઠનના ચાર સિદ્ધાંતો જણાવ્યા : (1) સમન્વયાત્મક સિદ્ધાંત, (2) સોપાનિક તંત્રરચના સિદ્ધાંત, (3) શ્રમવિભાજન અને (4) સ્ટાફસૂત્ર સિદ્ધાંત.

→ આ પરંપરાગત કે શાસ્ત્રીય સિદ્ધાંતના સંગઠનની કાર્યપદ્ધતિના નિયમો આપવા પ્રયત્ન થયો છે.

→ આ ચિંતકોએ સંગઠનના માનવીય તત્ત્વની અવગણના કરીને તાંત્રિક પાસા ઉપર વધુ ભાર આપ્યો છે.

→ આમ છતાં આ શાસ્ત્રીય વિચારધારાના (Classical) ચિંતને જાહેર વહીવટને એક વિજ્ઞાન તરીકે વિકસાવવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે.

→ આ ચિંતકોએ જાહેર વહીવટની પરિભાષાઓ (terminology) વિકસાવવામાં પણ મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

**(ડ) માનવીય સંબંધ સિદ્ધાંત :**

→ સંગઠનના માનવસંબંધ સિદ્ધાંતનો પાયો નાખનાર તરીકે જ્યોર્જ ઇલ્ટન મેયોનું નામ તેમના હેથોર્ન અભ્યાસોને લીધે હંમેશા યાદગાર છે. તેમના ઔદ્યોગિક જગતના આ અભ્યાસોએ વહીવટી જગતને નવા જ તારણો આપ્યાં હતા.

→ જેમાં સૌથી મહત્ત્વની બાબત એ અનૌપચારિક સંગઠનની શોધ હતી.

→ સંગઠનના હેતુની સિદ્ધિ માટે સંગઠનમાં સહકારને સ્વાભાવિક રીતે પ્રોત્સાહિત કરવા તેમણે "માનવસંબંધ" – "Human Factor" ઉપર ભાર આપ્યો.

→ મેયોએ જણાવ્યું કે ઉદ્યોગોના આર્થિક અને ટેક્નિકલ પાસા ઉપર વિચાર કરતી વખતે સંગઠનના માનવીય પાસાની અવગણના થવી જોઈએ નહિ.

→ આ સિદ્ધાંત પ્રમાણે સંચાલને માનવ પરિસ્થિતિને સંભાળવી જોઈએ, પ્રેરણા તથા દિશા આપવી જોઈએ.

→ આ સિદ્ધાંત પ્રમાણે સત્તા કે આધિપત્ય કુશળતા કરતાં સહકાર અને સામાજિક સ્વીકાર ઉપર વધુ આધારિત છે.

→ જોકે આ સિદ્ધાંતના ટીકાકારોનું માનવું છે કે સ્વતંત્ર સમાજોમાં યુનિયનોની ભૂમિકાનું મહત્ત્વગ આ સિદ્ધાંત સ્વીકારતો નથી.

→ તે કર્મચારીઓ કરતાં સંચાલનની વધુ તરફદારી કરે છે.

→ પીટર એફ. ડ્રકરના મતે માનવસંબંધવાદીઓ સંગઠનના આર્થિક પાસાની તથા કાર્યના સ્વરૂપની અવગણના કરે છે.

→ બેન્ડીક્સ, ફિશર તથા ડેનિયલ લેસ જેવા અભ્યાસીઓના મતે લોકશાહીયુક્ત મુક્ત સમાજોમાં કેટલીક તંગદિલી અને સંઘર્ષ પ્રત્યેક માનવ પરિસ્થિતિમાં આવકાર્ય છે, જે બાબતની આ સિદ્ધાંત અવગણના કરે છે.

→ આમ થવાથી આ સિદ્ધાંતને કેટલાક અભ્યાસીઓ સ્વપ્રલોકીય ગણે છે.

→ મેયોનો હેથોર્ન અભ્યાસ ભલે ઔદ્યોગિક જગત માટે હોય પરંતુ તે જાહેર વહીવટ માટે પણ અગત્યનો છે.

→ ખાસ કરીને નોકરશાહી સંદર્ભે આ સિદ્ધાંતે સંગઠનના સૌથી નીચલા અને સૌથી ઉપરના સ્તર વચ્ચે સંવાદને યોગ્ય માર્ગ શોધ્યો છે.

→ જાહેર વહીવટનો સંબંધ તો મનુષ્યો સાથે જ છે.

→ તેથી માનવ તત્ત્વનું જાહેર વહીવટમાં ઘણું મહત્ત્વ હોય છે.

→ માનવતત્ત્વગને જાહેર વહીવટમાં બે રીતે જોઈ શકાય : પ્રથમ વહીવટતંત્ર અને તેમાં કામ કરતા કર્મચારીઓ વચ્ચેના સંબંધના રૂપમાં અને બીજું વહીવટી તંત્ર અને લોકો વચ્ચેના સંબંધો.

→ આજે જાહેર સંગઠનોનો મોટા કદને લીધે ક્યારેક માનવીય તત્ત્વની અવગણના થાય છે.

→ પ્રથમ તો જાહેર સંગઠનોમાં કર્મચારીઓનું અવૈયક્તિકરણ થાય છે.

→ વ્યક્તિને સંગઠનના યંત્રનો માત્ર ભાગ માનવામાં આવે છે.

→ બીજું સંગઠનમાં વ્યવસ્થા માટે નિરીક્ષણ અને નિયંત્રણ જાળવવા સમાનપણે નિયમો લાગુ કરાય છે.

→ ક્યારેય નિયમોનો કઠોરતાપૂર્વક અમલ પણ થાય છે.

→ આ બંને બાબતો માનવતત્ત્વની અવગણના કરે છે.

→ તેથી કર્મચારીઓ હતાશ થાય છે.

→ આજે સંગઠનમાં કાર્યોત્સાહ માટે માનવસંબંધ સિદ્ધાંત નવી દૃષ્ટિ આપે છે.

→ આ સિદ્ધાંતનું સમર્થન જહોન પીફ્નર, જેમ્સ મુની, મેરી પાર્કર - ફ્લોટ તથા હેન્રી ફેયોલ જેવા જાહેર વહીવટના અભ્યાસીઓનું કરેલું છે.

→ આ સિદ્ધાંતનો કેટલાક અભ્યાસીઓ ટીકા કરતાં જણાવે છે કે માનવસંબંધ અસ્થિર રહે છે.

→ તેનું સ્વરૂપ નિરંતર બદલાતું રહેતું હોય છે.

→ તેથી જાહેર સંગઠનમાં અમુક હદ સુધી જ અનોપચારિક સંબંધો આવકારદાયક રહે છે.

**(ઈ) વ્યવસ્થા કે પ્રથા અભિગમ :**

→ 1970 પછીના સમયમાં અમેરિકન સામાજિક વૈજ્ઞાનિકોને વર્તનવાદી અભિગમની કેટલીક ઊણપ જણાવા માંડી. આ ચિંતકોમાં ટાલકોટ પારસન્સ, રોબર્ટ મર્ટન, આલમન્ડ, ડેવિડ અને ઇસ્ટન આગળ પડતા હતા.

→ જાહેર વહીવટમાં પણ ચેસ્ટર આઇ. બર્નાર્ડ તથા ફ્રેડ ડબલ્યુ, રીગ્સ જેવા ચિતંકો આ દિશામાં વિચારતા થયા.

→ આ વહીવટશાસ્ત્રીઓએ પરંપરાવાદીઓની સંગઠન અંગેની અને વર્તનવાદીઓની કાર્યાત્મકતાને સાંકળીને સંગઠનાત્મક-કાર્યાત્મક અભિગમ અને વ્યવસ્થા અભિગમને ધ્યાનમાં લઈને જાહેર વહીવટમાં અભ્યાસો હાથ ધર્યા. આ અભ્યાસોમાં નોકરશાહી, વિકાસ, વહીવટ અંગેના અભ્યાસ મહત્ત્વના બન્યા.

→ આ અભિગમના સમર્થકોના મતે વ્યવસ્થા કે પ્રથા ચોક્કસ ઉદ્દેશ્યથી રચાયેલી હોય છે.

→ તેમાં પ્રજાનાં વિવિધ અંગો અલગ અલગ કામ કરતા હોવા છતાં પરસ્પર ‘સમગ્ર’ સાથે સંકળાયેલા હોય છે.

→ ચેસ્ટર આઇ. બર્નાર્ડે જણાવ્યું કે પ્રથા એ મનુષ્યોના સ્વૈચ્છિક સહકારમાંથી બને છે.

→ જેમાં ‘સમગ્ર’ને કેટલાક ભાગ કરતાં વિશેષ છે અને પ્રત્યેક ભાગ બીજા ભાગ સાથે મહત્ત્વપૂર્ણ રીતે જોડાયેલ હોય છે.

→ વધુમાં કહી શકાય કે પ્રથા એ એક ગતિશીલ પ્રક્રિયા છે.

→ વહીવટતંત્ર સમક્ષ એક માંગ મૂકવામાં આવે તે (input) નિક્ષેપ છે.

→ જેને તંત્ર સંતોષે ત્યારે વિશેષ અને બદલાયેલ સ્વરૂપે બહાર નીકળે છે. (output) તે બહિક્ષેપ છે.

→ આમ, થવાથી રાજ્યના બીજા વિસ્તારોમાંથી પુનઃ નિક્ષેપ બની શકે છે.

→ આમ થવાથી પ્રથા કે વ્યવસ્થા ગતિમાન રહે છે.

→ આ વ્યવસ્થા કે પ્રથા અભિગમે જાહેર વહીવટને વર્ણાનાત્મક સ્તર ઉપરથી વિશ્લેષણાત્મક સ્તર ઉપર લઈ જવામાં મદદ કરેલ છે.

## ⏩ સિદ્ધાંતો :

→ જાહેર વહીવટની પ્રવૃત્તિના સંચાલન માટે સંગઠનની જરૂર પડે છે.

→ આ સંગઠનની રચનાને સમજાવવા જેમ્સ મુની, લ્યુથર ગુલિક, એલ.ડી. વ્હાઇટ તથા ઉર્વિક જેવા ઘણા ચિંતકોએ ચિંતન કરેલું છે.

→ આ ચિંતનને પરિણામે કેટલાક સિદ્ધાંતો વિકસ્યા છે.

→ તેમાં સોપાનિક તંત્રરચનાના સિદ્ધાંતનું સ્થાન પ્રથણ આવે છે.

## ⏩ વહીવટના સિદ્ધાંત :

→ ઔદ્યોગિક ક્ષેત્ર અને લશ્કરના સંગઠનોના અભ્યાસ ઉપરથી ફ્રેડરિક ટેઈલર, જેમ્સ મુની, લ્યૂથર ગુલિક અને એલ.ડી. વ્હાઇટ જેવા વહીવટશાસ્ત્રીઓએ જાહેર વહીવટના સંગઠનને સમજાવવા માટે સિદ્ધાંતો વિકસાવેલા છે. આ સિદ્ધાંતોને વ્યવસ્થિત અને વૈજ્ઞાનિક ઢબે વિકસાવવા જેમ્સ મુનિએ પોતાના નિબંધ "સંગઠનના સિદ્ધાંતો"માં પ્રયત્ન કરેલો છે.

→ પરંતુ આ સિદ્ધાંતોના સ્થાન અંગે વિવાદ છે.

→ વહીવટશાસ્ત્રી હર્બર્ટ એ. સાયમન તેને સિદ્ધાંતોને બદલે 'વહીવટી કહેવતો' ગણાવે છે.

→ જાહેર વહીવટ સામાજિક વિજ્ઞાન હોવાથી તેના સિદ્ધાંતો ભૌતિકશાસ્ત્ર જેવા લક્ષણ ધરાવે નહિ પરંતુ તે વહીવટમાં જુદા જુદા સ્તરે માર્ગદર્શકરૂપ બને છે અને તે રીતે તેની ખાસ ઉપયોગીતા છે.

→ આમ કેટલાક વહીવટશાસ્ત્રીઓ આ સિદ્ધાંતોના સ્થાન અંગે ટીકા કરતા હોવા છતાં આજે પણ જાહેર વહીવટમાં તે સંગઠનને સમજવા માટે ચાવીરૂપ ખ્યાલો તો છે જ.

### (1) સોપાનિક તંત્રરચના :

→ આ સિદ્ધાંત પ્રમાણે સંગઠનના હેતુઓની સિદ્ધિ માટે કાર્યવિભાજનને લીધે સંગઠનના પેટાવિભાગો રચાય છે. આ પ્રત્યેક વિભાગના પરસ્પરના સંબંધો નિશ્ચિત હોય છે.

→ સંગઠનની ટોચ ઉપર એક મુખ્ય અધિકારી હોય છે.

→ તેમના હાથ નીચે સહાયક અધિકારીઓ અને આ સહાયક અધિકારીઓ નીચે ગૌણ કર્મચારીઓ એમ સીડીના પગથિયાની જેમ ક્રમિક રીતે સંગઠનના વિભાગો ગોઠવાય છે.

→ ઉપર તરફ જતાં સંગઠનનો ભાગ નાનો થતો જાય છે અને નીચે તરફ જતાં તે વિસ્તરતો જાય છે.

→ તેથી તેનો આકાર પિરામિડ જેવો બને છે.

→ જેમાં આદેશ ઉપરથી નીચે તરફ આગળ વધે છે અને આજ્ઞાધીનતા પ્રમાણે કામગીરી અને અહેવાલ નીચેથી ઉપર તરફ જાય છે.

ઉતરતા ક્રમે આદેશ સચિવ ચઢતા ક્રમે રીપોર્ટિંગ અહેવાલ

નાયબ સચિવ

હેડકલાક

સિનિયર ક્લાર્ક

જુનીયર ક્લાર્ક

ઓફીસ આસિસ્ટન્ટ

→ આમ સોપાનિક સિદ્ધાંતથી સંગઠનની રચના અને કામગીરી થતી હોવાથી સંગઠનના પ્રત્યેક સ્તર એક બીજા સાથે ચોક્કસ સંબંધોથી સંકળાયેલા રહે છે.

→ સંગઠનમાં ઉપરથી આદેશ મેળવવાનો છે અને નીચેલા કર્મચારીએ ઉપર આધીન રહીને કામ કરવાનું છે તે જ્ઞાન ચોક્કસ થતાં સંગઠનના કામગીરી ચોક્કસ માર્ગે - નિયમ પ્રમાણે થાય છે.

→ કાર્યવિભાજન થાય છે અને શિસ્ત જળવાય છે.

### ⏩ મહત્વ :

(1) આદેશ અને રીપોર્ટિંગ ચોક્કસ પદ્ધતિને કારણે ગૂંચવણ થતી નથી પરિણામે જવાબદારી નિશ્ચિત થઇ શકે છે.

(2) તબક્કાવાર વ્યવસ્થા હોવાથી સત્તાની સોંપણી (Delegation of Power) વ્યવસ્થિત રીતે થઇ શકે છે.

(3) દરેક તબક્કે કામગીરી/જવાબદારી/સત્તા સોંપાયેલ હોવાથી ઉચ્ચ કક્ષાએ નીતિવિષયક બાબતો જ વિશેષ ધ્યાને લેવાની થાય છે.

⏩ **મર્યાદા :**

(1) અહીં મુખ્ય તકલીફ દરેક તબક્કામાંથી પસાર થવાને કારણે Red tapism (વિલંબ) થવાનો છે. આ મર્યાદાને કારણે સોપાનીક પદ્ધતિના અન્ય ઘણા લાભ હોવા છતાં તે ટીકાત્મક બને છે.

(2) ચુસ્તપણે આદેશ અને રીપોર્ટિંગની પદ્ધતિથી ઉચ્ચ-આધીન (Superior-Subordinate) સંબંધે જન્મે છે જે લાંબે ગાળે સંગઠન માટે નુકસાનકર્તા બને છે.

(3) પિરામિડ ઉપર એકદમ સાંકડો બનતો હોવાથી ઉચ્ચ કક્ષાએ સત્તાનું કેન્દ્રીકરણ અને કામનું ભારણ થવાના પ્રશ્નો સતત રહે છે.

ઉપર મુજબના લાભ-ગેરલાભ હોવા છતાં મોટા તંત્ર માટે આ પદ્ધતિ વર્ષોથી ઉપયોગી પુરવાર થયેલ છે.

→ અલબત્ત, તેની મર્યાદાઓ દૂર કરવા 'લેવલ જમ્પિંગ', વધુ સત્તાની સોંપણી, ઉચ્ચ કક્ષાએ એક જ વ્યક્તિને બદલે કમિટિ દ્વારા નિર્ણય વગેરે ઉપાયો યોજી આ Time Tested પદ્ધતિ મોટા પ્રમાણમાં અમલમાં છે.

(2) આદેશની એકતા-સાતત્ય-નો સિદ્ધાંત (Principle of Unity of Command) :

→ આદેશની એકતાના સિદ્ધાંતનું સમર્થન હેન્રી ફેયોલ, લ્યુથર, ગુલિક, જહોન પિફ્નર જેવા વહીવટશાસ્ત્રીઓએ કરેલું છે.

→ આ સિદ્ધાંત લશ્કરી વહીવટમાંથી જાહેર વહીવટે મેળવ્યો છે.

→ આ સિદ્ધાંત પ્રમાણે જાહેર સંગઠનના કામ કરતા કર્મચારીઓને એક કામ માટે અને એક સમયે એક જ ઉપરી અધિકારીનો આદેશ મળવો જોઈએ અને આ આદેશનું પાલન થવું જોઈએ.

→ હિન્દુ લગ્નપ્રથામાં એક જ જીવનસાથીના નિયમમાં પણ આ જ સિદ્ધાંત (i,e. One should report to one only) પાયામાં છે.

→ આ સિદ્ધાંતને લીધે સંગઠનમાં શિસ્ત અને વ્યવસ્થા જળવાય છે તથા સંગઠનની પ્રવૃત્તિઓ વચ્ચે સંકલન મજબૂત રહેતા કામગીરી સ્પષ્ટ અને ઝડપી બની છે.

→ તેનાથી જવાબદારીનું સ્થાન સ્પષ્ટ બનતાં સત્તા મજબૂત બને છે અને સંગઠનનું સ્થાયિત્વ જળવાય છે.

→ લ્યુથર ગુલક હકે છે કે, "અનેક અધિકારીઓ પાસેથી આદેશ મેળવતો કર્મચારી ગૂંચવાયેલો, બિનકાર્યક્ષમ અને બિનજવાબદાર થશે.

⏩ **લાભ :**

(1) આદેશમાં બેવડપણું ન રહેવાથી ગૂંચવણ થતી નથી. અમલ કરનારને સ્પષ્ટ આદેશ મળે છે તેથી જવાબદારી પણ નિશ્ચિત થઈ શકે છે.

(2) આદેશના બેવડાપણા (Multiplicity of Command)થી થતા પ્રશ્નો દૂર થાય છે.

→ પરંતુ આ સિદ્ધાંતના સમર્થકોની જેમ તના ટીકાકારો પણ ઘણા છે.

→ આ સિદ્ધાંતનો વિરોધ કરનારામાં ફેડરિક ટેઇલર, જહોન ડી. મીલેટ, સેકલર હડસન તથા હર્બટ સાયમન મુખ્ય છે.

→ આ ચિંતકોનું માનવું છે કે વિશેષીકરણના યુગમાં આદેશની એકતાના સિદ્ધાંતનું ચુસ્તપણે પાલન કરવું મુશ્કેલ છે.

→ દા.ત., પંચાયતી રાજ્યમાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ડોક્ટરને ટી.ડી.ઓ.ના આદેશ અને આરોગ્ય ખાતાના અધિકારીના એમ એક વહીવટી અને બીજા ધંધાકીય કે ટેક્નિકલ આદેશ મળી શકે છે.

→ દા.ત., જિલ્લા કલેક્ટર જેવી કામગીરીમાં અનેક પ્રશ્નો/કામગીરીનું સંકલન જરૂર હોય ત્યારે કલેક્ટરને એકથી વધુ ખાતાંઓ સૂચના આપે છે અને રીપોર્ટ માંગે છે.

→ આને કારણે જિલ્લા કક્ષાનું સંકલન વ્યવસ્થિત રીતે જળવાઈ રહે છે.

→ અહીં હર્બર્ટ સાયમન જેવા ચિંતકોનું માનવું છે કે આદેશની એકતાનો અર્થ વ્યાપક બનાવવો જોઈએ અને તેમાં એવી ચોક્કસ અધિકારી હોવો જોઈએ જેની આજ્ઞાનું પાલન સંગઠનના કર્મચારીઓ માટે જરૂરી - અનિવાર્ય બને.

→ આમ થવાથી આદેશની એકતાના સિદ્ધાંતનું હાર્દ જળવાઈ રહે છે.

**(3) અંકુશ વિસ્તાર કે નિયમનક્ષેત્રનો સિદ્ધાંત :**

→ અંકુશ વિસ્તારનો સિદ્ધાંત જાહેર વહીવટે માનસશાસ્ત્ર પાસેથી મેળવ્યો છે.

→ જાહેર વહીવટમાં આ સિદ્ધાંતનો વિકાસ કરવાનું માન જેમ્સ મૂની અને લ્યુથર ગુલિકને ફાળે જાય છે.

→ આ સિદ્ધાંત પ્રમાણે જાહેર વહીવટમાં કોઈ પણ અધિકારીનો અંકુશ વિસ્તાર એટલો જ હોવો જોઈએ કે જેટલા વિસ્તારનું તે કુશળતાપૂર્વક સંચાલન કરી શકે.

→ કોઈ પણ વ્યક્તિને અન્ય વ્યક્તિઓની અને વિસ્તારની કામગીરી ઉપર ધ્યાન રાખવાની શક્તિની મર્યાદા હોય છે જેને જાહેર વહીવટમાં અંકુશ વિસ્તારના સિદ્ધાંત તરીકે ઓળખવામાં આવે છે.

→ આ સિદ્ધાંતનું સમર્થન હેમિલ્ટન, ઉર્વિક અને ગ્રેહામ વેલાસ જેવા વહીવટશાસ્ત્રીઓએ પણ કર્યું છે.

→ પરંતુ એક અધિકારી તેની હાથ નીચેના કેટલા ગૌણ કર્મચારીઓની અને વિસ્તારની કામગીરી ઉપર અસરકારક અંકુશ રાખી શકે, એ બાબતામં વહીવટશાસ્ત્રીઓમાં એકમો નથી.

→ અલબત્ત, જુદા જુદા વહીવટશાસ્ત્રીઓએ અધિકારીના અંકુશ વિસ્તારને અસર કરતા પરિબળો આપવા પ્રયત્ન કર્યા છે.

→ વહીવટશાસ્ત્રી લ્યુથર ગુલિકે આ માટે પણ પરિબળોને મહત્ત્વનાં ગણાવ્યાં છે.

→ જેમાં પ્રથમ કાર્ય કેવા સ્વરૂપનું છે તે બાબત મહત્ત્વની ગણી છે.

→ કાર્ય જેમ સરળ સ્વરૂપનું તેમ અંકુશ વિસ્તાર મોટો બની શકે છે.

→ બીજી બાબત છે, સમય.

→ જો સંગઠનની સ્થાપના ઠીકઠાક સમય પહેલાં થઈ હોય તો તેની કામગીરીની પ્રણાલીઓનો વિકાસ થવાથી અંકુશ વિસ્તાર વધી શકે છે.

→ ત્રીજી બાબત ગુલિકે સ્થળને ગણાવી છે.

→ જો સંગઠનના કર્મચારીઓ એક જ સ્થળે કામ કરતા હોય તો અંકુશવિસ્તાર વિસ્તૃત બને છે.

→ તેથી વિરુદ્ધની પરિસ્થિતિઓમાં અંકુશ વિસ્તાર ઘટે છે.

→ આ ત્રણ બાબત ઉપરાંત મુખ્ય કે ઉપરી અધિકારીનું વ્યક્તિત્વ જેટલું પ્રભાવશાળી હોય તથા રાજ્યે ટેક્નોલોજીની બાબતે જેટલો વધુ વિકાસ કર્યો હોય તેટલો અંકુશવિસ્તાર વિસ્તૃત બની શકે છે.

→ હાલામં ઝડપી હવાઈ મુસાફરી અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી અંકુશવિસ્તાર માટે મહત્ત્વની બની રહી છે.

→ અંકુશવિસ્તાર માટે રાષ્ટ્રીય ચારિત્ર્ય પણ મહત્ત્વની બાબત બને છે.

→ જે દેશના લોકોમા શિસ્તના સંસ્કાર ઊંચા હોય, રાષ્ટ્રપ્રેમ ઊંચો હોય ત્યાં અંકુશવિસ્તાર મોટો બની શકે છે.

→ કારણ કે આવા રાજ્યમાં કર્મચારીઓ કામ પ્રત્યે મારાપણની લાગણી ધરાવતા હોય છે. દા.ત., જાપાન અને ઇઝરાયલ આ બાબતના મહત્ત્વના ઉદાહરણ છે.

**(4) સત્તાધિકાર અને જવાબદારી :**

→ કોઈ પણ કાર્યના અમલીકરણ માટે નિશ્ચિત સ્વરૂપે જવાબદારી સોંપવી પડે અને આ જવાબદારી વહન કરવા માટે જરૂરી સત્તા સોંપવી પડે.

→ આ મુદ્દો સંગઠનના સંચાલન માટે મૂળભૂત જરૂરિયાત છે અને જેટલું યોગ્ય રીતે આ વ્યવસ્થા ગોઠવાય તેટલું તંત્ર કાર્યક્ષમ બને.

→ આથી, જાહેર સંગઠન માટે સત્તાધિકારી અને જવાબદારીનો સિદ્ધાંત તેના આત્મા સમાન છે.

→ આ સિદ્ધાંત સંગઠનની પ્રક્રિયાને વિશેષ પ્રભાવિત કરે છે.

→ સત્તાધિકારના અર્થ સંબંધે વહીવટશાસ્ત્રીઓમાં એકમતી નથી.

→ હેન્રી ફેયોલ, મેકસવેબર, લ્યુથર ગુલિક, તથા ઉર્વિક જેવા પરંપરાવાદી ચિંતકોના મતે સત્તાધિકાર એ એક કાનૂની બાબત છે.

→ તેમના મતે જે વ્યક્તિોના હાથમાં સત્તા હોય છે તેઓ નિમ્ન કર્મચારીઓ પાસે આજ્ઞાપાલન કરાવવાનો અધિકાર ધરાવે છે.

→ પરંતુ માનવસંબંધ સિદ્ધાંતના સમર્થકોના મતે મત્તાધિકાર એવી બાબત છે જેનું વિશ્લેષણ અને અભ્યાસ માનવવર્તનમાં જ થઈ શકે છે.

→ મેરી પાર્કર, ફોલેટ, એલ્ટનમેયો અને હર્બર્ટ સાયમન જેવા ચિંતકો મનોવૈજ્ઞાનિક આધારને મહત્ત્વ આપીને કહે છે કે કેટલીક એવી પરિસ્થિતિઓ હોય છે જેમાં લોકો બીજાના આદેશનું પાલન કરે છે.

→ આમ છતાં કહી શકાય કે સત્તાધિકાર એ સ્વરૂપે કાનૂની વધુ છે.

→ જાહેર વહીવટમાં ગૌણ અધિકારીને ઉચ્ચ અધિકારીના આદેશ ગમતા ના હોય ત્યારે પણ અને તેથી આગળ તેમની ઇચ્છાની તદ્દન વિરુદ્ધ હોય તોપણ આદેશનો અમલ કરવો પડે છે.

→ આમ સત્તાધિકારનો આદેશ અંતિમ હોય છે.

→ આમ છતાં સત્તાધિકાર ને શક્તિ કે જેની સાથે નૈતિકતા જોડાયેલી હોય છે તે અને સામર્થ્ય કે પ્રભાવનો સાથ જરૂરી છે. શક્તિ (power) અને પ્રભાવ (influence) વિના સત્તાધિકારને વાસ્તવિકતાનો આધાર એટલે કે ગૌણ કર્મચારીઓ દ્વારા અનૌપચારિક સહકાર ઓછો મળે છે.

→ સત્તાધિકારને જવાબદારી સાથે સીધો સંબંધ છે.

→ સંગઠનમાં જવાબદારી સોંપ્યા વિના સત્તાધિકારનો અર્થ નથી અને બીજી બાજુ સત્તાધિકાર વિનાની જવાબદારી પૂરી કરવી મુશ્કેલ હોય છે.

→ જાહેર સંગઠનમાં ઉચ્ચ અધિકારી નિમ્ન અધિકારીને નિર્ણયો લેવા તથા નિર્ણયોના અમલ માટે કેટલીક જવાબદારીઓ સોંપે છે, ત્યારે સત્તાધિકારનું પ્રતિનિધાન (Delegation) પણ કરે છે.

→ તેથી જાહેર સંગઠનમાં કામગીરી અંતિમ જવાબદારી કાનૂની રીતે મુખ્ય અધિકારીની ગણાય છે.

→ આમ હોવાથી ગૌણ અધિકારી સત્તાધિકારીનો ઉપયોગ અયોગ્યપણે કરે તો ઉચ્ચ અધિકારી પોતાનો સત્તાધિકાર પરત લઈ શકે છે.

→ એટલું જ નહિ ગૌણ અધિકારીને તેના અયોગ્ય વર્તન - કામગીરી માટે તેની પ્રસિદ્ધ કાર્યવાહી પણ કરી શકે છે.

→ સંગઠનમા જવાબદારીની માત્રા પ્રમાણે સત્તાધિકાર પણ ગૌણ કર્મચારીને ઉચ્ચ અધિકારીએ આપવો જરૂરી છે.

→ જો આમ ન થાય તો સંગઠનની કામગીરી બરોબર થતી નથી.

→ અલબત્ત એ જરૂરી છે કે ઉચ્ચ અધિકારીએ સત્તાધિકારીનું પ્રતિનિધાન કર્યા પછી ગૌણ અધિકારીઓ - કર્મચારીઓ ઉપર નિરીક્ષણ અને નિયંત્રણ રાખવું જરૂરી છે.

→ સત્તાધિકારના અમલ ઉપર સંગઠનની બહારનાં કેટલાંક પરિબળો અને સંગઠનની આંતરિક મર્યાદાઓ પણ અસર કરતી હોય છે.

→ તેથી કેટલાક ચિંતકોનું માનવું છે કે સંગઠનમાં સમાન સ્થાન ધરાવતી પ્રત્યેક વ્યક્તિને સમાન જવાબદારી સોંપવી જોઈએ નહીં.

→ તેથી ચેસ્ટર બર્નાર્ડનું માનવું છે કે યોગ્ય મુખ્ય કારોબારીની કુશળતા એમાં છે કે તેણે કોને, કેટલી જવાબદારી સોંપવી તેનો યોગ્ય નિર્ણય કરવો જોઈએ.

→ અહીં જાહેર વહીવટ એ વિજ્ઞાન ઉપરાંત કળા પણ છે તેની પ્રતીતિ થાય છે.

→ જવાબદારીનું એક નૈતિક પાસું પણ છે.

→ જાહેર વહીવટમાં પણ આ પરિબળને ભલે કાનૂની આધાર ન હોય તોપણ તે મહત્ત્વ ધરાવે છે.

→ અનૌપચારિક સંગઠનની રીતે જાહેર વહીવટમાં પણ કેટલાક અધિકારીઓ ઓછા સત્તાધિકાર સાથે વધુ જવાબદારી અદા કરવી તેને નૈતિક ફરજ ગણતા હોય છે.

→ આજે જાહેર વહીવટમાં સત્તાધિકાર ખાતાં (Departments) જેમાં એક વ્યક્તિ અંતિમ રીતે જવાબદાર હોય છે તેને તો અપાય જ છે.

→ ઉપરાંત સમિતિઓ (Committees), મંડળો (Boards) અને નિગમો (Corporations)ને પણ સત્તાધિકાર અપાય છે.

→ આવા સમયે કોઈ કામગીરી માટે કે નિર્ણય  માટે કોઈ એક વ્યક્તિને જવાબદાર ઠેરવી શકાતી નથી.

→ આ માટે સંયુક્ત જવાબદારીના ખ્યાલનો સ્વીકાર કરાયો છે.

→ સંયુક્ત જવાબદારીમાં નિર્ણય ચર્ચાવિચારણાને અંતે લેવાય છે.

→ તેથી તેનો નિર્ણય વધુ પુખ્ત ગણાય છે.

→ વળી સત્તાનો દુરુપયોગ થવાની શક્યતા ઘટે છે.

→ આમ છતાં ક્યારેક સૌની જવાબદારી એ કોઈની નહિ એવું પણ બને છે.

→ આમ જાહેર વહીવટના મોટા ભાગના માર્ગદર્શક સિદ્ધાંતોમાં સારાં અને નરસાં બંને પાસાં રહે છે.

→ તેથી જ ઉત્તમ સંગઠન એ ગણાય છે કે જે આ સિદ્ધાંતોનો સમતોલ ઉપયોગ કરી શકે.

→ તેવી જ લીયેન્ડનો ઉર્વિકે સંયુક્ત જવાબદારીના સિદ્ધાંતનો વિરોધ કરેલો.

**(5) સત્તાધિકારના પ્રતિનિધાનનો સિદ્ધાંત :**

→ આ સિદ્ધાંતના વિકાસમાં પણ પરંપરાવાદીઓના સમયથી અભ્યાસીઓ રસ લઈ રહ્યા છે.

→ આ અભ્યાસીઓનું માનવું છેકે જાહેર વહીવટમાં સત્તાધિકાર મેળવવા માટેનું આકર્ષણ હોય છે. સત્તાધિકારના આ સ્વરૂપને લીધે તેને સત્તા છોડવાનું સ્વાભાવિક રીતે અધિકારીને ગમે નહિ.

→ માનવસહજ નબળાઈએ રહી છે કે નીચેનાની સત્તા પોતો ભોગવે અને પોતાની જવાબદારી નીચેનાને સોંપવા પ્રયાસ કરે.

→ તેથી સોપાનિક પ્રકારના સંગઠન અને નબળાઈઓ સાથે પણ ઉપયોગી છે કારણ તેમાં સત્તા-જવાબદારીની નિશ્ચિતતા મહદ્અંશે રહે છે.

→ આમ છતાં અંકુશવિસ્તારના સિદ્ધાંત પ્રમાણે પ્રત્યેક અધિકારીને તેની હાથ નીચેના કર્મચારીઓની કામગીરી ઉફર નિરીક્ષણ રાખવાની કેટલીક મર્યાદા હોય છે.

→ આ ઉપરાંત સંગઠનની અંદર અને સંગઠનની બહાર એવી કેટલીક પરિસ્થિતિઓ સર્જાતી હોય છે, જેને લીધે આધુનિક જટીલ-મોટાં સંગઠનોમાં મુખ્ય અધિકારીની નિર્ણયશક્તિની કેટલીક મર્યાદા આવે છે.

→ આવા સમયે મુખ્ય અધિકારી તેમના હાથ નીચેના ગૌણ અધિકારીને કામગીરી માટે નિર્ણય લેવાની કેટલીક સત્તા આપે છે.

→ સત્તાના પ્રતિનિધાનની આ પ્રક્રિયા ઉપરના અધિકારી તરફથી ગૌણ અધિકારી તરફનું હોય છે એમ જેમ્સ મુનીનું કહેવું છે.

→ અલબત્ત, મુખ્ય અધિકારી સત્તાધિકારને પ્રતિનિધાન કર્યા પછી તેના ઉપર નિરીક્ષણ અને નિયંત્રણ રાખી શકે છે.

→ સત્તાધિકારનું આ પ્રતિનિધાન ઔપચારિક અને અનૌપચારિક બંને પ્રકારનું હોઈ શકે છે.

→ એટલે કે સત્તાધિકાર લેખિત રીતે કેટલીક કામગીરી માટે અપાય છે તો ક્યારેક અનૌપચારિક રીતે મૌખિક રીતે પણ આપી શકાય છે.

→ સત્તાધિકારનું આ પ્રતિનિધાન મહદ્અંશે અધોમુખી એટલે કે મુખ્ય અધિકારી તરફથી ગૌણ અધિકારી તરફ હોય છે, એમ જેમ્સ મુનીનું કહેવું છે.

→ પ્રો. ટેરીનું માનવું છે કે આવું પ્રતિનિધાન કોઈ પણ દિશામાં હોઈ શકે છે.

→ જેમ કે લોકશાહીમાં મતદારો દ્વારા પ્રમુખને અપાતી સત્તાનું પ્રતિનિધાન એ ઉર્ધ્વગામી છે.

→ આ ઉપરાંત બાહ્ય પ્રતિનિધાન પણ હોઈ શકે છે.

→ દા.ત. કે 26 જાન્યુ. 2001માં ગુજરાતના ધરતીકંપમાં રાહતકાર્ય માટે ભારત સરકાર અને ગુજરાત સરકારે કેટલીક બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાઓને રાહતકાર્ય અને પુનર્વસવાટ માટે આપેલ સત્તાધિકાર.

→ સત્તાનું આ પ્રતિનિધાન પ્રત્યક્ષ ઉપરાંત પરોક્ષ સ્વરૂપનું પણ હોઈ શકે છે. દા.ત. અમેરિકન પ્રમુખની મતદારમંડળ દ્વારા ચૂંટણી.

→ સત્તાધિકારના પ્રતિનિધાનના આ સિદ્ધાંતને લીધે જાહેર સંગઠનમાં ગૌણ અધિકારીઓ-કર્મચારીઓને કામ કરવાની તાલીમ મળે છે, કામ કરવા પ્રોત્સાહન મળે છે અને મુખ્ય અધિકારનું ભારણ ઘટે છે.

→ તે સાથે સંગઠનની કામગીરી ઝડપી, કરકસરપૂર્ણ અને કાર્યક્ષમ બને છે.

→ અલબત્ત આ સિદ્ધાંતની મર્યાદા એ છે કે તેનાથી સંગઠનમાં ક્યારેક વ્યક્તિત્વ સંઘર્ષ ઉદ્ભવે છે.

→ ઉપરાંત, જેને સત્તા સોંપાય તેને યોગ્ય તાલીમ તેમજ લાયકાત, કાર્યક્ષમતા અને પ્રામાણિકતા વગેરે પાસાંઓ ધ્યાને લેવા પણ ખબૂ જરૂરી છે.

→ હકીકતે, સત્તાનું કેન્દ્રીકરણ યોગ્ય નથી તેવી જ રીતે પૂરતી કાળજી વગરનું પ્રતિનિધાન (સત્તાસોંપણી) પણ ઘણા પ્રશ્નો સર્જી શકે છે.

→ તેથી વહીવટશાસ્ત્રી હૈમેનનું કહેવું છે કે પ્રતિનિધાન સમયે વ્યક્તિ નહિ પદ જોવું જોઈએ, એટલે કે સંગઠનનો પદક્રમ જાળવવો જોઈએ તથા ગૌણ અધિકારીની લાયકાત અને બીજા અનેક પાસાં ધ્યાને લેવાં જોઈએ.

→ પ્રમાણમાં તેને પ્રતિનિધાન કરવું જોઈએ.

| લાભ | મર્યાદા : |
|---|---|
| (1) સર્વોચ્ચ અધિકારીના કાર્યભારણાં ઘટાડો. | (1) કાયદાકીય મર્યાદા. |
| (2) નીચેના કર્મચારીઓને પ્રોત્સાહન. | (2) નીચેના કર્મચારીઓની લાયકાતની મર્યાદા. |
| (3) વિલંબ નિવારણ. | (3) દુરુપયોગની સંભાવના |
| (4) નીચેના કર્મચારીઓ પર જવાબદારી દ્વારા નિયંત્રણ | (4) સત્તાભૂખ - સત્તા ન છોડવાની મૂળભૂત નબળાઈ. |
| (5) કાર્યક્ષમતા અને કરકસર. | (5) ગુરુતાગ્રંથિ. |
| (6) બીજી હરોળ તૈયાર થાય છે. | (6) મુખ્ય અધિકારીની અંતિમ જવાબદારી |
| | (7) નબળી દેખરેખ વ્યવસ્થાથી ઊભા થતા પ્રશ્નો. |

→ ઉપર દર્શાવ્યા મુજબ સત્તાની સોંપણીમાં લાભ તેમજ ગેરલાભ બંને હોવા છતાં જેમ જેમ કાર્યક્ષેત્ર અને કાર્યભાર વધતો જાય તેમ તેમ સત્તાસોંપણી વધારતા જવું અનિવાર્ય બને છે.

→ અલબત્ત, સત્તા એ “કાચા પારા” જેવી છે તેને પચાવવા માટે ઉપર દર્શાવેલ મર્યાદાઓ ખૂબ કાળજીપૂર્વક ધ્યાને લેવી જરૂરી છે.

→ નહીં તો તેના દુરુપયોગ ખૂબ ગંભીર સમસ્યા ઊભી કરી શકે છે.

**(6) સંકલનનો સિદ્ધાંત :**

→ આ સિદ્ધાંતનું સમર્થન હેન્રી ફેયોલ, લ્યુથર ગુલિક, લીયેન્ડલ ઉર્વિક જેવા પરંપરાવાદી તથા મેરી પાર્કર, ફોલેટ અને ચેસ્ટર આઈ. બર્નાર્ડ જેવા માનવસંબંધવાદીઓએ પોતાની દૃષ્ટિએ કર્યું છે.

→ જાહેર સંગઠન અને સંચાલન બંને માટે સંકલનનો સિદ્ધાંત મહત્ત્વનો છે.

→ જાહેર સંગઠનમાં વિવિધ વિભાગો હોય છે અને આ વિવિધ વિભાગોમાં અનેક કર્મચારીઓ હોય છે.

→ સંગઠનના હેતુઓની સિદ્ધિ માટે આ વિભાગો વચ્ચે અને કર્મચારીઓ વચ્ચે માત્ર શ્રમવિભાજન અને વિશેષીકરણ થાય તે પૂરતું નથી.

→ સંકલનના સિદ્ધાંત પ્રમાણે સંગઠનના કોઈ બે વિભાગો કે કર્મચારીઓમાં કામગીરીનું પુનરાવર્તન થાય નહિ તે હાર્દરૂપ બાબત છે.

→ સંકલન અંગે જુદા જુદા નિષ્ણાતોએ વ્યાખ્યા આપવા પ્રયાસ કરેલ છે.

→ પરંતુ એમ કહી શકાય કે સંકલન એ સામાન્ય હેતુની સિદ્ધિ અર્થે સંવાદી પગલાં (harmoneous actions) લેવા માટે સંગઠનના વિવિધ એકમોની કામગીરીનું સમયસરનું અનુકૂલન છે, જેથી તેમનું કાર્ય કોઈ પણ જાતના ઘર્ષણ કે બેવડાયા વિના અવિરતપણે ચાલું રહે.

→ સંકલનના મુખ્યત્વે ચાર પ્રકાર છે : પ્રથણ છે માળખાગત (structural) સંકલન જેમાં સંગઠનના જુદા જુદા વિભાગો વચ્ચેના સુમેળ ઉપર ભાર અપાય છે.

→ આ પ્રકારનું સમર્થન પરંપરાગતવાદીઓએ કર્યું છે.

→ બીજો પ્રકાર એ માનસિક છે તેમાં કર્મચારીઓમાં પરસ્પરના રસ, અભિરુચિને ધ્યાનમાં લઈ તેમનામાં અનુકૂલન વધે, તેમના પ્રશ્નો - સંઘર્ષોનું નિવારણ થાય તે બાબત ઉપર ભાર અપાય છે.

→ આ પ્રકારનું સમર્થન માનવસંબંધીવાદી મેરી પાર્કર, ફોલેટ અને ન્યૂમેને કરેલ છે.

→ ત્રીજો પ્રકાર છે ઊર્ધ્વગામી (vertical) જેમાં સંગઠનના વિવિધ એકમો વચ્ચે સંકલન ઉપર ભાર અપાય છે.

→ જ્યારે ચોથો પ્રકાર એ સમક્ષિતિજ (horizontal) છે જેમાં વહીવટના સમાન સ્તરે રહેલ કર્મચારીઓ વચ્ચે સંકલન સધાય છે.

→ સંકલન માટે કાર્યક્રમના આયોજન સાથે જ વિચારણા શરૂ થાય છે.

→ સંગઠનની કામગીરીના પ્રત્યેક તબક્કે સમિતિઓ, પરિસંવાદો, આંતરખાતાકીય બેઠકો જેવી ટેક્નિકોનો ઉપયોગ થાય છે.

→ સંકલન માટે વિવિધ વિભાગોના કર્મચારીઓ વચ્ચેના પ્રત્યક્ષ સંપર્ક તો ઉપયોગી છે જ.

→ પરંતુ તે શક્ય ન હોય ત્યાં પરોક્ષ સંપર્ક માટે માહિતીસંચાર (communication) અને માહિતીપ્રસારણ ઉપયોગી બને છે.

→ સંકલન માટે સંગઠનની કાર્યપદ્ધતિને નિયમબદ્ધ, છાપેલા ફોર્મ, મેન્યુઅલ દ્વારા ચોક્કસ બનાવાયા છે.

→ સરકારની કામગીરીમાં નાણાં ખાતું એક પ્રકારે વિવિધ ખાતા વચ્ચે સંકલનનું કામ પણ કરે છે.

→ આધુનિક સમયમાં MIS - Management Information Systems દ્વારા સંકલનની કામગીરી વૈજ્ઞાનિક ધોરણે વિકસાવવામાં આવી છે.

→ સંકલનના સિદ્ધાંતના અસરકારક અમલથી સંગઠનમાં સંયોજિત મનોબળ (team spirit) અને સહકાર તથા અનુકૂલન વધે છે.

→ વળી, કામગીરી સરળ બને છે અને હેતુો સમયસર સિદ્ધ થઈ શકે છે.

▸▸ **સફળ સંકલનની માર્ગદર્શક પૂર્વશરતો અને મર્યાદાઓ :**

(1) **પ્રત્યક્ષ સંબંધો :** માત્ર હુકમથી સંકલન શક્ય ન બને. કર્મચારીઓ સાથે સીધા સંપર્કથી જ આ યોગ્ય રીતે અમલમાં મૂકી શકાય.

(2) **શરૂઆતથી જ સંકલનનું આયોજન :** સંગઠનની રચના અને કાર્ય અંગેના નીતિઘડતરમાં જ સંકલનનો સમાવેશ થાય તે જરૂરી છે.

(3) **સતત ગતિશીલતા :** પરિવર્તનશીલ સમાજ અને સંજોગોને સ્વીકારી શકે તેવી પ્રગતિશીલ સંકલન વ્યવસ્થા હોવી જોઈએ.

(4) **કર્મચારીઓને યોગ્ય સ્થાન :** યોગ્ય સંકલન દ્વારા કર્મચારીઓને વહીવટમાં યોગ્ય સ્થાન છે તેવું લાગે તે સંગઠન માટે ખૂબ મહત્ત્વ છે.

(5) **માહિતી અને સંદેશાવ્યવહારની કાર્યક્ષમતા :** ઉપર દર્શાવ્યા મુજબ આધુનિક સમયમાં MISએ ખૂબ પ્રગતિ સાધી છે અને ઇન્ફર્મેશન ટેક્નોલોજીથી આ ક્ષેત્ર અગાઉ કરતાં ખૂબ કાર્યક્ષમ વ્યવસ્થા થવાથી સંકલનની કામગીરીને ઉચ્ચ પરિમાણ પ્રાપ્ત થયેલ છે.

(7) **નિરીક્ષણનો સિદ્ધાંત :**

→ નિરીક્ષણ કે અવેક્ષણ એ સંચાલનું અગત્યનું કાર્ય છે.

→ વહીવટશાસ્ત્રીઓએ વહીવટ ઉપર ચિંતન શરૂ કર્યું ત્યારથી નિરીક્ષણને સંચાલન માટે અગત્યની બાબત ગણેલી છે.

→ તે કોઈ પણ સંગઠન માટે મૂળભૂત બાબત છે.

→ સોપાનિક તંત્ર-રચનામાં ઉચ્ચ અધિકારી ગૌણ અધિકારીની કામગીરીનું નિરીક્ષણ અને નિયંત્રણ કરે તે ખાસ જોવાય છે.

→ વહીવટશાસ્ત્રી જહોન ડી. મીલેટનું માનવું છે કે નિરીક્ષણને લીધે એક તરફ સંગઠનમાં યોગ્યપણે સંકલન જળવાય છે અને બીજી બાજુ પ્રત્યેક એકમ તેની કામગીરી બરોબર બજાવે તેની કાળજી લેવાય છે.

→ નિરીક્ષણ માટે અંગ્રેજીમાં વપરાતો 'supervision' શબ્દ super અને vision એવા બે શબ્દોનો બનેલો છે.

→ આ બે શબ્દોનો સંયુક્ત અર્થ કાળજીપૂર્વક અને અધિકારપૂર્વક તથા હેતુસર જોવું તેવો થાય છે.

→ નિરીક્ષણમાં નિરીક્ષક પોતાના અધિકારની રૂએ કર્મચારીઓને માર્ગદર્શન આપે છે.

→ તે કર્મચારીઓની કામગીરીને અસરકારક બનાવતા શીખવે છે.

→ આમ નિરીક્ષણ એ માનવસંબંધવાદી અભિગમથી વધુ પ્રભાવિત બાબત છે.

→ માર્શલ ડીમોકના મતે નિરીક્ષણ એ સત્તાધિકારના પ્રતિનિધાન સાથે ગાઢ સંબંધ ધરાવે છે.

→ સંગઠનમાં મુખ્ય અધિકારી એટલે હાથે તમામ નિર્ણયો લઈને કામ કરી શકતો નથી.

→ અંકુશ વિસ્તારના સિદ્ધાંત પ્રમાણે મુખ્ય અધિકારી પોતાની મર્યાદા સમજે છે.

→ તેથી તે ગૌણ અધિકારીને કામગીરી માટે જવાબદારી સોંપે છે અને સત્તાધિકારનું પ્રતિનિધાન કરે છે.

→ આ ગૌણ અધિકારીઓ અને કર્મચારીઓ જે કામગીરી કરે છે તેના માટે નિરીક્ષણની પ્રક્રિયા જરૂરી બને છે.

→ આ નિરીક્ષણ સોપાનિક તંત્રના પ્રત્યેક તબક્કે થાય છે.

→ નિરીક્ષણ દ્વારા નેતૃત્વના કાર્યનું આ રીતે વિસ્તરણ થાય છે અને સંગઠનના પ્રત્યેક તબક્કે થતા કાર્યને માર્ગદર્શન મળે છે.

→ નિરીક્ષણ (supervision) એ તપાસ (inspection) અને ઊલટ તપાસ (investigation) કરતાં અલગ બાબત છે. વાસ્તવમાં તપાસ અને ઊલટ તપાસ એ નિરીક્ષણના સાધન છે.

→ નિરીક્ષણનાં સૂચનો અને આદેશોના અમલ અંગે તપાસ થાય છે, જ્યારે કર્મચારીઓથી થયેલ ભૂલ કે ગુનાને શોધવા ઊલટ તપાસ થાય છે.

→ પરંતુ નિરીક્ષણ વિધેયાત્મક બાબત છે.

→ તેમાં વિચારવિનિમય અને સલાહ આપવાની બાબતનો સમાવેશ થાય છે.

→ નિરીક્ષણમાં સંગઠનમાં કર્મચારીઓને કામગીરીની સોંપણી અને કામગારીનાં ધોરણનું નિર્ધારણ એ પ્રથમ સોપાન છે.

→ બીજા તબક્કામાં સોંપાયેલ કામગીરી યોગ્ય દિશામાં અને કાર્યક્ષમપણે થાય છે કે કેમ તે જોવાય છે,

→ જ્યારે ત્રીજા તબક્કામાં સંગઠનમાં વિવિધ વિભાગો વચ્ચે સંકલન જળવાઈ રહે તથા કર્મચારીઓનો કાર્યોત્સાહ ટકી રહે તે બાબતની કાળજી લેવાય છે.

→ આમ થવાથી સંગઠનની વ્યવસ્થા જળવાઈ રહે છે અને હેતુઓની સિદ્ધિ સમયસર થાય છે.

→ આમ નિરીક્ષણ એ સતત ચાલતી પ્રક્રિયા છે.

→ નિરીક્ષણના આ સિદ્ધાંતના ઘડતરમાં હેન્રી ફેયોલ, જ્હોન પીફ્નર તથા એલ્ટન મેયોનું મોટું પ્રદાન છે.

**⏩ નિરીક્ષણની પદ્ધતિઓ :**

→ નિરીક્ષણ (સુપરવિઝન)ના મહત્ત્વનો ધ્યાને લઈ તે માટેની ઘણી પદ્ધતિઓ વિકસાઈ છે જેમાંની કેટલીક નીચે દર્શાવેલ છે :

(1) પૂર્વમંજૂરી (2) કામગીરીનાં ધોરણો નિશ્ચિત કરવાં (3) નાણાકીય મર્યાદા/નિયમો (4) કર્મચારીગણના નોકરીવિષયક નિયમો અને મંજૂરીની જોગવાઈ (5) પ્રગતિ અહેવાલની પદ્ધતિ (6) પરિણામોની તપાસ (7) કાર્ય આયોજન (8) લેખિત સૂચનાઓ (9) સ્ટાફ મીટિંગો (10) ધારાસભા/કમિટિઓ/કમિશનો વગેરે.

→ ઉપર મુજબની પદ્ધતિઓ સંગઠનમાં અમલમાં મૂકવાથી નિરીક્ષણની કામગીરી વ્યવસ્થિત અને પદ્ધતિસરની બને છે.

**(8) લાઈન અને સચિવાત્મક એકમો (Line and Staff Units) :**

→ જાહેર વહીવટમાં લાઇન અને સચિવાત્મક એકમો એ અગત્યના સિદ્ધાંત છે.

→ આ બંને એકમોનો ખ્યાલ જાહેર વહીવટશાસ્ત્રીઓએ લશ્કરી વહીવટ પાસેથી મેળવ્યો છે.

→ લશ્કરી વહીવટમાં યુદ્ધના મેદાનમાં દુશ્મનનો સીધો મુકાબલો કરવાનું કામ લશ્કરના જે એકમ કરે છે તેને 'લાઇન' એકમ કહે છે.

→ નાગરિકસેવામાં સંગઠનમાં સોપાનિક ક્રમમાં ગોઠવાયેલા જે એકમો આદેશ આપેછે તેને 'સચિવાત્મક' એકમ કહે છે અને આદેશ પ્રમાણે કામગીરી બજાવે છે તેને 'લાઇન એકમ' કહે છે.

→ યુદ્ધમાં લડતા લશ્કરી એકમોને જે માહિતી, ખોરાક, દાકતરી સારવાર, શસ્ત્રો પહોંચડવાનું કામ કરે છે તેને સચિવાત્મક એકમ કહે છે.

→ નાગરિક સેવામાં સંગઠનના વિવિધ પ્રશ્નોમાં લાઇન એકમોને માહિતી પૂરી પાડવાનું, નિર્ણય લેવા માટે વિકલ્પો પૂરા પાડવાનું સંશોધનનું જે કાર્ય કરે છે તેને સચિવાત્મક એકમ કહે છે.

→ લશ્કરી પરિભાષાના લાઇન તથા સચિવાત્મક એકમના ખ્યાલો જાહેર વહીવટમાં લાવવાનું માન વહીવટશાસ્ત્રી એલ.ડી. વ્હાઇટ અને વિલોબીને ફાળે જાય છે.

→ લાઇન અને સ્ટાફ એકમના ખ્યાલના વિકાસમાં લ્યુથર ગુલિક, જ્હોન પીફ્નર અને ઉરવિક જેવા ચિંતકોનું પ્રદાન પણ નોંધપાત્ર છે.

→ જાહેર વહીવટમાં સોપાનિક તંત્રરચનામાં લાઇન એકમો ગોઠવાયેલા હોય છે.

→ તેઓ સંગઠનના મૂળભૂત વિભાગો છે. તેઓ મુખ્ય અધિકારીના આદેશોનું પાલન કરી વહીવટી કામગીરી બજાવે છે.

→ સંગઠનના પ્રત્યેક તબક્કે લાઇન એકમો વચ્ચેના સંબંધો આદેશ - આજ્ઞાધીનતાના હોય છે.

→ તેઓ પ્રજાના સીધા સંપર્કમાં આવે છે અને પ્રજાની સેવા કરે છે.

**લાઇન અને સ્ટાફ એકમોની રચના**

↓

| | |
|---|---|
| ● સ્ટાફ (સચિવાલય) | ● લાઇન (ક્ષેત્રીય કચેરી) |
| ● મંત્રીમંડળ | ● કમિશનર/નિયામક/ (ખાતાના વડા) |
| ● સચિવ | ● નાયબ કમિશનર/નિયામક |
| ● નાયબ સચિવ | ● મદદનીશ નિયામક |
| ● ઉપસચિવ | ● અધિકારી - વર્ગ - 2 |
| ● સેક્શન અધિકારી | ● નિરીક્ષક (હેડ ક્લાર્ક) |
| ● નાયબ સેક્શન અધિકારી (મદદનીશ) | ● સુપરવાઇઝર |
| ● કારકુન | ● કારકુન |

→ જાહેર સંગઠનમાં મુખ્ય અધિકારીએ 'પોસ્ટકોર્બ' કાર્યો કરવાનાં હોય છે.

→ પરંતુ અંકુશવિસ્તારના સિદ્ધાંત પ્રમાણે મુખ્ય અધિકારીને નિર્ણય નિરીક્ષમ અને નિયંત્રણની કેટલીક મર્યાદા હોય છે.

→ આથી તે સત્તાધિકારીનું પ્રતિનિધાન કરે છે.

→ મુખ્ય અધિકારીનાં વિચારવામાં તથા નિર્ણય લેવામા સલાહ આપવાનું જે એકમો કાર્ય કરે છે તેને સચિવાત્મક એકમો કહે છે.

→ સચિવાત્મકનો એક અર્થ ટેકણ-લાકડી કે માર્ગ થાય છે.

→ જેમ લાકડી પોતે ચાલતી નથી પરંતુ વ્યક્તિને ચાલવાના કાર્યમાં મદદ કરે છે તેમ સચિવાત્મક એકમો જાહેર સંગઠનમાં પોતે નિર્ણય લેતા નથી પરંતુ લાઇન એકમને નિર્ણય લેવામાં મદદ કરે છે.

→ આમ તે રીતે તે મુક્ય અધિકારીના વ્યક્તિત્વનું વિસ્તરણ કરે છે.

→ કારણ કે સચિવાત્મક એકમો અનામીપણે પડદા પાછળ રહીને કામ કરે છે.

⏩ **લાઈન એકમનાં લક્ષણો અને મહત્ત્વ :**

(1) સંગઠનની નીતિઓ અને આદેશોના અમલની પ્રાથમિક જવાબદારી.

(2) વિશાળ સંખ્યા અને ઊંડાણ સુધી ફેલાવો.

(3) લોકો સાથે સીધો સંપર્ક અને સંબંધ.

(4) કલ્યાણરાજ્યમાં સેવા પૂરી પાડવી અને કરની વસૂલાત કરવી.

(5) કામગીરીમાં વિવિધતા અને તાત્કાલિક અમલીકરણ પર ભાર.

→ ઉપર દર્શાવ્યા મુજબ "લાઇન એકમ" મુખ્યત્વે રાજ્યના કાર્યક્રમોના અમલ માટે લોકો સમક્ષ પહોંચે છે અને તેનો મુખ્ય ઝોક અમલીકરણ પર રહેલો હોય છે.

→ જ્યારે સ્ટાફ એકમ (સચિવાત્મક)ની કામગીરી ઘણી જુદી છે.

→ તે મુખ્યત્વે માહિતીનું સંકલન, વિશ્લેષણ, નીતિવિષયક વિચારણા અને લાંબા ગાળાની યોજનાકીય વિચારણાની કામગીરી કરે છે.

આમ, સ્ટાફ એકમનાં મુખ્ય લક્ષણો/કાર્યો નીચે મુજબ છે :

(1) સંકલનકાર અને સલાહકાર તરીકે

(2) નિષ્ણાત સલાહ પૂરી પાડવી

(3) સર્વોચ્ચ સત્તાધિકારીના વ્યક્તિત્વનું વિસ્તૃતીકરણ

(4) ઉચ્ચતર ગુણવત્તા અને ઝીણવટભરી વિચારસરણી

(5) વ્યાપક (વિઝન) અને વિશાળ ફલક પરનું કાર્યક્ષેત્ર

→ આમ છતાં લાઇન એકમ અને સચિવાત્મક એકમોની ભૂમિકા ભજવતા આ બંને એકમો વચ્ચે ક્યારેક સંઘર્ષ જોવા મળે છે.

→ જહોન પીફરનું કહેવું છે કે લાઇન એકમો ઘણી વાર સંગઠનની સ્થિરતા માટે જ્યારે સચિવાત્મક એકમો સુધારણા માટે મથતા હોય છે.

→ માર્શલ ડીમોકનું કહેવું છે કે બંને એકમો વચ્ચે સુમેળ જાળવવા પરસ્પર સ્થાનની બદલી કરવી જોઈએ જેથી તેમને એકબીજાના સ્થાન અને ફરજનું મહત્ત્વ સમજાય.

→ લ્યુથર ગુલિક જેવા પરંપરાવાદી ચિંતકોનું માનવું છે કે સંગઠનમાં 'આદેશની એકતા'ના સિદ્ધાંતનો ચુસ્ત અમલ કરવાથી લાઇન અને સચિવાત્મક એકમો વચ્ચે સુમેળ સાધી શકાય.

→ પરંતુ મેરી પાર્કર ફોલેટ જેવા માનવસંબંધવાદી ચિંતકોનું માનવું છે કે 'આદેશની એકતા'ના સિદ્ધાંતને સ્થાને 'માર્ગદર્શનની એકતા'ના સિદ્ધાંતનો અમલ કરવાથી લાઇન અને સચિવાત્મક એકમો સુમેળથી કામ કરી શકશે.

→ 'માર્ગદર્શનની એકતા'ને લીધે આ બંને એકમો વચ્ચે સંકલન જળવાશે ને સહકારથી કામગીરી કરશે.

→ આમ અભ્યાસની દૃષ્ટિએ 'લાઇન' અને 'સચિવાલય' એકમો અલગ અલગ હોવા છતાં વાસ્તવમાં સંગઠનમાં પૂર્ણપણે આવી અલગ ભૂમિકા ભજવનાર એકમો હોતા નથી.

→ સંગઠનમાં એક અધિકારી આદેશ પ્રમાણે જ્યારે ફરજ બજાવે છે ત્યારે તે લાઇન એકમ છે.

→ પરંતુ પોતાના ઉચ્ચ અધિકારીને માહિતી પૂરી પાડીને નિર્ણય લેવામાં મદદ કરે છે ત્યારે તે સચિવાત્મક એકમ તરીકે કાર્ય કરે છે.

→ આ બાબત સરકારના વિવિધ વિભાગો કે ખાતાઓને પણ લાગુ પાડે છે.

→ દા.ત., ભારતનું નાણાંખાતું વડાપ્રધાનને નાણાકીય નીતિ નક્કી કરતી વખતે જે ચર્ચાવિચારણા કરી સલાહ આપવે છે ત્યારે તે સચિવાત્મક એકમ છે.

→ પરંતુ જ્યારે તે અંદાજપત્રનું ઘડતર કરે છે ત્યારે તે લાઇન એકમ છે.

→ આમ લાઇન અને સચિવાત્મક એકમોએ સંગઠનમાં જડ વિભાજન નથી પરંતુ કામગીરીના વિશિષ્ટીકરણની પ્રક્રિયા છે.

•




# ૨. વહીવટી વર્તણૂક

- **"નિર્ણય નક્કી કરાયેલી એવી સ્થિતિ છે જે વાસ્તવમાં કાર્ય પૂર્ણ થાય તે પહેલાં લેવાય છે."**
- **નિર્ણયઘડતર, નેતૃત્વના સિદ્ધાંતો, સંવહન પ્રેરણા અને કાર્યોત્સાહ**
- **નિર્ણયઘડતર :**

→ Decision-making એ વહીવટનો ખૂબ જ અગત્યનો "હાર્દ" સમાન મુદ્દો છે.
→ આ પ્રક્રિયા એ ઘણાં પરિબળોને સાંકળીને અમલમાં મૂકાય છે.
→ તેનું અત્યંત મહત્ત્વ અને તેમાં રહેલી Complexityને કારણે M.B.A.ના અભ્યાસક્રમમાં આ અંગે અનેક "કેસ સ્ટડી" તૈયાર કરવામાં આવે છે.
→ જાહેર સંગઠન એ જાહેર વહીવટના અભ્યાસનો અગત્યનો મુદ્દો છે.
→ જાહેર સંગઠન માટે આજે નિર્ણયઘડતર એ મહત્ત્વનો અને પ્રમાણમાં નવો ખ્યાલ છે.
→ નિર્ણયઘડતર પ્રક્રિયા એ સંગઠનના સામાજિક અને મનોવૈજ્ઞાનિક પાસાના વિશ્લેષણ ઉપર ભાર આપે છે.
→ નિર્ણયઘડતર પ્રક્રિયાનો સિદ્ધાંત આપવાનું માન અમેરિકન રાજ્યશાસ્ત્રી હર્બર્ટ એ. સાયમનને ફાળે જાય છે.
→ તેમને તેમના આ સંશોધન માટે ઈ.સ. 1978માં નોબેલ પારિતોષિક એનાયત થયેલ છે.
→ તેમના વિચારો ઉપર મેરીપાર્કર, ફોલેટ અને ચેસ્ટર આઇ. બર્નાર્ડના વિચારોનો મોટો પ્રભાવ હતો.
→ હર્બર્ટ સાયમન પછી આ ક્ષેત્રે જોસેફ કુપર, હાઇવિક અને લૈડમૂટ તથા ગોરે અને ડેસનનો ફાળો પણ અગત્યનો છે.

- **નિર્ણયઘડતર પ્રક્રિયાનો અર્થ :**

→ વહીવટશાસ્ત્રી હર્બર્ટ એ. સાયમને જોયું છે કે જાહેર વહીવટશાસ્ત્રના સિદ્ધાંતો માત્ર કહેવત સમા છે.
→ આ સિદ્ધાંતો વાસ્તવિક સંશોધનની ભૂમિકા ધરાવતા નથી.
→ તેથી તેમણે બુદ્ધિગમ્ય નિર્ણયઘડતર પ્રક્રિયાનું મોડેલ આપવા પ્રયત્ન કર્યો.
→ તેમણે સંગઠનને નિર્ણય લેનારું તંત્ર ગણાવ્યું.
→ તેમના મતે સંગઠનના પ્રત્યેક તબક્કે નિર્ણય લેવાની અને તેનો અમલ કરવાની પ્રક્રિયા મહત્ત્વની બને છે.
→ નિર્ણયપ્રક્રિયાનો અર્થ સમજાવતા સાયમને જણાવ્યું કે, "નિર્ણયને આપણે પૂર્વવિચારોમાંથી મેળવેલ તારણ કે સાર ગણાવી શકીએ.
→ આ નિષ્કર્ષ કે સાર એ મોટા નિર્ણય માટે પૂર્વવિચાર બની શકે છે."
→ હેમૈનના શબ્દોમાં જોઈએ તો, "નિર્ણય નિર્ધારિત કરાયેલી એક એવી બાબત છે જે કાર્ય વાસ્તવિક રૂપમાં પરિણમે તે પહેલાં અસ્તિત્વમાં આવે છે.
→ તે સંચાલકો દ્વારા લેવાયેલ એવો નિષ્કર્ષ છે જેના દ્વારા તેણે તથા બીજાઓએ શું કરવાનું છે."
→ ટેરીના મતે, "નિર્ણય બે અથવા વધુ સંભવિત વિકલ્પોમાંથી એક વ્યાવહારિક વિકલ્પની પસંદગી છે."
→ એમ નિર્ણય લેવો એ એક પ્રક્રિયા છે જેમાં કોઈ એક નિષ્કર્ષ ઉપર પહોંચી શકાય છે.
→ નિર્ણયઘડતર કે નિર્ણય લેવાની પ્રક્રિયાનો અર્થ વધુ સારી રીતે સમજવા માટે આપણે તેનો નીતિ (Policy) સાથેનો સંબંધઘ સમજવો જરૂરી છે.
→ સંગઠનની નીતિનો નિશ્ચય એ નિર્ણયની એક લાંબી પ્રક્રિયાનું પરિણામ હોય છે.
→ સંગઠનની નીતિ નક્કી કરતી વખતે સંગઠનના ઉચ્ચ અધિકારીઓ અનેક વિકલ્પોમાંથી કેટલાકને પસંદ કરે છે.
→ જ્યારે સંગઠનની નીતિ નક્કી થઈ જાય છે તે પછી લેવાતા નિર્ણયો એ નીતિના સંદર્ભમાં હોય છે.
→ નીતિ અનેક સમસ્યાઓને પ્રભાવિત કરતી હોય છે જ્યારે નિર્ણયનો સંબંધ કોઈ એક સમસ્યા સાથે હોય છે.
→ નીતિ અને નિર્ણયપ્રક્રિયાની જેમ નિર્ણયપ્રક્રિયાને સંગઠન સાથે સંબંધ છે.
→ નિર્ણય લેનારી વ્યક્તિ ઉપર સંગઠન કેટલીક મર્યાદાઓ નક્કી કરતું હોય છે.

→ **નિર્ણયઘડતરની પ્રક્રિયાના ક્રમ :**

→ હર્બર્ટ સાયમને નિર્ણયઘડતર પ્રક્રિયાના ત્રણ કે સ્તર બતાવ્યા છે : (1) અન્વેષણ કે તાર્કિક પ્રવૃત્તિ (2) રૂપરેખા પ્રવૃત્તિ (3) પસંદગી પ્રવૃત્તિ.

**(1) અન્વેષણ કે તાર્કિક પ્રવૃત્તિ :**

→ નિર્ણયપ્રક્રિયાના આ સ્તરે સમસ્યાને ઓળખવા-સમજવા માટે પ્રયત્ન થાય છે. અહીં સમસ્યાના મૂળને શોધીને તેને સમગ્રતાના સંદર્ભમાં સમજવા પ્રયત્ન કરાય છે.

→ આ સાથે સમસ્યાને સમજવા માટે હકીકતો કે તથ્યોને એકઠા કરવાનું શરૂ કરાય છે.

→ તે સાથે સમસ્યાનો સંગઠનના કયા-કયા પાસા ઉપર કેવો પ્રભાવ પડી શકે છે તે જાણવા પ્રયત્ન થાય છે.

→ આમ કરવાથી સમસ્યાની ચોક્કસ ઓળખ પ્રાપ્ત થાય છે.

**(2) રૂપરેખા પ્રવૃત્તિ :**

→ સાયમનના મતે નિર્ણયઘડતરના આ તબક્કે સમસ્યાને સમજવા માટે જરૂરી તથ્યો મેળવવા આયોજન હાથ ધરાય છે.

→ જે તથ્યો મેળવાય છે તેનું વિશ્લેષણ (Analisis) અને મૂલ્યાંકન થાય છે.

→ આ વિશ્લેષણ અને મૂલ્યાંકન સમયે નિર્ણયકર્તાએ તટસ્થતા દાખવવી જરૂરી છે.

→ સમસ્યાના આ મૂલ્યાંકનમાંથી વહીવટી નિર્ણયકર્તા નિર્ણય માટેના સંભવિત વિકલ્પો પ્રાપ્ત કરે છે.

→ આ વિકલ્પો નિર્ણયથી થનાર લાભ કે હાનિ, ઉદ્દેશ્યપ્રાપ્તિ, વર્તમાન અને ભાવિ કિંમતનો વિચાર કરે છે.

**(3) પસંદગી પ્રવૃત્તિ :**

→ નિર્ણયઘડતરના આ અંતિમ તબક્કામાં વહીવટકર્તાઓ પ્રાપ્ત વિકલ્પોમાંથી સંગઠન માટે શ્રેષ્ઠ વિકલ્પની પસંદગી કરવાની છે.

→ આમ નિર્ણય સુધી પહોંચવા માટે નિર્ણયઘડતરના આ પ્રત્યેક તબક્કામાંથી ધીરજપૂર્વક, ચોક્સાઈથી અને તટસ્થાતાપૂર્વક પસાર થવું વહીવટકર્તા માટે આવશ્યક બાબત છે.

→ આ કામગીરી ઉચ્ચ ગુણવત્તા અને તાલીમ માંગી લે છે.

→ તેથી જ તે માટે M.B.A.જેવા અભ્યાસક્રમો શરૂ થયા છે.

→ આમ થવાથી ભૂલ થવાની શક્યતા ઓછી રહે છે અને લેવાયેલ નિર્ણય બુદ્ધિપૂર્ણ અને વૈજ્ઞાનિક હોય છે, સમયસર લેવાય છે અને તેમાં પ્રતિક્રિયાઓ અંગે પૂરી કાળજી લેવાય છે.

→ વહીવટશાસ્ત્રીય ટેરીના મતે નિર્ણયઘડતરની આ પ્રક્રિયા ઉપર 12 જેટલાં તત્ત્વો પ્રભાવ પાડતા હોય છે.

→ તેથી વહીવટકર્તાએ નિર્ણયઘડતર સમયે આ તત્ત્વોને ધ્યાનમાં રાખવા જરૂરી બને છે : (1) કાયદાકીય મર્યાદા (2) અંદાજપત્ર (3) સામાજિક આદર્શ (4) તથ્ય (5) ઇતિહાસ (6) આંતરિક નૈતિક ચારિત્ર્ય (7) અનુમાનિત ભવિષ્ય (8) ઉચ્ચ અધિકારીઓ (9) દાબજૂથ (10) કર્મચારીઓ (11) કાર્યક્રમનું સ્વરૂપ.

→ આ તમામ તત્ત્વોને ધ્યાનમાં લેવાથી નિર્ણય બુદ્ધિમુક્ત, સમતોલ અને સફળ નીવડી શકે છે.

→ આ તત્ત્વોને ધ્યાનમાં રાખવાથી નિર્ણયઘડતર પ્રક્રિયામાં સંગઠનના ઉચ્ચ અને નિમ્ન એવા તમામ સ્તરોની વત્તે-ઓછે અંશે સામેગલગીરી શક્ય બને છે. (Management by participation) જેના લીધે સંગઠનમાં કામ કરતા કર્મચારીઓનો નિર્ણય માટેનો રસ જળવાય છે અને શાંતિપૂર્ણ સ્વૈચ્છિક સહકાર મેળવી શકાય છે.

→ આમ આ નિર્ણયઘડતર પ્રક્રિયા લોકશાહી ઢબે પૂરી થાય છે.

→ તેથી લેવાયેલ નિર્ણય સાર્થક બને છે.

⏩ **મૂલ્યાંકન :**

→ નિર્ણયઘડતર પ્રક્રિયના આ સિદ્ધાંતની કેટલાક અભ્યાસીઓએ ટીકા કરી છે.

→ તેમના મતે મુલ્યરહિત નિર્ણયઘડતર પ્રક્રિયાનો સિદ્ધાંત જાહેર વહીવટને યંત્રવત્ અને ચીલાચાલુ બનાવે છે.

→ વળી સંગઠનને સજમવા માટે નિર્ણયઘડતર પ્રક્રિયા ઉપયોગી છે,

→ પરંતુ સંગઠન માટે તે એક માત્ર મહત્ત્વની બાબત છે તેવું નથી.

→ સાયમને નિર્ણયઘડતર પ્રક્રિયા દ્વારા સંગઠનના કાર્યક્ષમતા અને કરસકરના પાસા ઉપર ભાર આપ્યો.

→ પરંતુ સંગઠનને તે ઉપરાંત અનેક પાસા હોય છે.

→ વળી સાયમનનું આ 'મોડેલ' વિકાસશીલ અને વિકસિત બધા જ દેશોને સમાનપણે લાગુ પડી શકે તેમ નથી.

→ આમ છતાં આપણે કહી શકીએ કે કોઈ પણ સંગઠન માટે નિર્ણયઘડતર પ્રક્રિયાને મહત્ત્વની બાબત છે.

→ તે એક જટલિ પ્રક્રિયા છે અને વહીવટકર્તાઓ તેનો કાળજીપૂર્વકનો અભ્યાસ જરૂરી છે.

**નેતૃત્વના સિદ્ધાંતો :**

→ આપણે વહીવટી નિર્ણયઘડતર પ્રક્રિયાને વિસ્તૃતપણે વિચાર કર્યો.

→ આ નિર્ણયઘડતર માટે અને લીધેલ નિર્ણયના અમલ માટે સંગઠનમાં યોગ્ય નેતૃત્વની જરૂર પડે છે ? આધુનિક લોકશાહી કલ્યાણ રાજ્યોમાં જાહેર સંગઠનો લોકોને જવાબદાર હોય તે જરૂરી છે.

→ જાહેર સંગઠનો લોકો પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવવાની સાથે કાર્યક્ષમપણે પોતાના ધ્યેય હાંસલ કરે તે માટે પ્રભાવશાળી વહીવટી નેતૃત્વ જરૂરી બાબત છે.

**નેતૃત્વનો અર્થ :**

→ નેતા માટે અંગ્રેજીમાં Leader અને નેતૃત્વ માટે Leadership શબ્દ વપરાય છે. નેતૃત્વ બે અર્થ ધરાવે છે : (અ) બીજાથી ચઢિયાતા હોવું અને (બ) બીજાને દોરવું. જાહેર વહીવટ માટે આ બીજો અર્થ બીજાને દોરવું કે માર્ગદર્શન આપવાની બાબત મહત્ત્વની છે.

→ ચેસ્ટર આઇ. બર્નાર્ડ નેતૃત્વના આ અર્થને વધુ સ્પષ્ટ કરતાં જણાવે છે કે, "નેતૃત્વ એ અમુક વ્યક્તિઓના વર્તનનું એવું તત્ત્વ છે કે જેના દ્વારા તેઓ લોકોને તેમની પ્રવૃત્તિના વ્યવસ્થિત પ્રયાસમાં દોરવણી આપે છે."

→ આમ બર્નાર્ડ નેતૃત્વના ત્રણ આધાર (અ) વ્યક્તિ, (બ) અનુયાયી અને (ક) પરિસ્થિતિ ગણાવ્યા છે.

→ નેતૃત્વ વ્યક્તિને કંઈક અસાધારણ કરવાની શક્તિ આપે છે.

→ નેતાની આ વિશેષ શક્તિને લીધે અનુયાયીઓને નેતામાં એક મિત્ર, તત્ત્વચિંતક અને માર્ગદર્શકના દર્શન થાય છે. આમ થવાથી એવી પરિસ્થિતિ નિર્માણ થાય છે જેના લીધે અનુયાયીઓ નેતાની આજ્ઞાઓનું પાલન કરે છે.

**નેતૃત્વના સિદ્ધાંતો :**

→ નેતૃત્વનો ઉદ્ભવ તથા વિકાસ કેવી રીતે થાય છે તે અંગે વહીવટશાસ્ત્રીઓમાં એકમતી નથી.

→ નેતૃત્વને સમજાવવા માટે જુદા જુદા વહીવટશાસ્ત્રીઓએ જે સિદ્ધાંતો આપ્યા છે તે નીચે પ્રમાણે છે :

**(1) વિશિષ્ટ ગુણ કે લક્ષણનો સિદ્ધાંત :**

→ આ સિદ્ધાંતનું સમર્થન વહીવટશાસ્ત્રી ટેડ, બર્નાર્ડ તથા સૈલે કર્યું છે.

→ તેમના મતે કેટલીક વ્યક્તિઓમાં એવા ચોક્કસ વિશિષ્ટ ગુણો હોય છે જે તેને નેતા બનાવે છે.

→ વ્યક્તિની વ્યક્તિમત્તાના આ ગુણોમાં તેઓ પહેલવૃત્તિ, સાહસિકતા, નીડરતા, શારીરિક શક્તિ, દેખાવ, ઉત્સાહ, પ્રામાણિકાત , શિક્ષણ, બુદ્ધિની તીવ્રતા જેવા ગુણો બતાવે છે.

→ નેતૃત્વના આ સિદ્ધાંતની અભ્યાસીઓએ ટીકા કરી છે.

→ તેમનું કહેવું છે કે આ સિદ્ધાંતના સમર્થકોમાં નેતૃત્વના ગુણો અંગે એકમતી નથી.

→ ઉપરાંત નેતૃત્વ માટે કયો ગુણ મહત્ત્વનો છે તે તેઓ સ્પષ્ટ કરી શકતા નથી.

→ તેમણે નેતૃત્વ માટે પરિસ્થિતિ, તાલીમ અને અનુયાયીઓના પરિબળને ધ્યાનમાં લીધા નથી.

**(2) પરિસ્થિતિવાદી સિદ્ધાંત :**

→ નેતૃત્વના આ સિદ્ધાંતનું સમર્થન જહોન ડી. મીલેટ, બેવલ્સ, બેરિટ, કુંજ તથા ઓડોનેલ જેવા ચિંતકોએ કર્યું છે.

→ આ ચિતંકોએ પોતાના અભ્યાસોને આધારે જણાવ્યું છે કે નેતૃત્વના વિકાસમાં યોગ્ય પરિસ્થિતિઓનો મોટો પ્રભાવ હોય છે.

→ તેમના મતે પરિસ્થિતિ વ્યક્તિમાં નેતૃત્વનો વિકાસ કરે છે.

→ આમ થવાથી એક પરિસ્થિતિમાં લોકો જેને નેતા તરીકે સ્વીકારતા હોય તે પરિસ્થિતિ બદલાતાં બીજી વ્યક્તિને નેતા તરીકે સ્વીકારે તેવું બની શકે છે.

→ જેમ કે બીજા વિશ્વયુદ્ધ દરમિયાન બ્રિટનના લોકોએ ચર્ચીલના નેતૃત્વને સ્વીકાર્યું.

GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

→ પરંતુ યુદ્ધ પૂરું થયાં પછી આમસભાની ચૂંટણીઓમાં તેમણે એટલીના નેતૃત્વને પસંદ કર્યું હતું.

→ આમ પરિસ્થિતિવાદી સિદ્ધાંત વિશિષ્ટ ગુણ કે લક્ષણવાદી સિદ્ધાંતનો વિરોધી નહીં પરંતુ પૂરક છે.

→ નેતૃત્વને સમજવા માટે આ બંને સિદ્ધાંતોની સાથે જરૂર પડે છે.

→ કારણ કે કેટલીક વાર એવું બને છે કે વિશિષ્ટ પરિસ્થિતિઓમાં પણ કોઈ વ્યક્તિ નેતા નથી બની શકતી.

→ કારણ કે તેનામાં જરૂરી વ્યક્તિગત ગુણોનો અભાવ છે.

→ બીજી બાજુ નેતૃત્વ માટે નિર્ણાયક ગુણો હોવા છતાં વ્યક્તિને પરિસ્થિતિ કે તક મળતી નથી ત્યારે તેની નેતૃત્વશક્તિ રૂંધાઈ જાય છે.

**(3) અનુયાયીગત સિદ્ધાંત :**

→ નેતૃત્વના આ સિદ્ધાંતને વિકસાવવામાં વહીવટશાસ્ત્રી સેન-ફોર્ડ હૈમેન તથા ડેવિસકીથનું મહત્ત્વનું પ્રદાન છે.

→ ચિંતકોનું માનવું છે કે નેતૃત્વના વિકાસમાં નેતા અને અનુયાયીઓ વચ્ચેના સંબંધો મહત્ત્વની બાબત છે.

→ એક વ્યક્તિ ત્યાં સુધી જ નેતૃત્વની શક્તિ ધરાવી શકે છે જ્યાં સુધી તે તેના અનુયાયીઓની અપેક્ષાઓ અને જરૂરિયાતોને સંતોષી શકે છે.

→ નેતા અનુયાયીઓને પોતાનામાંના એક છતાં તેમના કરતાં કંઈક વિશેષ છે, એવું લાગતું હોય તે જરૂરી બાબત છે.

→ બીજી બાજુ નેતા અનુયાયીઓના વર્તનને પ્રભાવિત કરે છે.

→ તે અનુયાયીઓમાં શિસ્તનાં સંસ્કાર સિંચે છે.

→ તે અનુયાયીઓને ચોક્કસ કાર્યક્રમ આવે છે તેમનો મિત્ર, તત્ત્વચિંતક અને માર્ગદર્શક (Friend, Phylosopher & Guide) બને છે. આમ નેતૃત્વ એ નેતા અને અનુયાયી વચ્ચેની આંતરક્રિયામાંથી સર્જાતી બાબત છે એમ આ સિદ્ધાંતના સમર્થકોનું માનવું છે.

→ નેતૃત્વના વિકાસને સમજાવતા ઉપરોક્ત ત્રણેય સિદ્ધાંતો એકાંગી છે.

→ વાસ્તવમાં કોઈ એક વ્યક્તિ નેતા બને અને નેતૃત્વ ધારણ કરે તેના માટે તેના વ્યક્તિગત ગુણો ઉપરાંત તેને અનુયાયીઓનું સમર્થન મળે અને યોગ્ય પરિસ્થિતિ સર્જાય તે ત્રણેય બાબતમાં સુભગ સમવન્યમાંથી નેતૃત્વનો વિકાસ થાય છે.

**⏩ નેતૃત્વના પ્રકાર :**

→ આમ નેતૃત્વનો વિકાસ આ ત્રણેય સિદ્ધાંતોના સંયુક્ત પ્રભાવથી થાય છે.

→ તેમ છતાં નેતૃત્વ એક પ્રક્રિયા છે જે સતત એકધારી રહી શકતી નથી.

→ સમય, પરિસ્થિતિ, સંગઠન અને સમસ્યાોની અસરને લીધે ક્યારેક નેતૃત્વ પ્રભાવશાળી બને છે તો એ જ નેતૃત્વના પ્રભાવમાં ક્યારેક ઓટ આવતી જણાય છે.

→ વહીવટી નેતૃત્વ ઉપર સંગઠન, પરિસ્થિતિ, સમસ્યાઓના પ્રભાવમાંથી નીચે પ્રમાણેના નેતૃત્વના પ્રકાર ઉદ્‌ભવે છે.

**(1) ઔપચારિક નેતૃત્વ :**

→ જ્યારે કોઈ વ્યક્તિની સંગઠનના ઉચ્ચ સ્થાન ઉપર નિમણૂક થાય છે તો તે આ પ્રકારનું નેતૃત્વ મેળવે છે.

→ અહીં નેતા સંગઠનના કર્મચારીઓનું નિરીક્ષણ, નિયંત્રણ અને સંકલન કરે છે.

→ તેનું કારણ તેને ઔપચારિક રીતે અપાયેલી સત્તા છે.

**(2) ઔપચારિક નેતૃત્વ :**

→ આ પ્રકારનું નૈતૃત્વ જેની પાસે સંગઠનના વડાની ઔપચારિક સત્તા નથી તેવા ગૌણ અધિકારીમાં પણ વિકસી શકે છે.

→ જેમ કે પગારવધારો, બોનસ વધારો જેવા પ્રશ્ને ઔપચારિક નેતૃત્વ સમાધાન શોધી શકતું નથી ત્યારે અનૌપચારિકપણ ગૌણ અધિકારી આ પરિસ્થિતિના ઉકેલ માટે આગળ આવતા તે નેતા બને છે.

→ જોકે આનો અર્થ એવો નથી કે ઔપચારિક નેતા માટે અનૌપચારિક નેતૃત્વ મહત્ત્વનું નથી અને શક્ય નથી.

→ ઔપચારિક નેતા પણ સંગઠનના કર્મચારીઓની સાથે માનવતાવાદી અભિગમથી તેમની લાગણી જીતી તેમનો આદર મેળવી શકે છે.

→ વાસ્તવમાં આ બાબત આજે ઔપચારિક નેતૃત્વ માટે પણ જરૂરી છે.

**(3) આપખુદ નેતૃત્વ :** → આ પ્રકારનું નેતૃત્વ સંગઠનમાં નીતિનિર્માણ અને નિર્ણયઘડતરમાં અન્ય કર્મચારીઓની ઇચ્છાને મહત્ત્વ આપતું નથી. આ નેતૃત્વ માત્ર સત્તા આધારે ટકેલું હોય છે.

→ તે કર્મચારીઓની મુશ્કેલીઓને ગૌણ સ્થાન આપે છે.

→ માત્ર કામગીરી ઉપર ભાર આપે છે.

**(4) લોકશાહી નેતૃત્વ :** → આ આધુનિક નેતૃત્વ છે.

→ તે માનવતાવાદી અભિગમમાં વિશ્વાસ ધરાવે છે.

→ અહીં નેતા અન્ય સભ્યોની ઇચ્છાઓને નિર્ણયઘડતરમાં માન આપે છે.

→ તે તમામ કર્મચારીઓની મુશ્કેલીઓને તટસ્થપણે સાંભળે છે.

→ તે સંચાલનમાં કર્મચારીઓના પ્રતિનિધિઓને ભાગીદારી આપે છે.

**(5) બાહ્ય નેતૃત્વ :** → જ્યારે કોઈ સંગઠન ઉપર બહારથી ઉચ્ચ અધિકારી નિમાય છે ત્યારે આવું નેતૃત્વ બને છે.

→ આમ થવાનું કારણ ક્યારેક સંગઠનની અંદરના કર્મચારીઓ તેમનામાંથી કોઇને ઉચ્ચ સ્થાન અપાય તેવું ઇચ્છતા નથી.

→ તો ક્યારેક સામૂહિક નેતૃત્વ સમિતિ કે બોર્ડમાં અન્ય સંગઠનમાંથી કોઇ વિશેષજ્ઞની નિમણૂક કરાય છે.

→ આવા નેતૃત્વે સંગઠનનો આંતરિક વિશ્વાસ જીતવો પડે છે.

**(6) આંતરિક નેતૃત્વ :** → સંગઠનની અંદરથી જ જ્યારે કોઇ એક સભ્યને ઉચ્ચ સ્થાન અપાય છે ત્યારે તે આંતરિક નેતૃત્વ ગણાય છે.

→ આવા નેતૃત્વને`આંતરિક સહકાર સહેલાઈથી મળવાની શક્યતા રહે છે.

→ પરંતુ બઢથી દ્વારા આવું નેતૃત્વ પ્રાપ્ત થયું હોય તો ઉંમરને લીધે તેનો કાર્યોત્સાહ ઓછો થતાં સંગઠનની કામગીરી ઉપર અસર પડે છે.

→ આજે વહીવટી નેતૃત્વ માટે પસંદગીની યોગ્ય પદ્ધતિ, ઔપચારિક શિક્ષણ અને તાલીમ અનુભવ એ નેતૃત્વના ઘડતર માટે ઉપયોગમાં લેવાતી બાબતો છે.

→ આમ થવાથી સંગઠનના ધ્યેયોની સિદ્ધિ માટે યોગ્ય નેતૃત્વ મેળવી શકાય છે.

**⏩ સંચાર :**

→ સંચાર કે સંવહન પ્રાચીન સમયથી આજ પર્યન્ત જાહેર વહીવટ માટે મહત્ત્વની બાબત છે.

→ સંગઠનમાં કામ કરતા કર્મચારીઓ સંગઠનના ઉદ્દેશ્યો, તેના વર્તમાન કાર્યક્રમ અને ભાવિ યોજનાઓથી માહિતગાર બને તે જરૂરી છે.

→ આ જ રીતે સંગઠનમાં કાર્ય કરતા કર્મચારીઓની અપેક્ષાઓ, જરૂરિયાતો અને મુશ્કેલીઓથી સંચાલન રહે તે પણ આવશ્યક છે.

→ આ તમામ બાબતો માટે સંચાર એ ઉપયોગી જ નહિ અનિવાર્ય બની રહે છે.

→ આજનો યુગ તો ઇન્ફર્મેશન ટેક્નોલોજીનો યુગ ગણાય છે.

→ લોકશાહી રાજ્યવ્યવસ્થામાં એક બાજુ લોકોની અપેક્ષાઓ, જરૂરિયાતો, સમસ્યાઓને સરકાર સમજે અને બીજી બાજી સરકાર લોકો માટે શું કામગીરી કરી રહી છે, સરકારની ભાવિ યોજનાઓ શું છે તે સંચાર દ્વારા જાણી શકાય છે.

→ રાજ્યના વ્યાપારધંધાના વિકાસ અને રાજ્યના વિશ્વનાં અન્ય રાજ્યો સાથેનના સંબંધોમાં પણ સંવહન મહત્ત્વની બાબત બની રહે છે.

▸▸ **સંચારનો કે સંવહનનો અર્થ :**

→ સંચાર કે સંવહન જાહેર વહીવટશાસ્ત્રમાં વિચારોનું આદાન-પ્રદાન, વિચારોની ભાગીદારી તથા સમજદારીના અર્થમાં જોવામાં આવે છે.

→ વહીવટશાસ્ત્રી ટેડના મતે, "સંચારનો મૂળ હેતુ સમાન વિષયો ઉપર મસ્તિષ્કોમાં મેળ સ્થાપવાનો છે."

→ સંચાર એ આંતરિકપણે સંગઠનમાં કામ કરતા કર્મચારીઓ વચ્ચે તથા બાહ્યપણે અન્ય સંગઠન કે લોકો સાથે હોઈ શકે છે.

→ સંચાર ત્રણ પ્રકારના હોઈ શકે છે : (1) ઊર્ધ્વ સંચાર, જેમાં સંગઠનના નિમ્ન સ્તરેથી ઉપર સંદેશા, કામગીરીનો અહેવાલ, ચર્ચા અંગેના મૌખિક તથા લેખિત સંદેશાનો સમાવેશ થાય છે.

→ (2) નિમ્ન સંચારમાં ઉચ્ચ અધિકારી તરફથી અપાતા લેખિત તથા મૌખિક આદેશો, પુસ્તિકા, અંદાજપત્ર, અનુમોદન જેવી બાબતોનો સમાવેશ થાય છે. (3) સમાંતર સંચાર સંગઠનના એક વિભાગમાંથી બીજા વિભાગમાં કામગીરીના સંકલન માટે લેખિત કે મૌખિક સૂચનાથી થાય છે.

▸▸ **સંચારના માધ્યમ :**

→ પ્રાચીન સમયમાં સંચાર માટે જાસૂસ અને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રાજા અને અધિકારીઓ લોકસંપર્કનો ઉપયોગ કરતા. પરંતુ આજે મહદ્અંશે (1) શ્રાવ્ય (Audio) સાધનો જેમાં ટેલિફોન, વાયરલેસ, ટ્રાન્સમીટર અને રેડિયો, મુલાકાત તથા જનસભાઓનો ઉપયોગ થાય છે. (2) દૃશ્ય (Visual) સંચાર સાધનોમાં પરિપત્ર, પુસ્તિકાઓ, ચિત્ર, ભીંતપત્રો, વ્યંગચિત્રો વગેરેનો સમાવેશ થાય છે.

**(3) શ્રાવ્ય-દૃશ્ય :**

→ જેમાં ચલચિત્ર અને ટેલિવિઝન જેવાં સાધનોનો સમાવેશ થાય છે.

→ આ પ્રત્યેક સાધનોના આગવા લાભ અને મર્યાદાઓ છે.

→ આજે જાહેર વહીવટમાં સંમેલન પ્રણાલી (conference method) નો ઉપયોગ વિશેષ થાય છે.

→ સંચારના આ માધ્યમમાં ઉપસ્થિત તમામ સભ્યો વિચારોની પરસ્પર આપ-લે સહેલાઈથઈ કરી શકે છે.

→ વળી તેમાં વિચારોની ચોક્કસતા અને સ્પષ્ટતા રહે છે.

▸▸ **સંચારની મર્યાદાઓ :**

→ સંચાર માટે ભાષા એ અગત્યનું માધ્યમ છે.

→ પરંતુ ભારત દેશમાં જ્યાં જાહેર વહીવટની માન્ય ભાષાઓ પંદર છે અને સેંકડો બોલીઓ છે ત્યાં ખાસ કરીને લોકો અને જાહેર વહીવટ વચ્ચે સંચારમાં મુશ્કેલીઓ સર્જાય છે.

→ સંચારની ઇચ્છાનો અભાવ એ મોટી મર્યાદા છે.

→ ક્યારેક સંગઠનમાં એવું બને છે કે ઉચ્ચ અધિકારી ઉપરથી આદેશ અને સૂચનાો મોકલે છે પરંતુ નીચલા સ્તરેથી માત્ર કામગીરીનો અહેવાલ મેળવે છે.

→ નિમ્ન સ્તરે નડતી મુશ્કેલીઓ જાણવાની ઔપચારિક કે અનૌપચારિકપણે ઇચ્છા બતાવતા નથી.

→ આમ થતાં ક્યારેક નિમ્ન સ્તરેથી કેટલાક કર્મચારીઓ ઉચ્ચ અધિકારીને માત્ર ખુશામત કરે છે જે સંગઠન માટે નુકસાનકારક બાબત બને છે.

→ આજ સંચારની દૃષ્ટિએ વિશ્વ નાનું બનતું જાય ત્યારે અસરકારક સંચાર એ જાહેર વહીવટની સફળતા માટે અતિ અગત્યની બાબત છે.

→ આ માટે સંગઠનમાં કર્મચારીઓનો પરસ્પર વિશ્વાસ અને સંચારનાં સાધનોનો પ્રામાણિકપણે ઉપયોગ થાય એ મહત્ત્વની બાબત છે.

→ આમ આ બાબત લોકશાહી વ્યવસ્થાને પણ પોષક અને પૂરક છે.

→ તે જાહેર સંપર્ક જે દ્વિમાર્ગી પ્રક્રિયા છે તેના માટે પૂરક બાબત બને છે.

→ જેમાં લોકોના પ્રશ્નો, જરૂરિયાતોને જાહેર વહીવટ સમજે છે અને સરકાર લોકો માટે શું કામગીરી કરે છે તેની જાણ લોકોને કરી શકાય છે.

→ ટૂંકમાં સંચાર એ જાહેર વહીવટના હૃદય સમાન છે.

▸▸ **ઇ-ગવર્નન્સ :**

→ આજે જાહેર વહીવટમાં સંચાર એ માત્ર સાધન નથી રહ્યું.

→ તેણે ઇ-ગવર્નન્સનું સ્વરૂપ ધારણ કર્યું છે.

→ મોબાઇલ, ઇ-મેઇલ, કોમ્પ્યુટર, ઇન્ટરનેટ અને વીડિયો કોન્ફરન્સના માધ્યમે જાહેર વહીવટમાં ક્રાંતિ સર્જી છે.

→ ફાઇલોના મોટા રેક અને સ્ટોર રૂમને નાનકડા કમ્પ્યુટરમાં પૂરી દેવામાં આવ્યા છે.

→ સંચાર ક્ષેત્રે ઇલેક્ટ્રોનિક્સ માધ્યમોના ઉપયોગ જાહેર વહીવટની કામગીરીને ઝડપી બનાવી છે, કરકસરપૂર્વક બનાવી છે.

→ તેણે અમલદારશાહીના 'લાલ પટ્ટીવાદ'ને દૂર કરવામાં મોટી સેવા આપી છે.

→ ઇ-ગવર્નન્સ નવીન જાહેર સંચાલનના ખ્યાલને વાસ્તવિક સ્વરૂપ આપવામાં મહત્ત્વનું પ્રદાન કર્યું છે.

→ અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, જાપાન, રશિયા જેવા ઇન્ફર્મેશન ટેક્નોલોજીને ક્ષેત્રે ઇલેક્ટ્રોનિક્સ સાધનોના ઉપયોગને સ્વીકાર્યો છે.

→ આમ જાહેર વહીવટમાં સંચારના આ ઇન્ફર્મેશન ટેક્નોલોજીનાં સાધનોને આધારભૂતતા ભારત સરકારે પૂરી પાડી છે.

→ આજે ભારત સરકારના રેલવે, શિક્ષણ, કૃષિ જેવા વિભાગો તથા એલ.આઈ.સી. (જીવન વિમા નિગમ) જેવાં કોર્પોરેશનોમાં થતા રાજ્ય સરકારોના રેવન્યુ, પંચાયતીરાજ, શિક્ષણ જેવા વિભાગોના વહીવટમાં ઈ-ગવર્નન્સે ક્રાંતિ સર્જી છે.

→ ગુજરાત જેવા રાજ્યના મુખ્ય પ્રધાન તમામ જિલ્લાઓના કલેક્ટરો, ડી.ડી.ઓ.ને વીડિયો કોન્ફરન્સથી મળી શકે છે.

→ પ્રધાનો તેમના ખાતાને લગતા લોકોના પ્રશ્નો વીડિયો કોન્ફરન્સ દ્વારા સાંભળી શકે છે અને તેના ત્વરિત ઉકેલ માટે પગલાં લઈ શકે છે. 2006માં ગુજરાત, આંધ્ર, ઓરિસ્સા અને કેરાલામાં અતિવૃષ્ટિથી થયેલી તારાજી સમયે રાહતકાર્યો કાર્યક્ષમપણે થઈ ચૂક્યા તેમાં ઈ-ગવર્નસનો ફાળો મહત્ત્વનો છે.

→ આમ 21મી સદી એ જાહેર વહીવટને ક્ષેત્રે ઈ-ગવર્નન્સની સદી છે.

→ આ ઈ-ગવર્નન્સે સુશાસન (ગુડ ગવર્નન્સ)ના ખ્યાલને ચરિતાર્થ કરવામાં મોટો ફાળો આપ્યો છે.

**⏩ પ્રેરણા :**

→ જાહેર વહીવટે પ્રેરણાનો ખ્યાલ મનોવિજ્ઞાન પાસેથી મેળવ્યો છે. પ્રેરણા એ એક પરિબળ છે, ને સજીવનું એક લક્ષણ છે જે પ્રત્યક્ષ રીતે જોઈ શકાતું નથી, પરંતુ વ્યક્તિના વર્તનમાં નિહાળી શકાય છે.

→ જાણી શકાય છે.

→ મોર્ગનના મતે, "પ્રેરણા એ એવી પરિભાષા છે જે જરૂર પ્રમાણે અને ધ્યેયોની દિશામાં વર્તનને વાળી શકે છે."

→ પ્રેરણા અને મનોવલણને કેટલીક વાર એક માની લેવાય છે.

→ પરંતુ બંને જુદી બાબત છે. મનોવલણ (Attitude) એ એવી માનસિક પરિસ્થિતિ છે જે કોઈ વ્યક્તિ કે વ્યક્તિના સમૂહોાં કોઈ બાબત કે પરિસ્થિતિ પ્રત્યે જળવાઈ રહેતી હોય છે. આ જ પ્રમાણે પ્રેરણા અને કાર્યોત્સાહ (Morale) એ પણ જુદી બાબત છે. કાર્યોત્સાહનો સંબંધ સંગઠનના કર્મચારીઓની પ્રેરણા તથા વલણોની સમગ્રતા સાથે હોય છે.

→ કાર્યોત્સાહને પ્રસન્નતા, આત્મવિશ્વાસ અને ઉત્સાહ સાથે સંબંધ હોય છે.

→ તે મનની સ્થિરતાને વ્યક્ત કરે છે.

→ એક સમયે એવી વિચારસરણી (X Theory) હતી કે માણસ માત્ર કામચોર છે માટે દંડો મારીને કામ લેવું (Rule by tear)

→ આ વિચારસરણી આજે પણ ઘણી જગ્યાએ અમલમાં છે.

→ પરંતુ તેનાથી સારા અને નિષ્ઠાવાન કર્મચારીના માનસ પર વિપરીત અસર થતી.

→ પરિણામે Motivational Theory (Y Theory) આવી. જેમાં કર્મચારીને વિવિધ પ્રકારે પ્રેરણા અને પ્રોત્સાહક વાતાવરણ આપી તેને કામ કરવામાં ઉત્સાહિત (Motivate મોટિવેટ) કરવાની વિચારસરણી વિકસી.

→ આધુનિક મેનેજમેન્ટ દ્વારા હવે અનેક પ્રકારની મોટિવેશનલ પદ્ધતિ અપનાવાઈ છે.

→ ખાસ કરીને પશ્ચિમ અમેરિકા અને જાપાનમાં કર્મચારીનો પગાર અને અન્ય ભૌતિક સવલતો ઉપરાંત તેના કુટુંબના સભ્યોની સવલતો, મેડિકલ, શિક્ષણ, આનંદ-પ્રમોદ વગેરે માટેની વ્યવસ્થા પણ પૂરી પાડીને તેમજ તેના અંગત પ્રશ્નોને ઉકેલવામાં મદદ કરી કર્મચારીને સંગઠનનની કામગીરીમાં વધુ ને વધુ મોટિવેશન મળી રહે તેવી વ્યવસ્થા અમલમાં મૂકાઈ છે.

→ ટૂંકમાં જાહેર સંગઠનના નિશ્ચિત ધ્યેયોને સિદ્ધ કરવા માનવવર્તન-કર્મચારીઓના વર્તનને ઇચ્છિત દિશામાં વાળનાર આ પરિબળ પ્રેરણા છે.

→ પરંતુ કેટલાંક સંગઠનોમાં કર્મચારીઓ તેમની શક્તિ, લાયકાત અને કૌશલ્યનો પૂરો ઉપયોગ કરી અપેક્ષિત દેખાવ કરતા નથી.

→ ત્યારે આવું શા માટે થાય છે તે વહીવટશાસ્ત્રીઓ માટે ચિંતાનો વિષય બને છે.

→ આ માટે શું કરવામાં આવે તો કર્મચારીઓને સંગઠનના ધ્યેયો સમયસર સિદ્ધ કરવા માટે તેમની લાયકાત, કૌશલ્ય અને શક્તિનો પૂરો ઉપયોગ કરે ? આ ચિંતનમાંથી પ્રેરણાનો ખ્યાલ વિકસ્યો છે.

→ કર્મચારીઓને તેમની શ્રેષ્ઠ કામગીરી માટે, કેવી રીતે પ્રેરણા આપી શકાય તેના માટે વહીવટશાસ્ત્રીઓમાં એકમતી નથી.

→ જુદા જુદા વહીવટશાસ્ત્રીઓ આ માટે જે સિદ્ધાંત આપ્યા છે તેનો અભ્યાસ પ્રેરણાને સમજવા જરૂરી છે.

**(1) પ્રેરણાનો નાણાકીય કે આર્થિક સિદ્ધાંત :**

→ આ સિદ્ધાંતનું સમર્થન વહીવટીશાસ્ત્રી ફ્રેડરીક ટેઇલર અને વૈજ્ઞાનિક સંચાલનના સમર્થકોએ કર્યું છે. આ ચિંતકોના મતે સંગઠનમાં કર્મચારીઓ નાણાકીય પ્રેરકો જેવા કે આકર્ષક પગાર, બોનસ, વાહનભથ્થા વગેર મળે તો કર્મચારીઓની કાર્યશક્તિને વધારવા પ્રેરણા મળે છે. જોકે નાણાકીય બદલો એ બધું જ નથી, આ છતાં આજના સમયની પણ આ માંગ છે એમ આપણે કહી શકીએ.

**(2) પ્રરેણાનો અપેક્ષાગત સિદ્ધાંત :**

→ આ સિદ્ધાંતનું સમર્થન માનવસંબંધવાદીઓ ઇલ્ટન મેયો, મેરી પાર્કર ફ્લેટ તથા ચેસ્ટર આઇ. બર્નાર્ડ જેવા વહીવટશાસ્ત્રીઓ કરે છે.

→ તેમના મતે સંગઠનમાં પ્રત્યેક કર્મચારીને યોગ્ય સ્થાન, પ્રતિષ્ઠા, આગવી ઓળખ, વ્યક્તિગત સત્તા, પ્રભાવશાળી ભૂમિકા ભજવવાની તક મળે તેવી અપેક્ષા હોય છે.

→ આ અપેક્ષાઓ જેટલા પ્રમાણમાં સંતોષાય તેટલા પ્રમાણમાં કર્મચારીઓન પ્રેરણા મળી શકે તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

**(3) પ્રેરણાનો સમતાગત સિદ્ધાંત :**

→ આ સિદ્ધાંત પ્રમાણે વ્યક્તિ પોતાની કાર્યશક્તિ, કૌશલ્ય અને લાયકાતનો એટલો જ ઉપયોગ કરે છે જેટલો ઉપયોગ સંગઠનની અન્ય વ્યક્તિઓ કે કર્મચારી કરે છે.

→ કેટલાંક સંગઠનોમાં મોટા ભાગના કર્મચારીઓ તેમની કામગીરી પ્રત્યેક બેદરકાર કે ઉદાસીન ત્યારે બને છે જ્યારે તેમને એવું જણાય કે ઉચ્ચ અધિકારી કે સંચાલનની ચાપલૂસી કરનાર ઓછા લાયક અને ઓછું કામ કરનારને ભોતિક અને અભૌતિક પ્રોત્સાહકો મળી રહ્યા છે.

→ તેથી શ્રેષ્ઠ સંચાલન માટે એ જરૂરી છે કે તે પોતાના તમામ કર્મચારીઓને સંગઠનના ધ્યેયોની સિદ્ધિ માટે તેઓ પોતાનો શ્રેષ્ઠ દેખાવ કરી શકે તે માટે પ્રત્યેકને સમાન ગણીને તેમની સાથે વર્તાવ થાય.

→ ખાસ કરીને જાહેર વહીવટ સાથે સંકળાયેલ સરકારી તંત્રનો આ એક ઘણા પેચીદો પ્રશ્ન છે.

→ ઘોડો અને ગધેડો સરખા જ ગણાય તેવી ભાવના સંગઠનમાં છવાઈ એ લાંબેગાળે કર્મચારીઓમાં કામગીરી પણ ઘણી વિપરીત અસર કરે છે.

→ વળી પ્રમોશનમાં સિનિયોરિટીને વધુ પડતું મહત્ત્વ પણ ઉત્સાહી અને ધગશવાળા કર્મચારીને હતોત્સાહ કરે છે.

→ અલબત્ત, આ પ્રશ્ન ઉકેલવો પણ સહેલો નથી.

→ મોટા તંત્રમાં Favourism અને Victimisation બંનેને દૂર રાખી ગુણવત્તાને જ પ્રાધાન્ય આપવાની વ્યવસ્થા ગોઠવવી જોઇએ.

→ આમ સંગઠનના અપેક્ષિત ધ્યેયો પ્રાપ્ત કરવા માટે નિર્ણયઘડતરપ્રક્રિયા યોગ્યપણે હાથ ધરાય, સક્ષમ નેતૃત્વ આ માટે સંગઠનને મળી રહે, સંગઠનમાં સંચારની યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તથા કર્મચારીઓને તેમની લાયકાત, કૌશલ્ય અને શક્તિ બનાવવા સતત પ્રેરણા પૂરી પડાય તે જરૂરી બાબત છે.

•

# 3. કર્મચારીગણ વ્યવસ્થાતંત્ર

- **(વિકાસશીલ સમાજોમાં મુલકી સેવાની ભૂમિકા, પદ-વર્ગીકરણ, ભરતી, બઢતી અને સેવાકીય શરતો, નિષ્પક્ષતા અને નનામી અભિગમ)**
- **"પરસ્પર શ્રદ્ધા, વિશ્વાસ અને સમજણ જ કામનો ઉમંગ વધારે છે અને તેના નિકાલમાં વિલંબ થતો અટકે છે."**
- **વિકાસશીલ સમાજોમાં મુલકી સેવની ભૂમિકા :**

→ વિકાસશીલ રાજ્યનો ખ્યાલ જાહેર વહીવટે અર્થશાસ્ત્ર પાસેથી મેળવ્યો છે. બીજા વિશ્વયુદ્ધને અંતે એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકામાં સંસ્થાવાદના ક્રૂર પંજામાંથી કેટલાંક રાષ્ટ્રો સ્વતંત્ર બન્યાં જે રાજ્યશાસ્ત્રની પરિભાષામાં 'ત્રીજા વિશ્વ' અને અર્થશાસ્ત્રની પરિભાષામાં 'વિકાસશીલ રાજ્યો' તરીકે ઓળખાય.

→ ભારતના આયોજન પંચે પંચવર્ષીય યોજનાના ઘડતર સમયે જણાવેલું કે, "જે દેશોમાં વત્તા કે ઓછા અંશે, વણવપરાયેલ માનવશક્તિ અને બીજી બાજુએ ઉપયોગામાં લેવામાં ન આવ્યા હોય તેવાં કુદરતી સાધનો પડ્યાં હોય તે અલ્પવિકસિત - વિકસશીલ દેશ છે."

→ આ રાજ્યોના સ્થાન, સ્રોત, ઇતિહાસ, સંસ્કૃતિ, રાજકીય પ્રથાઓ અને વિકાસની ભાત કે તરાહમાં ભારે તફાવતો હતા.

→ આમ છતાં આ બધાં રાજ્યો 'વિકાસશીલ રાજ્યો'ની પરિભાષામાં ઓળખવાનું જાહેર વહીવટશાસ્ત્રે પણ સ્વીકાર્યું.

→ આ મોટા ભાગનાં રાજ્યો સંક્રાંતિકાળમાં સામાજિક પતનની સમસ્યાઓ, આર્થિક મંદી અને વહીવટી અવ્યવસ્થામાં ફસાયા.

→ આ રાજ્યોના રાજકીય અને આર્થિક વિકાસમાં ભારે તફાવત હોવા છતાં તેમણે 'રાષ્ટ્રઘડતર' અને 'સામાજિક-આર્થિક પ્રગતિ' માટે કમર કસી.

→ આ રાજ્યોની રાજકીય પ્રથાની કેટલીક વિશેષતાઓ આપણે નીચે પ્રમાણે સમજી શકીએ :

(1) વિકાસના ધ્યેયો હાંસલ કરવા રાજ્ય અને નોકરશાહી ઉપર મોટો બાર અપાયો છે.

(2) સામાજિક વિઘટન, આર્થિક પછાતતા અને રાજકીય અક્ષમતા.

(3) આધુનિક અને પરંપરાગત અગ્રવર્ગ વચ્ચે અહીં ભારે અંતર છે. આધુનિક અગ્રવર્ગ મહ્દઅંશે શહેરોમાં રહે છે તેઓ પાશ્ચાત્ય શિક્ષણ અને સંસ્કૃતિનાં મૂલ્યોથી પ્રભાવિત છે જ્યારે પરંપરાગત અગ્રવર્ગ ગ્રામ્ય સમુદાયોમાં વધુ છે અને પરંપરાગત મૂલ્યો-રિવાજોના સમર્થકો છે.

(4) અનેક વિષમતાઓ વચ્ચે પણ આ રાજ્યોએ વિકાસ માટે સંકલ્પ કર્યો છે. તેમણે સિંચાઈ માટે નદીી ઉપર બહુહેતુક યોજનાઓ, શહેર અને ગામડાઓને સાંકળથા પાકા રસ્તા અને રેલવે, સંદેશાવ્યવહારમાં સાધનોની સ્થાપના, ખેતી અને લઘુ ઉદ્યોગોના વિકાસ ઉપર ભાર આપ્યો છે. વિકસિત દેશો પાસેથી આર્થિક સહાય મેળવીને મોટા ઉદ્યોગોના વિકાસ માટે પણ પ્રયત્ન થયો છે.

(5) સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદના કડવા અનુભવને લીધે આ રાજ્યો સ્વતંત્રતા માટે સતત ચિંતિતિ છે જેના લીધે આ વિકાસશીલ રાજ્યોમાંથી મોટાભાગનાં રાજ્યોએ ઠંડા યુદ્ધમાંથી દૂર રહેવાનું અને 'બિનજોડાણવાદ'નું સમર્થન કરવાનું પસંદ કરેલું.

→ આ વિકાસશીલ રાજ્યોના જાહેર વહીવટનો વિચાર કરીએ તો તેની કેટલીક વિશેષતાઓ જોવા મળે છે. અહીં લાંબા સમય સુધી સંસ્થાનવાદ નીચે પ્રજા કચડાયેલી હોવાથી તેઓ સ્વતંત્રતા પછી પણ જાહેર વહીવટ ઉપર આધારિત બન્યા છે. આ દેશોની જાહેર વહીવટની તરાહ મહ્દઅંશે પરંપરાગત છે, તેમાં સ્થાનિક વિશેષતા ઓછી છે.

→ જેના સ્વાતંત્ર્યોત્તર સમાજોના વિકાસ માટેની ક્ષમતા અહીંની નોકરશાહીમાં ઓછી જણાય છે.

→ વધુમાં આ રાષ્ટ્રો સ્વતંત્ર થયાં ત્યારે સંસ્થાનવાદી રાજ્યોની નોકરશાહીના ઉચ્ચ અધિકારીઓ સહિત ઘણા તેમના દેશમાં ચાલ્યા જતા. આ વિકાસશીલને પ્રારંભમાં વહીવટ ક્ષેત્રે ઘણી મુશ્કેલીઓ સહન કરવી પડી હતી. ભારત આ બાબતનું ઉદાહરણ છે.

→ આ વિકાસશીલ રાષ્ટ્રોએ સ્વતંત્રતા મેળવી પરંતુ સંસ્થાનવાદીઓની વ્યૂહરચનાની ઘણા રાષ્ટ્રોનું વિભાજન થયું.

→ આમ થવાથી ભારત જેવા કેટલાંક રાજયોમાં લોકશાહી સ્થપાઈ અને જાહેર વહીવટ પ્રજાકલ્યાણની ભાવનાવાળો બન્યો.

→ પરંતુ એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકામાં ઘણાં રાજ્યોમાં કાં તો લોકશાહી સ્થપાઈ નહિ અથવા લોકશાહી સ્થિર બને તે પહેલાં લશ્કરે સત્તા મેળવતાં જાહેર વહીવટ લોકોને જવાબદાર ન રહ્યો.

→ સંસ્થાનવાદી શાસકોના સમયમાં જાહેર વહીવટમાં વિશેષજ્ઞો ઉપર સામાન્ય વહીવટકારોનું આધિપત્ય રહેતું.

→ ભારતમાં બ્રિટિશ સમય દરમિયા તાર અને ટપાલ વિભાગ, કસ્ટમ વિભાગ, એકાઉન્ટ વિભાગ અને પોલીસ સેવામાં પણ આઈ.સી.એસ.ની સામાન્ય પાંખ-વિભાગના અધિકારીઓનું વર્ચસ્વ રહેલું.

→ આજે પોલીસ સેવા સિવાયના વિભાગોમાં સામાન્ય અને વિશેષણ વહીવટી અધિકારીઓમાં વર્ચસ્વ માટે સંઘર્ષ જણાય છે અને ક્યારેક સામાન્ય વિભાગના આઈ.એ.એસ. વિશેષણ વિભાગો ઉપર વર્ચસ્વ સ્થાપે છે.

→ જેના લીધે વિશેષજ્ઞ વિભાગના અધિકારીઓનો કાર્યોત્સાહ ઘટે છે.

→ સંગઠનમાં અંતિમ નિર્ણયની સત્તા કોની પાસે રહે તે કાયમી પેચીદો પ્રશ્ન રહેલો છે. (Who should head the organisation ?) આ અંગેનો વિવાદનો હજી પણ કાયમી ઉકેલ મળેલ નથી.

→ આમ છતાં, જેમ જેમ કામગીરીમાં Specialisation અને Professionalism વધતું જાય છે તેમ તેમ સામાન્ય વહીવટકારોને બદલે નિષ્ણાત વહીવટકારો ખાતાના/સંગઠનના વડા થતા જાય છે. હવે તો M.B.A. જેવી ડિગ્રીની આ માટેના ખાસ નિષ્ણાત વહીવટકારોને પ્રાધાન્ય મળતું જાય છે.

→ એ સ્વીકૃત બાબત છે કે વૈજ્ઞાનિક અને ટેક્નોલોજીની કુશળતા આધુનિક સમાજોના વિકાસ માટે ઉપયોગી છે.

→ આમ ભારત સહિત મોટા ભાગના વિકાસશીલ દેશોમાં યુવાનો સામાન્યવાદી વહીવટી સેવાઓ તરફ આકર્ષાય છે.

→ વિકાસશીલ રાજ્યોમાં જ્યાં લોકશાહી નથી તેવાં રાજ્યોની સંખ્યા મોટી છે.

→ આ રાજ્યોના જાહેર વહીવટમાં પણ કેન્દ્રીકરણું તત્ત્વ જોવા મળે છે.

→ અહીં સંગઠનમાં ઉચ્ચ અધિકારી દ્વારા સત્તાનું પ્રતિનિધાન યોગ્ય પ્રમાણમાં થતું નથી.

→ આમ થવાથી નિર્ણયપ્રક્રિયા ધીમી પડે છે, જેના લીધે નાગરિકોની અપેક્ષાઓ સમયસર સંતોષવાની નથી.

→ સંચારનાં માધ્યમો પણ કમજોર હોવાથી કુદરતી આફતો અને અકસ્માતો સમયે રાહતકાર્યમાં વિલંબ થાય છે.

→ આ દેશોમાં શિક્ષણનું પ્રમાણ પણ ઓછું હોવાથી લોકશાહી છે તેવા દેશોમાં પણ જાહેર પ્રશ્નોમાં લોકભાગીદારી ઓછી છે.

→ આ વિકાસશીલ સમાજોમાં જ્યારે સ્વતંત્રતા માટે આંદોલન ચાલતા હતા ત્યારે આંદોલનનું નેતૃત્વ પ્રામાણિક, નિષ્ઠાવાન ને ચારિત્ર્યવાન નેતાઓ પાસે હતું.

→ પરંતુ સ્વતંત્રતા મળ્યા પછી જેમ જેમ સમય પસાર થતો જાય છે તેમ તેમ સત્તાના વલણની અસર નેતૃત્વ ઉપર દેખાવા માંડી છે.

→ પ્રજામાં હજુ નિરક્ષરતાું પ્રમાણ ઓછું હોવાથી નેતાઓ પ્રજાને લોકશાહી છે ત્યાં પણ ચૂંટણીઓ સમયે ભાવુક બનાવીને ચૂંટણીઓમાં વિજય મેળવી સત્તા પ્રાપ્ત કરી લે છે.

→ આવા નેતાઓ ભ્રષ્ટાચારને પોષે છે અને આ નેતૃત્વની અસર જાહેર વહીવટ ઉપર પણ પડે છે.

→ ઉચ્ચ અધિકારીઓ પણ ભ્રષ્ટાચાર દ્વારા તવંગર બનવાના માર્ગ ગ્રહણ કરે છે, જેના લીધે જાહેર વહીવટ ઉપર પણ પડે છે. → ઉચ્ચ અધિકારીઓ પણ ભ્રષ્ટાચાર દ્વારા તવંગર બનવાના માર્ગ ગ્રહણ કરે છે, જેના લીધે જાહેર વહીવટ શિથિલ બને છે અને રાજ્યને નુકસાન થાય છે.

→ આપણા દેશમાં બિહારમાં લાલુપ્રસાદ અને તામિલનાડુમાં કુ. જયલલીતા સામે ભ્રષ્ટાચારના મોટા આક્ષેપ છે.

→ ગુજરાતમાં 2001માં ભ્રષ્ટાચારના આક્ષેપસર ત્રણ-ચાર જેટલા ઉચ્ચ સરકારી અધિકારીઓને ફરજમોકૂફ કરવામાં આવ્યા છે.

→ 2001ના 26 જાન્યુ. ગુજરાતમાં આવેલ ભૂકંપમાં અમદાવાદ સહિત મોટા શહેરમાં બહુમાળી મકાનોના બાંધકામમાં બેદરકારી માટે પણ ખાનગી બિલ્ડરો ઉપરાંત નોકરશાહીના ભ્રષ્ટાચાર સામે આંગળી ઉઠાવાઈ રહી છે.

→ આ વિકાસશીલ રાજ્યોમાં સિવિલસેવકોએ રાજકીય તટસ્થતા રાખવી જોઈએ કે કેમ તે અંગે પણ જાહેર વહીવટના અભ્યાસીઓમાં મતભેદ છે.

→ જોકે સામાન્ય મત એવો છે કે ઉચ્ચ કક્ષાએ નીતિઘડતરમાં રાજકીય નેતાગીરીને સિવિલ સેવકો મદદ કરે તે વિકાસશીલ રાજ્યોની રાજકીય પ્રથા જોતાં આવકારદાયક બાબત છે.

→ 1991 પછી ભારત સહિત વિશ્વના મોટા ભાગના વિકાસશીલ દેશોએ નવી મુક્ત અને ઉદારીકરણની અર્થનીતિ સ્વીકારી છે.

→ આ નવી અર્થનીતિના અમલ માટે પણ જાહેર વહીવટની ભૂમિકા અગત્યની બની રહે છે.

→ આ માટે સિવિલ સેવકોને જરૂરી તાલીમ આપીને ઉદાહરણ અને વૈશ્વિકરણ માટે અભિમુખ કરવા જરૂરી છે.

→ આમ થશે તો જ સરકારની નીતિનો યોગ્ય અમલ થશે અને આ વિકાસશીલ રાજ્યોના અર્થતંત્રને વિકાસ માટે આશાસ્પદ વળાંક મળશે.

⏩ **પદ વર્ગીકરણ :**

→ કાર્મીક વહીવટ માટે સંગઠનમાં જે પદો ઉપર કર્મચારીઓ ગોઠવાયેલા - નીમાયેલા હોય છે તે પદોનું વર્ગીકરણ એ મહત્ત્વની બાબત છે.

→ વહીવટ સંગઠનમાં મહત્ત્વનું એકમ એ 'પદ' છે.

→ સંગઠનમાં આ 'પદ'ને ધ્યાનમાં રાખીને સત્તા, જવાબદારી અને અધિકાર નક્કી થતા હોય છે.

→ તેથી સિવિલ સેવકોએ તેમને પ્રાપ્ત પદ પ્રમાણે ભૂમિકા ભજવવાની હોય છે.

→ જાહેર વહીવટમાં પદના વર્ગીકરણનો અર્થ એ છે કે એક સંગઠનના જેટલા પદ સમાન જવાબદારી અને કામગીરીવાળા હોય તે ભરતી, બઢતી, વેતન વગેરેની દૃષ્ટિએ એક સમૂહમાં વર્ગીકૃત કરવામાં આવે.

→ ત્યાર બાદ સંગઠનમાં પ્રાપ્ત શ્રેણીઓ પ્રમામે પદોના આ સમૂહોને સોપાનિક ક્રમમાં ગોઠવવામાં આવે છે.

→ પદના આ વર્ગીકરણની પ્રક્રિયામાં (1) પદ સાથે સંબંધિત વિષય અને કાર્ય, (2) નિરીક્ષણની માત્રા અને તેનો પ્રકાર (3) કાર્યની જટીલતાનું પ્રમાણ (4) પદ માટે અપેક્ષિત યોગ્યતા – આ ચાર બાબતોનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે.

→ સિવિલ સેવાના વર્ગીકરણ માટે પદનો આધાર ભારત, બ્રિટન, ફ્રાન્સ, જર્મની વગેરેમાં થાય છે.

→ પદ ઉપરાંત જવાબદારી આધારિત વર્ગીકરણ પણ કરાય છે.

→ યુ.એસ.એ., કેનેડા જેવા દેશોમાં આ આધાર વિશેષ લેવાય છે.

→ આપણા દેશની કાર્મીક વ્યવસ્થાના વર્ગીકરણનો વિચાર કરીએ તો જણાય છે કે તેને અખિલ ભારતીય સેવાઓ, કેન્દ્રીય સેવાઓ તથા રાજ્યસેવામાં વર્ગીકૃત કરાઈ છે.

→ અખિલ ભારતીય સેવાનો વિચાર કરીએ તો તેમાં ભારતીય વહીવટી સેવા, ભારતીય વિદેશ સેવા, ભારતીય પોલીસ સેવાનો સમાવેશ થાય છે.

→ આ અખિલ ભારતીય સેવાઓને વર્ગ એક, બે, ત્રણ અને ચારમાં વર્ગીકૃત કરાઈ છે.

→ તેનાથી અલગ એક કેન્દ્રીય સચિવાલય સેવા પણ છે જેને પણ વર્ગ એક, બે, ત્રણ અને ચારમાં વર્ગીકૃત કરેલ છે.

→ કાર્મીક વ્યવસ્થાની પદ વર્ગીકરણ પ્રણાલીને લીધે વહીવટમાં સરળતા અને ક્રમબદ્ધતાની સ્થાપના થાય છે.

→ તેના લીધે કર્મચારીઓની ભરતી સહેલાઈથી થઈ શકે છે.

→ આ કર્મચારીઓની કામગીરી ઉપર નિરીક્ષણ અને નિયંત્રણની સરળતા રહે છે.

→ તેમને 'સમાન કાર્ય માટે સમાન વેતન' નક્કી થઈ શકે છે.

→ બઢતી આપતી વખતે અન્યાય થવાની શક્યતા ઘટે છે, જેના લીધે કર્મચારીઓનું ગૌરવ જળવાય છે અને તેમને સંગઠનનાં ધ્યેયો માટે ઉચ્ચ પ્રેરણા આપી શકાય છે, તેમનો કાર્યોત્સાહ જળવાઈ રહે છે.

→ જો કે કેટલાક અભ્યાસીઓનું કહેવું છે કે પદ વર્ગીકરણને લીધે સંગઠનમાં ઉચ્ચ કર્મચારીઓમાં ગુરુતા અને નિમ્ન કર્મચારીઓમાં લઘુતાની ભાવના ર્દઢ બને છે.

→ પરંતુ આ માટે કહી શકાય કે બઢતીની શક્યતા પદ વર્ગીકરણની આ ખામીને દૂર કરી શકે છે.

**⏩ સિવિલ સેવાનો વિકાસ :**

**⏩ સનદી સેવાનો અર્થ, વ્યાખ્યા અને લક્ષણો :**

→ સનદી સેવા (Civil Service) એ ભારતને અંગ્રેજોની એક આગવી અને કીમતી ભેટ છે.

→ સામાન્ય રીતે “સનદી સેવા” એ શબ્દપ્રયોગ રાજયવહીવટ (જાહેર વહીવટ)માં કામ કરતા સરકારી કર્મચારીઓ માટે વપરાયેલો છે.

→ રાજયવહીવટ (જાહેર વહીવટ)માં કામ કરતા સરકારી કર્મચારીઓ માટે ‘મિલિટરી સેવા’ અથવા ‘સંરક્ષણ સેવા’ એ શબ્દપ્રયોગ થાય છે.

→ આથી સનદી સેવા કે જેમાં સંરક્ષણ સિવાય વહીવટી કામોનો સમાવેશ થાય છે.

→ એક વિદ્વાને સનદી સેવાની વ્યાખ્યા આપી છે કે, **“વહીવટી નિપુણતા ધરાવતા, પગારદાર અને કાયમી વ્યવસાયીઓનો સમૂહ એ સિવિલ સેવા.”** ખાનગી વહીવટમાં પણ આ વ્યાખ્યા મુજબનો વ્યવસાયી સમૂહ હસ્તી ધરાવતો હોય છે પરંતુ તેને સનદી સેવાામં આવરી લેવામાં નથી આવતો.

→ આમ, રાજયવહીવટના સંદર્ભમાં મુખ્યત્વે “સનદી સેવા” શબ્દપ્રયોગ થાય છે.

→ ભારતના રાજયવહીવટમાં સનદી સેવાને બે વર્ગમાં વિભાજિત કરવામાં આવે છે : રાજયપવિત્ર અને બિનરાજયપત્રિત.

→ રાજયપત્રિત વર્ગના કર્મચારીઓને વર્ગ-1 અને વર્ગ-2ના અધિકારીઓ કહેવામાં આવે છે અને બિનરાજ્યપત્રિત વર્ગ-3ના કર્મચારીઓ કહેવાય છે.

→ વિશેષ તો ભારતીય વહીવટી સેવાના સંકુલને માટે પણ આ શબ્દપ્રયોગ થાય છે.

→ આમ સનદી સેવાની આગવી પ્રતિભા ઉત્પન્ન થાય છે. ખાનગી વહીવટના સંચાલકોથી ભિન્ન એવા સનદી સેવકો એ વહીવટદારો છે, તેઓ મેનેજર નથી.

→ સનદી સેવાનાં લક્ષણો બે ભાગમાં દર્શાવી શકાય છે : 1 સનદી સેવાના ગઠનના અને 2. સનદી સેવાના કર્મચારીઓના. સનદી સેવાનું ગઠન મહદ્અંશે સૌપાનિક પ્રકારનું હોય છે અને તેમાં સ્થિરતા અને સાતત્ય રહેલી હોય છે.

→ સૌપાનિક ગઠન હોવાથી તેમાં ઉપરથી નીચે અને નીચેથી ઉપર એ ક્રમમાં ગોઠવાયેલા હોય છે.

→ આથી નીચલી કક્ષાનો સેવક ઉપરના અધિકારીને જવાબદાર રહે છે અને તેના આદેશ પ્રમાણે કરે છે.

→ ઊલટા ક્રમમાં નીચલી કક્ષાનો અધિકારી પ્રશ્ન/માહિતી સાથે રજૂ કરે છે અને ઉપરનો અધિકારી નિર્ણય આપે છે.

→ આમ સૌપાનિક પદરચના એ સનદી સેવાના સંગઠનનું અગત્યનું લક્ષણ છે.

→ તેવી જ રીતે રાજ્યવહીવટ કોઈ ચોક્કસ સમય માટે નથી.

→ તેનું મૂળભૂત સ્વરૂપ કાયમી પ્રકારનું છે.

→ આથી કર્મચારીઓ તેમજ પ્રધાનો આવે ને જાય પરંતુ સનદી સેવાનું સંગઠન ચાલુ જ રહે છે.

→ આથી વહીવટમાં સ્થિરતા અને સાતત્ય પ્રવર્તે છે. એટલે સ્થિરતા અને સાતત્ય એ સનદી સેવાનું મહત્ત્વનું લક્ષણ છે.

→ સનદી સેવાના સંગઠનના ઉપરના બે મુખ્ય લક્ષણોની સાથે સનદી સેવાના કર્મચારીઓએ પોતાનાં આગવાં લક્ષણો છે.

→ કર્મચારીઓની ભરતી ગુણવત્તાના ધોરણો થાય છે અને તે જે વ્યવસાય માટે પસંદ કરવામાં આવે છે તે જ વ્યવસાય માટે કામ કરવાનું હોય છે.

→ એટલે બાંધકામ વિભાગમાં કેટલાંક કામો ઇજનેરોએ કરવાના હોય છે.

→ હોસ્પિટલમાં ડોક્ટરોએ કામ કરવાનું થાય છે.

→ વહીવટી બાબતમાં અમલદારોએ કામ કરવાનું થાય છે.

→ મુકરર લાયકાત પ્રમાણે ભરતી થાય છે આથી તેમાં લાગવગશાહીને બદલે ગુણવત્તાના પ્રમાણે ભરતી કરવમાં આવે છે.

→ વહીવટના આ જુદા જુદા વ્યવસાયો વહીવટી નિયમોને અનુસરે છે.

→ આથી દેશના રાજકારણના પ્રવાહ અને રાજકારણથી અલિપ્ત રહે છે.



GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

→ તેમજ સનદી સેવક દરેક વિષય બાબતે નક્કી કરેલ નીતિ-નિયમો અનુસાર વહીવટ ચલાવે છે.
→ તેમાં કોઈ અંગતતાનું તત્ત્વ આવતું નથી અને તેમાં તટસ્થાના દર્શન થાય છે.
→ નિયમ અને નીતિ પ્રમાણે કાર્ય થવાથી તેમાં તટસ્થાતાનું તત્ત્વ તરી આવે છે.
→ આ તટસ્થતાને લીધે રાજ્ય-વહીવટનાં મોટાં મોટાં કામોમાં સનદી સેવાના કર્મચારીના ગુણગાન કે નામઠામ બહાર આવતા નથી.
→ પરંતુ વહીવટી વિભાગના કામ તરીકે તેનો ઉલ્લેખ થાય છે.
→ તે રીતે રાજ્યવહીવટનાં કામો દરેક વિભાગના વહીવટી અહેવાલમાં પ્રસિદ્ધ થાય છે.
→ એ પણ અમુક મંત્રીના વિભાગનો અહેવાલ એમ કહેવાય છે.
→ આમ અનામીપણા (Anonimity)માં ફેરફાર થયો છે.
→ પણ સનદી સેવાના સંદર્ભમાં તે લક્ષણ ચાલુ રહે છે.
→ રાજ્યવહીવટ રાજ્ય માટે છે અને રાજ્ય પ્રજાનું બનેલું છે.
→ તેથી રાજ્યવહીવટ પ્રજાનાં કામોનો વહીવટ કરે છે.
→ સનદી સેવાના કર્મચારીઓ રાજ્ય સરકારની સાથે પ્રજાને જવાબદાર મનાય છે.
→ પરંતુ આ જવાબદારી પ્રજા સાથે સીધા વ્યવહારથી અદા કરતો નથી, પરંતુ રાષ્ટ્રપતિ કે રાજ્યપાલના નામે અદા કરે છે.
→ તટસ્થતા અને અનામિતા એ લક્ષણોને કારણે સનદી સેવાએ પ્રજા પ્રત્યે પક્ષપાતરહિત વર્તાવ રાખવાનો હોય છે.
→ જો પક્ષપાતી વલણ જોવામાં આવે તો અવિશ્વાસ જન્મે છે, જે સનદી સેવાનાં કાર્યોને હાનિ પહોંચાડે છે.
→ ટૂંકમાં એક વિદ્વાનના શબ્દોમાં “પક્ષપાતરહિત પસંદગી, વહીવટી સામર્થ્ય, રાજકીય દૃષ્ટિએ તટસ્થતા અને સમાજસેવા-ભિમુખતા એ સનદી સેવાનાં મુખ્ય લક્ષણો છે.”
→ આજે કાર્મીક વ્યવસ્થા માટે લાયકાત પ્રથા દુનિયાના મોટા ભાગનાં રાજ્યોમાં જોવા મળે છે.
→ પરંતુ તે રાજ્યવહીવટના લાંબા વિકાસનું પરિણામ છે.
→ પ્રાચીન રાજ્યવસ્થામાં રાજ્યવહીવટના કેટલાક હોદ્દાઓ વારસાગત અપાતા, તો ક્યારેક રાજા જેના ઉપર પ્રસન્ન હોય તેને પણ અધિકારના પદ ઉપર નિયુક્ત કરતા.
→ ફ્રાંસમાં વહીવટનાં ઉચ્ચ સ્થાનો સિવાયનાં ઘણાં પદો વારસામાં અપાતા.
→ કેટલાક દેશોમાં આવાં પદો વેચવામાં પણ આવતા તો બ્રિટનમાં રાજા તથા સંયુક્ત રાજ્ય અમેરિકામાં રાષ્ટ્રપ્રમુખના પ્રીતિ પાત્ર લોકોને ઉચ્ચ પદો અપાતા જેને લૂંટ પદ્ધતિ કે લાગવગ પદ્ધતિ (spoil system) તરીકે ઓળખવામાં આવતી.
→ પ્રમુખ બદલાતા આવા લોકોને નોકરી ગુમાવવી પડતી.
→ ઈ.સ. 1881માં અમેરિકન પ્રમુખ ગારફીલ્ડની નોકરીમાં નિરાશ થયેલ યુવાનો હત્યા કર્યા પછી ઈ.સ. 1883ના પેડલ્ટન એક્ટ લૂંટપ્રથાને સ્થાને આધુનિક લાયકાત આધારિત સિવિલ સેવાનો શુભ આરંભ થયો એમ કહી શકાય.
→ લૂંટપદ્ધતિ માટે યુ.એસ.એ.માં એવો મત હતો કે પક્ષપદ્ધતિની લોકશાહીને અનુરૂપ છે.
→ પ્રમુખ બદલાતાં બીજા પક્ષના પ્રમુખ આવે તો તેમના પક્ષની નીતિ અને કાર્યક્રમનો તેમના અધિકારીઓ પૂરો અમલ કરે તેવો ખ્યાલ હતો.
→ પરંતુ આ પદ્ધતિ લોકશાહીના સમાનતાના સિદ્ધાંતનો ભંગ કરનારી હતી.
→ વળી તે વહીવટતંત્રમાં સાતત્યનો ભંગ કરતી હતી. ઉપરાંત તેનાથી કર્મચારીઓનો કાર્યોત્સાહ ઘટતો હતો.

**⏩ લાયકાત પદ્ધતિ :**

→ આ પદ્ધતિ આધુનિક ગણાય છે. આજે વિશ્વના કોઈ ભાગનાં રાજ્યોમાં તેનો સ્વીકાર થયો છે.
→ અહીં રાજ્યના તટસ્થ જાહેર સેવા પંચ દ્વારા સમાન લાયકાત ધરાવતા ઉમેદવારોની લેખિત અને મૌખિક પરીક્ષા દ્વારા ભરતી કરાય છે.
→ તેમની બઢતી, બદલી અને ફરજમોકૂફી કે બરતરફી માટે ચોક્કસ નિયમો હોય છે.
→ આ માટે કોઈ પણ જાતના ભેદભાવ રખાતા નથી.

→ ભરતી પછી જરૂરી તાલીમ બાદ અપાતા અજમાયશી (probation period) બાદ વ્યક્તિ સિવિલ સેવકોનો હોદ્દો ધારણ કરે છે અને તેને પોતાની કારકિર્દી તરીકે સ્વીકારે છે.
→ આ પદ્ધતિ ઘણી રીતે લાભકારી છે.
→ તેનાથી સિવિલ સેવકો રાજકીય તટસ્થતા સહેલાઈથી મેળવી શકે છે.
→ આ પદ્ધતિ લોકશાહીને અનુરૂપ છે.
→ તે સમાન લાયકાતવાળા તમામ નાગરિકોને સમાન તક આપે છે.
→ અહીં કર્મચારીની નિમણૂકથી નિવૃત્તિ સુધીના લાભો નિયમબદ્ધ નિશ્ચિત હોવાથી કર્મચારીઓ એક પ્રકારની માનસિક નિરાંત અનુભવે છે.
→ તેના લીધે સિવિલ સેવકોનો કાર્યોત્સાહ જળવાય છે.

**ભરતી :**

→ આધુનિક લાયકાત આધારિત સિવિલ સેવામાં કર્મચારીઓની ભરતી એ મહત્ત્વની બાબત છે.
→ આજે મહદ્અંશે બે પ્રકારે સિવિલ સેવકોની ભરતી થાય છે : (અ) પ્રત્યક્ષ ભરતી અને (બ) બઢતી દ્વારા ભરતી.

**(અ) પ્રત્યક્ષ ભરતી :**

→ જ્યારે સંગઠનમાં ખાસ કરીને નીચેલા સ્તરોએ જગ્યાઓ ખાલી પડે છે ત્યારે આ પદ્ધતિનો ઉપયોગ થાય છે.
→ આ સાથે સંગઠનના ઉચ્ચ સ્થાનો પણ કેટલાક પ્રમાણમાં આ પદ્ધતિથી ભરવામાં આવે છે.
→ આ પદ્ધતિમાં જાહેર સેવા આયોગ જરૂરી લાયકાત સાથેની જાહેરાત આપે છે.
→ યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારની લેખિત અને મૌખિક પરીક્ષાઓ પછી તેમની પસંદગી કરાય છે.
→ આ પદ્ધતિ સંગઠનને ઘણી રીતે લાભકારી છે.
→ તે લોકશાહીના સમાનતાના સિદ્દાંતનો અમલ કરી સમાન લાયકાતવાળા ઉમેદવારોને તક આપે છે.
→ તેનાથી સમાજના વિશાળ પટ પર ઉપરથી ઉમેદવારો લેવાતા હોવાથી પસંદગીનું ક્ષેત્ર વિશાળ બને છે.
→ આ ઉમેદવારો યુવાન હોવાથી તેમને કંઇ નવું કરવાની તમન્ના હોય છે.
→ તેથી જાહેર વહીવટની કાર્યક્ષમતા વધે છે.
→ જોકે આ પદ્ધતિનો સંગઠનના ઉચ્ચ સ્થાનો માટે ઉપયોગ થાય તો અનુભવી કર્મચારીઓના જ્ઞાનનો લાભ મળતો નથી.
→ તેનાથી સંગઠનની અંદર કામ કરતા કર્મચારીઓને આગળ વધવાની તક ન મળતાં તેમનો કાર્યોત્સાહ ઘટે છે.
→ આમ થવાથી સંગઠનની કાર્યક્ષમતા જોખમાય છે.
→ વળી આ પદ્ધતિમાં સમય અને નાણાંનો વધુ વ્યય થાય છે.

**(બ) બઢતી દ્વારા ભરતી :**

→ આ પદ્ધતિમાં સંગઠનનાં ઉચ્ચ ખાલી પડતાં સંગઠનમાંથી જ સમાન લાયકાતવાળા સભ્યોને બઢતી આપીને ભરતી કરવામાં આવે છે.
→ આ પદ્ધતિને આંતરિક ભરતી (Recruitment from within) પણ કહેવામાં આવે છે.
→ આ પદ્ધતિનો ભરતી માટે ઉપયોગ થાય છે ત્યારે સંગઠનમાં ટોચનાં સ્થાનોએ અનુભવી વ્યક્તિની ભરતી થતાં સંગઠનનો તેમના જ્ઞાનનો લાભ મળે છે.
→ વળી બઢતી દ્વારા કદર થશે તેવી પ્રેરણા અન્ય સિવિલ સેવકોને મળતાં તેમનો કાર્યોત્સાહ વધે છે.
→ અલબત્ત આ પદ્ધતિને લીધે મોટી ઉંમરવાળા સિવિલ સેવકોમાં પરંપરાગત મૂલ્યો દૃઢ થયા હોવાથી તેઓ નવાં મૂલ્યો કે પદ્ધતિઓને જલદી સ્વીકારતા નથી.
→ તેથી સંગઠનની કાર્યક્ષમતા વધતી નથી.
→ આ પદ્ધતિમાં પસંદગીનું ક્ષેત્ર નાનું હોવાથી ક્યારેક યોગ્ય ઉમેદવારને બદલે માત્ર સિનિયોરિટીથી પણ ચલાવવામાં આવે છે જેનાથી સિવિલ સેવાનું સ્તર કથળે છે.
→ અભ્યાસીઓનું કહેવું છે કે બંને ભરતીઓની મર્યાદા નિવારી શકાય તેમ છે.
→ સંગઠનમાં ટોચના સ્થાને બહારથી પણ કેટલાક ઉમેદવારો ભરતી થવા જોઈએ તેમ બઢતી પણ જરૂરી છે.

- સિવિલ સેવામાં ભરતી માટે તેમની યોગ્યતાની કસોટીઓ (Method of testing merit) મુખ્યત્વે છ પ્રકારની હોય છે :

(1) લેખિત પરીક્ષા (Writen test)

(બ) મૌખિક પરીક્ષા (Oral test)

(3) કાર્યકૌશલ્ય પરીક્ષા (Performance test)

(4) શૈક્ષણિક લાયકાતો અને અનુભવોનું મૂલ્યાંકન (Evolution of education qualification of experience)

(5) માનસશાસ્ત્રીય કસોટીઓ (Psychological test)

(6) શારીરિક પરીક્ષા (Physical test)

**તાલીમ :**

→ જાહેર વહીવટની કામગીરી આજે જટિલ અને ટેક્નિકલ બની છે.

→ વહીવટી કાર્યોનું સ્વરૂપ પણ દિનપ્રતિદિન બદલાતું જાય છે.

→ તેથી સિવિલ સેવામાં પ્રવેશ માટે અને પ્રવેશ મેળવ્યા પછી પણ તાલીમ અગત્યની બાબત બની છે.

→ આધુનિક લાયકાત આધારિત સિવિલ સેવાની ભરતીને લીધે પણ સરકારી કર્મચારીઓની તાલીમનું મહત્ત્વ વધી જાય છે.

→ તાલીમનો અર્થ જાણતી વખતે કેળવણી અને તાલીમ વચ્ચેનો તફાવત જાણી લેવો જરૂરી છે.

→ કેળવણી બાળક સમજતું થાય છે, ત્યારથી શરૂ થાય છે અને તેના ચારિત્ર્યનિર્માણ અને બૌદ્ધિક તથા શારિરીક ક્ષમતા સાથે સંબંધ ધરાવે છે.

→ જ્યારે તાલીમ વધુ વિશિષ્ટ છે, તેનું ક્ષેત્ર વધુ જટીલ છે.

→ વહીવટશાસ્ત્રી એમ.એફ. માર્ક્સના મતે ‘કર્મચારીઓને કરવાનાં કાર્યો અંગે શિક્ષણ આપવા, તેમના વ્યવસાયની પ્રગતિની દિશામાં વાળવા તથા માર્ગદર્શન આપવાના સંચાલકોના સભાન પ્રયત્નોને તાલીમ તરીકે ઓળખવામાં આવે છે.’

→ આમ કર્મચારીઓને અપાતી તાલીમ તેમને વ્યવસાયી માર્ગદર્શન આપી તેમની કાર્યદક્ષતામાં વધારો કરવાનો હેતુ ધરાવે છે.

→ ઈ.સ. 1944માં બ્રિટનમાં સિવિલ સેવકોની તાલીમ માટે નિમાયેલ રાલ્ફ એશટન સમિતિએ પોતાના અહેવાલમાં તાલીમના પાંચ ઉદ્દેશ્ય બતાવ્યા હતા :

(1) એવા સિવિલ સેવકોનું નિર્માણ કરવું જોઈએ જેઓ કાર્યમાં નિશ્ચિતતા અને સ્પષ્ટતા લાવી શકે.

(2) પરિવર્તિત સમય તથા નવીન આવશ્યકતાઓને ધ્યાનમાં લઈને સિવિલ સેવકોને તે માટે તૈયાર કરવા.

(3) સિવિલ સેવકો યંત્રવત્ કામ કરવાને બદલે સમાજ પ્રત્યે સંવેદનશીલ રહે.

(4) માત્ર વર્તમાન જવાબદારીઓ માટે જ નહિ પરંતુ ઉચ્ચ ફરજો માટે પણ સિવિલ સેવકોને લાયક બનાવવા.

(5) તાલીમ મેળવનાર સિવિલ સેવકનો કાર્યોત્સાહ તો વધે જ તે સાથે માનવ સમસ્યાઓને ધ્યાનમાં રાખતા તે પ્રજાનો સેવક છે તે ભાવના તેનામાં જાગૃત કરવી.

**તાલીમના પ્રકાર :** → જાહેર વહીવટના અભ્યાસીઓએ તાલીમ પદ્ધતિ, કઈ કક્ષાએથી અપાય છે, તાલીમ કઈ સંસ્થા આપે છે અને તાલીમના હેતુ એમ પાંચ આધારે તાલીમના પ્રકાર નીચે પ્રમાણે બતાવ્યા છે :

**(1) પૂર્વ પ્રવેશ અને અનુપ્રવેશ તાલીમ :**

→ પ્રવેશ પૂર્વેની તાલીમ એ સિવિલ સેવામાં પ્રવેશ ઇચ્છતા ઉમેદવારોને મળતી તાલીમને ગણવામાં આવે છે.

→ કેટલાક અંશે સ્કૂલ અને કોલેજો તથા અનુસ્નાતક શિક્ષણ આવી તાલીમ આપે છે.

→ ખાસ કરીને કેટલીક યુનિવર્સિટીઓ અને ખાનગી સંસ્થાઓ આવા તાલીમવર્ગો ચલાવે છે.

→ જ્યારે સિવિલ સેવામાં દાખલ થયેલ કર્મચારીઓને તેમની કામગીરી અંગે પોતાની તાલીમ એ અનુપ્રવેશ તાલીમ છે.

(2) **પૂર્વાભિમુક અને નવચેતન આપનાર તાલીમ :**
→ સિવિલ સેવામાં જોડાયા પછીનાં પ્રારંભિક વર્ષોમાં સેવા પ્રત્યે જરૂરી વલણો કેળવાય, ટેક્નિકોને સર્વગ્રાહી અને સમગ્ર સંદર્ભમાં શીખવાય તે હેતુ હોય છે.
→ આ તાલીમ એક જ વાર અપાય છે.
→ જ્યારે નવચેતન બક્ષનાર સેવા પર્યન્ત ચોક્કસ ગાળાના અંતરે અપાય છે, જેની પાછળ નવાં મૂલ્યો શીખવાની સાથે કાર્યોત્સાહ જાળવવાનો હોય છે.

(3) **ટૂંકા ગાળાની અને લાંબા ગાળાની તાલીમ :**
→ તાલીમ જ્યારે ખૂબ જ ઓછા સમયની હોય જેમ કે પૂર્વપ્રવેશ, નવચેતન બક્ષનાર અને વાર્તાલાપો વગેરેને આ પ્રકારમાં મૂકી શકાય.
→ જ્યારે લાંબા ગાળામાં અનુપ્રવેશ અને પૂર્વાભિમુખ તાલીમ પ્રકારોનો સમાવેશ થઈ શકે.

(4) **ખાતા દ્વારા અને કેન્દ્રીય સંસ્થા દ્વારા અપાતી તાલીમ :**
→ સિવિલ સેવકો જે ખાતામાં કામગીરી બજાવતા હોય છે તેના વડા અને સહકાર્યકરો પાસેથી તેઓ કેટલીક બાબતો શીખતા હોય છે તે આ પ્રકાર છે.
→ જ્યારે દેશની સિવિલ સેવાની તાલીમ માટે કેન્દ્રીય સંસ્થા દ્વારા જે તાલીમ અપાય છે તે અલગ પ્રકારની હોય છે.

(5) **ઔપચારિક અને અનૌપચારિક તાલીમ :**
→ તાલીમના ઉપરોક્ત પ્રકારોમાં આ પ્રકારનો સમાવેશ થઈ જાય છે.
→ બીજા શબ્દોમાં જ્યારે સિવિલ સેવક હેતુપૂર્વક, આયોજનબદ્ધ તાલીમ મેળવે છે તે ઔપચારિક છે.
→ પરંતુ જ્યારે બીજાનું અનુકરણ કરીને અથવા અનુભવથી સ્વાભાવિકપણે શીખે છે તે અનૌપચારિક પ્રકાર બને છે.

⏩ **પગાર :**

→ સિવિલ સેવામાં જોડાતા કર્મચારીઓ સિવિલ સેવાને આધુનિક રાજ્યમાં તેમની કારકિર્દી સમજે છે.
→ તેથી સિવિલ સેવક અને તેમના કુટુંબીજનોનું જીવનસ્તર જળવાઈ રહે એટલું જ નહિ તેઓ સમાજમાં આદરપાત્ર સ્થાન ભોગવી શકે તેટલો પગાર હોવો જોઈએ એવું વહીવટશાસ્ત્રીઓનું માનવું છે.
→ સિવિલ સેવકોનો પગાર કેટલો હોવો જોઈએ તે અંગેનું ચિંતન ઘણા લાંબા સમયથી થતું આવ્યું છે.
→ ઈ.સ. 1935માં બ્રિટિશ ઔદ્યોગિક અદાલતને પોસ્ટ ઓફિસના કર્મચારીના પગારનો ચુકાદો આપતાં જણાવ્યું હતું કે તેનો પગાર ઔદ્યોગિક કર્મચારીઓને અપાતા પગારના પ્રમાણમાં યોગ્ય હોવો જોઈએ.
→ ટોમલીન સમિતિએ જણાવ્યું હતું કે સિવિલ સેવકો એ ઉચ્ચ પસંદગી પામેલ વર્ગ છે.
→ તેથી તેનું પગારધોરણ ખાનગી એકમોના કર્મચારીઓ કરતાં વધુ યોગ્ય ધોરણવાળું હોવું જોઈએ.
→ પગારધોરણ અંગે બીજો સિદ્ધાંત એ પ્રકારનો છે કે રાજ્ય તેના કર્મચારીઓના પગારની બાબતમાં આદર્શ ઉદાહરણ બને છે.
→ ટોમલીન સમિતિએ આ માટે ત્રણ બાબત બતાવી હતી.
→ પ્રથમ તો આદર્શ મોડેલ એ બાબતમાં કે રાજ્ય એવો માલિક છે જે નોકરીની શરતોની બાબતમાં બીજોઓ કરતાં ઉત્કૃષ્ટ છે.
→ બીજું રાજ્ય અન્ય કરતાં રોજગારી આપવામાં મહત્ત્વનું છે.
→ પ્રથમ નથી.
→ ત્રીજું તેના નોકરિયાતો માટે રાજ્ય જવાબદાર છે.
→ પગારધોરણ બાબતમાં ત્રીજો સિદ્ધાંત એન્ડરસન સમિતિએ રજૂ કર્યો.
→ કાર્યક્ષમ કર્મચારીગણને ભરતી કરવા માટે અને તેને નિભાવવા માટે જરૂરી હોય તે પગારધોરણ હોવું જોઈએ.
→ પગારધોરણ અંગે ચોથો સિદ્ધાંત જણાવે છે કે તે જીવનધોરણ સાથે સંબંધિત હોય એટલે કે ખાનગી એકમોમાં મોંઘવારી ભથ્થા પ્રમાણે વધઘટ થઈ શકે છે.

→ જોકે આ બાબત સિવિલ સેવકો માટે બિલકુલ અસંગત છે.

→ આમ છતાં 192930માં યુરોપના દેશોમાં આર્થિક મંદી અને બે વિશ્વયુદ્ધોને પરિણામ સ્વરૂપે ઊભી થયેલી પરિસ્થિતિમાં જરૂરી બની હતી.

→ પાંચમો સિદ્ધાંત જે ભારતમાં ચર્ચાનો વિષય છે તે પગારધોરણ રાષ્ટ્રીય આવકના સંદર્ભે નક્કી થવું જોઈએ.

→ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સ્વાતંત્ર્ય આંદોલન દરમિયાન આ સિદ્ધાંત સ્વીકાર્યો હતો તે સિવિલ સેવકોને પ્રજાસેવકો ગણી સાદા જીવનનો આગ્રહ કરતી હતી.

→ આ સિદ્ધાંતથી પગારધોરણ નીચું રહે છે.

→ જોકે સ્વતંત્રતાબાદ આ સિદ્ધાંત સિવિલ સેવકોની જવાબદારી અને સ્થાન જોતાં સ્વીકારાયો નહિ.

→ આમ છતાં ઈ.સ. 1951માં કેન્દ્રીય પગારપંચ સમક્ષ એવો સિદ્ધાંત મૂકાયો હતો કે ભારતમાં લોકશાહીના સમાનતાના સિદ્ધાંતને સાકાર કરવા વિવિધ હોદ્દાઓના પગારધોરણ ચોક્કસ હોવી જોઈએ.

→ સિવિલ સેવકોના પગારધોરણ અંગેના ઉપરોક્ત સિદ્ધાંતો એકાંગી છે.

→ ભારતમાં મોગલકાલીન સમયમાં રાજ્ય કર્મચારીઓનો વર્ગ વિશાળ પ્રમાણમાં હતો.

→ પરંતુ તેનું પગારધોરણ ખૂબ જ નીચું હતું.

→ જોકે તેમનો મોભો જળવાય તે માટે જરૂરી કેટલીક સુવિધાઓ મફત મળતી જેમાંથી લાંચ રુશ્વતનું દૂષણ શરૂ થયું.

→ શરૂઆતમાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ પણ પગારધોરણ ખૂબ જ નીચા રાખેલા.

→ પરંતુ ગવર્નરજનરલ લોર્ડ ક્લાઇવે આ બાબતમાં સુધારો કર્યો અને ઉચ્ચ પગારધોરણ સરકારી કર્મચારીઓને અપાયા.

→ આમ સિવિલ સેવકોને અપાતો પગાર એ તેની સેવાની શરતોમાંની એક બાબત છે.

→ તેથી સિવિલ સેવકોનું જીવનધોરણ જળવાય, તેમને સમાજમાં ઉચ્ચ મોભો મળે અને તેમનો કાર્યોત્સાહ જળવાય, તે સંતોષકારકપણે જવાબદારી નિભાવે તેનું પગારધોરણ સેવાકાલીન સમય પ્રમાણે ઉચ્ચ પ્રકારનું બનવું જોઈએ.

→ સિવિલ સેવકનો અનુભવ જેમજેમ વધતો જાય છે તેમતેમ એક બાજુ તેને જવાબદારી વધુ સોંપાય છે.

→ તે સાથે તેની કાર્યક્ષમતા પણ વધે છે.

→ તેથી સિવિલ સેવાના પ્રત્યેક વર્ગ પ્રમાણેના પગારધોરણ ઉપરાંત સમય પ્રમાણે પગારધોરણ ઇજાફાની વ્યવસ્થા હોય છે.

→ પગાર ઉપર આજે પ્રાદેશિક પરિસ્થિતિની અસર હોય છે.

→ કલકત્તા અને દિલ્હી જેવાં મોટાં શહોરોનું જીવનધોરણ નાનાં શહેરો કરતાં ઊંચું હોય છે.

→ તેથી આવા મોટા શહેરમાં સીટી એલાઉન્સનું ધોરણ પણ ઊંચું હોય છે.

→ આ ઉપરાંત મકાનભાડા અંગે, બાળકોના શિક્ષણ અંગે, મુસાફરી અંગે, દાક્તરી સારવાર અને અન્ય સવલતો અને તે સામે ખાનગીક્ષેત્રે મળતાં પગાર-સવલતોમાં ખાસ કરીને ઉચ્ચ કક્ષાએ ઘણો તફાવત છેલ્લાં વર્ષોમાં સ્પષ્ટ રીતે જણાય છે.

→ કેટલીક મોટી ખાનગી કંપનીઓ ઉચ્ચ અધિકારીને ખૂબ આકર્ષક પગાર અને સવલતો આપે છે.

→ પરિણામે સમાજનો ઉચ્ચ બુદ્ધિ વર્ગ સિવિલ સર્વિસથી દૂર થતો જાય છે.

→ તેથી જ છેલ્લા પગારપંચમાં આ અંગે થોડોક અંશે ધ્યાન રખાયેલ છે.

→ જોકે આ ઘણો પેચીદો પ્રશ્ન છે અને તે સહેલાઈથી ઉકેલી શકે તેમ નથી.

**⏩ બઢતી :**

→ આગળ આપણે સિવિલ સેવકોની ભરતીની ચર્ચા કરી ત્યારે બઢતી વિશે કેટલીક વાત કરી હતી. સિવિલ સેવામાં બઢતી એ સિવિલ સેવક અને સંચાલન બંને પક્ષે મહત્ત્વની બાબત બને છે.

→ બઢતી માટે મુખ્યત્વે બે માર્ગદર્શક સિદ્ધાંતો છે : (અ) સેવાકીય અગ્રતા એટલે કે સિનિયોરિટી અને (બ) ગુણાંકન લાયકાતનો સિદ્ધાંત.

**⏩ સિનિયોરિટીનો સિદ્ધાંત :**

→ જ્યારે સંગઠનમાં કે ખાતામાં ઉપરનાં સ્થાનો ખાલી પડે છે ત્યારે આંતરિક આંતરિક ભરતીમાં ખાતામાંથી જ અથવા બીજા ખાતામાંથી સિનિયોરિટીને આધારે ઉમેદવાર પસંદ થાય છે.

→ અહીં સિવિલ સેવકનો ગ્રેડ, વર્ગ અને સેવાનો અનુભવ જોવાય છે. આ બાબત વસ્તુલક્ષી છે તેથી કર્મચારીઓ તેને આવકારે છે.

→ ઉપરાંત તે સિવિલ સેવામાં કાર્યોત્સાહ વધારે છે.

→ આમ છતાં આ સિદ્ધાંતની પણ મર્યાદા છે.

→ સંગઠનમાં પિરામિડ આકારે ઉપર જતાં સ્થાનો ઓછા હોવાથી નીચેના તમામ કર્મચારીઓને ઉચ્ચ સ્થાન મળે છે તે શક્ય નથી.

→ બીજું ઉચ્ચ સ્થાને બઢતી માટે તમામ કર્મચારીઓએ લાયક હોય તેવું પણ નથી.

→ ત્રીજું જો તમામ કર્મચારીને માત્ર સિનિયોરિટીને આધારે જ બઢતી આપવાની હોયચ તો તો તે તાર્કિકપણે યોગ્ય, ન્યાયી અને સંગઠનના ભવિષ્ય માટે કેટલું ઉપયોગી ગણાય ?

→ આમ છતાં સિનિયોરિટી એ ખૂબ જ મહત્ત્વનો માપદંડ છે.

→ તેથી તેનો તાર્કિકપણે ઉયયોગ થવો જોઈએ.

→ આ માટે (અ) સંગઠનના ટોચનાં સ્થાનો માટે લાયકાત જોવી જોઈએ. (બ) સંગઠનના દ્વિતીય કક્ષાનાં સ્થાનો માટે લાયકાત સાથે સિનિયોરિટી જોવી જોઈએ. (ક) નિમ્ન સ્થનો માટે સિનિયોરિટી ધ્યાનમાં લેવી જોઈએ અને અપવાદરૂપ કિસ્સામાં લાયકાતવાળાને પુરસ્કારના રૂપમાં બઢતી અપાવી જોઈએ.

**▸▸ લાયકાતનો સિદ્ધાંત :**

→ લાયકાતવાળી વ્યક્તિને પસંદગીની તક મળે તે સંગઠનના અને રાજ્યના હિતમાં છે. જોકે લાયકાતનો ખ્યાલ જટીલ છે.

→ તેમાં બુદ્ધિશક્તિ, કાર્યક્ષમતા, પદવી, શારીરિક અને માનસિક સ્વસ્થતા, નેતૃત્વ જેવા ગુણોનો સમાવેશ કરી શકાય.

→ લાયકાતના નિર્ધારણ માટે (અ) લેખિત અને મૌખિક પરીક્ષા કે એકલી લેખિત અથવા મૌખિક પરીક્ષા લઈ શકાય.

→ (બ) ખાતાના વડા દ્વારા વખતોવખત સેવાપોથીમાં સિવિલ સેવકની કામગીરીની થતી નોંધ મહત્ત્વના બને છે.

→ આ બંને આધારો વડે લાયકાત અંગેનો નિર્ણય ઉચ્ચ સ્થાનો માટે કેન્દ્રીય સંસ્થા દ્વારા લેવાય છે.

→ ભારતમાં જાહેર સેવા પંચ છે.

**▸▸ સેવાની અન્ય શરતો :**

→ સિવિલ સેવકોની સેવાની શરતોમાં આપણે પગારધોરણ અને બઢતીનો વિચાર કર્યો. આ ઉપરાંત સિવિલ સેવકોની સેવામાં રજા, કામના કલાકો, નિવૃત્તિ પછીના લાભો અને સલામતી જેવી બાબતો મહત્ત્વની બને છે.

→ સિવિલ સેવકોનો કાર્યોત્સાહ જળવાઈ રહે, તેમને કામ કરવાની ઉચ્ચ પ્રેરમા મળે તે માટે આ બાબતો પણ યોગ્ય ધોરણે અપાય તે ઇચ્છનીય છે.

→ નોકરીની સલામતી એ સિવિલ સર્વિસનું ખૂબ જ અગત્યનું લક્ષણ છે.

→ આ લક્ષણના જમા અને ઉધાર પાસાં છે.

→ સલામતીને કારણે આ સર્વિસ પ્રત્યે ગુણવત્તાવાળા ઉમેદવારો આકર્ષાય છે (બીજા લાભ ઓછા હોવા છતાં) પરંતુ વધુ પડતી સલામતીને કારણે આ સર્વિસમાં રેઢિયાપણું અને બિનજવાબદારપણું આવેલ છે તેવી પણ ટીકા થાય છે.

→ સિવિલ સેવામાં કામ કરતા કર્મચારીઓને શારીરિક અને માનસિક આરામ માટે રજાઓની જોગવાઈ થયેલી છે.

→ સિવિલ સેવકો વર્ગ I થી III સુધીનાને માંદગીની અર્ધપગારની રજા 1933ના અધિનિયમ પ્રમાણે મળી શકે છે.

→ તેમને એક વર્ષમાં 14 કેજ્યુઅલ લીવ તથા 30 દિવસની અર્ન્ડ લીવ (વેકેશન સ્ટાફને 3 થી 3.5 દિવસની) જરૂરપ પડે મળી શકે છે.

→ ઉપરાંત 5 વર્ષની નોકરી પૂરી કરનાર કર્મચારીને આગળ અભ્યાસ માટે 2 વર્ષ સુધીની અર્ધપગારી રજા ગેઝેટેડ ઓફિસરને વિદેશમાં અભ્યાસ માટે મળી શકે છે.

→ સિવિલ સેવકોને રવિવારે અને રાષ્ટ્રીય તહેવારોની રજા રહે છે.

→ સર્વિસને ખાનગી ક્ષેત્રના પ્રમાણમાં વધુ પડતી રજા અપાય છે તેથી સતત ટીકા થતી રહે છે.

→ એક બાજુ પશ્ચિમના દેશોમાં ચાલે છે જ્યારે ભારતમાં ખાનગીક્ષેત્રે વર્ષ દરમિયાન ખૂબ જ મર્યાદિત રજાઓ અપાય છે.

→ કારણ તેમાં ઉત્પાદનને નજરમાં રખાય છે.

→ સરકારી તંત્રમાં પણ રજાઓ ઓછી કરી ઉત્પાદકતા પ્રયાસ થઈ શકે તેમ છે.

→ કામના કલાકોની દૃષ્ટિએ પગારપંચે ઓફિસકામ માટે 38.5 અઠવાડિક કલાકની ભલામણ કરી છે.

→ જે શનિવારના 3.5 કામ સાથે બાકીના પાંચ દિવસો 6.5 કલાક કામગીરીના ગણાય છે.

→ વધારાના કલાકો માટે વધારાનું મહેનતાણું ચૂકવાય છે.

→ ટોમલીન સમિતિના પ્રમાણે સિવિલ સેવકને ઓફિસનું વાતાવરણ કામગીરી માટે પ્રેરણા આપે તે પ્રકારનું હોવું જોઈએ.

→ સિવિલ સેવામાં કામ કરતા કર્મચારીઓને વખતોવખત પગારધોરણ અંગે અને નોકરીની અન્ય શરતો અંગે અસંતોષ ઊભો થવાની શક્યતા રહે છે.

→ આ માટે અહીં ખાનગી સાહસની જેમ પ્રત્યક્ષપણે માલિક હોતા નથી તેથી એવા તંત્રની જરૂર પડે છે, જે પ્રશ્નો અંગે ચર્ચાવિચારણા કરે અને મોકળાશભર્યું વાતાવરણ સર્જી શકે છે.

→ આ હેતુથી સિવિલ સેવકોની જે તે કેડરનાં સંગઠનોને કાયદેસર માન્યતા અપાઈ છે.

→ ઉપરાંત તેમના પ્રશ્નો અંગે બ્રિટનમાં 1917થી અને ભારતમાં 1950થી ટ્રિબ્યુનલોની સ્થાપના થયેલી છે.

→ સિવિલ સેવકો એ રાજ્યના જવાબદાર કર્મચારીઓ છે તેથી તેમની વર્તણૂક માટે ચોક્કસ આચારસંહિતા હોય છે.

→ આ આચારસંહિતામાં તેમણે પોતાના ઉચ્ચ અધિકારી સાથે કેવી રીતે વર્તવું, પ્રજા તથા રાજકીય કારોબારી સાથેના તટસ્થ વર્તન અંગેના નિયમો હોય છે.

→ આ માટે 1949માં બ્રિટનમાં માસ્ટરમેન સમિતિએ તેના અહેવાલમાં તથા 1955માં ભારત સિવિલ સેવા અધિનિયમમાં ચોક્કસ જોગવાઈઓ છે.

→ આ આચારસંહિતાના ભંગ બદલ સિવિલ સેવક ઉપર શિસ્તભંગનાં પગલાં લઈ શકાય છે.

→ અલબત્ત તે પોતાના રક્ષણ માટે ટ્રિબ્યુનલ તથા કોર્ટમાં જઈ શકે છે.

→ સિવિલ સેવક તેની સેવામાંથી ચોક્કસ ઉંમરે નિવૃત્ત, પી.એફ., ગ્રેજ્યુએટી, પેન્શન વગેરે લાભોની પણ જોગવાઈ છે.

→ યુ.એસ.એ.માં 65 થી 70 વર્ષ, બ્રિટનમાં 60 થી 65 વર્ષ અને ભારતમાં હાલમાં 58 થી 60 વર્ષ એ નિવૃત્તિ માટેની નક્કી થયેલ ઉંમર છે.

→ નિવૃત્તિ પછી મળતા લાભો અને (અ) રાજ્યની તેના વૃદ્ધ કર્મચારીઓ તરફની જવાબદારી, (બ) તે પાછલી સારી સેવાના બદલારૂપે, (ક) સામાજિક સલામતીની પ્રથા તરીકે, (ડ) કર્મચારીને તેના હક્કની રૂએ એક પ્રકારનો પગાર-એ ચાર સિદ્ધાંતમાંથી કોઈ એક કે તેથી વધુને અનુસરીને અપાતી બાબત છે.

### ⏩ **નિષ્પક્ષતા અને નનામી અભિગમ :**

→ સિવિલ સેવકો માટે રાજકીય તટસ્થતા અને નનામી કે અનામીતા અંગે મેક્સવેબરના સમયથી ચિંતન શરૂ થયેલું છે.

→ ભારતીય સિવિલ સેવામાં આ ખ્યાલ 'બ્રિટિશ મોડેલ' પાસેથી મેળવવામાં આવ્યો છે.

→ બ્રિટિશ સંસદીય લોકશાહીમાં સિવિલ સેવકો માટે રાજકીય તટસ્થતા મહત્ત્વની બાબત ગણાઈ છે.

→ વહીવટશાસ્ત્રી એફ.એમ. માર્ક્સે તટસ્થતાનાં નકારાત્મક અને વિધેયાત્મક એમ બે પાસા બતાવ્યા છે.

→ તેમના મતે તટસ્થતાનો નકારાત્મક અર્થ એ સૂચવે છે કે સિવિલ સેવકો એ રાજકીય પક્ષાપક્ષીની ભાવનાથી પર રહીને સરકારના નીતિઘડતર અને નીતિઅમલમાં સહકાર આપવાનો છે.

→ વિધેયાત્મક તટસ્થતા એ બાબત શિસ્તબદ્ધપણે અને પૂર્વગ્રહરહિતપણે પ્રત્યેક સરકારને વફાદાર રહેવામાં છે.

→ આમ લોકશાહીમાં સિવિલ સેવકોની રાજકીય તટસ્થતાને લીધે તેમની કાર્યક્ષમતા વધે છે.

→ તેઓ બિનપક્ષપાતી બને છે, તેઓ સ્થિર અને અનામીતાપૂર્ણ રીતે ન્યાયીપણે સેવા આપી શકે છે.

→ સિવિલ સેવકોની નિષ્પક્ષતા કે તટસ્થતાનો આ ખ્યાલ ત્રિપક્ષીય વિશ્વાસ પર આધારિત છે : (અ) લોકોને એ વિશ્વાસ રહે છે કે સિવિલ સેવકો તેમને નિષ્પક્ષ રીતે સેવા આપશે. (બ) સત્તા ઉપર આવનાર કોઈ પક્ષની

સરકારને - પ્રધાનમંડળને - એ વિશ્વાસ રહે કે તેમના સિવિલ સેવકો વફાદારીપૂર્વક કામ કરશે. (ક) સિવિલ સેવકોને એ વિશ્વાસ રહે છે કે તેમને બઢતી આપતી વખતે રાજકીય પક્ષાપક્ષીને બદલે લાયકાતને ધ્યાનમાં લેવાશે.

→ આમ ત્રણેય પક્ષના વિશ્વાસથી સિવિલ સેવા તટસ્થપણે સેવા આપી શકે છે.

→ રાજકીય તટસ્થતા માટે કેટલાક દેશોના બંધારણમાં પણ પ્રતિબંધો મૂકાય છે.

→ આ પ્રતિબંધો પ્રમાણે સિવિલ સેવકો સરકારની નીતિ વિરુદ્ધમાં જાહેરમાં પ્રવચન આપી શકે નહિ, લેખ લખી શકે નહિ.

→ તેઓ સ્થાનિક સરકાર, પ્રાંતિક કે કેન્દ્રીય ધારાસભા ચૂંટણીઓમાં ઉમેદવારી કરી શકે નહિ અને કોઈ રાજકીય પક્ષનો પ્રચાર કરી શકે નહિ.

→ જોકે સામ્યવાદી રાજ્યોએ સિવિલ સેવકો માટે રાજકીય તટસ્થતાના ખ્યાલને સ્વીકાર્યો નથી.

→ બીજા વિશ્વયુદ્ધ પછી રાજકીય તટસ્થતાના આ ખ્યાલમાં પરિવર્તન આવ્યું છે.

→ આજે વિકસિત લોકશાહી દેશોમાં પણ નીતિઘડતરમાં ઉચ્ચ કક્ષાએ સિવિલ સેવકો ભાગીદાર બને છે ત્યારે સરકાર તેમને વિશ્વાસમાં લે છે.

→ વિકાસશીલ દેશો માટે તો સિવિલ સેવકો રાજકીય નેતૃત્વને સરકારની નીતિઘડતરમાં અને અમલમાં ઉપયોગી સૂચનો આપે તો તે જરૂરી મનાય છે.

→ આમ છતાં આજે પણ સિવિલ સેવકો ઉચ્ચ કક્ષાએ નીતિઘડતરમાં ભાગ લે પરંતુ સક્રિય રાજકારણથી પર રહે તે જરૂરી છે.

→ લોકશાહીની દૃષ્ટિએ તેઓ ચૂંટણીઓમાં મતદાન કરવાનો અધિકાર ધરાવે છે અને વ્યક્તિગત રીતે તેઓ રાજકીય પક્ષ માટે ગમા-અણગમાની લાગણી હોઈ શકે છે.

→ પરંતુ સરકારની વહીવટની સાતત્યતા માટે તેઓ નિષ્પક્ષપણે વર્તે તે આવકારદાયક અને જરૂરી છે.

→ સિવિલ સેવકો જે સેવા આપે છે તેમાં નનામી અભિગમ કે અનામીતાનો આગ્રહ એ તટસ્થતાને પોષક છે.

→ આ સાથે તેઓ લોકરંજક શૈલી ન અપનાવે.

→ કોઈ એક વિચારસરણી કે પ્રજાના સમૂહને પ્રિય થવા માટે પ્રયત્ન કરે તે માટે તેમના માટે અનામીપણાનું ધોરણ સ્વીકારાયું છે.

→ તેમણે સચિવાત્મક એકમ તરીકે કારોબારીને સલાહ આપવાની છે.

→ પરંતુ લીધેલ નિર્ણય માટે યશ કે અપયશનો અધિકાર રાજકીય નેતૃત્વને આપવાનો છે.

→ સિવિલ સેવકો રાજ્યવહીવટના અંગ તરીકે તટસ્થ અને અનામીપણે સેવા આપવી તે આદર્શ બાબત છે.

•



# ૪. નાણાકીય વ્યવસ્થા

- **"બધા જ ધંધા નાણાં ઉપર આધારિત હોય છે. તેથી કોષ ઉપર સંપૂર્ણ ધ્યાન આપવું જોઈએ."**
- **અંદાજપત્રની વિભાવના :**
- **નાણાકીય વ્યવસ્થા : અંદાજપત્રની વિભાવના, અંદાજપત્ર બનાવવું અને તેનું અમલીકરણ, હિસાબ અને હિસાબ તપાસણી**

→ જાહેર વહીવટ માટે નાણાકીય વ્યવસ્થા એ સ્વાભાવિક રીતે મહત્ત્વની બાબત ગણી શકાય. POSDCoRBમાં પણ આ જરૂરિયાતને સ્થાન અપાયેલ છે.

→ વિશ્વનો કોઈ પણ દેશ તે સમાજવાદી હોય કે મૂડીવાદી, લોકશાહી હોય કે સરમુખત્યારશાહી—નાણાકીય વ્યવસ્થા તેના જાહેર વહીવટ માટે પ્રાણરૂપ પ્રશ્ન હોય છે.

→ સરકારનું કોઈ પણ કાર્ય કરવા માટે નાણાકીય વ્યવસ્થાની જરૂર પડે છે.

→ તેથી નાણાકીય વ્યવસ્થા અંગે અર્થશાસ્ત્રીઓની જેમ જ વહીવટશાસ્ત્રીઓએ ગંભીરતાથી ચિંતન કરેલું છે.

- **અંદાજપત્રનો અર્થ :**

→ રાજ્યની નાણાકીય વ્યવસ્થાને ચોક્કસ સ્વરૂપ આપવાના પ્રયત્નોમાંથી અંદાજપત્ર પ્રણાલીનો જન્મ થયો છે.

→ અંદાજપત્ર માટે અંગ્રેજીમાં વપરાતો શબ્દ Budget ફ્રેન્ચ ભાષાના Bougette ઉપરથી ઊતરી આવ્યો છે, જેનો અર્થ ચામડાની થેલી જેવો થતો હતો.

→ ઈ.સ. 1733માં ફ્રેન્ચ નાણાપ્રધાન 'વોલપોલે' ધારાસભામાં નાણાકીય યોજનાના દસ્તાવેજ ચામડાની થેલી ખોલીને રજૂ કર્યા.

→ ત્યારે દેશની નાણાકીય યોજના માટે સૌપ્રથમ 'બજેટ' શબ્દ વપરાતો.

→ બ્રિટનમાં ઈ.સ. 1803માં બજેટ પ્રણાલીનો જન્મ થયો.

→ ભારતમાં બજેટને 'વાર્ષિક નાણાકીય દસ્તાવેજ જ કહે છે." અંદાજપત્રનો અર્થ સ્પષ્ટ કરતા માર્શલ ડીમોક જણાવે છે કે, "અંદાજપત્ર એક નાણાકીય યોજના છે જેમાં ગત વર્ષના નાણાકીય અનુભવનું ટૂંકમાં વર્ણન હોય છે તથા અગાઉના વર્ષની યોજના આપવામાં આવી હોય છે." વહીવટશાસ્ત્રી એફ.ડબલ્યુ. ટેઈલરના મતે, "અંદાજપત્ર એક નિશ્ચિત મુદ્દત માટે સરકારની નાણાકીય વ્યવસ્થા છે."

→ જોકે આજે જાહેર વહીવટમાં અંદાજપત્રનો વિસ્તૃત અર્થ કરવામાં આવે છે.

→ આજે અંદાજપત્રમાં સરકારની આવક અને ખર્ચાના અંદાજથી આગળ વધીને તેમાં રાજ્યની સમગ્ર નાણાકીય અને ભૌતિક પરિસ્થિતિ, વિકાસના વ્યૂહોની નાણામંત્રી દ્વારા સંસદમાં રજૂઆત થાય છે.

→ નાણામંત્રી અંદાજપત્રને પોતાની સરકારની નીતિ અને પોતાની સ્વવિવેકની સત્તા પ્રમાણે પરિવર્તિત કરવાની મોકળાશ ધરાવે છે.

→ અંદાજપત્ર અંગની ચોક્કસ જવાબદારી સંયુક્ત રાજ્ય અમેરિકામાં સંચાલન કાર્યાલય અને અંદાજપત્ર (OMB), બ્રિટનમાં ટ્રેઝરી અને ભારતમાં નાણાખાતાની ગણાય છે.

→ પ્રત્યેક રાજ્યમાં આ પ્રમાણે અંદાજપત્ર અંગની જવાબદારી ચોક્કસ હોવાથી અંદાજપત્ર બને છે.

→ તેમાં રજૂ કરાયેલ આંકડાઓ, અંદાજો અને માહિતી આધરભૂત છે.

→ એટલું જ નહિ આદર્શ અંદાજપત્રના જે ઉદ્દેશો રખાયા હોય છે તેની સિદ્ધિ માટે અંદાજપત્રના અમલ માટે પ્રામાણિકપણે પ્રયત્ન થાય છે.

- **અંદાજપત્રના સિદ્ધાંતો :**
  - → નાણાકીય સંચાલનના અસરકારક સાધન તરીકે અંદાજપત્ર કેટલાક સિદ્ધાંતો આધારિત હોય તે જરૂરી છે.
  - → આ સિદ્ધાંતોને આધારે ઘડાયેલ અંદાજપત્ર સંગીન અને અર્થપૂર્ણ હોય છે એમ હેરોલ્ડ સ્મીથનું કહેવું છે.
  - → આ સિદ્ધાંતો નીચે પ્રમાણે સમજાવી શકાય.

**(1) અંદાજપત્ર સમતુલિત હોવું જોઈએ :**

→ સામાન્ય રીતે એવી અપેક્ષા રખાય છે કે અંદાજપત્રમાં અનુમાનીત ખર્ચ રાજ્યના નાણાકીય ભંડોળ કે આવક કરતાં વધુ ન હોય. આવું અંદાજપત્ર સમતુલિત અંદાજપત્ર ગણાય છે.

→ તે રાજ્યની નાણાકીય સ્થિરતાને પ્રગટ કરે છે.

→ જ્યારે અપેક્ષિત ખર્ચ રાજ્યની આવક કરતાં અંદાજપત્રમાં ઓછો રખાયો હોય ત્યારે તે પુરાંતવાળું અંદાજપત્ર ગણાય છે. (Surplus budge) પરંતુ જ્યારે અપેક્ષિત ખર્ચ આવક કરતાં વધુ રખાય છે ત્યારે તે ખાધપૂરક અંદાજપત્ર (Deficit budget) ગણાય છે.

→ સમતુલિત અને પુરાંતવાળું અંદાજપત્ર સ્વાભાવિક રીતે આવકારદાયક ગણાય પરંતુ ખાધપૂરક અંદાજપત્ર પણ આજે ભારે ટીકાને પાત્ર ગણાતા નથી.

→ આજે રાજ્યે લોકકલ્યાણની અનેકવિધ પ્રવૃત્તિઓ કરવી પડે છે.

→ વળી આજે લોકોની રાજ્ય પ્રત્યેની અપેક્ષાઓ વધતી જાય છે.

→ તેથી સ્વાભાવિક રીતે વિશ્વમાં મોટા ભાગનાં રાજ્યોમાં અંદાજપત્ર ખાધપૂરક બનવાની શક્યતા ધરાવે છે.

**(2) અંદાજ ચોક્કક હોવો જોઈએ :**

→ અંદાજપત્રમાં રજૂ થતા અંદાજો ચોક્કસ હોવા જોઈએ.

→ કેટલીક વાર રાજકીય ઉદ્દેશથી અંદાજો ઇરાદાપૂર્વક જરૂર કરતાં નીચા રખાય છે.

→ પરંતુ એ નોંધવું જરૂરી છે કે જરૂર કરતાં ઓછા ખર્ચોનો અંદાજ સમગ્ર અંદાજપત્રની વ્યવસ્થાને અસમતુલિત બનાવે છે.

→ જ્યારે બીજી બાજુ વધુ પડતો અંદાજ પ્રજા પર વધુ પડતો કરબોજ નાંખનાર બને છે.

**(3) અંદાજપત્રીય એકતા :**

→ આ સિદ્ધાંતના સમર્થકોનું માનવું છે કે રાજ્યના સમગ્ર ખર્ચાઓ માટે એક જ અંદાજપત્ર હોવું જોઈએ. વિશિષ્ટ હેતુઓ માટે અલગ ખર્ચ અંગે અલગ નાણાં ફાળવવાની પ્રથાનો આ સિદ્ધાંત વિરોધ કરે છે.

→ આમ છતાં કેટલાક રાજ્યોમાં અપવાદરૂપે આ સિદ્ધાંતનો ભંગ થતો જણાય છે. દા.ત., ભારતમાં 1921માં રેલવે માટે વિશાળ નાણાકીય જોગવાઈની જરૂર પડેલી ત્યારથી રેલવેનું અલગ અંદાજપત્ર ચાલુ છે.

**(4) રદ થતી ગ્રાન્ટનો નિયમ :**

→ અંદાજપત્રમાં ધારાસભા દ્વાર મંજૂર થયેલા નાણાં માટેની માંગણી જે તે ખાતાએ ચોક્કસ સમયમાં જ કરવાની હોય છે.

→ ઉપરાંત મંજૂર થયેલ નાણાં જે તે વર્ષમાં જ ખર્ચવાના હોય છે.

→ તેમ કરવામાં જો કોઈ ખાતું નિષ્ફળ રહે તો તે ગ્રાન્ટ પરત કરવાની રહે છે.

**(5) પૂર્વ આદેશ :**

→ અંદાજપત્ર ચોક્કસ સમયે અને દિવસે કારોબારી દ્વારા ધારાસભામાં રજૂ થવું જોઈએ. આ અંદાજપત્ર એક વર્ષ માટે જરૂરી જણાતી માંગણીઓને સમાવતું હોય તે જરૂરી છે.

→ એમ ન થાય તો વધુ જરૂર માટે પૂરક અંદાજપત્ર રજૂ કરવું પડે છે.

→ આ સાથે અંદાજપત્રમાં રાજ્યના ભાવિ આર્થિક વિકાસ માટેની દૃષ્ટિ પણ હોય તે જરૂરી છે.

→ ધારાસભામાં અંદાજપત્ર ઉપર પૂરતી ચર્ચાવિચારણાને અંતે ધારાસભાની મંજૂરી બાદ અંદાજપત્રનો અમલ ચોક્કસ સમય અને દિવસથી થાય છે.

→ પ્રત્યેક રાજ્ય પોતાના અંદાજપત્રને અર્થપૂર્ણ બનાવવા માટે આ સિદ્ધાંતોનો વત્તેઓછે અંશે અમલ કરે છે.

**▸▸ અંદાજપત્રનું ઘડતર અને તેનો અમલ :**

→ અંદાજપત્રના ઘડતરનાં મુખ્યત્વે બે પાસાં છે : પ્રથમ અંદાજોની તૈયારી, બીજું નાણાકીય અધિનિયમની રચના. જેમાં અંદાજોને ધારાસભામાં પ્રસ્તુત કરવા તથા ધારાસભમા દ્વારા તેની સ્વીકૃતિ મહત્ત્વની બાબત છે.

→ અંદાજપત્રની રચના કે ઘડતરની પ્રક્રિયા જુદા જુદા દેશોમાં જુદા જુદા સ્વરૂપની જણાય છે.

→ આપણે અત્રે ત્રણ મુખ્ય લોકશાહી દેશોન સંદર્ભમાં તેનો વિચાર કરીશું.

**(અ) અંદાજોની તૈયારી :**

→ અંદાજપત્રના ઘડતરનો પ્રારંભ મુખ્ય કારોબારી દ્વારા નાણાકીય નીતિના સ્વરૂપો થાય છે.

→ અંદાજપત્રના અંદાજો આ નીતિના સંદર્ભમાં તૈયાર થાય છે.

**(1) ભારતમાં અનુમાનોની તૈયારી :**

→ ભારતમાં અંદાજપત્ર ઘડતરની જવાબદારી નાણાં ખાતાની છે.

→ તેમને આયોજનપંચ અને એકાઉન્ટન્ટ જનરલના કાર્યાલય મદદ કરે છે.

→ ભારતમાં નાણાકીય વર્ષ 1 એપ્રિલથી 31 માર્ચ સુધીનું ગણાય છે.

→ અંદાજોની તૈયારીનું કામ જુલાઈ કે ઓગસ્ટ મહિનામાં શરૂ થાય છે.

→ આ માટે નાણાં ખાતું જુદા જુદા ખાતાઓને એક પરિપત્ર મોકલે છે જેના પ્રમાણે પ્રત્યેક ખાતા (રેલવે ખાતા સિવાય) આગામી વર્ષ માટે પોતાના ખાતા માટેના અંદાજો તૈયાર કરે છે.

→ ચોક્કસ ફોર્મમાં ખાતાની સ્થાનિક શાખાઓથી અંદાજો તૈયાર થઈને ખાતાના વડા પાસે પહોંચે છે.

→ પોતાના ખાતાને થનારી આવકના સંદર્ભમાં વહીવટી દૃષ્ટિએ ખાતાના વડા અંદાજોની પ્રાથમિક ચકાસણી કરે છે.

→ ત્યાર બાદ જરૂરી સુધારા સાથે ઓક્ટોબર માસની શરૂઆતમાં આ અંદાજો એકાઉન્ટન્ટ જનરલને સોંપાય છે.

→ અહીં તમામ ખાતાઓના અંદાજોની પુનઃચકાસણી કરીને નવેમ્બર માસની મધ્યમાં અંદાજો નાણાં ખાતાને સોંપાયા છે.

→ નાણા ખાતું આ તમામ અંદાજોની કરકસરના દૃષ્ટિકોણથી ફરીથી ચકાસણી કરી ડિસેમ્બર માસમાં અંદાજપત્ર તૈયાર કરે છે.

→ જાન્યુઆરી માસમાં કેબિનેટની સંમતિ મેળવીને ફેબ્રુઆરી મહિનાના છેલ્લા દિવસે સંસદમાં નાણાપ્રધાન અંદાજપત્ર રજૂ કરે છે.

**(2) ગ્રેટ બ્રિટનમાં અંદાજોની તૈયારી :**

→ ગ્રેટ બ્રિટનમાં અંદાજો તૈયાર કરવાનું કાર્ય ટ્રેઝરીના નિરીક્ષણ નીચે થાય છે.

→ અહીં નાણાકીય વર્ષ 1 એપ્રિલથી શરૂ થાય છે અને નવા અંદાજપત્ર માટના અંદાજો તૈયાર કરવાનું કામ 1 ઓક્ટોબરથી સરકારના પ્રત્યેક ખાતા શરૂ કરે છે.

→ ટ્રેઝરીની સૂચનાઓ પ્રત્યેક ખાતા પોતાના ખર્ચ અને આવકના અંદાજો તૈયાર કરીને 15મી જાન્યુ. સુધીમાં ટ્રેઝરીને મોકલે છે.

→ ટ્રેઝરી આ અંદાજોની ઝીણવટપૂર્વક ચકાસણી કરીને અંદાજપત્ર તૈયાર કરે છે.

**(3) સંયુક્ત રાજ્ય અમેરિકામાં અંદાજોની તૈયારી :**

→ સંયુક્ત રાજ્ય અમેરિકામાં અંદાજપત્રના અનુમાનોની તૈયારી સંચાલન કાર્યાલય અને અંદાજપત્રના માધ્યમથી પ્રમુખ કરે છે. OMBના અધ્યક્ષ પ્રમુખ સાથે નાણાકીય નીતિની ચર્ચાવિચારણા કરીને જૂન મહિનામાં અંદાજો તૈયાર કરવા પ્રત્યેક ખાતાઓની જરૂર સૂચનો આપે છે.

→ ખાતાકીય અંદાજો તૈયાર થઈને સંચાલનકાર્યાલય અને અંદાજપત્ર OMB સમક્ષ સપ્ટેમ્બર માસમાં આવે છે.

→ અહીં અંદાજોની ઝીણવટભરી ચકાસણી થાય છે.

→ ત્યાર બાદ તમામ ખાતાઓના અંદાજો અંગેની ભલામણો બ્યૂરો એક વિશેષ સમિતિ સમક્ષ રજૂ કરે છે.

→ અહીં પૂરતી વિચારણા બાદ અંદાજપત્ર તૈયાર કરી પ્રમુખ પાસે રજૂ કરે છે.

→ જાન્યુઆરી માસના અંતિમ દિવસે આ અંદાજપત્ર કોંગ્રેસ સમક્ષ પ્રમુખના સંદેશા સાથે રજૂ કરવામાં આવે છે.

**(બ) અંદાજપત્રીય અધિનિયમ :**

→ લોકશાહી પ્રથામાં સરકારની આગામી વર્ષની આવક અને ખર્ચના અંદાજો તૈયાર થયા પછી પ્રજાના પ્રતિનિધિઓ (ધારાસભા) દ્વારા તેને સ્વીકૃતિ મળે છે.

**(1) ભારતમાં અંદજપત્રીય અધિનિયમ :**

→ ભારતના બંધારણની જોગવાઈ પ્રમાણે રાષ્ટ્રપતિ વતી વડાપ્રધાન ભારતની પ્રથમગૃહ લોકસભામાં પ્રતિવર્ષ ફેબ્રુઆરી માસના છેલ્લા દિવસે સવારે 11 કલાકે (પહેલા સાંજે 5 વાગે) રજૂ કરે છે.

→ આ સમયે નાણાપ્રધાન પોતાના પ્રવચનમાં ચાલુ અને આગામી નાણાકીય વર્ષનું ચિત્ર રજૂ કરે છે.

→ તેમાં કરવેરા સંબંધી પ્રસ્તાવો, ખેતી અને ઉદ્યોગોને રક્ષણ તથા આગામી વર્ષ માટે સરકારની નીતિની ઝલક જોવા મળે છે.

→ સંસદમાં અંદાજપત્ર રજૂ થયા પછી એકાદ અઠવાડિયા પછી સ્પીકરે નક્કી કરેલ તારીખે અંદાજપત્ર ઉપર સામાન્ય ચર્ચા થાય છે.

→ જેમાં અંદાજપત્ર પાછળની નીતિવિષયક બાબત અંગે ચર્ચા થઈ શકે છે.

→ આ માટે ગૃહના નેતા સ્પીકર સાથે 26 દિવસ નક્કી કરે છે.

→ આમ છતાં ચર્ચા પૂરી નન થાય તોપણ મતદાન માટે નક્કી થયેલ દિવસે અંદાજપત્રની તમામ માંગણીઓ મતદાન માટે મૂકાય છે.

→ આ સમયે વિરોધપક્ષ અંદાજપત્રમાં માંગેલ રકમમાં કાપ મૂકતી દરખાસ્ત મૂકી શકે છે અને આવી દરખાસ્ત સરકારના વિરોધ વચ્ચે પસાર થઈ જાય તો તે અવિશ્વાસની દરખાસ્ત પુરવાર થાય છે.

→ આમ થાય તો સરકારે રાજીનામું આપવું પડે.

→ લોકસભામાં ખાતાકીય માંગણીઓ મંજૂર થયા પછી તેને એક નાણા વિનિયોગ ખરડા (Appropriation bill) સ્વરૂપે સામાન્ય ખરડાની જેમ લોકસભામાંથી પસાર કરી સ્પીકરના પ્રમાણપત્ર સાથે રાજ્યસભામાં મોકલાય છે.

→ રાજ્યસભા આ બિલને રોકી શકતી નથી.

→ જરૂર જણાય તો 14 દિવસમાં ભલામણો સાથે લોકસભાને મોકલે છે.

→ પરંતુ લોકસભા તે ભલામણો સ્વીકારવા બંધાયેલ નથી.

→ રાજ્યસભા ખરડો પરત ન મોકલે તો રાષ્ટ્રપ્રમુખને સહી માટે મોકલાય છે.

→ તેમની સહી થથાં તે 'નાણાવિનિયોગ કાયદા'નું સ્વરૂપ ધારણ કરે છે.

→ આ કાયદાથી સરકારને સંચિતનિધિમાથી સંસદે મંજૂર કરેલ રકમ ઉપાડવાની મંજૂરી મળે છે.

→ આ સાથે લોકસભામાં નાણાકીય ખરડો (Finance bill) રજૂ કરાય છે જેમાં નવા કરવેરા નાંખવાની અને ઉઘરાવવાની દરખાસ્ત હોય છે.

→ આ ખરડો પણ નાણાવિનિયોગ ખરડાની જેમ સંસદનાં બંને ગૃહોમાંથી પસાર થયા પછી તેના ઉપર રાષ્ટ્રપ્રમુખની સહી થતાં તે નાણાકીય કાયદો બને છે.

→ આમ અંદાજપત્રના ખર્ચ અને આવક બંને પાસાં કાયદાનું સ્વરૂપ મેળવે છે.

**(2) ગ્રેટ બ્રિટનમાં અંદાજપત્ર અધિનિયમ :**

→ ગ્રેટ બ્રિટનમાં બંધારણની રૂએ તાજવતી નાણાપ્રધાન આમસભામાં ફેબ્રુઆરી માસની મધ્યમાં અંદાજપત્ર રજૂ કરે છે. આમસભા (House of Common) પૂર્તિ સમિતિ સ્વરૂપે અંદાજપત્ર ઉપર ચર્ચાવિચારણા કરે છે.

→ આ પૂર્તિ સમિતિ દ્વારા પસાર થયેલ નાણાકીય પ્રસ્તાવ ગૃહને પાછો મોકલવામાં આવે છે, જે વિનિયોગ ખરડા સ્વરૂપે તૈયાર થાય છે.

→ આ ખરડામાં નાણાકીય વર્ષ દરમિયાન પ્રત્યેક ખાતું કેટલો ખર્ચ કરશે તેની વિચારણા થાય છે.

→ આમસભામાં સમ્રાટે માંગેલી રકમમાં વૃદ્ધિ કરી શકાતી નથી.

→ ખાતાઓએ માંગેલ રકમમાં વિરોધપક્ષ કાપની દરખાસ્ત મૂકી શકે છે.

→ તે જો પસાર થાય તો સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત ગણાતા સરકારે રાજીનામું આપવું પડે છે.

→ અહીં પૂર્તિ સમિતિને સંચિતનિધિમાંથી રકમ ઉપાડવાનો અધિકાર નથી.

→ આ માટે આમસભાની એક અન્ય સમિતિ ઉપાય અને સાધન સમિતિને સોંપાય છે.

→ આ સમિતિ અંદાજપત્ર પસાર થતાં સરકારને સંચિતનિધિમાંથી ખર્ચની રકમ ઉપાડવાનો અધિકાર આપે છે.

→ આ જ સમિતિ કરવેરા કે દેવા દ્વારા આવક મેળવવાના પ્રસ્તાવ ઉપર વિચારણા કરે છે.

→ આ સમિતિ દ્વારા સ્વીકારાયેલ પ્રસ્તાવો આમસભા સમક્ષ નાણાકીય ખરડા સ્વરૂપે રજૂ થાય છે.

→ આમસભામાંથી પસાર થયેલ નાણાકીય ખરડો ઉમરાવ સભાને મોકલાય છે.
→ અહીં ફણ ખરડો પસાર થતાં તે સમ્રાટને સહી માટે મોકલાય છે.
→ સમ્રાટની સહી થતાં તે નાણાકીય કાયદો બને છે.
→ ગ્રેટ બ્રિટનમાં અંદાજપત્ર અને સમગ્ર નાણાકીય જવાબદારી ટ્રેઝરી-રાજકોષની ગણાય છે.
→ આ ટ્રેઝરીના અધ્યક્ષ ઔપચારિક સ્વરૂપે વડાપ્રધાન હોવા છતાં તેમાં વાસ્તવિક જવાબદારી નાણાપ્રધાનની હોય છે.
→ નાણાપ્રધાનને મદદરૂપ થવા (અ) સ્થાપના વિભાગ, (બ) પૂર્તિ વિભાગ અને (ક) નાણાકીય વિભાગ હોય છે.
→ બ્રિટનમાં નાણાકીય વહીવટમાં આ ટ્રેઝરીનું નિરીક્ષણ અને નિયંત્રણની વ્યાપક સત્તા હોય છે.

**(3) સંયુક્ત રાજ્ય અમેરિકામાં અંદાજપત્ર અધિનિયમ :**

→ સંયુક્ત રાજ્ય અમેરિકામાં અંદાજપત્રના અંદાજો પ્રમુખ દ્વારા પ્રતિનિધિસભાને મોકલાય છે.
→ પ્રતિનિધિસભા આ અંદાજો વિનિયોગ સમિતિને સોંપે છે.
→ આ સમિતિ સરકારના વિવિધ ખાતાઓના અંદાજોની ચકાસણી માટે પેટાસમિતિઓ નીમે છે.
→ આ સમિતિ અંદાજોમાં જરૂરી ફેરફાર કરી શકે છે.
→ આ સમિતિઓ ચર્ચા વિચારણાને અંતે વિનિયોગ ખરડાના રૂપમાં તેને પ્રતિનિધિસભા સમક્ષ રજૂ કરે છે.
→ જો બંને ગૃહો વચ્ચે અંદાજપત્ર અંગે અવરોધ ઊભો થાય તો બંને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવવામાં આવે છે.
→ બંને ગૃહોમાંથી વિનિયોગ ખરડો પસાર થયા પછી રાષ્ટ્રપ્રમુખની સહી માટે મોકલાય છે.
→ અપવાદરૂપ સંજોગો સિવાય રાષ્ટ્રપ્રમુખ તેમાં સહી કરે જ છે.
→ કોંગ્રેસ કેવળ ખર્ચની અનુમતી જ નથી આપતી પરંતુ તે કરવેરા અંગે પણ જરૂરી ફેરફાર કરે છે.
→ નાણાકીય ખરડો પણ નાણા વિનિયોગ ખરડાની જેમ જ પસાર થઈને કાયદો બને છે.
→ અહીં એ નોંધવું જરૂરી છે કે અમેરિકામાં અંદાજપત્ર ઘડનારા એકમો વચ્ચે સંકલન ઓછું છે.
→ અત્યારે અંદાજપત્રની જે પ્રક્રિયા છે તે 1921થી અમલી બની છે.

**⏩ અંદાજપત્રનું અમલીકરણ :**

→ અંદાજપત્રની કાનૂની સ્વરૂપ ધારણ કરે પછી તેનો અમલ મહત્ત્વની બાબત બને છે.
→ અંદાજપત્રનો અમલ એ કારોબારીની કામગીરીમાં આવે છે.
→ અંદાજપત્રના અમલમાં બે બાબતોનું ખાસ ધ્યાન રખાય છે : (અ) તે વિનિયોગ અધિનિયમ પ્રમાણે થાય. (બ) નાણાકીય ખર્ચ પ્રામાણિકતા, કાર્યક્ષમપણે અને કરકસરપૂર્વક થાય.

**⏩ ભારતમાં અંદાજપત્રનો અમલ :**

→ ભારતમાં અંદાજપત્રનો અમલ કરતી વખતે કારોબારી એ બાબતનો ખાસ ખ્યાલ રાખે છે કે સંસદે અંદાજપત્રના નક્કી કરેલ ધ્યેયોને પ્રાપ્ત કરવા પ્રામાણિકતાપૂર્વક પ્રયત્ન થાય.
→ આ સંસદે નક્કી કરેલ નાણાકીય મર્યાદાઓનું ઉલ્લંઘન ન થાય.
→ ભારતમાં અંદાજપત્રનો અમલ નીચે પ્રમાણે થાય છે.

**(અ) કરનિર્ધારણ :**

→ સંસદ દ્વારા પ્રાપ્ત નાણાકીય સત્તા પ્રમાણે નાણાખાતું ભારતમાં લોકો પાસેથી કર કેવી રીતે વસૂલ કરવા તેની વ્યવસ્થા કરે છે.
→ આ માટે કર એકત્ર કરવાની રીત કરનાર સ્વરૂપ પ્રમાણે હોય છે.
→ જેમ કે આયાત કરની વસૂલાત ત્યાં જ થાય છે જ્યાં આયતી સામાન પ્રવેશતો હોય કે એકત્ર થતો હોય, તેવી જ રીતે આવકવેરો નોકરિયાતોને તેના પગારમાંથી જ કાપવામાં આવે છે.
→ નોકરિયાત સિવાયના લોકોને આ વેરો જાતે ભરવાનો રહે છે.
→ ઉપરાંત ભારતમાં કેન્દ્ર અને એકમ રાજ્યોમાં નાણામંત્રીને આધીન રેવન્યુ વિભાગ હોય છે.
→ તે મહેસૂલ (Revenue)નો નિર્ણય કરવાનું, તેને એકત્ર કરવાનું અને તેના પર નિયંત્રણ રાખવાનું કાર્ય કરે છે.

**(બ) ફંડની સુરક્ષા :**

→ કરવેરા દ્વારા નાણા પ્રાપ્ત થાય છે ત્યારે નાણાકીય ભ્રષ્ટાચાર ન થાય અને ચૂકવણી સમયસર થઈ શકે તે બાબતની કાળજી લેવાય છે.

→ પ્રાચીન સમયમાં રાજકોષને મજબૂત સંદૂકોમાં રાખી સચવાતો.

→ પરંતુ આધુનિક બેંકિંગ પ્રણાલીએ રાજકોષની જાળવણી સુરક્ષિત બનાવી છે.

→ ભારતમાં રીઝર્વ બેન્ક અને ટેસ્ટ બેન્ક આ કાર્ય કરે છે.

→ આ ટ્રેઝરી અને સબટ્રેઝરી સરકારના આવક-જાવકના હિસાબો તૈયાર કરવામાં અને જાળવણીમાં ઉપયોગી બને છે.

→ તેના દૈનિક હિસાબો તૈયાર થતા હોય છે અને રાજ્યના એકાઉન્ટન્ટ જનરલને મહિનામાં બે વાર અહેવાલ સૂચિબદ્ધ અને વર્ગીકૃત રીતે તૈયાર કરીને મોકલાય છે.

**(ક) ફંડની ચૂકવણી :**

→ ભારતમાં નાણા ખાતું સરકારી દેવાઓની ચૂકવણી માટે પ્રત્યેક ખાતાકીય અધ્યક્ષોને તેમના ખાતાઓના ખર્ચ માટે નિયંત્રક અધિકારીની સત્તા આપે છે.

→ આ ખાતાકીય અધિકારીઓ ચુકવણી અધિકારીઓને અનુદાનની સૂચના અંદાજપત્ર પસાર થયા પછી તરત જ આપે છે.

→ આ અનુદાન ખાતાકીય પ્રવૃત્તિ અને કર્મચારીઓના પગાર તથા આકસ્મિક ખર્ચ એવા જુદા જુદા શીર્ષક નીચે વહેંચવામાં આવે છે.

→ ચૂકવણી અધિકારી વિભાગીય ખર્ચની સંપૂર્ણ જવાબદારી ધરાવતા હોય છે.

→ તેથી તેઓ ખર્ચાનાર નાણા અધિકૃત વ્યક્તિ કે અધિકૃત સંસ્થા દ્વારા થઈ રહ્યા છે કે કેમ તે જોવાની, ખર્ચની મર્યાદા તપાસવાની વગેરે બાબતની કાળજી લે છે.

→ આ વિવિધ બાબતોના લેણદેણના હિસાબોનો અહેવાલ તેઓ ખાતાકીય અધ્યક્ષને અને એકાઉન્ટન્ટ જનરલને મોકલે છે.

→ આ હિસાબોના ઓડિટની પણ ચોક્કસ વ્યવસ્થા હોય છે જેનો વિચાર આપણે આગળ ઉપર કરીશું.

→ એપલીલી સમિતિનું એ માનવું હતું કે નાણા ખાતાએ અંદાજપત્રના પ્રસ્તાવો એવી વિચારણાથી તૈયાર કરવા જોઈએ કે તેના અમલ અંગે નાણા ખાતાના નિમંત્રણની ખાસ જરૂર ન પડે.

→ ગોરવાલા સમિતિએ આ બાબતને બીજી રીતે સમજાવતા જણાવ્યું છે કે નાણા ખાતાનું નિયંત્રણ જરૂરી હોય ત્યાં રહે.

→ પરંતુ નાની નાની બાબતોમાં હસ્તક્ષેપ ન થવો જોઈએ.

**⏩ ગ્રેટ બ્રિટનમાં અંદાજપત્રનું અમલીકરણ :**

→ ગ્રેટ બ્રિટનમાં ટ્રેઝરી દ્વારા અંદાજપત્રના અમલ માટે ખાતના હિસાબ અધિકારીની નિમણૂક કરવામાં આવે છે.

→ ખાતાકીય વડાની સહાય માટે એક નાણાકીય અધિકારી હોય છે.

→ ટ્રેઝરીનાં પ્રતિનિધિ હોય છે.

→ આવશ્યકતા ઊભી થાય તો વિભાગીય વડાની નાણાકીય અધિકારોની મંજૂરી સિવાય કામ કરી શકે છે.

→ પરંતુ આ માટે તેમણે ઓડિટર જનરલનને સંબંધિતદ પત્રોની તપાસ કરાવવી પડે છે.

→ આમ બ્રિટનમાં નાણાકીય અધિકારી સતત ટ્રેઝરીના સંપર્કમાં હોય છે.

→ આમ છતાં નાણાકીય નિયંત્રણ ખાતાની અંદર જ કામ કરે છે.

→ તેના લીધે વહીવટ અને નાણાકીય બાબતો પરસ્પરની પૂરક કહે છે.

**⏩ સંયુક્ત રાજ્ય અમેરિકમાં અંદાજપત્રનો અમલ :**

→ સંયુક્ત રાજ્ય અમેરિકામાં સત્તાવિશ્વેષણના સિદ્ધાંતના અમલને લીધે કારોબાર ધારાસભા (કોંગ્રેસ)ને જવાબદાર નથી.

→ આમ છતાં બ્યૂરો ઓફ ધ બજેટ, કોંગ્રેસ અને ઓડિટર જનરલ અંદાજપત્રના અમલ ઉપર નિરીક્ષણ અને નિયંત્રણ રાખે છે.

→ અહીં કોંગ્રેસ અંદાજપત્રના અમલ માટે કેટલીક શરતો અને સૂચનાઓ વિવિધ ખાતાઓને મોકલી શકે છે.


GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

→ પરંતુ વહીવટ ખર્ચ ઉપર પ્રમુખનું નિરીક્ષણ અને નિયંત્રણ વિશેષ હોય છે. રાષ્ટ્રપ્રમુખ વિવિધ ખાતાઓના ઉચ્ચ અધિકારીઓની નિમણૂક દ્વારા અને ધ 'સંચાલન કાર્યાલય અને અંદાજપત્ર (OMB)' દ્વારા અંદાજપત્રના અમલમાં અંદાજપત્રમાં મહત્ત્વનું યોગદાન આપે છે.

→ અહીં હુઅર કમિશનરના કાર્યસિદ્ધિ અંદાજપત્ર (Performance Budge)ના 1949ના અહેવાલ પછી પ્રમુખે બ્યુરો ઓફ ધ બજેટ દ્વારા વહીવટમાં વ્યાપારી પ્રાણાલી અને સ્થિતિસ્થાપકતા સ્વીકારીને વહીવટને કાર્યક્ષમ બન્યો છે.

## હિસાબ :

→ કોઈ પણ વહીવટ હિસાબ એ મહત્ત્વની બાબત છે.

→ જાહેર વહીવટમાં વપરાતા નાણાં એ લોકોના નાણાં હોવાથી તેના ખર્ચના હિસાબનું મહત્ત્વ વિશેષ હોય છે.

→ જાહેર વહીવટમાં હિસાબનો ખાસ હેતુ એ હોય છે કે અંદાજપત્રનો અમલ બરોબર થઈ રહ્યો છે કે કેમ તેની જાણકારી મળે.

→ હિસાબનો અર્થ સ્પષ્ટ કરતાં વહીવટશાસ્ત્રી ઓ.કે. ફ્રાન્સીસ જણાવે છે કે, "હિસાબ વહીવટ માટે જરૂરી નાણાકીય સ્થિતિઓ અને ક્રિયાઓથી સંબંધિત તથ્યોને મેળવવા અને સ્પષ્ટ રૂપે પ્રસ્તુત કરવાનું વિજ્ઞાન છે." ટૂંકમાં હિસાબી નાણાકીય રેકોર્ડ જાળવી શકાય છે.

→ નાણાકીય વહીવટમાં રહેલ અધિકારીઓની વિશ્વનીયતા તપાસી શકાય છે.

→ તથા નીતિનિર્માણ અને વહીવટી કાર્યો માટે નાણાકીય સ્થિતિ અને પ્રક્રિયા માટે સૂચનાઓ આપી શકાય છે.

→ તે નાણાકીય નિયંત્રણનું એક અતિ અગત્યનું સાધન છે.

→ તેનાથી કેટલા નાણા ખર્ચાયા અને ક્યા કામ માટે ખર્ચાયા તે જાણી શકાય છે.

## ભારતમાં જાહેર હિસાબ :

→ ભારતમાં જાહેર વહીવટ હિસાબ માટે 'હિસાબ અને હિસાબ પરીક્ષણ વિભાગ' નામના ખાતાની રચના થયેલી છે.

→ આ ખાતાના વડાને મહાનિયંત્રક અને હિસાબ પરીક્ષક (Comptroller and Auditor General) નામે ઓળખવામાં આવે છે.

→ તેમનો હોદ્દો બંધારણીય છે અને તેઓ કારોબારીથી સ્વતંત્ર ગણાય છે.

→ તેમને મદદ કરવા માટે પ્રત્યેક એકમ રાજ્યમાં મુખ્ય હિસાબ અધિકારી (Accountant General) હોય છે.

→ તેમનું કામ એકમ રાજ્ય સરકારની નાણાકીય લેવડદેવડ ઉપરાંત કેન્દ્ર સરકાર સાથે તે એકમ રાજ્યના નાણાકીય વ્યવહારોનો હિસાબ રાખવાનું હોય છે.

→ ભારત કરતાં ગ્રેટ બ્રિટનની જાહેર હિસાબ પ્રણાલી જુદી છે.

→ અહીં પ્રત્યેક ખાતાના વડા હિસાબ રાખે છે અને તે તેના માટે જવાબદાર ગણાય છે.

→ ભારતમાં જાહેર હિસાબ પ્રણાલીનું મૂળભૂત એકમ ટ્રેઝરી (Treasury) છે. કેન્દ્ર સરકાર અને એકમ રાજ્ય સરકારના જિલ્લા કક્ષાએ નાણાકીય લેવડ-દેવડના હિસાબોમાં ટ્રેઝરી મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

→ અલબત્ત ટ્રેઝરી પ્રાથમિક સ્તરે હોય છે.

→ આગળ ઉપર સ્ટેટ બેન્ક અને રીઝર્વ બેન્ક મહત્ત્વની બની રહે છે.

→ ટ્રેઝરી અધિકારીએ પોતાના કાર્યાલયનો હિસાબ એક માસમાં બે વાર એકાઉન્ટન્ટ જનરલને મોકલવાનો રહે છે.

→ અહીં વસૂલાત અને ચૂકવણીના શીર્ષક પ્રમામે હિસાબોને વર્ગીકૃત કરાય છે.

→ હિસાબના મુખ્ય ચાર પ્રકર છે : મહેસૂલ હિસાબ, મૂડીગત હિસાબ, દેવા સંબંધિ હિસાબ તથા ચૂકવણી સંબંધી હિસાબ.

→ આ વર્ગીકૃત હિસાબોને ફરીથી સી.એ.જી.ના કાર્યાલયમાં ચકાસવામાં આવે છે.

→ ત્યાર બાદ તેનું સંકલન થાય છે અને બીજા મહિનાના અંત સુધીમાં સરકારને મોકલાય છે.

→ રાજ્ય કક્ષાએ રાજ્યપાલને અને કેન્દ્રસ્તરે પ્રમુખને વાર્ષિક હિસાબોનો અહેવાલ આગલા વર્ષના જાન્યુ-ફેબ્રુ. સુધીમાં અપાય છે તે અનુક્રમે ધારાસભામાં અને સંસદમાં રજૂ કરાય છે.

## ⏩ હિસાબ તપાસણી :

→ વહીવટશાસ્ત્રીઓના મતે રાજ્યવહીવટમાં હિસાબ તપાસણીની પ્રણાલીનો વિકાસ ગ્રીસ, રોમ અને ઇજિપ્તના સામ્રાજ્યોના વિકાસની સાથે થયો છે. ભારતનો વિચાર કરીને તો ભારતમાં કૌટિલ્યનું અર્થશાસ્ત્ર અને તેથી વધુ શુક્રાચાર્યનું નીતિસાર સરકારી ખર્ચના હિસાબ અને તપાસ (ઓડિટ) અંગેની વ્યવસ્થાના નિયમોનો ઉલ્લેખ કરે છે.

→ હિસાબ તપાસણી લોકશાહી રાજ્યની નાણાવ્યવસ્થા ઉપર ધારાસભના નિયંત્રણનું અગત્યનું સાધન છે.

→ ભારતના માજી કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ શ્રી એ.કે. નંદા ઓડિટનો અર્થ સ્પષ્ટ કરતાં કહે છે કે, "...તેનો હેતુ નીતિનિયમોમાં રહેલી ખામીઓ અને તેના પાલનમાં થતી ભૂલ વહીવટતંત્રના ધ્યાનમાં લાવવાનો છે.

→ તેમજ યોજનાોનો અમલ વધુ ઝડપથી, કાર્યક્ષમતાથી એઅને કરકસરથી કરવા માટેના શક્ય માર્ગો દર્શાવવાનો છે." જેમ્સ સી. ચાલ્સવર્થના મતે, "હિસાબ તપાસ એ જાણવાની પ્રક્રિયા છે કે શું વહીવટતંત્રને ધારાસભા દ્વારા સ્વીકૃત નાણાંને તેની શરતો અનુસાર ખર્ચ કર્યો છે કે નહીં ?"

→ આજે હિસાબ તપાસનો અર્થ વધુ વિશાળ અર્થમાં કરવામાં આવે છે.

→ આજે ખર્ચ પાછળ માત્ર નિયમપાલન કે ભ્રષ્ટાચારની શક્યતાની તપાસનો હેતુ હોવાને સ્થાને કર્મચારીએ કરેલ ખર્ચ બુદ્ધિમત્તાપૂર્ણ, કર્તવ્યનિષ્ઠાથી અને કરકસરપૂર્વક કર્યો છે કે નહીં તે પણ જોવાય છે.

## ⏩ ભારમાં ઓડિટ પ્રથા :

→ ભારતમાં હિસાબ તપાસ વિભાગની રચના ઈ.સ. 1753માં થઇ હતી.

→ ઈ.સ. 1919ના મોન્ટેગ્યુ ચેમ્સફર્ડ સુધારા સાતે આ વિભાગને સ્વતંત્ર સ્થાન મળ્યું. 1935ના અધિનિયમથી તેનું ક્ષેત્ર વિસ્તારવામાં આવ્યું હતું.

→ સ્વત્રતંતા બાદ 1947માં આ ધારામાં સુધારો કરીને આ વિભાગને વધુ સત્તા આપવામાં આવી છે. 1950માં એકાઉન્ટન્ટ જનરલના હોદ્દાને બંધારણમાં સ્થાન આપી તેમના હોદ્દાને કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ તરીકે સ્વીકારવાનું નક્કી થયું છે.

→ તેમને સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશની સમકક્ષ સ્થાન અપાયું છે.

→ ભારતનો હિસાબ તપાસ વિભાગ વહીવટી ખર્ચને કાનૂની દૃષ્ટિએ યોગ્યતા તપાસે છે તે સાથે ખર્ચની યોગ્યતાને તપાસી શકે છે.

→ આ ઓડિટ કારોબારી વતી થાય છે.

→ ભારતમાં હિસાબ અને હિસાબ તપાસ-ઓડિટ બંને કામ એક જ વિભાગની સેવાનું કેન્દ્રીકરણ થયેલું છે.

→ એટલે કે ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ કેન્દ્ર અને એકમ રાજ્ય સરકારના બંનેના હિસાબો તપાસે છે અને તેના ઉપર નિયંત્રણ રાખે છે.

→ ઓડિટ કે હિસાબ તપાસના અધિકારની બહાર ભારતમાં કેટલાંક ક્ષેત્રો રખાય છે. જેમકે (અ) ગુપ્ત સેવા ઉપરનો ખર્ચ (આ માટે ગૃહખાતાનું પ્રમાણપત્ર આધારભૂત ગણાય છે.)

→ (બ) આંતરરાષ્ટ્રીય સંગઠનોને અપાયેલ દાન (ક) સ્વતંત્ર સંસ્થાઓને અપાતું દાન જો તે વાર્ષિક એક લાખથી ઓછી રકમનું પુનરાવર્તિત હોય અથવા 5 લાખથી વધુ હોય પરંતુ ભિન્ન-પુનરાવર્તિત (non-recuring) હોય.

→ (ડ) સ્થાનિક એકમોને અપાયેલ અનુદાનનું ઓડિટ સ્થાનિક હિસાબ તપાસ અધિકારી દ્વારા ઓડિટ થયેલું છે.

→ ડો. પોલ એચ. એપલીબીએ ભારતની ઓડિટપ્રથાની તેમના રિપોર્ટમાં ટીકા કરતાં કહ્યું હતું કે, "સ્વતંત્રતાની પહેલી ચમક-દમકમાં ભારતીય પ્રધાનોએ કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની કોઇ પરવા કરી નથી અને મર્યાદાઓ તરત જ સ્પષ્ટ થઇ ગઇ છે.

→ આ સ્થિતિને સુધારવા પ્રયત્ન થયો છે.

→ પરંતુ જૂના અવરોધક પ્રભાવો પુનઃજિવિત થયા છે અને મજબૂત થયા છે."

→ તેમણે આગળ એ પણ કહ્યું કે, "સંસદ કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલને વધુ મહત્ત્વ આપે છે, જેના લીધે સંસદ સરકારી અધિકારીઓની તપાસ સ્તરે ભીરુતા વધારે છે."

→ જોકે ભારતના ભૂતપૂર્વ કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલે શ્રી એપલીબીની ટીકાનો વિરોધ કરતાં કહ્યું કે કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનું કામ સંસદીય લોકશાહી માટે ઉપયોગી છે.

→ તેમની કામગીરી નાણાકીય વહીવટના ક્ષેત્રે કાયદો અને બંધારણનો અમલ કરે છે.

→ અલબત્ત એ બાબતનો સ્વીકાર કર્યો કે ઓડિટર પ્રથાની પુનઃરચનાની જરૂર છે તેમાં નવાં મૂલ્યોનો સ્વીકાર થવો જોઈએ.

→ ઓડિટ અને વહીવટીતંત્રને વધુ નજીક લાવવા જોઈએ.

**⏩ ગ્રેટ બ્રિટનમાં ઓડિટ :**

→ જાહેર ઓડિટ પ્રથા વિકસાવવાનું માન બ્રિટનને ફાળે જાય છે.

→ જાહેર પ્રવૃત્તિઓમાં વપરાતા નાણા પાછળ સંસદના આદેશોનું પાલન થાય છે કે નહીં તેનો ઉદ્દેશ્ય બ્રિટિશ ઓડિટ પાછળ મુખ્ય હતો.

→ અહીં ઓડિટર જનરલ કારોબારીથી સ્વતંત્રપણે પોતાના ઓડિટ અહેવાલ સમક્ષ રજૂ કરે છે.

→ ઈ.સ. 1866માં ટ્રેઝરી અને હિસાબ તપાસ વિભાગ અધિનિયમ દ્વારા તેમનું સ્થાન નક્કી થયેલ છે.

→ ઈ.સ. 1921થી તેમની સત્તાનું ક્ષેત્ર વિસ્તૃત બનાવાયું છે.

**⏩ સંયુક્ત રાજ્ય અમેરિકામાં હિસાબ તપાસ :**

→ સંયુક્ત રાજ્ય અમેરિકામાં 1921માં સ્વતંત્ર હિસાબ તપાસ વિભાગની સ્થાપના થયેલ છે.

→ અહીં જનરલની નિમણૂક પ્રમુખ 15 વર્ષ માટે કરે છે.

→ આ નિમણુકને સેનેટની મંજૂરીની જરૂર રહે છે.

→ તેઓ જાહેર નાણાંની પ્રાપ્ત અને ખર્ચ અંગેની તમામ બાબતોનુ ઓડિટ કરે છે.

→ તેમનો અહેવાલ કોંગ્રેસમાં મૂકાય છે.

→ ઓડિટર જનરલના વિભાગની કામગીરી જાહેર નાણાના ખર્ચ ઉએપર કોંગ્રેસનો અંકુશ મૂકવામાં ઉપયોગી બને છે.

•



# ૫. વ્યવસ્થાતંત્ર પર નિયંત્રણ

- **"રાજ્યવહીવટ સમાજજીવનમાં કેન્દ્રવર્તી મહત્ત્વ અને અમાપ સત્તા ભોગવે છે. તેથી પોતાનાં કાર્યો અને સત્તાના ઉપયોગ અંગે રાજ્યવહીવટ સમાજને જવાબદાર રહે તે જરૂરી છે."**
- **વૈધાનિક, કારોબારી તથા વ્યાયિક નિયંત્રણ, નાગરિક અને વ્યવસ્થાતંત્ર**

→ રાજ્યની અનેકવિધ પ્રવૃત્તિઓનું સંચાલન તેના સિવિલ સેવકો દ્વારા થતું હોય છે, જેના લીધે રાજ્યની ઘણી સત્તાઓનો ભોગવટો આ વહીવટી કર્મચારીઓ પાસે આવે છે.

→ આ સરકારી કર્મચારીઓ પોતાની સત્તાનો દુરુપયોગ ન કરે તે માટે તેમની કામગીરી સાથે કેટલીક જવાબદારી સાંકળવામાં આવે છે.

→ આમ આ કર્મચારીઓ તેમની સત્તાની રૂએ કરેલ કામ માટે તેમને જવાબદાર ઠેરવી ગેરવાજબી કામ કે સત્તાના દુરુપયોગને અટકાવવા માટે વહીવટશાસ્ત્રીઓએ ચિંતન કરેલું છે.

→ ચિંતનમાંથી વ્યવસ્થાતંત્ર ઉપર નિયંત્રણનો ખ્યાલ વિકસ્યો છે.

→ નિયંત્રણ એ એવી પ્રક્રિયા છે જે સંગઠનના પ્રત્યેક તબક્કે ભૌતિક સાધનોનો યોગ્યપણે ઉપયોગ થાય છે કે કેમ ? અને ધ્યેયસિદ્ધિ માટે સભ્યો-કર્મચારીઓ શિસ્તબદ્ધપણ કામ કરે છે કે કેમ તેની સતત ચકાસણી કરે છે.

→ પરંતુ આ અંગે વ્હાઇટના મતે, "લોકશાહી સમાજમાં સત્તા ઉપર અંકુશ જરૂરી છે અને જેમ વધુ સત્તા તેમ અંકુશની જરૂરિયાત પણ વિશેષ રહે.

→ પરંતુ સાથોસાથ કાર્યક્ષમ કામગીરી માટે સત્તાસોંપણી પણ જરૂરી છે અને તેથી સત્તાસોંપણી અને તેના પર અંકુશ અને વચ્ચે સમતોલન જાળવવું એ દરેક સરકારને કાયમી મૂંઝવતો પ્રશ્ન છે." લોકશાહી રાજ્યોમાં સરકારની ત્રણેય શાખાઓ અને પ્રજા વ્યવસ્થાતંત્ર પર નિયંત્રણ ધરાવે છે.

- **વહીવટી નિયંત્રણના પ્રકાર :**

→ જાહેર વહીવટમાં નિયંત્રણના બે મુખ્ય પ્રકાર છે : (અ) આંતરિક નિયંત્રણ અને બાહ્ય નિયંત્રણ.

- **આંતરિક નિયંત્રણ :**

→ ડો. નિઝામ જણાવે છે કે, "વહીવટમાં આંતરિક નિયંત્રણ એ મોટરમાં રાખવામા આવેલ "બ્રેક"ની જેમ સ્વનિયંત્રણનું સાધન એટલે કે વહીવટની અંતર્ગત વ્યવસ્થા છે.

→ જ્યારે ટ્રાફિક સિગ્નલ એ બાહ્ય અંકુશ સ્વરૂપે છે તેમ વહીવટમાં પણ બાહ્ય અંકુશ એ બહારનાં પરિબળોથી યોજાય છે.

→ આંતરિક નિયંત્રણ વહીવટના રોજિંદા વ્યવહારમાં ગોઠવવામાં આવે છે.

દા.ત., (1) અંદાજપત્રીય અને નાણાકીય (2) કર્મચારી સંચાલન (દા.ત., બઢતી, બદલી-ભથ્થા વગેરે) (3) કાર્યક્ષમતા મોજણી (4) વ્યાવસાયિક નીતિમત્તા અંગે (5) અસરકારક નેતૃત્વ દ્વારા (6) તેનાથી વિલંબ નિવારણ, તુમારશાહી વગેરે દૂર રહે છે.

- **બાહ્ય નિયંત્રણ :**

→ આધુનિક લોકશાહી રાજ્યોમાં વહીવટતંત્ર ઉપર તેની બહારથી નિયંત્રણની ઔપચારિક વ્યવસ્થા સ્વીકારવામાં આવી છે.

→ આ બાહ્ય નિયંત્રણ કે અંકુશમાં ધારાસભા, કારોબારી ન્યાયતંત્ર અને પ્રજાકીય અંકુશ મહત્ત્વનાં ગણાય છે.

**(1) વૈધાનિક કે ધારાકીય અંકુશ :**

→ લોકશાહીમાં ધારાસભામાં લોકોના પ્રતિનિધિઓ બેસતા હોય છે.

→ તેથી દેશના વહીવટીતંત્રમાં ધારાસભાનો અવાજ મહત્ત્વનો બને છે.

→ જોકે ધારાસભા જાહેર વહીવટના રોજબરોજના વહીવટમાં માથું મારતી નથી.

→ પરંતુ ભારત અને બ્રિટન જેવા સંસદીય લોકશાહીવાળા દેશોમાં ધારાસભ્યો જે તે ખાતાના પ્રધાનોને તેમના ખાતાના વહીવટ અંગે પ્રશ્નો પૂછી શકે છે અને સંતોષકારક ઉત્તર નહિ આપી ધારાસભ્યો જે તે ખાતાના પ્રધાનોને તેમના ખાતાના વહીવટ અંગે પ્રશ્નો પૂછી શકે છે અને સંતોષકારક ઉત્તર નહિ આપી ધારાસભ્યોનો વિશ્વાસ ગુમાવનાર પ્રધાનને રાજીનામું આપવું પડે છે.

→ ધારાસભા ઝીરો અવર સિવાય પણ કોઈ ખાતાને લગતા આકસ્મિક પ્રશ્નો માટે સભામોકૂફીની દરખાસ્ત, ઠપકાની દરખાસ્ત, અવિશ્વાસની દરખાસ્ત મૂકીને વહીવટ ઉપર નિયંત્રણ મૂકે છે.

→ સંસદીય વહીવટમાં લોકશાહીમાં અંદાજપત્રની ચર્ચા દરમિયાન ધારાસભા જેતે ખાતાની નાણાકીય માંગણીઓને ચકાસી શકે છે.

→ તે કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના ઓડિટેડ હિસાબોની ચર્ચા કરીને ખાતાકીય પ્રધાન દ્વારા વહીવટતંત્ર ઉપર નિયંત્રણ લાવે છે.

→ ધારાસભામાં નવા સત્રના પ્રારંભમાં રાજ્યના વડાના પ્રવચન ઉપર આભાર માનતી દરખાસ્તમાં સુધારો મૂકી શકે છે. દા.ત. 2001ના માર્ચમાં ભારતની રાજ્યસભાએ આવી સુધારો કરતી દરખાસ્ત પસાર કરી હતી.

**▸▸ સંસદીય અંકુશના પ્રકારો :**

(1) રાષ્ટ્રપતિના સંબોધન પર ચર્ચા (2) પ્રશ્નોત્તરી સમય દ્વારા (3) જુદા જુદા પ્રકારની ચર્ચાઓની માંગણી દ્વારા (4) સરકાર વિરુદ્ધ ઠરાવો અને અવિશ્વાસની દરખાસ્ત દ્વારા (5) સંસદીય સમિતિઓ દ્વારા દા.ત., જાહેર હિસાબ સમિતિ. (6) ઓડિટ રિપોર્ટની ચર્ચા દ્વારા.

→ સંસદીય અંકુશ એ લોકશાહી વ્યવસ્થાનો પ્રાણ છે.

→ પરંતુ તેની પણ મર્યાદા છે.

→ જ્યાં સરકારમાં ચોખ્ખી બહુમતી છે ત્યાં સંસદમાં સરકારને મૂંઝવી શકાય છે પણ અવિશ્વાસની દરખાસ્ત પસાર થઈ શકતી નથી.

**▸▸ સંસદીય અંકુશની મર્યાદાઓ :**

(1) પક્ષની શિસ્તને કારણે વિરુદ્ધ મત આપી ન શકાય. (2) વટહુકમની સત્તા દ્વારા સંસદ ચાલુ ન હોય તે ત્યારે કાયદા ઘડી શકાય. (3) વહીવટતંત્રની વિશેષ પકડ (4) સભ્યોના સમય, શક્તિ, આવડત વગેરેની મર્યાદા (5) પ્રજાજાગૃતિનો અભાવ.

**(2) કારોબારીનો અંકુશ :**

→ જ્યારે આપણે વહીવટતંત્ર ઉપરના કારોબારીના અંકુશની વાત કરીએ છીએ ત્યારે રાજકીય કારોબારીના અંકુશને ધ્યાનમાં લઈશું.

→ સંસદીય અને પ્રમુખીય લોકશાહીમાં કારોબારી સરકારની નીતિનું ઘડતર કરે છે.

→ આ નીતિનો અમલ વહીવટતંત્ર કરે તે માટે નિરીક્ષણ અને માર્ગદર્શન કારોબારી આપે છે.

→ તે વહીવટીતંત્રની વિવિધ શાખાઓનું સંકલન સાધે છે અને નિયંત્રણ કરે છે.

→ અંદાજપત્રીય પદ્ધતિ દ્વારા ભારતમાં નાણાખાતા દ્વારા, બ્રિટનમાં ટ્રેઝરી દ્વારા અને યુ.એસ.એ.માં બ્યુરો ઓફ ધ બજેટ દ્વારા કારોબારી ખાતાઓ માટેના ખર્ચની જોગવાઈ કરે છે.

→ આમ પ્રત્યેક ખાતાએ નાણાકીય જોગવાઈ માટે કારોબારીના અસરકારક અને સતત નિયંત્રણ નીચે કામ કરવાનું રહે છે.

→ સંસદીય અને પ્રમુખીય કારોબારી ઉચ્ચ અધિકારીઓની નિમણૂક કરે છે.

→ જોકે યુ.એસ.એ.માં પ્રમુખે સેનેટની આ માટે મંજૂરી લેવી પડે છે.

→ આ નિમણૂકો દ્વારા કારોબારી વહીવટીતંત્રને અસરકારક બનાવી શકે છે.

→ તેના ઉપર નિરીક્ષણ અને નિયંત્રણ રાખી શકે છે.

→ ભારત જેવા સંસદીય લોકશાહી દેશમાં કારોબારી (પ્રમુખ) જરૂર પડે. વટહુકમ દ્વારા પણ વહીવટતંત્રને દિશા ચીંધી શકે છે, તેના પર નિયંત્રણ મૂકી શકે છે.

→ જોકે આ વટહુકમને ધારાસભાની બેઠક ચાલુ થયા પછી છ અઠવાડિયામાં મંજૂરીની જરૂર પડે છે.

→ વધુમાં આજે ધારાસભાનાં કાર્યોમાં એટલો બધો વધારો થયો છે કે તે કાયદો ઘડે છે ત્યારે તે કાયદાનું માત્ર વિશાલ માળખું ઘડે છે.

→ કાયદાના આ માળખામાં વિગતો પૂરવાની સત્તા ખાસ કરીને સંસદીય પ્રથામાં કારોબારીને છે.

→ કારોબારી દ્વારા આ કાયદાઘટતરને અધિકારીત વિધાન (delegated legislation) જે વહીવટીતંત્ર ઉપર અંકુશ મૂકવામાં ઉપયોગી બને છે.

→ જોકે અત્રે આપણે એ નોંધવું જરૂરી છે કે ધારાસભા અને કારોબારીના વહીવટીતંત્ર ઉપરના અંકુશ નિષેધાત્મક નહિ પરંતુ વિધેયાત્મક વધુ હોય છે. તે પ્રેરણાદાયી અને સુધારાત્મક હોય છે.

**⏩ ન્યાયતંત્રનું નિયંત્રણ :**

→ વહીવટીતંત્ર ઉપર ન્યાયતંત્રના નિયંત્રણનો અર્થ એ કરી શકાય કે સરકારી અધિકારીઓનાં કાર્યોની કાયદેસરની ન્યાયતંત્ર દ્વારા તપાસ.

→ ન્યાયતંત્ર વહીવટતંત્ર ઉપરના આ નિયંત્રણથી નાગરિકોના અધિકારોનું રક્ષણ થાય છે. રાજ્યનાં હિતોની જાળવણી પણ ન્યાયતંત્રની આ કામગીરીથી થઈ શકે છે.

→ સામાન્ય રીતે ન્યાયતંત્ર વહીવટી કાર્યોમાં દરમિયાનગીરી કરતું નથી.

→ જ્યારે વ્યક્તિ કે સંસ્થાને એમ જણાય કે સરકારી તંત્રની કામગીરીથી તેના અધિકારનો ભંગ થવાનો સંભવ રહે છે ત્યારે તે વ્યક્તિ કે સંસ્થા ન્યાયતંત્રમાં અપીલ કરે છે.

→ આ અપીલ ઉપર વિચારણા કરીને ન્યાયતંત્ર વહીવટીતંત્રની કામગીરીમાં દરમિયાનગીરી કરે છે.

→ આમ છતાં ન્યાયતંત્ર ક્યારેક સમચારપત્રોના કોઈ સમાચાર કે કોઈ મેગેઝિનના લેખને (સુઓમોટો) જનહિતની અરજી ગણીને વહીવટીતંત્રની કામગીરીમં દરમિયાનગીરી કરી શકે છે. દા.ત., ગુજરાતના એસ.ટી. કોર્પોરેશનની કન્ડ્કટર વિનાની જનવિશ્વાસ નામની બસ જ્યારે ખોટ કરી રહીી છે તેવા એક લેખને જાહેર હિતની અરજી ગણીને ગુજરાત હાઇકોર્ટે એસ.ટી. કોર્પોરેશનની આ કામગીરી માટે 200ના છેલ્લા દિવસોમાં નોટિસ આપેલી.

→ આમ છતાં ન્યાયતંત્ર વહીવટીતંત્ર પાંગરું ન બને તે માટે ચોક્કસ સંજોગોમાં જ સામાન્ય રીતે દરમિયાનગીરી કરે છે.

→ આ સંજોગો જોઈએ તો વહીવટી અધિકારી તેમને સોંપાયેલ કામગીરીની ઉપરવટ કામ કરતા જણાય, વહીવટી કાયદાનું ખોટું અર્થઘટન કરે છે તેમ લાગતું હોય, વહીવટી નિર્ણય માટે ખોટી હકીકતો રજૂ કરતા હોય, પોતાની સત્તાનો ઉપયોગ અધિકારી બીજાને નુકસાન પહોંચાડવા કરતો જણાય, તે કાયદેસર કાર્યવાહી કરતો ન હોય તો તેની સામે અપીલ થતાં ન્યાયતંત્ર વિચારણા કરીને વહીવટીતંત્રને અંકુશિત કરે છે.

**⏩ ન્યાયવિષયક અંકુશનાં સાધનો :**

→ ઉપર આપણે જોયા તે સંજોગોમાં વહીવટતંત્ર ઉપર નિયંત્રણ મૂકવા ન્યાયતંત્ર નીચેનાં સાધનોનો ઉપયોગ કરી શકે છે :

**(1) અદાલતી સમીક્ષા :**

→ લોકશાહી રાજ્યોમાં ન્યાયતંત્રના ધારાસભાના કાયદાઓની અને કારોબારીનાં કાર્યોન બંધારણીયતા તપાસવાના અધિકારને અદાલતની સમીક્ષા તરીકે ઓળખવામાં આવે છે. જોકે અદાલતી સમીક્ષાનું ક્ષેત્ર જુદાં જુદાં રાજ્યોમાં જુદું જુદું છે.

→ ભારતના બંધારણે ધારાસભાના કાયદા અને કારોબારીનાં કાર્યો અંગે ન્યાયતંત્રને અદાલતી સમીક્ષાની સત્તા આપી છે.

→ ભારત કરતાં પણ સંયુક્ત રાજ્ય અમેરિકાના ન્યાયતંત્રને અદાલતી સમીક્ષાની સત્તા વધુ છે.

→ પરંતુ બ્રિટનમાં સંસદને સાર્વભૌમ સંસ્થા ગણી હોવાથી અહીં અદાલતી સમીક્ષાની સત્તા મર્યાદિત છે.

→ અહીં અધિકારી અધિકૃત સત્તાની ઉપર વર્તતો હોય તો ન્યાયતંત્ર અદાલતી સમીક્ષા દ્વારા તેના કાર્યને ગેરબંધારણીય ગણી રદ કરી શકે છે.

**(2) સરકાર વિરુદ્ધ ન્યાયિક ઉપાય :**

→ ન્યાયતંત્રનું નિયંત્રણ રાજ્ય કે સરકાર અથવા જે અધિકારીની કામગીરીથી નુકસાન થયું હોય તેના ઉપર કેસ ચલાવીને થઈ શકે છે.

→ આ માટે જુદાં જુદાં રાજ્યોમાં જુદી જુદી પરિસ્થિતિ છે.

→ ભારતમાં બંધારણની કલમ 300 પ્રમાણે ભારત સરકાર અથવા એકમ રાજ્ય સરકાર વ્યક્તિ કે સંસ્થા સરકારી તંત્ર દ્વારા થયેલ નુકસાન માટે કેસ કરી શકે છે.

→ બ્રિટનમાં 1947ના કાયદાથી નાગરિકો રાજ્ય સામે પોતાને થયેલ નુકસાન માટે કેસ કરી શકે છે.

→ જોકે તેમાં બે અપવાદ છે : (અ) રાજયની સુરક્ષા માટે, સૈનિક સેવા, શ્રમિકો અને વિદેશીઓના વ્યવસ્થાતંત્ર માટે ને કાયદો તથા વ્યવસ્થા જાળવવા. (બ) રાજ્યને ન્યાયતંત્ર ગુપ્ત હિસાબો રજૂ કરવા આદેશ આપી શકે નહિ.

→ સંયુક્ત રાજ્ય અમેરિકામાં નાગરિક કે સંસ્થાને વહીવતંત્ર તરફથી થતા નુકસાન માટે રાજ્ય પર કેસ થઈ શકે છે.

→ પરંતુ બીજા હુવર પંચે ભલામણ કરી હતી કે નાગરિકોને ન્યાયતંત્રમાં સરકાર સામેના કેસોમાં સમય અને નાણાંનો મોટો ખર્ચ કરવો પડે છે તેથી વહીવટી અદાલતની આ માટે જોગવાઈ થવી જોઈએ.

→ ફ્રાન્સમાં આવી વહીવટી અદારતો છે જ.

**(3) અસધારણ અદાલતી ઉપાયો :**

→ આગળ જોઈ તે પરિસ્થિતિઓ ઉપરાંત નાગરિકોને સરકારી અધિકારીઓની સત્તા વડે થતી હેરાનગતિ સામે ન્યાયતંત્ર નીચેના ઉપાયો વડે પણ રક્ષણ આપે છે :

(અ) બંદી પ્રત્યક્ષીકરણ (Habeas Corpus) : ધરપકડ કરાયેલ વ્યક્તિને ન્યાયતંત્ર સમક્ષ શારીરિક રીતે હાજર કરવાનો હુકમ. (બ) કર્તવ્ય હુકમ (Writ of Mandamus) : અદાલત, કોઈ અધિકારી, નિગમ અથવા નીચલી અદાલતને તેના અધિકારક્ષેત્રમાં આવતી કામગીરી બજાવવાનો આદેશ આપી શકે છે. (ક) મનાઈહુકમ (Prohivbition) ઉપલી અદાલત નીચલી અદાલતમાં ચાલતી કોઈ કાર્યવાહીને રોકી શકે છે અથવા વહીવટતંત્રની કામગીરી અધિકાર બહારની જણાય તો રોકી શકે છે. (ડ) પ્રતિષેધ હુકમ (Injuction) : કોઈ અધિકારીને કોઈ કામ કરવા અથવા નહીં કરવા માટે આ હુકમ અપાય છે. (ઇ) ઉત્પ્રેષણા હુકમ (Certiorari) : આ હુકમ ઉચ્ચ અદલાત નીચલી અદાલદમાં ચાલતા કેસને રોકે છે અને વધુમાં તેનો રેકોર્ડ ઉચ્ચ અદાલતમાં તે કેસ ચલાવવા માટે મંગાવે છે. (ઉ) અધિકારી પૃચ્છ ((Quowarranto) : અદાલત સરકારી અધિકારીને તેઓ જે પદને આધારે કામ કરે છે તેનો વિવાદ થતાં તેને આ હુકમથી તેના અધિકારક્ષેત્ર માટે પૂછી શકે છે.

**→ ઓમ્બડ્ઝમેન (Ombudsman) :**

→ ઓબ્ડ્ઝમેનનો અર્થ લોક પ્રતિનિધિ જેવો થાય છે.

→ કેટલાંક લોકશાહી રાજ્યોએ વહીવતંત્ર ઉપર ધારાસભા, કારોબારી અને ન્યાયતંત્રના નિયંત્રણની કેટલીક મર્યાદાઓ સ્વીકારી છે.

→ સરકારનાં આ ત્રણેય અંગોની મર્યાદા ઓળંગી વહીવટીતંત્રની આપખુદી, ભ્રષ્ટાચાર અને લાગવગ જેવી બદીને અટકાવવા ઓમ્બડઝમેનની વ્યવસ્થા વિચારી છે. ઈ.સ. 1920માં સ્વીડમાં, 1955 ડેન્માર્કમાં અને 1962માં નોર્વેમાં 'સંસદીય કમિશનર'ની નિમણૂક થઈ જેને ઓમ્બડઝમેન તરીકે ઓળખવામાં આવે છે.

→ જાહેર સેવાના કર્મચારીઓની વિરુદ્ધ ફરિયાદો ઓમ્બડઝમેન સાંભળે છે.

→ તેના અંગે ઝડપી તપાસ કરે છે અને નાગરિકોને ન્યાય આપે છે.

→ આમ થવાથી સરકારી કર્મચારીઓ સત્તાનો દુરુપયોગ કરતાં અટકે છે.

→ ભારતમાં આ ઓમ્બડઝમેનને 'લોકપાલ' તરીકે ઓળખવામાં આવે છે.

→ ભારતનાં કેટલાંક એકમ રાજ્યોમાં આ વ્યવસ્થા થઈ છે.

→ કેન્દ્ર કક્ષાએ 'લોકપાલ'નો ખરડો હજુ વિચારાધીન છે.

→ આ ખરડામાં વડાપ્રધાન સહિતના ઉચ્ચ હોદ્દાઓ સામેના આક્ષેપો સાંભળવાની જોગવાઈનો સમાવેશ વિચારાઈ રહ્યો છે.

→ ઓમ્બડ્ઝમેનની વ્યવસ્થા ન્યાયતંત્ર કરતાં ઝડપથી કામ કરે છે અને ઓછા ખર્ચે લોકોને ન્યાય અપાવી વહીવટતંત્ર ઉપર નિયંત્રણ રાખે છે.

**પ્રજાકીય નિયંત્રણ :**

→ જાહેર વહીવટનું પ્રાથમિક ધ્યેય પ્રજાકલ્યાણનું છે. લોકશાહી રાજ્યોમાં લોકો સર્વોપરી ગણાય છે.

→ રાજકીય ને વહીવટી પ્રક્રિયામાં લોકોની ભાગીદારી મહત્ત્વની છે, તે વાત એરિસ્ટોટલ અને કાર્લ માર્ક્સ જેવા ચિંતકોએ સ્વીકારેલી છે.

→ તેથી જ્યારે વહીવટીતંત્ર સત્તાનો દુરુપયોગ કરે, ભ્રષ્ટાચાર કરે તે લાગવગ ચલાવે ત્યારે જાગૃત પ્રજા વહીવટીતંત્ર ઉપર નીચે પ્રમાણેની રીતો કે સાધનોથી નિયંત્રણ મૂકી શકે છે.

**(1) ચૂંટણીપ્રથા :**

→ પ્રમુકપદ્ધતિમાં પ્રજા પ્રમુખને પ્રત્યક્ષ રીતે ચૂંટે છે.

→ જ્યારે સંસદીય લોકશાહીમાં વડાપ્રધાન સહિતનું પ્રધાનમંડળ ધારાસભ્યોના રૂપમાં લોકો દ્વારા ચૂંટાય છે.

→ ઉપરાંત સ્વિટ્ઝર્લેન્ડમાં અને સંયુક્ત રાજ્ય અમેરિકાનાં કેટલાંક રાજ્યોમાં વહીવટી અધિકારીઓ પ્રજા દ્વારા ચૂંટાય છે.

→ પરંતુ આ રીતે પ્રજાકીય અંકુશ વહીવટતંત્ર ઉપર વાસ્તવમાં કેટલો રહે છે તે વિવાદનો પ્રશ્ન છે.

→ વળી સામાન્ય લોકોને વહીવટી અધિકારીઓની કાર્યક્ષમતા જાણવાની કેટલી સમજ હોય તે પણ.

**(2) પાછા બોલાવવાનો અધિકાર :**

→ સ્વિટ્ઝર્લેન્ડની પ્રત્યક્ષ લોકશાહીમાં આ પ્રથા છે.

→ તેમાં લોકોએ ચૂંટેલ પ્રતિનિધિ તેમની ઇચ્છા પ્રમાણે બારોબાર કામ ન કરતો હોય તો તેને સમયમર્યાદા પહેલાં પાછો બોલાવી શકે છે.

**(3) સલાહકાર સમિતિઓ :**

→ આ સલાહકાર સમિતિ વહીવટીતંત્ર અને લોકોને સાંકળવાનું કાર્ય કરે છે.

→ આ સમિતિના સભ્ય તરીકે સમાજના અગ્રણી નાગરિકો અને વિવિધ સમૂહોના પ્રતિનિધિઓ હોય છે.

→ સામાજિક કલ્યાણકારી વિભાગોમાં આવી સમિતિઓ વિશેષ ઉપયોગી બને છે.

→ આ સમિતિઓ મોટે ભાગે વિધેયાત્મક કામગીરી બજાવે છે. તે લોકોના પ્રશ્નોથી વહીવટીતંત્રને માહિતગાર બનાવીને પ્રશ્નોનો ઉકેલ લાવવા વિચારવિનિમય કરે છે.

**(4) દાબજૂથો :**

→ દાબજૂથનો ખ્યાલ અમેરિકાની લોકશાહીની પેદાશ છે.

→ અહીં લોકોના સેવા સંગઠિત સમૂહો કે જે પોતાના સમૂહોનં ચોક્કસ હિતો માટે જાગૃત હોય છે.

→ વહીવટીતંત્ર અને ધારાસભા તથા કારોબારી આ સમૂહોનાં હિતો જાળવે તે માટે વિવિધ ટેક્નિકો દ્વારા તેમના પર દબાણ લાવતા હોય છે.

→ આવા સમૂહોમાં વેપારીમંડળો, ખેડૂત સંઘો, શ્રમિક સંગઠનો, જ્ઞાતિ, સમૂહો અને ધાર્મિક જૂથોનો સમાવેશ આવાં દાબજૂથોમાં કરી શકાય.

**(5) શક્તિશાળી લોકમત :**

→ સતત જાગરૂકતા લોકશાહીની સાચી કિંમત છે.

→ જાગૃત અને શક્તિશાળી લોકમત એ વહીવટીતંત્રને કાર્યક્ષમ, તટસ્થ અને પ્રામાણિક વહીવટ માટે નિયંત્રિત કરી શકે છે.

→ આમ લોકશાહીમાં જાહેર વહીવટ લોકકલ્યાણનાં કામો કરતો રહે તે માટે વહીવટીતંત્ર ઉપર આંતરિક અને બાહ્ય તથા વિધેયાત્મક અને નકારાત્મક નિયંત્રણો આવશ્યક બાબત છે.

●



# ૬. તુલનાત્મક વ્યવસ્થાતંત્ર

⏩ **યુ.એસ.એ., રશિયા, ગ્રેટ બ્રિટન અને ફ્રાન્સની વહીવટી વ્યવસ્થાતંત્રની ધ્યાનાકર્ષક વિશેષતાઓ :**

⏩ **"પ્રમુખને મદદની જરૂર છે."**

→ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અને બીજા વિશ્વયુદ્ધ પછી અમેરિકાની વિવિધ યુનિવર્સિટીના પ્રાધ્યપકો અને કેટલાક વિદ્યાર્થીઓ અમેરિકા, રાષ્ટ્રસંઘ અને અન્ય ખાનગી સંસ્થાઓના સહાયકારી કાર્યક્રમો દ્વારા કેટલાક વિકાસશીલ દેશોના વહીવટીતંત્રના સંપર્કમાં આવ્યા.

→ તેઓ આ નવાં લક્ષણોવાળા વહીવટતંત્રના અભ્યાસ તરફ આકર્ષાયા. તેમને જણાવ્યું કે આ દેશના વિકાસ કાર્યક્રમો માટે 'પશ્ચિમ મોડેલ'ના વહીવટીતંત્ર ઉપયોગમાં નહીં આવે.

→ આ માટે તેમણે તુલનાત્મક સમાજશાસ્ત્ર અને તુલનાત્મક માનવનૃવંશશાસ્ત્ર પાસેથી વર્તનવાદી અભિગમ મેળવી જાહેર વહીવટમાં અનુભવજન્ય અભ્યાસો પર ભાર આપ્યો.

→ અત્રે યુ.એસ.એ., રશિયા, ગ્રેટ બ્રિટન અને ફ્રાન્સની વહીવટી વ્યવસ્થાની મહત્ત્વની વિશેષતાઓનો અભ્યાસ આપણી તુલનાત્મક જાહેર વહીવટની સમજમાં ઉપયોગી બનશે.

⏩ **સંયુક્ત રાજ્ય અમેરિકાની વહીવટી વ્યવસ્થાની ધ્યાનાકર્ષક વિશેષતાઓ :**

→ સંયુક્ત રાજ્ય અમેરિકાનું બંધારણ 1787માં ઘડાયું હતું અને 1879માં તે અમલમાં આવ્યું.

→ તે 12 પાનાંનું છે.

→ તેમાં 7 કલમો છે અને અત્યાર સુધીમાં તેમાં 26 સુધારા થયા છે.

→ તે લેખિત અને કઠીન બંધારણ છે.

→ તેમાં સુધારાની રીત સરળ નથી.

→ તે અમેરિકાને સમવાયી વ્યવસ્થા Federal structure આપે છે. તે પ્રમુખપદ્ધતિવાળી લોકશાહીની સ્થાપના કરે છે.

→ જેમાં સત્તાવિશ્લેષણના સિદ્ધાંતનો વધુમાં વધુ અમલ જોવા મળે છે.

→ તે સાથે નિયંત્રણ અને સમતુલાનો સિદ્ધાંત પણ છે.

→ અહીં પ્રમુખપદ્ધતિને લીધે વહીવટીતંત્રના રાજકીય અને વાસ્તવિક વડા એક જ છે.

→ સમગ્ર વહીવટીતંત્ર તેમને નામે સંચાલિત થાય છે.

→ 1789માં જ્યારે પ્રથમ સરકાર રચાઈ ત્યારે તેમાં 5 સરકારી વિભાગો હતા.

→ સમયના પ્રવાહ સાથે વિશ્વ રાજકારણમાં મહાશક્તિ તરીકે અમેરિકાનો વધેલો પ્રભાવ, વસ્તીવધારો, સામાજિક તથા આર્થિક જટીલતામાં થયેલ વધારા અહીંના જાહેર વહીવટનું કાર્યક્ષેત્ર વિસ્તૃત બનાવ્યું છે.

→ હાલમાં અહીં 14 ખાતાં છે.

⏩ **પ્રમુખનું વહીવટી કાર્યાલય :**

→ અમેરિકન પ્રમુખને તેમની વહીવટી જવાબદારીઓ અદા કરવામાં ઉચ્ચ કક્ષાના વહીવટી અધિકારીઓ સલાહ અને મદદ માટે આ કાર્યાલયમાં છે.

→ આ કાર્યાલયની સ્થાપના 1939માં થઈ હતી.

→ પ્રમુખને કારોબારી વિષયક કાર્યોમાં સહાયભૂત થવા આ આ કાર્યાલયમાં જુદા જુદા વિભાગો છે, જેમાં વહીવટી ક્ષેત્રે, આર્થિક ક્ષેત્રે, લશ્કરી ક્ષેત્રે, નિષ્ણાત અધિકારીઓની પ્રમુખ સેનેટની મંજૂરીથી નિમણૂક કરે છે.

→ આ અધિકારીઓ - મંત્રીઓ પ્રમુખને જવાબદાર હોય છે.

⏩ **વહીવટી સંગઠનના પ્રકારો :**

→ બ્રિટન, ફ્રાન્સ, રશિયા અને ભારત જેવા દેશોથી અલગ અહીં ત્રણ પ્રકારના લાઈન એકમો છે : ખાતું, કોર્પોરેશન અને સ્વતંત્ર નિયામક આયોગ. લાઈન એકમનો આ છેલ્લો પ્રકાર એ અમેરિકન વહીવટીતંત્રની વિશેષતા છે.

→ તેની રચના જાહેર નિયમો વડે થાય છે.
→ પરંતુ તે ખાનગી આર્થિક પ્રવૃત્તિઓ, ખાનગી મિલકતોનું સામાજિક હિત માટે રક્ષણ કરે છે.
→ હાલમાં અમેરિકામાં આવા સ્વતંત્ર નિયામક આયોગ Independent Regulatory Commission (IRC) ની સંખ્યા 9 છે.
→ તે અર્ધ ધારાકીય અને ન્યાયવિષયક તથા વહીવટી કાર્યો કરે છે.
→ તેનું સંચાલન બોર્ડ દ્વારા થાય છે.
→ આ બાર્ડના (5 થી 7) સભ્યોની નિમણૂક પ્રમુખ સેનેટની મંજૂરીથી કરે છે.
→ પરંતુ તેઓ પ્રમુખને જવાબદાર નથી.
→ તેમણે આયોગની કામગીરીનો અહેવાલ પ્રમુખને નહિ પરંતુ કોંગ્રેસને આપવાનો હોય છે.
→ પ્રથમ બે લાઈન એકમો ખાતું અને કોર્પોરેશન પ્રમુખને જવાબદાર હોય છે, જેને લીધે અમેરિકન વહીવટતંત્રમાં એકતા જળવાતી નથી.

**⏩ કાર્મિક વહીવટ :**

→ અમેરિકામાં પૈતૃક પ્રકારની સિવિલ સેવા જેને લૂંટપ્રણાલી (spoils system) તરીકે ઓળખવામાં આવતી.
→ તેનો કંઈક અંશે પ્રારંભ પ્રમુખ વોશિંગ્ટનના સમયમાં થઈ ચૂક્યો હતો. 1820થી એ પ્રથમ અધિકૃત બની ગઈ.
→ જે પક્ષના પ્રમુખ ચૂંટણીમાં વિજયી બનતા તે પોતાના પક્ષના ટેકેદારોને વિશાળ સંખ્યામાં સિવિલ સેવકોના હોદ્દા આપતા.
→ આ માટે અગાઉના પ્રમુખે નોકરી રાખેલા સિવિલ સેવકોને છૂટા કરવામાં આવતા.
→ આ પ્રથા પાછળ એવો દૃષ્ટિકોણ હતો કે પ્રમુખની નીતિનો આ પ્રથાથી પૂરો અમલ થાય છે.
→ સિવિલ સેવા માટે વિશેષ લાયકાતની જરૂર નથી તેથી પક્ષીય ટેકેદાર એ જ મહત્ત્વની લાયકાત મનાતી.
→ પરંતુ 1881માં નોકરી ગુમાવનાર એક વ્યક્તિએ હતાશ થઈને પ્રમુખ જેમ્સ ગારફિલ્ડનું ખૂન કર્યું.
→ આ સમયથી લૂંટપ્રણાલી વિરુદ્ધ ચળવળ ઉગ્ર બની અને લાયકાત આધારિત સિવિલ સેવાનો પ્રારંભ 1883ના પેન્ડલટન સિવિલ સેવા અધિનિયમથી થયો.
→ આ અધિનિયમથી સિવિલ સેવા આયોગની સ્થાપના થઈ જે 'કેન્દ્રીય કાર્મિક એકમ' – (Central Personal Agency)ના નામે ઓળખાય છે.
→ તેના ત્રણ કમિશનરની નિમણૂક પ્રમુખ સેનેટની મંજૂરીથી કરે છે.
→ જોકે આજે પણ આયોગ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાની 90 % અને 10 % પ્રમુખની પસંદગી-લૂંટપ્રણાલીથી ભરતી થાય છે.
→ 1940ના રામસ્પેક અધિનિયમ 193637ની બ્રોનલો સમિતિ, 1949નું પ્રથમ હુવર આયોગ અને 1955ના દ્વિતીય હુવર આયોગે અમેરિકાની સિવિલ સેવાના વિકાસમાં મોટું યોગદાન આપ્યું છે.

**⏩ વહીવટીતંત્રને કાનૂની આધાર :**

→ અમેરિકન વહીવટતંત્રનાં ઘણાં સ્વરૂપો કે સંગઠનો કોંગ્રેસ દ્વારા બનાવાયેલા કાયદાઓ ઉપર આધારિત છે.
→ બંધારણમાં વહીવટીતંત્ર માટે કોઈ વિશેષ જોગવાઈ નથી.
→ કોંગ્રેસ ઉપરાંત સમયે સમયે પ્રમુખે પણ કારોબારી આદેશ દ્વારા કેટલાંક વહીવટી સંગઠનોની રચના કરી છે.
→ કોંગ્રેસ અને પ્રમુખ બંને આ સંગઠનોની કામગીરીને માર્ગદર્શન આપી શકે છે, તેનું નિરીક્ષણ અને નિયંત્રણ કરે છે.
→ સરકારી કર્મચારીઓના સંગઠન (Union of Government Servants) :
→ 1889 અમેરિકામાં સરકારી કર્મચારીઓમાં સંગઠિત થવા માટે ચેતના જાગૃત થઈ હતી.
→ 1912થી કોંગ્રેસ વિવિધ સરકારી કર્મચારીઓનાં સંગઠનોને માન્યતા આપી છે.
→ આ કર્મચારી સંઘો નોકરીની ઉદાર શરતો અને આકર્ષક પગારધોરણો નક્કી કરાવી શક્યા છે.

**⏩ ઉચ્ચ સિવિલ સેવકો અને ખાનગી એકમો :**

→ અમેરિકન વહીવટતંત્રમાં પ્રમુખ જે 10 % ઉચ્ચ સિવિલ સેવકો નીમે છે જેની સંખ્યા લગભગ 10,000 જેટલી થવા જાય છે.
→ તે પક્ષના ટેકેદારોની લૂંટપ્રણાલી જ છે.

→ આમ છતાં વાસ્તવમાં પ્રમુખ તેમાં ખાનગી ઔદ્યોગિક એકમો અને બેન્કિંગ ક્ષેત્રમાંથી નિષ્ણાત લોકોને નીમે છે જે વાસ્તવમાં આ એકમોનું પ્રતિનિધિત્વ કરતા હોય છે.

→ આમ એક દૃષ્ટિએ રાજનીતિ, વહીવટીતંત્ર અને અર્થવ્યવસ્થા સાથે સુમેળ સધાય છે.

## ⏩ સ્થાનિક સરકાર :

→ અમેરિકામાં સ્થાનિક સરકાર એ એકમ રાજ્યનો વિષય છે. પ્રત્યેક રાજ્યના સ્થાનિક સરકારના તંત્રમાં વૈવિધ્યતા છે.

→ જોકે મોટી વિશેષતા એ છે કે બ્રિટનના પ્રમાણમાં અહીંનું સ્થાનિક તંત્ર ઉચ્ચ સ્વાયત્તતા ધરાવે છે.

→ તેનાં મુખ્ય સ્વરૂપો જોઈએ તો (અ) કાઉન્ટી, (બ) નગરપાલિકા, (ક) ટાઉન અને ટાઉનશિપ તથા (ડ) ખાસ જિલ્લા છે.

→ (અ) કાઉન્ટી એ અમેરિકામાં સ્થાનિક સરકારનું મોટામાં મોટું એકમ છે.

→ તે રાજ્યનું ઉપવહીવટીતંત્ર છે.

→ (બ) બ્રિટિશ બરો જેવી અહીં નગરપાલિકા છે જે પ્રત્યેક શહેરમાં છે.

→ (ક) ટાઉન અને ટાઉનશિપ એ કાઉન્ટીના પેટાતંત્ર છે, જે ગ્રામ વિસ્તારમાં છે.

→ (ડ) ખાસ જિલ્લા જેવી રચના સ્થાનિક સરકારની ખાસ સેવા માટે થાય છે.

→ ઉપર પ્રમાણે અમેરિકન જાહેર વહીવટની ધ્યાનાકર્ષક વિશેષતાઓના અભ્યાસ ઉપરથી જણાય છે કે તે બ્રિટનની જેમ 'ભાગીદારી પૂર્ણ' અને વૈવિધ્યસભર સંસ્કૃતિ અને સ્થિર લોકશાહી આધારિત છે.

→ આમ છતાં તેમાં બ્રિટન, ફ્રાન્સ અને જર્મનીની સરખામણીએ અમેરિકન સિવિલ સેવા વેબેરીયન પ્રકારની નોકરશાહી વિકસાવવામાં ઘણી ધીમી છે.

→ બ્રિટનની જેમ અહીંની નોકરશાહી રાજકીય કારોબારીના માર્ગદર્શન નીચે કામ કરવાનું પસંદ કરે છે.

→ જોકે તે નીતિઘડતરમાં ભાગ લે છે.

→ બ્રિટનમાં સામાન્યજ્ઞ (Generalist) સિવિલ સેવકોનું સિવિલ સેવામાં પ્રભુત્વ છે જ્યારે અમેરિકામાં વિશેષજ્ઞોનું (Specialist) પ્રભુત્વ છે.

## ⏩ રશિયન વહીવટી વ્યવસ્થાની ધ્યાનાકર્ષક વિશેષતાઓ :

## ⏩ ઐતિહાસિક પૂર્વભૂમિકા :

→ અત્યારના રશિયાનો ઇતિહાસ ઈ.સ. 400માં યુરોપિયન સ્લાવ આદિ જાતિઓએ આ વિસ્તારમાં વસવાટ શરૂ કર્યો ત્યારથી શરૂ થાય છે.

→ ઈ.સ. 988માં મહાન ડયૂકે જુદી જુદી સ્લાવ આદિ જાતિઓને સંગઠિત કરી.

→ જેમાંથી આગળ જતાં રશિયન રાજ્ય અને મહારાજ્યનો ઉદય થયો.

→ ઈ.સ. 1682-1725 મહાન પીટરના સમયમાં  સેન્ટ પીટસબર્ગ રશિયાની રાજધાની બની.

→ મહાન પીટરે રશિયન વહીવટતંત્ર અને લશ્કરને મધ્યયુગમાંથી આધુનિક બનાવ્યું.

→ 1861 સુધીમાં રશિયાના વિસ્તારો મધ્ય એશિયા અને પેસિફિક મહાસાગર સુધી વિસ્તર્યા.

→ રશિયન રાજાશાહી-ઝારશાસનનો અંત અને 1917ની બોલ્શેવિક ક્રાંતિ બાદ રાજધાની પીટ્રોગાર્ડથી મોસ્કો ખસેડવામાં આવી.

→ લેનિન અને સ્ટાલિનના નેતૃત્વ નીચે રશિયામાંથી યુ.એસ.એ.આર.કે.સોવિયેત સંઘ નામની વિરાટ સત્તાનો ઉદય થયો.

## ⏩ બંધારણીય સંદર્ભ અને બદલાતી રાજકીય પરિસ્થિતિ :

→ સોવિયેત સંઘની 1917માં રચના પછી 1918, 1924, 1936 અને 1977માં એમ ચાર બંધારણો બંધારણો અનુક્રમે રચાયાં.

→ આ બંધારણનો માર્ક્સવાદી-લેનિનવાદી સામ્યવાદી વિચારસરણી પ્રમાણે રચાયાં હતાં અને સામ્યવાદી પક્ષની સરમુખત્યારશાહીને કાયદેસર માન્ય રાખનાર હતા.

→ સોવિયેત સંઘની રાજકીય પ્રથા અને વહીવટી વ્યવસ્થા આ સામ્યવાદી પક્ષના પૂરા પ્રભુત્વ નીચે કામ કરતી હતી.

→ લગભગ સાત દાયકા સુધી વિશ્વ રાજકારણમાં વિરાટ સત્તા તરીકે પ્રભાવશાળી આદેશ 1989-91માં પ્રમુખ ગોર્બાચિવના આ સમગ્ર મુશ્કેલ આર્થિક, વહીવટી પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવા પેરિસ્ત્રોઇકા જેને વહીવટી સુધારણા અને ગ્લાસનોસ્ત જેને મુક્ત વૈચારિક વાતાવરણ તરીકે ઓળખાવી શકાય તે માટેના પ્રયત્નો સફળ થઈ શક્યા નહિ.

→ બીજા શબ્દોમાં રશિયન પેરેસ્ત્રાઇકા અને ગ્લાસનોસ્તનો પૂરી તૈયારી વગર અમલ કરવા જતાં યુ.એસ.એસ.આર.ની તે સમયની પરિસ્થિતિ જોતાં પ્રથમ પેરેસ્ત્રોઇકાના અમલ માટે આગળ વધવું જરૂરી હતું અને આમ થશે તો કદાચ પરિણામ જુદું આવવાની સંભાવના હતી.

→ તેમના પ્રયત્નો નિષ્ફળ જતાં 25 ડિસે. 1991 સોવિયેત સંઘના છેલ્લા પ્રમુખ તરીકે ગોર્બાચેવે રાજીનામું આપ્યું.

→ 8 ડિસે. 1991થી રશિયાના નેતૃત્વ નીચે પ્રકેન અને બેઇલો રશિયા જેવાં અલગ થયેલાં રાજ્યોએ સ્વતંત્ર રાજ્યોનો સંઘ (Common Wealth of Independent State- CIS) શરૂ કરેલા જે 30 ડિસે. 1991ના રોજ રશિયન પ્રમુખ બોરીસ યેલ્ત્સીનના સમયમાં સફળ થયાં. આ રાજ્યો રેલવે, માર્ગ વાહનવ્યવહાર, વેપાર જેવી બાબતોમાં આંતરિક સહકાર અને વિશ્વ રાજકારણમાં કેટલીક બાબતો માટે સંયુક્ત મંચ બની રહેવા પ્રયત્નશીલ છે.

→ આમ છતાં અત્યારે તો આ તમામ રાજ્યો આર્થિક વિકાસની મુશ્કેલી અનુભવી રહ્યાં છે.

**⏩ રશિયામાં ઉદ્ભવતી નવીન વાસ્તવિકતાઓ :**

→ સોવિયેત સંઘના વિઘટન પછી પ્રમુખ બોરીસ યેલ્ત્સીનના અધ્યક્ષપણા નીચે રશિયાએ લોકશાહી મુક્ત અર્થતંત્રનો સ્વીકાર કરતું બંધારણ ઘડ્યું જે 20 ડિસે. 1993ના રોજ અમલમાં આવ્યું.

→ આ બંધારણ પ્રમાણે સાર્વભોમ રશિયાએ સમવાયતંત્રી વ્યવસ્થા ચાલુ રાખી છે.

→ આજે તેમાં 21 ગણતંત્રો, 6 કેન્દ્રશાસિત પ્રદેશો, 49 પ્રદેશો (ઓલ્બેસ્ટે), 10 સ્વાયત્ત વિસ્તારો તથા મોસ્કો અને સેન્ટ પીટસબર્ગે બે શહેરોને સ્વાયત્ત દરજ્જો આપ્યો છે.

→ હવેથી રશિયા ઉદાર લોકશાહી રાજ્યવ્યવસ્થા છે જેમાં મૂળભૂત અધિકારીઓની બાંહેધરી આપવાામાં આવી છે.

→ તેમાં બહુપક્ષપ્રથાનો અને મુક્ત ન્યાયી ચૂંટણીઓનો સ્વીકાર થયો છે.

→ તેમાં કારોબારી, ધારાસભા અને ન્યાયતંત્ર એ સરકારનાં ત્રણ અંગો વચ્ચે સત્તાવિશ્લેષણનો સ્વીકાર કરવામાં આવ્યો છે.

→ તેમાં દ્વિગૃહી ધારાસભાનો સ્વીકાર થયેલ છે.

→ નીચલું ગૃહ જે રાજ્ય ડ્યુમા તરીકે ઓળખાય છે તેમાં 450 સભ્યો છે, જે પ્રત્યક્ષ રીતે થાય છે.

→ તેઓ રાજ્યના અને કારોબારીના વડા છે.

→ તેઓ લશ્કરી દળોના પણ વડા છે.

→ ફ્રેન્ચ બંધારણની જેમ અહીં પણ પ્રમુખ સરકાર અને પ્રધાનમંડળના અધ્યક્ષ તરીકે વડાપ્રધાનની પસંદગી કરે છે.

→ પ્રમુખ વડાપ્રધાનની સલાહથી પ્રધાનમંડળની રચના કરે છે.

→ જોકે ફ્રાન્સની જેમ અહીં પણ વડાપ્રધાન અને પ્રધાનમંડળના અસ્તિત્વનો આધાર પ્રમુખની મરજી ઉપર આધારિત છે.

→ બંધારણે 19 સભ્યોની બંધારણીય અદાલતની વ્યવસ્થા પણ કરી છે જે પ્રમુખના આદેશો, સરકારના હુકમો અને સમવાય ધારાસભાના કાયદાઓની બંધારણીયતાને ચકાસી શકે છે.

→ બંધારણમાં પ્રમુખ બંધારણનો ભંગ કરે તો મહાભિયોગનો પ્રસ્તાવ સમવાય ધારાસભા 2/3 બહુમતીથી પસાર કરીને પ્રમુખને તેમના સ્થાન ઉપરથી દૂર કરી શકે છે.

→ આ યેલ્ત્સીન બંધારણને ડિસેમ્બર 1993માં ત્વરિત લોકપૃચ્છાનું સમર્થન મળ્યું.

→ આ બંધારણે પ્રમુખને વિશાળ સત્તાઓ આપી.

→ નવું બંધારણ અમલમાં આવે તે પહેલાં જૂના રશિયન બંધારણ તળે યોજાયેલ ચૂંટણીઓમાં પ્રથમ ક્રમે વ્હાલીદીમેર ઝેરીનો વ્હસકીનો એલ.ડી.આર. પ્રથમ ક્રમે, ટેલ્ત્સીન સમર્થક રશિયન લોકશાહી પસંદગી પક્ષ બીજે ક્રમે અને સામ્યવાદી પક્ષ સી.પી.આર.એફ. ત્રીજે ક્રમે હતા અને ચિંતાનું વાતાવરણ હતું.

→ આમ છતાં રશિયા અને વિશ્વના ચિંતકોના આશ્ચર્ય વચ્ચે 65 % મતદાન થયું અને 22.31 % મત સાથે સામ્યવાદી પક્ષ પ્રથમસ્થાને આવ્યો.

→ રશિયન રાજકારણમાં આગળ જોયા એ ત્રણ ઉપરાંત 'રશિયા આપણું ઘર' જેવા નવા રાજકીય પક્ષોનો ઉદય થયો છે.

→ લોકશાહી દૃઢ થતી જાય છે.

→ રશિયન રાષ્ટ્રવાદ પુનઃ જાગૃત થઈ રહ્યો છે.

→ પશ્ચિમનાં મૂડીવાદી લોભામણાં સ્વપ્નોથી દુર રશિયન વાસ્તવિકતાઓનો સ્વીકાર થઈ રહ્યો છે.

→ બીમાર અને અસ્વસ્થ રહેલા પ્રમુખ યેલ્ત્સીને સ્વેચ્છાએ પદત્યાગ કર્યો છે.

→ પ્રમાણમાં યુવાન અને રશિયન વહીવટતંત્રનો લાંબો અનુભવ ધરાવતા વ્હાલીદીમેર પુટીન રાષ્ટ્રપ્રમુખ બન્યા છે.

→ રશિયા આંતરિક અને બાહ્ય બંને રીતે પુનઃ ચેતનવંતુ બની રહ્યું છે.

**⏩ રશિયન વહીવટીતંત્રમાં સુધારણા :**

→ જૂની સોવિયેત સંઘવાળી સામ્યવાદી પૈતૃક પ્રણાલીવાળી સિવિલ સેવામાં સુધારણા માટેનો કાર્યક્રમ અમલી બની ચૂક્યો છે. આમ છતાં ભારતની જેમ અહીં કેન્દ્રીય સેવા આયોગ જે બ્રિટન જેવી એકતંત્ર પ્રથાને પોષક છે તેને સ્થાને સમવાયતંત્રને પોષક એવી વિકેન્દ્રીત વ્યવસ્થાને અમલ છે.

→ એક અર્થમાં આવી વિકેન્દ્રીત વ્યવસ્થા જૂના યુ.એસ.એસ.આર.માં હતી જ.

→ જૂની વ્યવસ્થામાં સોવિયેતોને (રશિયન શબ્દ સોવિયેતનો અર્થ સ્થાનિક લોકોની પ્રતિનિધિસભા થાય છે.)

→ સત્તા આપવાની વાત હતી.

→ પરંતુ વાસ્તવમાં સામ્યવાદી પક્ષ જ ટોચથી નીચે સુધી વહીવટીતંત્રમાં ફેલાયેલ હતો.

→ સામ્યવાદી પક્ષ સિવિલ સેવકો પાસે પણ વૈચારિક વફાદારી માટે અપેક્ષા જ નહિ, નિરીક્ષણ અને નિયંત્રણ રાખતો, જેના લીધે સિવિલ સેવાનું સ્તર લાંબે ગાળે નીચું જાય તે સ્વાભાવિક હતું.

→ તેથી નવી વ્યવસ્થામાં સિવિલ સેવાના માળખાને સ્થાનિક સ્તરેથી કેન્દ્ર સુધી સુધારવાની અનિવાર્યતા હતી જ.

→ ડિસે. 1991માં સમવાય પ્રમુખ સિવિલ સેવકો માટેની પક્ષીય ઉચ્ચ તાલીમશાળાઓને બહુપક્ષ પ્રથાને અને બજાર-પ્રથાવાળા અર્થતંત્રને અનુરૂપ બનાવવા સંકલનકર્તા સંગઠન 'રોસકાર્ડી' વિકસાવવા નિર્ણય કરેલો પરંતુ જૂન 1994માં પ્રમુખના આદેશ પ્રમાણે 'રશિયન સિવિલ સેવાની એકેડેમી'ના નેજા નીચે આ તમામ શાળાઓને વિકસાવવાનું નક્કી થયું.

→ સાયબીરિયન સિવિલ સેવા એકેડેમી (SACS) 'સાક્સ' આવી જ એક મહત્ત્વની સંસ્થા છે.

→ આમ છતાં આજે પણ વહીવટી સુધારણા માટેના પ્રયત્નોમાં તાલીમના વિષયોમાં, પદ્ધતિઓમાં અને અભ્યાસક્રમમાં ફેરફાર થયા છે.

→ સિવિલ સેવા સુધારણા માટેના પ્રયત્નો છતાં આજે પણ વિવિધ વિભાગોમાં ખાલી પડતી જગ્યાઓ માટે જેતે વિભાગના વડા દ્વારા જ જાહેરાત આપવામાં આવે છે.

→ ભરતી માટે જાહેર સેવા આયોગ જેવી તટસ્થ સંસ્થા લાયકાતને આધારે પરીક્ષાઓ લેતી નથી પરંતુ જ્ઞાન, આવડત અને અનુભવના જેતે વિભાગના અધ્યક્ષ અને તેમના સહકાર્યકર અધિકારીઓની ભલામણને આધારે નિમણૂકની પ્રથા ચાલુ છે.

→ આ એક પૈતૃક પ્રણાલી છે.

→ મર્યાદિત અર્થમાં વ્યક્તિગત સંબંધોની જાળ હજુ પણ કાર્યરત છે.

→ સામ્યવાદી પક્ષની ભૂમિકા સમાપ્ત કરવામાં આવી છે.

→ આમ છતાં લાયકાતની તટસ્થ ચકાસણીને બદલે ભલામણોની પ્રથા હજુ સ્વીકૃત અને અધિકૃત રીતે છે જ.

→ ઓબ્લેસ્ટમાં 'સિવિલ સેવા સમિતિ' ખાલી જગ્યાઓ માટેની જાહેરાત દ્વારા કે અનૌપચારિક રીતે અરજીઓ સ્વીકારે છે અને ખાતાના વડા, નાયબ વડા (આબ્લેસ્ટના)ની ભલામણને આધારે ઉમેદવારની પસંદગી કરી નિમણૂક માટે ભલામણ કરે છે, જેનો મહ્દઅંશે સ્વીકાર થાય છે.

→ બઢતી માટે આવી જ પદ્ધતિ સ્વીકારવામાં આવે છે.

→ પ્રત્યેક કર્મચારીઓની સેવાની નોંધ કેન્દ્રિત થયેલી હોય છે.

→ જેમાં જન્મ, રાષ્ટ્રીયતા, શિક્ષણ અને લાયકાત, વિદેશી ભાષાની જાણકારી, અનુભવ અને શિસ્ત અંગેની નોંધ હોય છે.

→ આવી સેવાકીય નોંધપોથીઓ જે તે ખાતાના વડાઓની ભલામણ સાથે 'સિવિલ સેવા સમિતિ' પાસે મોકલવામાં આવે છે.

→ સમિતિ આ ભલામણને આધારે બઢતી માટે સિવિલ સેવકોના નામની યાદી બનાવે છે.

→ આમ લાયકાતની ચકાસણી માટેની વ્યવસ્થા કે રૂબરૂ મુલાકાતની કસોટીને બદલે ખાતાકીય વડા નાયબ વડાની ભલામણને જ આધારભૂત ગણવામાં આવે છે.

→ જે પૈતૃકપ્રથાની પોષક છે જે બઢતી માટે કાર્યક્ષમતાને બદલે ચાપલૂસીને પોષે તે સ્વાભાવિક છે.

**⏩ ઓબ્લેસ્ટ અને રાયનના સિવિલ સેવકોની તાલીમ :**

→ ટોમ્સ્ક ઓબ્લાસ્ટમાં સાંજના પાર્ટટાઈમ વર્ગો, પત્રવ્યવહાર અને બેથી ચાર વર્ષનો તાલીમનો સમયગાળો છે.

→ મોટા ભાગના અધિકારીઓ ડિપ્લોમાં અથવા ઉચ્ચ અભ્યાસ અહીં કરે છે.

→ રીફ્રેશર કોર્ષમાં કાર્યક્રમમાં પ્રવચનો, સેમિનાર અને રાત્રિનિવાસી અભ્યાસો હોય છે.

→ રીટ્રેનિંગ મોસ્કોમાં સાંજના વર્ગોમાં ઘનિષ્ટ કાર્યક્રમો હોય છે.

→ સાઇબીરિયન સિવિલ સેવા એકેડમી, મોસ્કો સિવિલ સેવા એકેડેમી, ટોમ્સ્ક રીજીઓનલ એપ્લાઇડ સાઇન્ટિફિક એજ્યુકેશન સેન્ટર મહત્ત્વનાં છે.

→ તાલીમાર્થીઓ પોતાની વિનંતી અને વિભાગીય અધ્યક્ષોની ભલામણોને આધારે પ્રવેશ મેળવે છે.

→ આવી તાલીમ બઢતીની તકો વધારે છે. તાલીમ આપનાર મોટે ભાગે જુદા જુદા વિષયોના નિષ્ણાત પ્રોફેસરો જાહેર સાહસો, ખાનગી સાહસોના મેનેજરો, વિભાગીય વડા તાલીમ કોલેજમાં પાર્ટટાઇમ સેવા આપે છે.

→ 1994માં આવા શિક્ષકોમાં 27 % પક્ષીય શાળાઓમાં કામ કરીને આવેલા હતા.

→ આ તાલીમાર્થી શિક્ષકોનું પગારધોરણ ખૂબ જ નીચું હતું.

→ તાલીમના વિષયોમાં જાહેર વહીવટ, નાણાકીય વ્યવસ્થા, કાયદો, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને જાહેર સંપર્ક ઉપર છેલ્લા વર્ષમાં વધુ ભાર અપાય છે. (જ્યાં ચારથી પાંચ વર્ષનો અભ્યાસક્રમ છે.)

→ અહીં હજુ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાંથી જ જે તે વિભાગોમાં ખાલી પડતી જગ્યાઓ માટે પ્રત્યક્ષ ભરતી કરે છે.

→ આર્થિક વિઘટન અને અંદાજપત્રીય કડક શિસ્તને પગલે ડિસેમ્બર 1993માં 25 % (9,00,000) સિવિલ સેવકોને નિવૃત્ત કરવાનો નિર્ણય લેવાયો હતો.

→ આ નિર્ણય ભારે મૂંઝવણ પેદા કરનારો હતો છતાં તેનો અમલ થઈ ચૂક્યો છે.

→ આ માટે નિવૃત્તિ, ખાતાકીય બદલીઓ જેવાં પગલાં લેવાયાં હતાં.

→ આમ થવાથી અનુભવી સિવિલ સેવકોની કેટલાંક ક્ષેત્રોમાં ભારે ખેંચ અનુભવાતી હતી.

→ ટૂંકમાં નવી બજારુ અર્થનીતિ બહુપક્ષપ્રથાવાળી, અર્ધ સંસદીય અને પૂર્ણ પ્રમુખીય ફ્રાન્સ જેવી લોકશાહી અને સમવાયી પ્રથાનો સ્વીકાર થયેલો છે.

→ આમ છતાં સિવિલ સેવામાં ભરતી અને બઢતી માટે ખાતાકીય વડાઓની ભલામણોને આધારે જ ચાલુ રહેલી જૂની પૈતૃક પદ્ધતિમાં જૂનાં હિતજૂથો પુનઃસક્રિય જણાય છે.

→ 'સ્થિતિસ્થાપકતા' અને 'વાર્તાલાપ'નાં સૂત્રો વચ્ચે ટેક્નિકલ પ્રોજેક્ટો વિવાદમાં મૂકાય.

→ ઉપરાંત પૈતૃક પ્રથા ચાલુ રહેવાથી સુધારણાના આદર્શને હાનિ થઈ રહી છે.

**⏩ સ્થાનિક સરકાર :**

→ રશિયામાં યુ.એસ.એસ.આર.ના સમયથી સમગ્ર પ્રદેશ પેટાવહીવટીતંત્ર તરીકે જિલ્લાઓ (raion)માં વહેંચાયેલો છે. આ રાયોનનું ઉપરનું એકમ ઓબ્લાસ્ટ (oblast) છે.

→ ઓબ્લાસ્ટે ઝારકાલીન પ્રાંતોનું સ્થાન લીધેલું છે. ક્ષેત્ર (territories) સ્વાયત્ત ગણરાજ્ય અને સ્વાયત્ત ક્ષેત્રની ઉપર છે.

→ જિલ્લો પણ બે પ્રકારના છે : શહેરી જિલ્લા અને ગ્રામ્ય જિલ્લાઓ.

→ ગ્રામ્ય જિલ્લાઓ ગામડાઓ અને કસ્બાઓનો વહીવટ કરે છે. ઓગ અને ઝીંકે પોતાના પુસ્તક 'Modern Foreign Government'માં નોંધ્યું છે કે ગ્રામીણ સભાઓ રૂસી સમાજની અતિ પુરાણી સંસ્થાઓ છે.

→ એક લાખ કે તેથી વધુ મોટાં શહેરોમાં નગરપાલિકાઓ છે.

→ આ સ્થાનિક સરકારોમાં 1990 સુધી સોવિયેતો (જેમાં શ્રમિકો અને સૈનિકોનું પ્રતિનિધિત્વ) દ્વારા પસંદ થતી કારોબારી સમિતિ દ્વારા વહીવટ ચાલતો.

→ હવે 1993ના બંધારણના અમલ પછી સ્થાનિક સરકારો લોકશાહી સંસ્થાઓ બની છે.

→ સોવિયેત સંઘનું બંધારણ સ્થાનિક સરકાર (Local Self Government)ને બદલે 'રાજ્યસત્તા વિકાસનું સ્થાનિક માળખું.' (Local Bodies of State Authorty)ના નામે ઓળખાતું અને ખરેખર તેની સ્થિતિ તેવી જ હતી કારણ કે સોવિયેત સંઘે લોકશાહીયુક્ત કેન્દ્રિકરણ (Democratic centralism)નો આદર્શ સ્વીકાર્યો હતો.

→ આમ રશિયાની રાજ્યપ્રથા વહીવટીતંત્ર પરિવર્તિત થઈ રહ્યું છે.

→ 1917 પહેલાં રાજાશાહી 1917 થી 1991 સામ્યવાદી પક્ષની એક પક્ષ સરમુખત્યારશાહી અને 1991 પછી બહુપક્ષીય અને પ્રમુખપદ્ધતિવાળી લોકશાહી રાજ્ય બન્યું છે.

→ પરંતુ રાજ્યવ્યવસ્થામાં જે આમૂલ પરિવર્તન આવ્યું છે તે હજુ સિવિલ સેવાની ભરતી અને બઢતીમાં ખાસ જણાતું નથી.

→ તાલીમમાં નવી અર્થનીતિ પ્રમાણે ફેરફાર થયા છે.

→ તાલીમસંસ્થાઓ આર્થિક સંકડામણો ભોગવી રહી છે.

→ જોકે સમગ્ર દેશ આર્થિક મુશ્કેલીઓમાંથી પસાર થઈ રહ્યો છે.

**⏩ ગ્રેટ બ્રિટનની વહીવટી વ્યવસ્થાની ધ્યાનાકર્ષક વિશેષતાઓ :**

→ સામાન્ય રીતે લોકો એમ સમજતા હોય છે કે દેશનો વહીવટ ચલાવવા માટે બંધારણ લેખિત જ હોવું જોઈએ અને હોઈ શકે.

→ પરંતુ ગ્રેટ બ્રિટનનું બંધારણ દુનિયામાં એક મોટો અપવાદ છે અને સદીઓથઈ રાજકારોબારના અનુભવો, રાજકીય પરંપરાઓ અને પ્રણાલીઓ તથા સમજૂતીઓમાંથી વિકસ્યું છે.

→ બંધારણ લેખિત હોય કે બિનલેખિત તેમાં લોકોનો વિશ્વાસ, શ્રદ્ધા અને તેના પ્રત્યેનો આદર મહત્ત્વનો છે અને તે બાબત બ્રિટનનું બંધારણ ધરાવે છે.

→ ચાર્લ્સ ડિકિન્સે કહ્યું છે કે, "અમને અંગ્રેજોને અમારા બંધારણ પર ગર્વ છે, એ ઈશ્વરની ભેટ છે.

→ આ બાબતમાં બીજા કોઈ દેશ પર તેની આવી કૃપા ઊતરી નથી."

→ આમ છતાં બ્રિટનમાં જેના આધારે દેશનું શાસનતંત્ર ચાલે છે, જે બંધારણને સ્પર્શે છે તેવી કોઈ બાબત લેખિત મળી એમ નથી.

→ વ્યક્તિસ્વાતંત્ર્યને રક્ષતો 1215નો મેગ્નાકાર્ટા, 1628ની હક્કની અરજી, '1679નો હેબિયસ કોપર્સ એક્ટ', 1689નો હક્કોનો ખરડો, 1701નો એક્ટ ઓફ સેટલમેન્ટ, ઇંગ્લેન્ડ અને વેલ્સને જોડતો 1535નો કાયદો, ઇંગ્લેન્ડને સ્કોટલેન્ડથી જોડતો 1707નો કાયદો, ગ્રેટ બ્રિટનને ઉત્તર આયર્લેન્ડ સાથે સાંકળતો 1921નો કાયદો–એ ઇંગ્લેન્ડના બંધારણના લેખિત અંશો છે.

→ આમ છતાં બ્રિટનના બંધારણની સૌથી ધ્યાનાકર્ષક વિશેષતા એ તેનું બિનલેખિતપણું છે જેના લીધે આ બંધારણ સુપરિવર્તીનશીલ છે અને સતત વિકસતું રહ્યું છે.

→ બ્રિટનને સંસદીય લોકશાહીની જનની તરીકે ઓળખવામાં આવે છે.

→ અહીં બે પ્રકારની રાજકીય કારોબારી છે : પ્રથમ બંધારણીય કારોબારી એ 'તાજ' પાસે એટલે કે રાજા અથવા રાણી ગણાય છે.

→ વાસ્તવિક કારોબારી વડાપ્રધાનનું સહિતનું પ્રધાનમંડળ છે.

→ બંધારણ બિનલેખિત હોવાથી પસંદ સર્વોપરી ગણાય છે.

→ સંસદમાં બે ગૃહ છે : પ્રથમ ગૃહ આમસભા અને બીજું ગૃહ ઉમરાવસભા છે.

→ અંગ્રેજો રૂઢિચુસ્ત પ્રજા છે.

→ તેમને કાયદાના શાસન પ્રત્યે આદર છે.

**રાજકીય અને વહીવટી કારોબારી વચ્ચેનો સંબંધ :**

→ અમેરિકાથી વિરુદ્ધ ભારતની જેમ બ્રિટન સંસદીય લોકશાહીવાળો દેશ છે.
→ તેથી અહીં રાજકીય અને વાસ્તવિક કારોબારી વડાપ્રધાન સહિતનું પ્રધાનમંડળ સ્વરૂપે અસ્થિર હોય છે.
→ પ્રધાનમંડળ ધારાસભામાંથી રચાય છે અને ધારાસભાનો વિશ્વાસ જાળવે ત્યાં સુદી જ સત્તા ઉપર રહે છે.
→ વળી પાંચ વર્ષને અંતે પક્ષીય સરકાર બદલાઈ પણ શકે છે.
→ વડાપ્રધાન પ્રધાનોમાં ખાતાં બદલી પણ શકે છે.
→ તેથી પ્રધાનો પોતાના ખાતાના નિષ્ણાત ન હોય તેવું બનવાના સંજોગો રહે છે.
→ આ પરિસ્થિતિમાં સિવિલ સેવકો જેવો પોતાના ખાતાના અનુભવી અને વહીવટમાં નિષ્ણાત હોવાથી તેઓ જાહેર પ્રશ્નો અંગે સરકારની નીતિ ઘડવાામાં તથ્યોનું વિશ્વલેષણ કરી મદદ અને સલાહ આપે છે.
→ સચિવો પ્રધાનોને નિર્ણય લેવા માટે તૈયાર વિકલ્પો પણ પૂરા પાડે છે.
→ ધારાસભામાં પૂછાતા ઉત્તર માટે માહિતી પણ પૂરી પાડે છે.
→ બ્રિટનમાં સિવિલ સેવા ખાતું વડાપ્રધાનના અધ્યક્ષપદ નીચે હોવાથી સિવિલ સેવકો અને પ્રધાનમંડળ વચ્ચેના સંબંધો વધુ ગાઢ બને છે.
→ જોકે અહીં રાજકીય તટસ્થતા સિવિલ સેવાએ સ્વીકારેલી છે.

**વહીવટી સંગઠનના પ્રકારો :**

→ બ્રિટનમાં ખાતાઓ એ પાયાના વહીવટી એકમ છે.
→ તે ઉપરાંત રાષ્ટ્રીયકૃત ઉદ્યોગો અને જાહેર ઉદ્યોગો છે.
→ પ્રત્યેકના નિર્ણયો તાજને નામે લેવામાં આવે છે.
→ ખાતામાં વારંવાર પરિવર્તન થઈ શકે છે.
→ પ્રત્યેક ખાતાના પ્રધાન વ્યક્તિગત અને સામૂહિક રીતે પાર્લમેન્ટને જવાબદાર છે.

**કાર્મીક વહીવટ :**

→ બ્રિટનમાં 1854 સુધી સિવિલ સેવા પૈતૃક પ્રકારની પ્રણાલી ધરાવતી હતી. સિવિલ સેવાઓ હોદ્દો રાજકીય કે વ્યક્તિગત બદલા તરીકે અપાતો.
→ જાહેર જીવનમાં ભ્રષ્ટાચાર, કાર્યક્ષમતા અને ચૂંટણીમાં વિજય માટે રાજકીય પક્ષોએ સામાન્ય લોકોના મનની જરૂરી લાયકાત પ્રણાલી માટે સંજોગો ઊભા કર્યા.
→ બ્રિટનની સિવિલ સેવાને વિકસાવવામાં જે સમિતિઓએ ફાળો આપ્યો છે તેમાં કેટલીક સમિતિનું પ્રદાન નોંધપાત્ર છે. → તેમાં પ્રથમ છે 1853માં નિમાયેલ નોર્થ કોટ ટ્રાવેલીયન જેનો અહેવાલ 1854માં જાહેર કરાયો.
→ તેણે કરેલી ખાસ ભલામણોમાં પૈતૃક સિવિલ પ્રથાને રદ કરીને લાયકાત પ્રણાલી માટેની હતી.
→ આ માટે તેણે અર્થ ન્યાયિક અને સ્વાયત્ત આયોગની રચના પર ભાર આપ્યો હતો.
→ તે પ્રમાણે 1855માં સિવિલ સેવા આયોગની રચના કરવામાં આવી.
→ જોકે સિવિલ સેવકોની ભરતી માટે મુક્ત સ્પર્ધાત્મક પરીક્ષાઓવાળી લાયકાત પ્રણાલી 1870માં સ્થપાઈ.
→ સિવિલ સેવા માટે પરીક્ષા, તેનું માળખું, ભરતી, તાલીમ વગેરેની સુધારણા માટે બ્રિટિશ સહકારી 1968માં ફ્લ્ટન સમિતિની રચના કરી હતી.
→ આ સમિતિએ પોતાના અહેવાલમાં 1968માં 158 જેટલી ભલામણો કરી હતી.
→ આ ભલામણોમાં સિવિલ સેવાના સંચાલન માટે એક નવું ખાતું રચવું અને તેમાં સિવિલ સેવા આયોગનો સમાવેશ થઈ જાય અને આ ખાતાના અધ્યક્ષ વડાપ્રધાન રહે.
→ ઉપરાંત સિવિલ સેવામાં એક સંયુક્ત માળખું રચવામાં આવે જેમાં ટોચથી નીચે સુધીના આ સમિતિની ભલામણ પ્રમાણે સિવિલ સેવામાં 6 વહીવટી જૂથો રચવામાં આવ્યાં.
→ 1986માં સાત ગ્રેડના ખુલ્લા માળખા તેમાં રચાયા.
→ આ સિવિલ સેવકોની તાલીમ માટેનું માળખું 1944માં એસ્ટન સમિતિના અહેવાલને આધારે રચાયેલું છે.
→ સિવિલ સેવકોની બઢતી માટે ખાતાકીય અધ્યક્ષોની ભલામણને ધ્યાનમાં લેવાય છે.

**વ્હાઇટનો કાઉન્સિલ :**

→ 1917માં ખાનગી એકમોના કર્મચારીઓના પ્રશ્નોના સમાધાન માટે અને 1919માં સિવિલ સેવકોના પ્રશ્નોના સમાધાન માટે વ્હાઇટલે સમિતિની નિમણૂક થયેલી.

→ આ સમિતિના અહેવાલ પ્રમાણે સરકાર અને સિવિલ સેવકો વચ્ચેના સંબંધો સુમેળભર્યા રહે, સિવિલ સેવકોના પ્રશ્નો ઉકેલાય તે માટે બ્રિટનમાં આ વિશિષ્ટ પ્રકારની વહીવટી સંસ્થા છે.

**સંસંદીય કમિશનર :**

→ જહોન વ્હેટ સમિતિના 1961ના અહેવાલને આધારે 1967માં સંસદીય કમિશનરની સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે.

→ તેઓ બ્રિટનના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની સમકક્ષ હોદ્દો ધરાવે છે.

→ તેમની નિમણૂક તાજ દ્વારા થાય છે અને 65 વર્ષ સુધી તેઓ સેવા કરી શકે છે.

→ તેઓ વહીવટતંત્ર સામેની નાગરિકોની ફરિયાદો સાંભળે છે અને તેનો ઉકેલ લાવવા પ્રયત્ન કરે છે.

→ જોકે સંબંધિત નાગરિકોની ફરિયાદો પ્રથમ પાલમિન્ટ પાસે જાય છે અને પાલમિન્ટ સંસદીય કમિશનરને આ ફરિયાદો મોકલે છે.

→ તેમનું સ્થાન સ્વીડનના ઓમ્બ્સડમેન જેવું હોવા છતાં તેમની સત્તા અને કાર્યક્ષેત્ર એટલાં પ્રભાવશાળી નથી.

→ તેમની સત્તા અને કાર્યક્ષેત્ર ઉપર અંકુશો છે.

**અધિકારિત વિધાન અને નવી સરમુખત્યારશાહી :**

→ બ્રિટનના ન્યાયમૂર્તિ લોર્ડ હ્યુવર્ટે 1929માં નવી સરમુખત્યારશાહી નામના પુસ્તકમાં નોકશાહીની વધતી સત્તા સામે ચેતવણી આપી હતી.

→ 1930માં વડાપ્રધાન રામ્સે મ્યુરે પણ બ્રિટન કેવી રીતે શાસિત થાય છે તે પુસ્તકમાં આ તથ્યને સમર્થન આપ્યું હતું.

→ કલ્યાણરાજ્યની વધેલી પ્રવૃત્તિઓએ ધારાસભાના કાર્યમાં વધારો કર્યો છે.

→ ધારાસભા આ સંજોગોમાં કાયદાનું સામાન્ય માળખું આપે છે.

→ જેમાં વિગતો પૂરવાનું પ્રધાનમંડળને સોંપે છે અને પ્રધાનો આ જવાબદારી સિવિલ સેવકોને સોંપે છે.

→ તેથી સિવિલ સેવકો પોતાને અનુરૂપ અર્થઘટનો પૂરે છે, જેના લીધે તેમની સત્તામાં વધારો થાય છે.

→ તેમની પાસે કારોબારનાં નિષ્ણાત કાર્યો ઉપરાંત ધારાસભાનાં કાર્યો પણ આવ્યાં છે.

**સ્થાનિક સરકાર :**

→ બ્રિટનમાં એકતંત્રી સરકાર છે.

→ સ્થાનિક સરકારની રચના અને તેની સત્તા તથા કાર્યો કેન્દ્ર સરકાર નક્કી કરે છે.

→ તેના વિકાસમાં બ્રિટનના સામાન્ય કાયદા અને ન્યાયતંત્રના ચુકાદાઓએ અગત્યનો ફાળો આપ્યો છે.

→ 1933ના ધારાએ સ્થાનિક સરકારના વહીવટતંત્રને લગતી મહત્ત્વની જોગવાઈ કરી છે. હાલમાં બ્રિટનમાં છ પ્રકારની સ્થાનિક સરકારો છે.

(અ) **પારીસ :** આ બ્રિટનની સ્થાનિક સરકારનું સૌથી નાનું અને સૌથી નીચેના સ્તરનું એકમ છે.

→ તે ગ્રામ્ય જિલ્લાનું પેટા એકમ છે.

(બ) **ગ્રામ્ય જિલ્લો :** પારીસમાં એક સમૂહમાંથી ગ્રામ્ય જિલ્લો બને છે.

(ક) **શહેર જિલ્લો** : તેમાં કસબા અને બીજા ગીચ વિસ્તારોનો સમાવેશ થાય છે.

(ડ) **બરો :** તે નાના શહેરી વિસ્તાર માટેનું એકમ છે, જેને નગરપાલિકા કહી શકાય.

(ઇ) **કાઉન્ટી બરો :** તે મોટાં શહેરો માટેની સ્થાનિક સરકાર છે.

→ તેને ભારતની મહાનગરપાલિકા સાથે સરખાવી શકાય.

(ઉ) **કાઉન્ટી :** તે સ્થાનિક સરકારના માળખામાં ટોચ ઉપર આવેલી સ્થાનિક સરકારની સંસ્થા છે.

→ બ્રિટનના સમગ્ર વિસ્તારને 62 કાઉન્ટી વિસ્તારોમાં વહેંચવામાં આવ્યો છે.

**સિવિલ સેવકો અને મૂડીપતિ વર્ગ :**

→ બ્રિટિશ સિવિલ સેવાની વિશેષતા તેના મૂડીપતિ વર્ગ સાથેના વિશિષ્ટ સંબંધો પણ છે.

→ અહીં સિવિલ સેવકો ઉપરાંત લશ્કરના અધિકારીઓ પણ નિવૃત્તિ પછી ખાનગી ઔદ્યોગિક એકમોમાં સેવા આપે છે.

→ લંડન શહેરમાં સિવિલ સેવકો, ઉમરાવો, ઉદ્યોગપતિઓની કલબો બની છે.

→ જેમાં મનોરંજનની સાથે રાજનીતિ, ઉદ્યોગ અને વહીવટતંત્રના કેટલાક મહત્ત્વના નિર્ણયો અનૌપચારિક ઢબે લેવાય છે.

**⏩ ફ્રાન્સની વહીવટી વ્યવસ્થાની ધ્યાનાકર્ષક વિશેષતાઓ :**

→ ફ્રાન્સમાં 1789માં સૌપ્રથમ બંધારણીય રાજ્યવ્યવસ્થાની સ્થાપના થઈ ત્યાર પછી પણ બે સદી જેટલો સમય ફ્રાન્સમાં રાજકીય અસ્થિરતા રહી.

→ રાજકીય સ્થિરતા સ્થાપવા માટે વારંવાર બંધારણો બદલવામાં આવ્યાં.

→ અત્યારે જેને પાંચમું ગણતંત્ર આપનારું બંધારણ ગણાવાય છે તેની સ્થાપના 1958માં થઈ છે.

→ તે લેખિત બંધારણ છે.

→ તેમાં 92 કલમો છે.

→ આ બંધારણ દુષ્યપરિવર્તનશીલ છે.

→ તેમાં સુધારા માટે ધારાસભાની 60 % બહુમતી અથવા રાષ્ટ્રીય લોકપૃચ્છાની વ્યવસ્થા છે.

→ બંધારણે પ્રમુખ - પદ્ધતિ અને સંસદીય લોકશાહીની મિશ્ર વ્યવસ્થા બનાવી છે.

→ પ્રમુખ 7 વર્ષ માટે ચૂંટાય છે.

→ વડાપ્રધાન સહિતનું પ્રધાનમંડળ પ્રમુખ નીમે છે.

→ આ પ્રધાનો ધારાસભાના સભ્ય ન હોવા છતાં ધારાસભાને જવાબદાર છે.

→ બંધારણ એકતંત્રી સરકારની સ્થાપના કરે છે.

→ દેશમાં છેલ્લી બે સદીથી રાજકીય અસ્તિરતા રહી વારંવાર સરકારો તૂટી પડી છતાં દેશમાં સ્થિરતા અને પ્રગતિનો ક્રમ જળવાઈ રહ્યો તેનું કારણ દેશનું વહીવટતંત્ર છે.

**⏩ સરકારી તંત્રનો ઉદ્‌વિકાસ :**

→ બ્રિટનનું બંધારણ અને સરકારી તંત્ર તેની રાજકીય પરંપરાઓ, પ્રણાલીઓ અને સમજૂતીના વિકાસનું પરિણામ છે. ફ્રાન્સની પ્રજાએ લાંબી રાજકીય અસ્થિરતામાંથી મુક્ત થવા છેલ્લી બે સદીના દર દશકે બંધારણ અંગે ઊંડું ચિંતન કરેલું જણાય છે.

→ જેના પરિણામે રાષ્ટ્રપ્રમુખને બંધારણીય અને વાસ્તવિક સત્તા મળી છે.

→ આમ છતાં અહીં વડાપ્રધાન અને પ્રધાનમંડળ છે.

→ પ્રમુખ પ્રધાનમંડળની બેઠકોનું નેતૃત્વ કરે છે અને પ્રમુખ જ નીતિઘડતર કરે છે.

→ પ્રધાનો તથા પ્રજા પ્રમુખને નેતા ગણે છે.

→ આમ વડાપ્રદાનનું સ્થાન ભારત કે બ્રિટન જેવું નથી.

→ પરંતુ તે નવા રશિયન બંધારણ જેવું છે.

→ આમ થવાથી શાસનતંત્ર અત્યંત કેન્દ્રીકૃત બન્યું છે.

→ વહીવટીતંત્ર ઉપર પ્રમુખનો, પ્રધાનોનો અને ધારાસભાની વિવિધ સમિતિઓનો અંકુશ છે.

→ ઉપરાંત નેપોલિયન પ્રથમના વખતથી પ્રીફેક્ટ તરીકે ઓળખાતા અધિકારીને કેન્દ્ર સરકાર સ્થાનિક સ્તરે પોતાના પ્રતિનિધ તરીકે જવાબદારી સોંપે છે.

→ તેઓ પોતાના વિસ્તારના લોકોની જરૂરિયાતો, મુશ્કેલીઓથી સરકારને માહિતગાર કરે છે.

→ સ્થાનિક વહીવટતંત્ર ઉપર તેમનું મોટું નિયંત્રણ હોય છે.

**⏩ કાર્મીક વહીવટ :**

→ ફ્રાન્સમાં 1789 સુધી સિવિલ સેવાના હોદ્દા મિલકત જેવા ગણાતા, તેને વેચી શકાતા જેના લીધે સિવિલ સેવાના હોદ્દા સામાન્ય લોકોને પ્રાપ્ત ન હતા. 1789ની ક્રાંતિ પછી સિવિલ સેવાને સંગઠિત કરવા પ્રયત્નો ચાલતા રહ્યા પરંતુ તેમાં મોટું પરિવર્તન 1946ના અધિનિયમથી આવ્યું.

→ આ અધિનિયમે સિવિલ સેવાને નિયામકના કાર્યાલય નીચે મૂક્યું, જેના ઉપર સીધું નિયંત્રણ વડાપ્રધાનનું ગણાયું.

→ સિવિલ સેવામાં લાયકાતનું ધોરણ દાખલ કરવામાં આવ્યું.

→ અહીં સિવિલ સેવાકોની ભરતી અને તાલીમની પૂરી વ્યવસ્થા 'રાષ્ટ્રીય વહીવટી શાળા' જેને ફ્રેન્ચ ભાષામાં (Ecole Nationaled Administration (ENA) કહે છે.

→ તેને અંગ્રેજી ભાષામાં National School of Administration કહે છે તે સંભાળે છે.

→ આ સંસ્થાનું સ્વરૂપ બ્રિટન, અમેરિકા અને ભારતના જાહેર સેવા આયોગ કરતાં ઘણું જુદું છે.

→ અહીં બઢતી માટે પણ ભલામણ કરે છે.

→ બઢતી અંગેના પ્રશ્નો પણ સંભાળે છે.

→ ફ્રાન્સનો સિવિલ સેવક ખાનગી એકમમાં લીયન પર જઈ શકે છે.

→ તેનાથી સિવિલ સેવામાં તેના અગ્રતાક્રમ (સિનિયોરિટી)ને વાંધો આવતો નથી, પરંતુ ખાનગી એકમની સેવાનો કાળ પેન્શનપાત્ર ગણાતો નથી.

→ અહીં સિવિલ સેવા માટે તાલીમનો સમય ત્રણ વર્ષનો છે જે દરમિયાન તાલીમાર્થીને ખાનગી એકમોમાં પણ વ્યાવહારિક વહીવટી તાલીમ માટે મોકલાય છે.

→ અહીં તાલીમમાં વિશેષીકરણ ઉપર ભાર અપાય છે.

⏩ **Political Neutrality :**

→ બ્રિટન, અમેરિકા અને ભારતની જેમ ફ્રાન્સમાં સિવિલ સેવકોની રાજકીય તટસ્થતા ઉપર વધુ ભાર અપાતો નથી.

→ આ થવાનું કારણ ફ્રાન્સની રાજકીય અસ્થિરતાનો ઇતિહાસ છે.

→ સદીઓથી ફ્રાન્સની સિવિલ સેવાએ અસ્થિર રાજકીય પરિસ્થિતિમાંથી દેશને બચાવવા માટે રાજનૈતિક નિર્ણયો લેવામાં સહયોગ આપવો પડ્યો છે, જેના કારણે અહીં સિવિલ સેવકો પોતાના પદનું રાજીનામું આપીને ચૂંટણીઓમાં ઉમેદવારી કરતા હોય તેવા ઘણા પ્રસંગો બને છે.

⏩ **સિવિલ સેવકોને સ્પર્શતી બાબતો માટે ત્રણ પ્રકારના તંત્ર ફ્રાન્સમાં જોવા મળે છે :**

→ બ્રિટનની વ્હાઇટલે પ્રણાલીની જેમ અહીં પણ સિવિલ એકમોમાં સેવાકીય બાબતો માટે સંસ્થાઓ છે. જેમાં (અ) સિવિલ સેવાના પ્રત્યેક એકમ માટે સંયુક્ત વહીવટી આયોગ (બ) પ્રત્યેક ખાતા માટે સંયુક્ત ટેક્નિકલ સમિતિ (ક) જાહેર સેવાની ઉચ્ચ પરિષદ જેવા વડાપ્રધાન, નાણાંપ્રધાન અને સિવિલ સેવા સાથે સંબંધિત પ્રધાન અને સિવિલ સેવાને લગતા નીતિ વિષયક નિર્ણયો લે છે.

⏩ **વહીવટી અદાલતો :**

→ ફ્રાન્સમાં વહીવટને લગતી લોકોની ફરિયાદોના નિવારણ માટે સામાન્ય કાયદો અને સામાન્ય અદાલતથી અલગ વહીવટી કાયદો અને વહીવટી અદાલત છે.

→ આમ ફ્રાન્સમાં બ્રિટન, અમેરિકા તથા ભારતથી અલગ બે પ્રકારનાં ન્યાયતંત્રો છે.

⏩ **સ્થાનિક સરકાર :**

→ બ્રિટનની જેમ ફ્રાન્સ પણ એકતંત્રી સરકાર ધરાવે છે.

→ અહીં પણ સ્થાનિક સરકારની સ્થાપના અને તેની સત્તા, કાર્યક્ષેત્રમાં ફેરફાર કરવાની સત્તા કેન્દ્ર સરકારને છે.

→ તેથી 1982 સુધી અહીંની સ્થાનિક સરકારોનું કોઈ સ્વાયત્ત અસ્તિત્વ ન હતું પરંતુ 1982ના અધિનિયમથી અહીંની સ્થાનિક સરકારોને વહીવટી અને નાણાકીય સ્વાયત્તતા પ્રાપ્ત થાય તેવી જોગવાઈ કરવામાં આવી છે.

→ પ્રિફેક્ટનો અગાઉનો દરજ્જો ફરીથી પ્રભાવક બનાવાયો છે.

→ જે સ્થાનિક સરકારોને કેન્દ્ર સરકારના પ્રતિનિધિ તરીકે માર્ગદર્શન આપે છે અને નિરીક્ષણ કરે છે.

→ અહીં સ્થાનિક સરકારના ચાર એકમો છે.

**(અ) ખાતું :** ફ્રાન્સના સમગ્ર વિસ્તારને વસ્તી, આવક અને રાજકીય મહત્ત્વની દૃષ્ટિએ 90 વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે.

→ આ ખાતા એ ફ્રાન્સના સ્થાનિક સરકારના સૌથી મોટા એકમો છે.

**(બ) એરોન્ડીસમેન્ટ :** પ્રત્યેક ખાતામાં ત્રણથી ચાર એરોન્ડીસમેન્ટ છે.

→ તે ખાતાનું વહીવટી ભારણ હળવું કરવા માટેની માત્ર વહીવટી વ્યવસ્થા છે.

**(ક) કેન્ટોન :** પ્રત્યેક એરોન્ડીસમેન્ટને નવ પેટા વિભાગોમાં વહેંચાય છે, જેને કેન્ટોન કહે છે.

→ આ પણ માત્ર વહીવટી એકમો છે.

(S) **કોમ્યુન :** કોમ્યુન એ ફ્રેન્ચ સ્થાનિક સરકારનું સૌથી નાનું એકમ છે.

→ તે માત્ર કેન્ટોનનો પેટાવિભાગ નથી પરંતુ તે શહેર, કસ્બા, ગામ અને ટાઉનશિપનો લોકશાહી ઢબે વહીવટ કરે છે.

→ આમ ફ્રાન્સની વહીવટી વ્યવસ્થા કેન્દ્ર સ્તરેથી સ્થાનિક સ્તર સુધી અને અમેરિકા અને રશિયા તથા ભારતથી ઘણી બાબતોમાં જુદી પડે છે, જેની આપણે વિગતે ચર્ચા કરી છે.

⏩ **વહીવટી વ્યવસ્થાની તુલના :**

→ ઉપર પ્રમાણે આપણે યુ.એસ.એ. રશિયા, બ્રિટન અને ફ્રાન્સની વહીવટી વ્યવસ્થાની ધ્યાનાકર્ષક વિશેષતાઓનો અભ્યાસ કર્યો.

→ આ ચારેય દેશોની વહીવટી વ્યવસ્થાની સરખામણી કરતાં જણાય છે કે –

– માત્ર ગ્રેટ બ્રિટનમાં બિનલેખિત અને સુપરિવર્તશીલ બંધારણ છે.

→ બાકીના ત્રણેય દેશોમાં લેખિત અને દુષ્પરિવર્તનશીલ બંધારણ છે.

→ રાજ્યના સ્વરૂપનો વિચાર કરીએ તો ગ્રેટ બ્રિટન અને ફ્રાન્સ એકતંત્રી છે. જોકે બ્રિટને મર્યાદિત રાજાશાહી ચાલુ રાખી છે.

→ અમેરિકા અને રશિયા સમવયાતંત્રી દેશો છે.

→ તે સાથે અમેરિકા, ફ્રાન્સ અને રશિયા પ્રજાસત્તાક છે.

→ આ ચારેય રાજ્યો આજે લોકશાહી સ્વરૂપનાં છે.

→ બ્રિટન સંસદીય લોકશાહી ધરાવે છે.

→ અમેરિકા પ્રમુખપદ્ધિત જ્યારે ફ્રાન્સ તથા રશિયા પ્રમુખપદ્ધતિ અને સંસદીય પ્રથા બંનેનું મિશ્ર સ્વરૂપ ધરાવે છે.

– ચારેયમાં વેબેરીયન પ્રકારની નોકરશાહી છે.

→ જોકે ફ્રાન્સમાં સેવકોએ રાજકારણમાં ભાગીદારી આવકારાય છે.

→ બ્રિટનમાં નિમ્ન સ્તરે આવી ભાગીદારી અપાય છે.

→ ઉચ્ચ સ્તરે પ્રતિબંધિત છે.

– યુ.એસ.એ.માં રાજકીય તટસ્થતાનો પૂરો આગ્રહ છે.

→ રશિયા પણ આજ માર્ગે છે.

– સિવિલ સેવકો પોતાનાં વ્યાવસાયિક સંગઠનો આ ચારેય દેશોમાં ધરાવી શકે છે. – સિવિલ સેવકોની ભરતી અને બઢતીની દૃષ્ટિએ વિચાર કરીએ તો ગ્રેટ બ્રિટન અને ફ્રાન્સમાં તે ગુણવત્તા આધારિત છે.

→ અમેરિકામાં ગુણવત્તા ઉપરાંત લૂંટપદ્ધતિ કેટલાક પ્રમાણમાં છે.

→ રશિયામાં પૈતૃક ભારવાળી ગુણવત્તા પ્રથા છે.

– ભરતી માટે રશિયામાં કેન્દ્રીય વ્યવસ્થા નથી.

→ માત્ર સંકલનની ભૂમિકા રશિયન સિવિલ સેવા એકેડમીને જૂન 1994થી જવાબદારી અપાઈ છે, જ્યારે બાકીના ત્રણેય દેશોમાં સિવિલ સેવા માટે કેન્દ્રીય સ્તરે ચોક્કસ સંસ્થાઓ છે.

→ આર્થિક વહીવટ માટે રાજકીય કારોબારીને સહાયરૂપ થવા બ્રિટનમાં ટ્રેઝરી છે.

→ અમેરિકામાં સંચાલન કાર્યાલય અને બજેટ છે.

→ ફ્રાન્સ અને રશિયામાં નાણાં ખાતું છે.

– હવે ચારેય મુડીવાદી અર્થતંત્ર ધરાવતા દેશો છે. – વહીવટી સ્થિરતાની દૃષ્ટિએ રશિયા વહીવટી સુધારણાના તબક્કામાંથી પસાર થઈ રહ્યું છે, જ્યારે બાકીના ત્રણેય દેશો સુદૃઢ અને સ્થિર વહીવટી વ્યવસ્થા ધરાવે છે. – સ્થાનીય સરકારની સ્વાયત્તતાની દૃષ્ટિએ આપણે વિચાર કરીએ તો અમેરિકામાં અન્ય ત્રણેય દેશોની સરખામણીમાં સ્વાયત્તતા વધુ છે.

→ બીજા ક્રમે બ્રિટન આવે છે, જ્યારે ફ્રાન્સ અને રશિયા ત્રીજા ક્રમે આવે છે.

●

# ૬. ભારતમાં કેન્દ્રીય વ્યવસ્થા

- **"ભારતના રાષ્ટ્રપતિ અંગ્રેજ બંધારણ નીચેના રાજાના જેવું સ્થાન ધરાવે છે. તેઓ રાજ્યના વડા છે, સરકારના નહિ. તેઓ રાષ્ટ્રનું પ્રતીક છે, પ્રતિનિધિ નથી."**
- **બ્રિટિશ વારસો, ભારતીય વહીવટીતંત્રનો બંધારણીય સંદર્ભ, રાષ્ટ્રપતિ, વાસ્તવિક કારોબારી તરીકે વડાપ્રધાન કેન્દ્રીય સચિવાલય, મંત્રીમંડળનું સચિવાલય, આયોજન પંચ, નાણાંપંચ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ, જાહેર સાહસોનાં મુખ્ય સ્વરૂપો.**

→ ભારતીય રાજ્યવહીવટનો વિચાર કરતાં જણાવે છે કે સિંધુ ખીણની સંસ્કૃતિના સમયથી શરૂ કરીને મૌર્ય યુગ, ગુપ્ત યુગ, રાજપુત યુગ, સલ્તનત યુગ અને મુગલકાલીન યુગમાં રાજ્યવહીવટની ચોક્કસ પ્રણાલીઓ હતી. પરંતુ રાજ્યવહીવટ માટે જરૂરી ચોક્કસ બંધારણીય માળખું વિકસાવવાનું સિવિલ સેવા અને વહીવટી અન્ય સંસ્થાઓ તથા પ્રણાલીઓ સ્થાપવાનું માન બ્રિટિશ યુગને ફાળે જાય છે.

- **બ્રિટિશ વારસો :**

→ વર્તમાન ભારતીય રાજ્યવહીવટ ઉપર બ્રિટિશ વારસાનો મોટો પ્રભાવ છે.

→ એટલું જ નહિ હજુ તેનાં ઘણાં તત્ત્વો મોજૂદ છે.

→ બ્રિટિશ વારસાને આપણે નીચે પ્રમાણે સમજી શકીએ :

(અ) બંધારણીય વિકાસ, (બ) સિવિલ સેવાનો ઉદ્‌વિકાસ અને (ક) અન્ય સંસ્થાઓ તથા પ્રણાલીઓની સ્થાપના.

**(અ) બંધારણીય વિકાસ :**

(1) **ઈ.સ. 1916માં ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ :** → ગવર્નર રોબર્ટ ક્લાઈવના સમયમાં રાજકીય સત્તાનો પાયો નાંખ્યો. → ઇસ્ટ ઇન્ડિયા કંપનીની સ્થાપના.

(2) **ઈ.સ. 1772માં ગવર્નર જનરલ લોર્ડ વોરેન હેસ્ટિંગ્સ** → સમયથી આધુનિક વહીવટી પ્રણાલીની સ્થાપનામાટે પ્રયત્ન શરૂ થયા.

(3) **ઇ.સ. 1773ના રેગ્યુલેટિંગ એક્ટ :** → દ્વારા બ્રિટિશ સંસદે ઇસ્ટ ઇન્ડિયા કંપનીના વહીવટને નિયમબદ્ધ - વ્યવસ્થિત આકાર આપવા પ્રયત્ન કર્યો. આ કાયદાથી ભારતમાં એક અખિલ ભારતીય સરકારની સ્થાપના થઈ. તેનાથી ગવર્નરના હોદ્દાને બંગાળના ગવર્નર જનરલ તરીકે ઓળખાયો. તેને બ્રિટિશ ભારતની મુખ્ય જવાબદારી સોંપાઈ. તેમને સહાય કરવા ચાર સભ્યોની નિમણૂક થઈ અને કલકત્તામાં ભારતની સર્વોચ્ચ અદાલતની સ્થાપના થઈ.

(4) **ઇ.સ. 1784ના પીટસ ઇન્ડિયા એક્ટ:** → વડે ભારતીય બાબતોને બ્રિટિશ સરકારના સીધા નિયંત્રણમાં મૂકવા ઇસ્ટ ઇન્ડિયા કંપની ઉપર બોર્ડ ઓફ કંટ્રોલની રચના કરવામાં આવી.

(5) **1833ના ચાર્ટર એક્ટ** → દ્વારા બંગાળના ગવર્નર જનરલનું સ્થાન અપાયું. બ્રિટિશ ભારતના અન્ય ગવર્નરો, સિવિલ સેવાને, લશ્કરને ગવર્નર જનરલની હકૂમત નીચે મૂક્યા.

(6) **1853ના ચાર્ટર એક્ટ** →દ્વારા ગવર્નર જનરલની કાઉન્સિલનાં ધારાકીય અને કારોબારી વિષયક કાર્યોને અલગ કર્યાં. ઉપરાંત ખુલ્લી સ્પર્ધાત્મક પરીક્ષા વડે સિવિલ સેવાનો પ્રારંભ કર્યો.

(7) **ભારત સરકારનો** → 1857માં થયેલ સ્વાતંત્ર્યસંગ્રામથી અંગ્રેજ સરકાર ચોંકી ઊઠી અને આ ધારાથી કંપની



GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ) GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

**1858 ધારો :** સરકારની સત્તા બ્રિટિશ તાજની સત્તા નીચે મૂકવામાં આવી. આ બાબતને મહારાણી વિક્ટોરિયાના ઢંઢેરા તરીકે પણ ઓળખવામાં આવે છે. બ્રિટિશ પ્રધાનમંડળમાં ભારતીમંત્રીને મદદ કરવા 15 સભ્યોની પરિષદની રચના કરાઈ. આ ભારતમંત્રી બ્રિટિશ પાર્લમેન્ટને જવાબદાર હતા અને ભારતના ગવર્નર જનરલ જે હવે વાઇસરોય તરીકે ઓળખાવા લાગ્યા, તેમણે આ મંત્રીના નિયંત્રણ નીચે કામ કરવાનું રહેતું.

(8) **ઈ.સ. 1861નો ભારત પરિષદનો ધારો :** → આ ધારાથી ભારતમાં સૌપ્રથમ પ્રતિનિધિત્વ પ્રથાનો સ્વીકાર થયો. પરિષદમાં કેટલાક ચૂંટાયેલ ભારતીયોને સ્થાન અપાયું. આ ધારાએ બોમ્બે અને મદ્રાસ પ્રાંતોની કેટલીક ધારાકીય સત્તાઓ વિકેન્દ્રિત કરી.

(9) **ઇ.સ.1892ના ભારત પરિષદ ધારાએ** → પરિષદના સભ્યો માટે પરોક્ષ ચૂંટણીપ્રથા સ્થાપી. તેણે અંદાજપત્રની ચર્ચા અને કારોબારીને પ્રશ્નો પૂછવાની સત્તા આપી.

(10) **ઈ.સ. 1909નો ભારત પરિષદ ધારો** → જે મોર્લેમીન્ટો સુધારા તરીકે પણ ઓળખાયો. તેણે કેન્દ્રીય ધારાસભામાં ચૂંટણી વ્યવસ્થા દાખલ કરી. છતાં નિમાયેલ સભ્યોની બહુમતી ચાલુ રહી. જોકે પ્રાંતિક ધારાસભાઓમાં ચૂંટાયેલ સભ્યોની બહુમતીની વ્યવસ્થા કરાઈ. પરંતુ મુસ્લિમોને અલગ મતદારમંડળ દ્વારા કોમી પ્રતિનિધિત્વ દાખલ કરાયું.

(11) **ઈ.સ. 1919નો ભારત સરકાર ધારો :** → જે મોન્ટેગ્યુ ચેમ્સફર્ડ સુધારા તરીકે પણ ઓળખાયો. આ ધારા વડે કેન્દ્ર અને પ્રાંતોની ધારાકીય સત્તાઓના વિષયની અલગ યાદી બનાવાયી. પ્રાંતોમાં હસ્તાંતરિત અને અનામત વિષયોવાળા ખાતા બનાવાયા. હસ્તાંતરિત ખાતાનો વહીવટ લોકોને જવાબદાર પ્રધાનો દ્વારા જ્યારે અનામત ખાતાનો વહીવટ ગર્વનરને હસ્તક આમ દ્વિરાજ્ય પદ્ધતિ અમલી બનાવાયી.

(12) **ઈ.સ. 1935નો ભારત સરકાર ધારો :** → આ ધારા દ્વારા ભારતમાં સમવાયતંત્રની વ્યવસ્થા કરવામાં આવી તેમાં કેન્દ્રવાદી, પ્રાંતવાદી અને સંયુક્ત યાદી એમ ત્રણ યાદી દ્વારા કેન્દ્ર અને પ્રાંતોને અલગ સત્તા અપાઈ. બાકીની સત્તાઓ ગવર્નર જનરલને અપાઈ. આ ધારામાં દેશી રાજ્યો એક અલગ એકમ તરીકે ચાલુ રહ્યા. આ ધારાથી પ્રાંત કક્ષાએ સ્વાયત્તતા આપવામાં આવી અને દ્વિરાજ્ય પદ્ધતિ નાબૂદ થઈ. જોકે કેન્દ્રસ્તરે દ્વિરાજ્ય પદ્ધતિનો ઉલ્લેખ થતો. પરંતુ તે અમલમાં ન આવી. આ ધારા વડે કેન્દ્ર અને 6 પ્રાંતોમાં દ્વિગૃહી ધારાસભાની રચના કરવામાં આવી.

(13) **1947નો ભારતનો સ્વાતંત્ર્ય ધારો :** → આ ધારા વડે ભારતને સ્વતંત્ર સાર્વભૌમ રાજ્ય જાહેર કરવામાં આવ્યું અને બ્રિટિશ સરકારની વહીવટી જવાબદારી પૂરી થઈ. આ ધારાથી કેન્દ્ર અને પ્રાંતોમાં જવાબદાર સરકારની રચના થઈ. ગવર્નર જનરલ અને પ્રાંતીય ગવર્નરોના હોદ્દા બંધારણીય વડા તરીકે બનાવાયા. એટલે કે વાસ્તવિક સત્તા લોકપ્રિય પ્રધાનમંડળને અપાઈ.

## ⏩ સિવિલ સેવાનો ઉદ્‌વિકાસ :

→ ભારતમાં ‘સિવિલ સેવક’ શબ્દ પ્રથમ વાર ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ 1795માં પોતાના કર્મચારીઓ માટે શરૂ કર્યો.

→ આધુનિક સિવિલ સેવાનો પાયો ગવર્નર વોર્ન હેસ્ટિંગ્સના સમયમાં નંખાયો.

→ પરંતુ ગવર્નર કોર્નવોલીસે ભારતની સિવિલ સેવાને સુધારવાનું, આધુનિક અને વ્યાવસાયિક બનાવવાનું કાર્ય કર્યું.

→ તેથી કોર્નવોલીસને ભારતની સિવિલ સેવાના પિતા તરીકે ઓળખવામાં આવે છે.

→ જોકે તેમનું માનવું હતું કે 'બ્રિટિશ મોડેલવાળી સિવિલ સેવા' માત્ર અંગ્રેજો દ્વારા જ ભારતમાં અમલી બની શકશે.

→ તેથી તેમણે આ સિવિલ સેવામાં માત્ર અંગ્રેજોને સ્થાન આપ્યું.

→ માત્ર અંગ્રેજોની મર્યાદિત સંખ્યાથી ભારત જેવા વિશાળ દેશનું તંત્ર ચલાવવું અશક્ય હતું પરિણામે આ પિતૃક પ્રથાને 1853માં દૂર કરી મુક્ત સ્પર્ધાત્મક પરીક્ષાઓ દ્વારા ભારતીયોને પણ આવકારવામાં આવ્યા.

→ 1858માં આ સ્પર્ધાત્મક પરીક્ષાઓ બ્રિટિશ સિવિલ સેવા પંચ દ્વારા શરૂ થઈ.

→ 1870ના ધારાથી ભારતીયોને સિવિલ સેવાનાં તમામ સ્થાનો માટે સ્વીકારાયા પરંતુ તેનો અમલ 1879થી વાઇસરોય લોર્ડ લિટનના સમયથી થયો એમ કહી શકાય.

→ 1886માં ચાર્લ્સ એટ્સન અને 1912માં લોર્ડ ઇલિંગ્ટનના અધ્યક્ષપદ નીચે સિવિલ સેવાની સુધારણા માટે પંચ નીમાયેલા પરંતુ પ્રથમ વિશ્વયુદ્ધને લીધે તેનો અમલ ન થયો.

→ 1923માં લોર્ડ વીસકાઉન્ટલીના અધ્યક્ષપદ નીચે નીમાયેલ સિવિલ સેવા પંચની ભલામણોને સરકારે સ્વીકારી અને

→ 1926માં સિવિલ સેવકોની ભરતી માટે કેન્દ્રીય સિવિલ સેવા પંચની સ્થાપના થઈ.

→ 1935મના ધારામાં સિવિલ સેવકોના અધિકારોની સુરક્ષાની સાથે પ્રાંતીય કક્ષાએ પણ સિવિલ સેવા પંચની સ્થાપના કરાઈ.

→ 1947માં અખિલ ભારતીય સ્તરની બે સેવાઓ હતી : ભારતીય સનદી સેવા અને ભારતીય પોલીસ સેવા.

→ આમ બ્રિટિશ મોડેલવાળી આ સિવિલ સેવા કાનૂની અને વહીવટી માળખું સ્થાપવામાં ઉપયોગી બની.

→ તે રાજકીય તટસ્થતાવાળી અને 'જનરાલિસ્ટ મોડેલ' વાળી હતી.

→ તેમાં ગુણવત્તાના આધારે ભરતી, કાયમીપણું, સોપાનીક ક્રમ, પગારનું ચોક્કસ ધોરણ, બઢતી અને સિનિયોરિટી અને મેરિટના સમતોલન પર ભાર, બોર્ડ પ્રથા ઉપર વિશ્વાસ મૂકનારી હતી.

**⏩ અન્ય સંસ્થાઓનો ઉદ્‌વિકાસ :**

→ આપણને બ્રિટિશ વારસા દ્વારા આગળ જોઈ તે સિવાયની અન્ય કેટલીક સંસ્થાઓ નીચે પ્રમાણે હતી :

**(અ) કેન્દ્રીય સચિવાલય :**

→ 1843ના ધારાથી ગવર્નર જનરલે ભારત સરકારના સચિવાલયને બંગાળ સરકારથી અલગ બનાવ્યું.

→ ગૃહ વિભાગ, નાણાં વિભાગ, લશ્કર અને વિદેશ વિભાગોની આ કેન્દ્રીય સચિવાલયમાં રચના કરાઈ.

→ 1859માં લોર્ડ કેનીંગે ખાતાકીય પ્રથા દાખલ કરી અને ગવર્નર જનરલની પરિષદનાં સભ્યોને એક કે તેથી વધુ ખાતાની જવાબદારી સોંપવાનું શરૂ થયું.

→ 1905માં લોર્ડ કર્ઝનના સમયમાં સચિવાલયના કર્મચારીઓની સેવાની મુદ્દત નક્કી થઈ.

→ 1905માં રેલવે બોર્ડની રચના કરવામાં આવી.

→ 1947માં કેન્દ્રીય સચિવાલયના વિભાગોના રાજકીય વડાઓને પ્રધાન તરીકે ઓળખવાનું શરૂ થયું.

**(બ) પ્રાંતીય વહીવટ :**

→ 1772માં વોર્ન હેસ્ટિંગ્સે જિલ્લા કલેક્ટર કાર્યાલયની સ્થાપના રેવન્યુ વસૂલાત માટે અને ન્યાયની સ્થાપના માટે કરાઈ.

→ 1786માં મહેસૂલી બાબતોના વહીવટ માટે અલગ મહેસૂલ બોર્ડની રચના કરાઈ.

→ 1829માં લોર્ડ બેન્ટિકે જિલ્લા અને પ્રાંતના વહીવટી સંકલન માટે ડિવિઝનલ કમિશનરના કાર્યાલયની સ્થાપના કરી.

→ 1792માં લોર્ડ કોર્નવોલેસે કલેક્ટરના નિયંત્રણ નીચે જમીનદારી થાણેદારની પ્રથાને રદ કરીને દરોગાપ્રથા દાખલ કરી.

→ 1861 ભારત પોલીસ અધિનિયમ વડે જિલ્લાના પોલીસ તંત્રને કલેક્ટરના નિયંત્રણ નીચે મૂક્યું. આમ, પોલીસતંત્રને અમર્યાદિત સ્વતંત્રતા આપવાને બદલે "જનરાલિસ્ટ" એવા સિવિલ સર્વન્ટની હસ્તક રાખ્યા.

→ આજે પણ નાનાં શહેરોમાં આ પ્રથા ચાલુ છે.

→ આ પ્રશ્નના લાભ-ગેરલાભ છે અને તે અંગે પોલીસ અધિકારીઓ તરફથી સતત વિવાદ ઉપસ્થિત કરવામાં આવે છે.

→ અંતે તો અહીં પણ Who should head the organisation નો જ મુદ્દો છે.

**(ક) સ્થાનીય વહીવટીતંત્ર :**

→ વર્તમાન ભારતની શહેરી સ્થાનીય સરકાર મહદ્અંશે બ્રિટિશ સમયમાં ઉદ્ભવ પામી છે.

→ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના શાસનમાં ભારતમાં સૌપ્રથમ મહાનગરપાલિકા 1687માં મદ્રાસમાં સ્થપાઈ હતી.

→ 1793ના અધિનિયમ વડે મદ્રાસ, કલકત્તા અને મુંબઈમાં મ્યુનિસિપલ વહીવટીતંત્રની સ્થાપના કરાઈ હતી.

→ 1870ના લોર્ડ મેયોના પ્રસ્તાવ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની આ સંસ્થાઓને નાણાકીય રીતે સ્વાયત્ત બનાવવા પ્રયત્ન થયો.

→ 1882ના લોર્ડ રીપનના પ્રસ્તાવ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં લોક પ્રતિનિધિઓની બહુમતીની વ્યવસ્થા કરાઈ તેથી તેમને ભારતના સ્થાનિક સ્વરાજ્યના પિતા કહેવામાં આવે છે.

→ આ પ્રસ્તાવને ભારતના સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાનો 'મેગ્નાકાર્ટા' કહેવામાં આવે છે.

→ 1919ના મોર્લેમીન્ટો સુધારામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના ખાતાને હસ્તાંતરિત બનાવી તેને લોકોને જવાબદાર બનાવાયું.

→ કેન્દ્રીય ધારાસભાએ 1924માં કેન્ટોન્મેન્ટ ધારા દ્વારા આવા વિસ્તારના અલગ સ્થાનિક વહીવટી એકમ બનાવ્યા.

→ 1935માં સ્થાનિક સ્વરાજ્યને પ્રાંતીય વિષયની યાદીમાં મૂકવામાં આવ્યો.

→ આમ બ્રિટિશ શાસને ભારતની શહેરી સ્થાનિક સરકારોના સુદ્રઢ માળખાને વિકસાવવામાં અગત્યનું યોગદાન આપ્યું એમ કહી શકાય.

**⏩ નાણાકીય વહીવટ :**

→ ભારતમાં 1860માં અંદાજપત્રપ્રથા દાખલ કરવામાં આવી હતી.

→ લોર્ડમેયોના સમયમાં બ્રિટિશ પ્રાંતો માટે નાણાકીય વહીવટને વિકેન્દ્રિત કરવામાં આવ્યો.

→ ભારતમાં રેલવે માટે મોટી નાણાકીય વ્યવસ્થાની જરૂર પડતાં એકવર્થ સમિતની ભલામણથી 1921થી રેલવેનું અલગ અંદાજપત્ર બનાવવામાં આવ્યું.

→ 1921માં કેન્દ્રમાં જાહેર હિસાબ સમિતિની રચના થઈ અને ભારતની કેન્દ્રીય ધારાસભાએ 1935માં રિઝર્વ બેન્કની સ્થાપના કરી.

→ ટૂંકમાં નાણાકીય વહીવટની દૃષ્ટિએ પણ ભારતને બ્રિટિશરોએ શ્રેષ્ઠ વારસો આપ્યો છે.

→ આમ બ્રિટિશ વારસાની સમગ્ર રીતે મુલવણી કરીએ તો આજે પણ થોડાઘણા ફેરફાર સાથે બ્રિટિશ વહીવટી પ્રથાનો પ્રભાવ ભારતના જાહેર વહીવટ ઉપર અકબંધ જણાય છે.

→ અલબત્તસ આ વારસા અંગે કેટલાક વિવાદ સંકળાયેલા છે.

→ બ્રિટિશરો શાસક હતા જ્યારે સ્વતંત્ર ભારતના લોકશાહી માળખામાં બ્રિટિશ વારસાને કારણે ઉપસ્થિત થતી તુમારશાહી અને લોકપ્રતિનિધિત્વને ઓછું મહત્ત્વનો મુદ્દો ઉપસ્થિત કરાય છે.

→ અલબત્ત, તે સામે હજી વિશાળ ફેલાવાવાળા શિક્ષણ અને અન્ય ક્ષેત્રે અલ્પ વિકાસને કારણે અત્યંત ઉદારવાદી લોકશાહી આટલા મોટા દેશ માટે અન્ય પ્રશ્નો સર્જી શકે તે પણ મુદ્દો રહેલો છે.

**⏩ ભારતીય વહીવટીતંત્રનો બંધારણીય સંદર્ભ :**

→ કોઈ પણ વહીવટી વ્યવસ્થા ઉપર તેના રાજ્યબંધારણનો ચોક્કસ પ્રભાવ હોય છે.

→ એ દૃષ્ટિએ વિચાર કરીએ તો ભારતનું રાજ્યબંધારણ સાર્વભૌમ લોકશાહી પ્રજાસત્તાક, સમાજવાદ સમાજ અને બિનસાંપ્રદાયિકતાની રચનાના આદર્શો આપનાર છે.

→ બંધારણના આમુખમાં 'સમાજવાદી' અને 'બિનસાંપ્રદાયિક' શબ્દો 42મા સુધારા દ્વારા 176માં ઉમેરાયા હતા.

→ 1947નો ધારો પસાર થતાં તેને સાર્વભૌમત્વ પ્રાપ્ત થયું હતું.

→ ડો. રાજેન્દ્રપ્રસાદ તેના અધ્યક્ષ હતા અને ડો. બી.આર. આંબેડકર બંધારણની ખરડા સમિતિના અધ્યક્ષ હતા.

→ બંધારણસભાને આપણું બંધારણ ઘડતાં 2 વર્ષ, 11 માસ અને 18 દિવસ લાગ્યા હતા.

→ 26 નવેમ્બર 1949ના રોજ આ બંધારણનો સ્વીકાર થયો હતો અને 26મી જાન્યું. 1950ના રોજ અમલમાં આવ્યું હતું.

→ તે વિશ્વમાં સૌથી મોટાં બંધારણોમાનું એક છે જેની સ્થાપના સમયે તેના 22 ભાગ, 395 કલમો અને 8 અનુસૂચિ હતી.

→ હાલમાં તેમાં 24 ભાગ, 450 કલમો અને 12 અનુસૂચિઓ છે.

→ ભારતીય વહીવટતંત્રનાં બંધારણીય સંદર્ભને આપણે નીચે પ્રમાણે સમજી શકીએ :

**1. સંસદીય સરકાર :**

→ ભારતનું બંધારણ કેન્દ્ર અને રાજ્યોમાં બંને સ્તરે સંસદીય પ્રથાની સ્થાપના કરે છે. સંસદીય સરકાર કેબિનેટ સરકાર અને જવાબદાર સરકારને નામે ઓળખાય છે.

→ આપણે સંસદીય સરકાર બ્રિટિશ મોડેલને આધારે સ્વીકારી છે.

→ જે પ્રમાણે આપણે ત્યાં નામની કે બંધારણીય કારોબારી રાષ્ટ્રપતિ ધરાવે એછે અને વાસ્તવિક કારોબારી વડાપ્રધાન સહિતનું પ્રધાનમંડળ ધરાવે છે.

→ આ પ્રધાનમંડળની રચના ધારાસભાના બહુમતી પક્ષ કે બહુમતી મોરચા કે જોડાણના નેતાને રાષ્ટ્રપતિ વડાપ્રધાન બનવા આમંત્રણ આપે ત્યારે થાય છે.

→ પ્રધાનમંડળ નીતિવિષયક બાબતો માટે ધારાસભાને સંયુક્ત રીતે જવાબદાર છે.

→ ધારાસભાનો વિશ્વાસ જાળવે ત્યાં સુધી જ પ્રધાનમંડળ સત્તા ઉપર રહી શકે છે.

→ બીજી બાજુ બહુમતી પક્ષ કે જોડાણના નેતા તરીકે વડાપ્રધાન રાષ્ટ્રપતિને લોકસભા મુદ્દત પહેલા બરખાસ્ત કરીને નવી ચૂંટણીઓ યોજવા સલાહ આપી શકે છે.

**2. સમવાયી પ્રથા :**

→ ભારતનું બંધારણ ‘સમવાયતંત્ર’ શબ્દનો ઉપયોગ કર્યા વગર સમવાયંત્રી સરકારની વ્યવસ્થા આપે છે, જેમાં

**(અ) સમકક્ષ સરકારો :** → કેન્દ્ર સ્તરે સંઘ સરકાર અને એકમ રાજ્ય કક્ષાએ રાજ્ય સરકાર એમ બે સમાંતર સરકારો હોવા છતાં સંઘ સરકારને ચઢિયાતું સ્થાન, કટોકટી સમયની કેન્દ્રને વિશેષ સત્તાઓ ભારતની પ્રથાને અર્ધ સમવાયતંત્રી બનાવે છે.

**(બ) સત્તાવિભાજન :**
→ બંધારણ દ્વારા કેન્દ્રયાદીમાં 97 વિષયો, રાજ્યવાદીમાં 66 અને સંયુક્ત યાદીમાં 47 વિષયો છે.
→ છતાં કોઈ વિષય બાકી હોય તો તે કેન્દ્રને સોંપાયેલ છે.

**(ક) લેખિત અને કઠીન બંધારણ :**
→ ભારતનું બંધારણ લેખિત છે.
→ તેમાં સમવાયતંત્રની બંને સરકારના અધિકારક્ષેત્ર નિશ્ચિત છે.
→ વધુમાં બંધારણમાં જે બાબતો સમવાયતંત્રને સ્પર્શે છે તેમાં સુધારો કઠીન બનાવાયો છે.
→ તેમાં કેન્દ્ર ઉપરાંત બહુમતી રાજ્યોની મંજૂરી જરૂરી છે.

**(ડ) બંધારણની સર્વોપરિતા :**
→ ભારતમાં સમવાયતંત્રની બંને સરકારોને સમકક્ષ સ્થાન આપનાર બંધારણ સર્વોપરી છે.

**(ઇ) સર્વોચ્ચ અદાલત :**
→ બંધારણે કેન્દ્ર અને રાજ્યોને લેખિત રીતે સત્તા વહેંચી હોવા છતાં સરકારની કામગીરી દરમિયાન બંને વચ્ચે મતભેદો ઊભા થઈ શકે છે.
→ જ્યારે કેન્દ્ર અને એકમ રાજ્ય કે રાજ્ય-રાજ્ય વચ્ચે મતભેદ ઊભા થાય ત્યારે તેનું નિરાકરણ લાવવાની સત્તા સર્વોચ્ચ અદાલતને સોંપવામાં આવી છે.

**(ઉ) કાયમી જોડાણ :**
→ ભારતના સમવયાતંત્રમાં જોડાયેલાં રાજ્યોનું જોડાણ કાયમી છે.
→ તેમાંથી અલગ થવાનોકોઈ ઘટકને અધિકાર નથી તેમજ કોઈ ઘટકને સમવાયતંત્રમાંથી દૂર કરી શકાય તેમ નથી.

**3. કેન્દ્ર-રાજ્ય ધારાકીય સંબંધો :**

→ ભારતમાં બંધારણી કલમ 245 થી 255 કેન્દ્ર અને રાજ્યના સંબંધોને નિશ્ચિત કરે છે.

→ કેન્દ્ર સરકાર સંઘયાદી અને સંયુક્ત યાદીના વિષયો ઉપર કાયદો ઘડે છે.

→ કટોકટીના સમયે રાજ્યવાદીના વિષયો ઉપર પણ કાયદા ઘડવાની સત્તા મેળવે છે.

→ અલબત્ત સામાન્ય સંજોગોમાં રાજ્યવાદીના વિષયો ઉપર કાયદા ઘડવાની સત્તા માત્ર એકમ રાજ્ય સરકારને હોય છે.

→ સંયુક્ત યાદીના કોઈ વિષય ઉપર એકમ રાજ્યે કાયદો ઘડ્યો હોય અને તે જ વિષય ઉપર કેન્દ્ર કાયદો ઘડે તો કેન્દ્રનો કાયદો અમલમાં રહે છે.

→ જો કે સંયુક્ત યાદીના કોઈ વિષય ઉપર કાયદો પહેલાં એકમ રાજ્યને રાષ્ટ્રપતિની મંજૂરી મેળવેલી હોય તો તેનો કાયદો કેન્દ્રના સંયુક્ત યાદી પરના તે જ વિષયના કાયદાની વિરુદ્ધ જતો હોય તોપણ એકમ રાજ્યનો કાયદો રદ થતો નથી.

→ કેન્દ્ર ક્યારે રાજ્યવાદીના વિષય ઉપર કાયદો ઘડી શકે તેવો વિચાર કરીએ તો જણાશે કે –

→ બંધારણની કલમ 249 નીચે રાજ્યસભાના હાજર અને મત આપનાર સભ્યોની 2/3 બહુમતી 'રાષ્ટ્રપતિ' માટે રાજ્યવાદી પર કોઈ કાયદો ઘડવાનો આગ્રહ કરે તો કેન્દ્ર સરકારે ઘડેલ કાયદો એક વર્ષ માટે બની શકે. બીજા વર્ષ માટે તેની જરૂર જણાય તો તેને ફરીથી પસાર કરવાનો રહે છે.

→ કલમ 250 નીચે ભારત કે તેના કોઈ એક ભાગ માટે કટોકટીના સમયે કેન્દ્ર રાજ્યવાદીના વિષય પર કાયદો ઘડી શકે છે. આ જોગવાઈ નીચેનો કાયદો કટોકટી પછી છ માસ સુધી ચાલુ રહી શકે છે.

→ બે કે તેથી વધુ રાજ્યોની ધારાસભા રાજ્યવાદીના કોઈ વિષય પર કાયદો ઘડવાની કેન્દ્રને માંગણી કરે તો તે કાયદો ઘડી શકે છે.

→ આંતરરાષ્ટ્રીય કરાર કે સંધિ માટે જરૂર પડે તો કેન્દ્ર રાજ્યવાદીના કોઈ પણ વિષય પર કાયદો ઘડી શકે છે.

→ જ્યારે કોઈ રાજ્યમાં બંધારણ પ્રમાણે સરકાર ચાલી શકે તેમ નથી તેવા રાજ્યપાલના અહેવાલને આધારે કટોકીટ જાહેર કરાય તો સંસદ તે રાજ્યમાં ધારાસભા વતી કાયદા ઘડી શકે છે.

**⏩ કેન્દ્ર-રાજ્ય વહીવટી સંબંધો :**

→ કેન્દ્ર અને એકમ રાજ્યોના વહીવટી સંબંધો સફળ રીતે ચાલે તે માટે ભારતના બંધારણે સ્પષ્ટતા કરેલી છે.

→ ભારતમાં બંને કક્ષાની સરકારો માટે વહીવટીતંત્ર એક જ છે.

→ કેન્દ્ર સરકારને જરૂર જણાય તો તે પોતાની વહીવટી જવાબદારી રાજ્યના અધિકારીઓને સોંપી શકે છે.

→ બંધારણ પ્રત્યેક રાજ્યને તેની કર્મચારી સત્તાનો અમલ સંસદના કાયદાને અનુરૂપ કરવા આદેશ આપે છે.

→ આ માટે કેન્દ્રીય કારોબારી રાજ્યને આદેશ આપી શકે છે.

→ કેન્દ્રના કાયદાના અમલ માટે કેન્દ્ર રાજ્યોના અધિકારીને જવાબદારી સોંપી શકે છે.

→ એકમ રાજ્યમાંથી પસાર થતી રેલવેના રક્ષણ માટે કેન્દ્ર રાજ્યને આદેશ આવી શકે છે.

→ રાષ્ટ્રીય કે લશ્કરી મહત્ત્વનાં સંદેશાવ્યવહારનાં સાધનોની જાળવણી માટે કેન્દ્ર રાજ્યને આદેશ આપી શકે છે.

→ 42મા બંધારણીય સુધારા નીચે કેન્દ્રને જરૂર જણાય તો રાજ્યની સંમતિ વિના રાજ્યમાં કેન્દ્રીય પોલીસ દળ મોકલી શકે છે.

→ બંધારણની કલમ 263 નીચે રાષ્ટ્રપતિ કેન્દ્ર અને એકમ રાજ્યો અથવા રાજ્ય-રાજ્ય વચ્ચેના મતભેદના નિવારણ માટે આંતરરાજ્ય સમિતિ નીમી શકે છે.

→ આ સમિતિ એકમ રાજ્યોમાં પરસ્પર મતભેદ ઊભા થાય તો તપાસ કરી સલાહ આપે છે.

→ વળી કેન્દ્ર અને એકમ રાજ્ય કે એકમ રાજ્યોમાં સમાન હિતો માટે વિચારવિનિમય કરે છે.

→ ઉપરાંત જાહેર વહીવટી પ્રવૃત્તિઓના સંકલન માટે પણ સૂચનો આપી શકે છે.

→ 1990માં રાષ્ટ્રપતિને આવી આંતરરાજ્ય સમિતિની રચના સરકારિયા પંચની ભલામણો પ્રમાણે કરેલી છે.

→ આ સમિતિના ચેરમને વડાપ્રધાન છે.

→ તેના સભ્ય તરીકે તમામ એકમ રાજ્યોના મુખ્ય-પ્રધાનો, કેન્દ્ર પ્રદેશોના વહીવદદારો અને ગૃહપ્રધાન સહિત કેન્દ્રના છ પ્રધાનો છે.

→ સામાન્ય રીતે આ સમિતિ એક વર્ષમાં ત્રણ વાર મળે છે.

→ રાજ્ય પુનઃ રચના અધિનિયમ 1956 નીચે દેશના પાંચ ઝોન ગણી પાંચ ઝોનલ સમિતિઓની પણ રચના કરી છે.

**⏩ કેન્દ્ર-રાજ્ય નાણાકીય સંબંધો :**

→ ભારતના બંધારણે નાણાકીય વ્યવસ્થાનું મહત્ત્વ જોતાં કેન્દ્ર અને એકમ રાજ્યો વચ્ચે નાણાકીય સાધનોની વહેંચણી તો સ્પષ્ટ રીતે કરી જ છે તે ઉપરાંત ચોક્કસ સમયે પુનઃ વહેંચણી માટે નાણાંપંચની જોગવાઈ પણ કરી છે.

→ ભારતના બંધારણને કેન્દ્રને આવકવેરો, જકાતવેરો, ખાંડ તથા તમાકુ જેવી ચીજો પરનો ઉત્પાદન કર, ચલણ અને ટંકશાળ દ્વારા થતી આવક, રેલવે, તાર-ટપાલ અને ટેલિફોન તંદ્ર દ્વારા થતી આવક, જાહેર યોજનાઓમાંથી પ્રાપ્ત આવક, રાષ્ટ્રીયકૃત, ઉદ્યોગોના નફાની આવક (જોકે જાહેર ઉદ્યોગોની ખોટ જોતાં 2000-2001માં સરકારે તેમાંથી ડીસઇન્વેસ્ટમેન્ટ શરૂ કરવું પડ્યું છે.)

→ દંડ કે જપ્તી દ્વારા થતી આવક વગેરેનો સમાવેશ થાય છે.

→ એકમ રાજ્યોનાં નાણાકીય સાધનો જોઈએ તો વેચાણવેરો, જમીન મહેસૂલ, ખેત ઉત્પાદન પરના કરવેરા, વારસાવેરો, ધંધા-રોજગાર પરનો વેરો, મનોરંજન વેરો, યાત્રાળુ વેરો, સ્ટેમ્પ વેરો, મોજશોખની વસ્તુઓ પરનો વેરો, વિદ્યુતવેરો, વાહનવેરો જેવી બાબતોનો સમાવેશ થાય છે.

→ કેન્દ્ર અને એકમ રાજ્ય સરકારને પોતાના વિષયો ઉપર કરવેરા નાંખવાની, વધારવાની, ઘટાડવાની કે રદ કરવાની સત્તા છે.

→ કેન્દ્ર અને એકમ રાજ્યો વચ્ચે નાણાકીય સાધનોની ફાળળણી માટે ત્રણ રીતો મુખ્ય છે : (અ) કેન્દ્ર સરકાર દ્વારા નાંખવામાં અને ઉઘરાવવામાં આવતા વેરા કે જે રાજ્યોને આપવામાં આવે છે તેમાં ખેતીવાડી સિવાયની મિલકત પરનો વારસદારો, રેલવેની ટિકિટ અને નૂર પરનો વેરો, હવાઈ અને જળમાર્ગે થતી મુસાફરી અને માલની હેરફેર ઉપરનો વેરો, તમાકુ જેવી ચીજો પરની આબકારી જકાત, વર્તમાનપત્રોના વિનિમય તથા જાહેરખબર જેવી બાબતોનો સમાવેશ થાય છે.

(બ) કેન્દ્ર સરકાર દ્વારા નાંખવામાં આવતા હોય પરંતુ એકમ રાજ્યો દ્વારા ઉઘરાવાતા અને ખર્ચાતા હોય તેવા વેરામાં સૌંદર્ય પ્રસાધનોની વસ્તુઓ પરનો કર અને દવાઓ પરની જકાતોનો સમાવશે થાય છે.

(ક) કેન્દ્ર સરકારા દ્વારા નાંખવામાં અને ઉઘરાવવામાં આવતા પણ કેન્દ્ર અને રાજ્યો વચ્ચે વહેંચવામાં આવતા વેરામાં કેટલીક વસ્તુઓના ઉત્પાદન પરના વેરા અને બિનખેતીવિષયક આવક પર નંખાયેલ કરવેરા હોય છે.

→ ભારતના બંધારણની કલમ 280 નીચે ભારતના રાષ્ટ્રપતિ દર પાંચ વર્ષે નાણાંપંચની નિમણૂક કરે છે.

→ પંચ કરવેરાની ફાળવણી, અનુદાન અને તેને વિચારણા માટે સોંપાયેલ અન્ય બાબતોનો અભ્યાસ કરીને અહેવાલ આપે છે.

→ નાણાંપંચના આ અહેવાલની ભલામણો પ્રમાણે સંસદ દર વર્ષે નાણાકીય સાધનો, અનુદાન વગેરે નક્કી કરી એકમ રાજ્યોને આપે છે.

→ પંચે રાજ્યોને ફાળવવામાં આવતા નાણાંમાં સતત વધારો કર્યો છે.

→ આમ છતાં કલ્યાણકારી પ્રવૃત્તિઓ અને વહીવટીખર્ચ પાછળ થતા બેફામ ખર્ચા, કુદરતી આફતો, આતંકવાદ સામે કાયદો અને સલામતી જેવા પ્રશ્નોને લીધે એકમ રાજ્યોની નાણાકીય ખેંચ વધી છે.

→ ઓરિસ્સામા, બિહાર, આસામ, જમ્મુકાશ્મીર જેવાં આર્થિક રીતે પછતા રાજ્યો કેન્દ્રની સહાય અને લોનો માટે વારંવાર આશ્રિત રહે છે.

→ બાજુ પંજાબ જેવાં સમૃદ્ધ રાજ્યો સસ્તી લોકપ્રિયતા માટે ખેડૂતોને મફત વીજળીની ચૂંટણીગત જાહેરાત કરનાર અકાલી સરકાર હાલમાં આવા પગલાને લીધે કેન્દ્ર પાસે વધુ નાણાકીય સાધનો માટે દબાણ કરે છે.

→ પોતે નાણાકીય સાધનો ઊભા કરવાને બદલે અકાલી સરકાર જેવા લોકરંજક પગલા કેન્દ્ર સાથેના નાણાકીય સંબંધોમાં અસંતોષ પેદા કરે છે.

→ બીજી બાજી એવી પણ ટીકા થાય છે કે કેન્દ્ર પાસે વધુ આર્થિક સાધનો છે જે રાજ્યોને ઓશિયાળાં બનાવે છે.

→ નાણાકીય સાધનોની વહેંચણી એ સતત વિવાદનો મુદ્દો રહેલ છે.

→ ભારતનું બંધારણ અમેરિકન બંધારણ જેટલું ઉદાર રીતે ફેડરલ નથી તેવો મુદ્દો પણ રજૂ કરાય છે.

→ નવી અર્થનીતિના અમલના સંદર્ભે કેન્દ્ર અને એકમ રાજ્યો વચ્ચેના નાણાકીય સંબંધો માટે સરકારિયા પંચની ભલામણોથી પણ આગળ વિચાર કરવો પડે તેવી સ્થિતિ છે.

→ હાલમાં બંધારણ સમીક્ષા પંચ એકમ રાજ્યોના આર્થિક સંબંધો અંગે બંધારણીય જોગવાઈઓને તપાસી રહેલ છે.

**⏩ મૂળભૂત અધિકારો:**

→ ભારતના બંધારણના ભાગ 3માં 12 થી 35 આર્ટિકલની વચ્ચે મૂળભૂત અધિકારોનો ઉલ્લેખ છે.

→ મૂળભૂત અધિકારો રાજકીય લોકશાહીના આદર્શને મૂર્તિમત કરવામાં વ્યક્તિના વ્યક્તિના વિકાસ માટે અને વહીવટીતંત્રની આપખુદીને અટકાવવામાં ઉપયોગી બને છે.

**ભારતના બંધારણમાં 7 મૂળભૂત અધિકારો આપવામાં આવ્યા છે :**

(1) સમાનતાનો અધિકાર - - Right to Equality

(2) સ્વતંત્રાનો અધિકાર - - Right to Freedom

(3) શોષણ સામેનો અધિકાર - Right against Exploitation

(4) ધાર્મિક સ્વાતંત્ર્યનો અધિકાર - - Right to Freedom of Religion

(5) સાંસ્કૃતિક અને કેળવણીવિષયક અધિકારો - Cultural and Educational Right

(6) મિલકતનો અધિકાર ( પાછળથી નાબુદ કરયો.) - Right to Property

(7) બંધારણીય ઇલાજોનો અધિકાર - Right to Constitutional Remedies.

*** RTE 2009 મુજબ મફ્ત અને ફરજ્યાત શિક્ષણનો અધિકાર અપાયો.**

→ જોકે મિલકતના અધિકારને 44માં બંધારણીય સુધારા વડે 1978માં મૂળભૂત અધિકારોની યાદીમાંથી દૂર કરવામાં આવ્યો છે.

→ મૂળભૂત અદિકારીઓના ભંગ બદલ નાગરિક સર્વોચ્ચ અદાલત રક્ષણ માંગી શકે છે.

→ આ અધિકારો જાહેર હિતને નુકસાન ન થાય તે રીતે નાગરિકે ભોગવવાના છે.

→ કટોકટી સમયે રાષ્ટ્રપતિ બંધારણીય ઇલાજ સંબંધી અધિકારને મુલતવી રાખી શકે છે.

**⏩ રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો :**

→ આયર્લેન્ડના બંધારણ પાસેથી આપણે રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોનો ખ્યાલ મેળવેલો છે.

→ બંધારણના 4થા ભાગમાં 36 થી 51 કલમોમાં આ સિદ્ધાંતોનો ઉલ્લેખ કર્યો છે.

→ આ સિદ્ધાંતો રાજ્યવહીવટ માટે માર્ગદર્શન પૂરું પાડે છે.

→ તેના અમલ માટે સરકારને અદાલતમાં પડકારી શકાતી નથી.

→ આમ આ સિદ્ધાંતોનું કાનૂની મહત્ત્વ નથી.

→ આ સિદ્ધાંતોના અમલથી બંધારણના આમુખમાં રજૂ થયેલ લોકશાહીના આદર્શોને રાજકીય, આર્થિક અને સામાજિક ક્ષેત્રે મૂર્તિમંત કરી શકાય છે.

→ રાજનીતિના જે માર્ગદર્શક સિદ્ધાંતો સરકારને રાજ્યના આંતરિક શાસન માટે માર્ગદર્શન આપે છે તેમાં સ્ત્રી અને પુરુષને સમાન વેતન, ઉત્પાદનનાં સાધનોનું કેન્દ્રીકરણ અટકાવવું, શ્રમજીવીઓનું સ્વાસ્થ્ય બગડે તેવી પ્રવૃત્તિઓનું નિયંત્રણ, બાળકો અને યુવાનોના શોષણ સામે રક્ષણ, ગ્રામજીવનના વિકાસ માટે ગ્રામપંચાયતોને વધુ સ્વાયત્તતા, વૃદ્ધાવસ્થા, માંદગી અને બેકારીમાં આર્થિક મદદ, ખેત-ઉદ્યોગો અને પશુસંવર્ધનને આધુનિક તથા વૈજ્ઞાનિક બનાવવાના પ્રયત્નો કરવા, ઉપરાંત સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે માટે 14 વર્ષની વય સુધીના બાળકોને મફ્ત અને ફરજિયાત કેળવણી, કેફી પીણાં પર પ્રતિબંધ મૂકી જાહેર આરોગ્ય જાળવવું, પછાત જાતિઓ અને વર્ગોના શિક્ષણની જોગવાઈ, ઐતિહાસિક અને રાષ્ટ્રીય સ્મારકો, કૃતિઓ અને સ્થળોના બગાડ, વિકૃતિ કે વિનાશ અટકાવવો.

→ કાયદાના શાસનની સ્થાપના માટે વહીવટતંત્રથી ન્યાયતંત્રને અમલ પાડવું જોઈએ.

→ રાજ્યના આંતરરાષ્ટ્રીય રાજકારણમાં કેવી ભૂમિકા હોવી જોઈએ તેનું માર્ગદર્શન આપતા આ સિદ્ધાંતો જણાવે છે કે શાંતિ અને સલામતી જાળવવાના પ્રયત્નો, બીજા દેશો સાથે ન્યાયી ગૌરવભર્યા સંબંધો, આંતરરાષ્ટ્રીય કરારો અને કાયદાને માન આપવું તથા આંતરરાષ્ટ્રીય કરારો અને કાયદાને માન આપવું તથા આંતરરાષ્ટ્રીય વિવાદોનો ઉકેલ લવાદથી લાવવા પ્રયત્ન કરવો જોઈએ.

→ આ સિદ્ધાંતોનો અમલ કરવો એ રાજ્યની નૈતિક ફરજ ગણાઈ છે. વીતેલાં વર્ષોનો વિચાર કરીએ તો પ્રત્યેક સરકારે આ આંતરિક અને બાહ્ય રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોના અમલ માટે પ્રયત્ન કર્યો છે.

→ આમ છતાં તેના અમલની દિશામાં હજુ ઘણું કરવાનું બાકી છે.

**⏩ મૂળભૂત :**

→ ભારતના બંધારણીય મૂળભૂત દસ્તાવેજમાં મૂળભૂત ફરજોનો ઉલ્લેખ ન હતો.

→ 1976માં સ્વર્ણસિંગ સમિતિની ભલામણથી 42મા બંધારણીય સુધારા દ્વારા તેને બંધારણમાં ઉમેરવામાં આવી છે.

→ આ મૂળભૂત ફરજોમાં

→ બંધારણને વફાદાર રહેવું, તેના આદર્શો અને સંસ્થાઓ, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.

→ સ્વતંત્રતા માટેની રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનાર ઉચ્ચ આદર્શોને હૃદયમાં સંઘરવા તથા તેને અનુસરવું.

→ ભારતના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાનું સમર્થન અને રક્ષણ કરવું.

→ દેશનું રક્ષણ અને સેવાનું, જરૂર પડે કરવી.

→ ધાર્મિક, ભાષાકીય અને પ્રાદેશિક મતભેદોથી પર રહી ભારતના તમામ લોકોમાં સંવાદિતા સ્થાપવી તથા ભ્રાતૃભાવ કેળવવો અને સ્ત્રીઓના ગૌરવને હાનિકર્તા વ્યવહારોનો ત્યાગ.

→ આપણી સંયોજિત સંસ્કૃતના સમૃદ્ધ વારસાને સન્માનવો તથા તેનું રક્ષણ કરવું.

→ વનો, સરોવરો, નદીઓ તથા વન્ય પ્રાણીઓ સહિત કુદરતી પર્યાવરણનું રક્ષણ તથા સુધારણા અને જીવો પ્રત્યે અનુકંપા.

→ વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ, જિજ્ઞાસાવૃત્તિ તથા સુધારણાની ભાવના કેળવવી.

→ જાહેર મિલકતોનું રક્ષણ અને હિંસાનો ત્યાગ.

→ રાષ્ટ્ર પુરુષાર્થ અને સિદ્ધિના ઉચ્ચતર તબક્કાઓ ભણી સતત પ્રગતિશીલ રહે તે માટે વ્યક્તિગત અને સામૂહિક પ્રયત્ન કરવા.

→ આ 10 ફરજોના ભંગ બદલ સ્વર્ણસિંગ સમિતિએ સજાની પણ ભલામણ કરી હતી, પરંતુ તેનો સ્વીકાર કરાયો નથી.

→ આ ફરજોના અમલ માટે અદાલતમાં જઈ શકાતું નથી.

→ કેટલાક અભ્યાસુઓ તો બંધારણમાં આ ફરજોને સામેલ કરવાની બાબતે જ યોગ્ય ગણાતા નથી.

**⏩ રાષ્ટ્રપતિ :**

→ ભારતે સંસદીય લોકશાહી સ્વીકારી હોવાથી અહીં મુખ્ય કારોબારીના બે પ્રકાર છે : બંધારણીય કે નામની કારોબારી અને વાસ્તવિક કારોબારી.

→ ભારતના રાષ્ટ્રપતિ બંધારણીય કારોબારી ગણાય છે.

→ બંધારણની કલમ 74 પ્રમાણે રાષ્ટ્રપતિ પોતાની કારોબારી વિષયક સત્તા પ્રધાનમંડળની સહાયતા અને ચર્ચાવિચારણાથી કરે તેમ જણાવવામાં આવ્યું છે.

**⏩ ચૂંટણી અને પદત્યાગ :**

→ રાષ્ટ્રપતિની ચૂંટણી એવા મતદારમંડળ દ્વારા થાય છે જેમાં (અ) સંસદનાં બંને ગૃહોના ચૂંટાયેલા સભ્યો (બ) રાજ્યોની વિધાનસભાઓના ચૂંટાયેલા સભ્યો હોય છે.

→ તેમની ચૂંટણી એકમત પરિવર્તન પદ્ધતિ દ્વારા યોગ્ય પ્રમાણસર પદ્ધતિના આધારે થાય છે.

→ આમ રાષ્ટ્રપતિ પરોક્ષ રીતે ચૂંટાય છે.

→ રાષ્ટ્રપતિના પદ માટે ઉમેદવારી કરનારની લાયકાત જોઈએ તો તે ભારતના નાગરિક હોવા જોઈએ.

→ તેમણે 35 વર્ષની ઉંમર પૂરી કરેલ હોય.

→ લોકસભાના સભ્ય બનવાની લાયકાત તેમનામાં હોય.

→ તેઓ કેન્દ્ર કે એકમ રાજ્ય સરકારના પ્રધાનમંડળમાં કે અન્ય સરકારી નોકરીમાં ચાલુ ન હોય તે જરૂરી છે.

→ તેમના પગાર અને ભથ્થા બંધારણની જોગવાઈ પ્રમાણે સંસદ વખતોવખત નક્કી કરે છે.

→ તેમના હોદ્દાની મુદ્દત 5 વર્ષની છે.

→ રાષ્ટ્રપતિના પદ માટે ફરીથી ચૂંટણી લડવા બંધારણમાં પ્રતિબંધ નથી પરંતુ સામાન્ય પરંપરા પ્રમાણે તેઓ બે વાર આ પદ સ્વીકારે છે.

→ તેમની ગેરહાજરીમાં ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિની ફરજો બજાવે છે.

→ ઉપરાષ્ટ્રપતિ આપોઆપ રાષ્ટ્રપતિ બની શકતા નથી.

→ તેમના હોદ્દાની મુદ્દત પૂરી થાય તે પહેલાં તેઓ સ્વેચ્છાએ ઉપરાષ્ટ્રપતિને રાજીનામું આપીને પોતાનો હોદ્દાની મુદ્દત 5 વર્ષો છે. રાષ્ટ્રપતિ પદ માટે ફરીથી ચૂંટણી લડવા બંધારણમાં પ્રતિબંધ નથી પરંતુ સામાન્ય પરંપરા પ્રમાણે તેઓ બે વાર આ પદ સ્વીકારી છે. તેમની ગેરહાજરીમાં ઉપરાષ્ટ્રપતિ રાષ્ટ્રપતિની ફરજો બજાવે છે.

→ ઉપરાષ્ટ્રપતિ આપોઆપ રાષ્ટ્રપતિ બની શકતા નથી.

→ તેમના હોદ્દાની મુદ્દત પૂરી થાય તે પહેલાં તેઓ સ્વેચ્છાએ ઉપરાષ્ટ્રપતિને રાજીનામું આપીને પોતાનો હોદ્દો છોડી શકે છે.

→ આ રાજીનામાના પત્રની નકલ લોકસભાના અધ્યક્ષને પણ આપવાની રહે છે.

→ બંધારણનો ભંગ કરવા બદલ રાષ્ટ્રપતિ ઉપર કલમ 61 પ્રમાણે સંસદના કોઈપણ ગૃહમાં મહાભિયોગ મૂકી શકાય છે.

→ આ મહાભિયોગ મૂકનાર ગૃહ 2/3 બહુમતીથી તેને પસાર કરે તો બીજું ગૃહ આ અંગે તપાસ કરે છે અને તપાસને અંતે બીજું 2/3 બહુમતીથી મહાભિયોગના ઠરાવને પસાર કરે તો રાષ્ટ્રપતિએ હોદ્દો છોડ્યો છે તેમ ગણવામાં આવે છે.

→ આ કાર્યવાહીમાં રાષ્ટ્રપતિ પોતાનો બચાવ કરી શકે છે.

**⏩ સત્તા અને કાર્યો :**

→ ભારતના રાષ્ટ્રપતિ રાષ્ટ્રના પ્રતીક ગણાય છે.

→ બંધારણે તેમના સ્થાનમાં મૂકેલી સત્તાઓનો ઉપયોગ કરી કામગીરી વડાપ્રધાન સહિતનું પ્રધાનમંડળ બજાવે છે.

**(અ) કારોબારી વિષયક સત્તાઓ :**

→ રાષ્ટ્રપતિની કારોબારી વિષયક સત્તાઓ અને કાર્યો આ પ્રમાણે છે :

→ તેઓ લોકસભામાં બહુમતી પક્ષના કે જોડાણના નેતાને વડાપ્રધાનની નિમણૂક કરે છે અને તેમની સલાહ પ્રમાણે પ્રધાનમંડળની રચના કરે છે.

→ તેઓ એકમ રાજ્યના રાજ્યપાલો, કેન્દ્રશાસિત પ્રદેશોના ઉપરાજ્યપાલો, જાહેર સેવાપંચ, નાણાંપંચ, ચૂંટણી કમિશનરો, એટર્ની જનરલ, કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ, સર્વોચ્ચ અને વડી અદાલતના ન્યાયાધીશોની, ભારતના એલચીઓની વિદેશોમાં નિમણૂક કરે છે અને વિદેશોના એલચીઓનો આવકારે છે.

→ તેઓ સંરક્ષણદળોના સરસેનાપતિ ગણાય છે.

→ ત્રણેય દળના વડાની નિમણૂક કરે છે.

→ આંતરરાષ્ટ્રીય બાબતોમાં તેઓ દેશનું પ્રતિનિધિત્વ કરે છે.

→ તેઓ યુદ્ધની જાહેરાત અને શાંતિના કરાર કરે છે.

→ તેઓ એસ.ટી., એસ.સી. અને અન્ય પછાત જ્ઞાતિઓ માટે તપાસ પંચ નીમી શકે છે.

→ તેઓ આંતરરાજ્ય પરિષદની રચના કરે છે.

→ તેઓ વડાપ્રધાન પાસેથી દેશના વહીવટીતંત્રની માહિતી મેળવી શકે છે.

**(બ) ધારાકીય સત્તાઓ :**

→ ભારતના રાષ્ટ્રપતિ સંસદનો ભાગ ગણાય છે.

→ તેઓ સંસદની બેઠકો બોલાવે છે અને સત્રસમાપ્તિ જાહેર કરી શકે છે.

→ બરખાસ્ત કરી શકે છે.

→ સંસદની પ્રત્યેક બેઠક મળે ત્યારે પ્રથમ બંને ગૃહોની સંયુક્ત બેઠકને સંબોધે છે.

→ સંસદને કાયદો ઘડવા સંદેશો મોકલી શકે છે જ્યારે કોઈ ખરડા અંગે બંને ગૃહો વચ્ચે મતભેદ ઊભો થાય ત્યારે તેના ઉકેલ માટે બંને ગૃહોની સંયુક્ત બેઠક બોલાવે છે.

→ તેમની સહીથી જ ખરડો કાયદો બને છે.

→ તેમણે પુનર્વિચાર માટે મોકલેલા ખરડાને સંસદ ફરીથી પસાર કરે તો તેમણે સહી કરવી પડે છે.

→ જોકે પુનર્વિચાર માટે ખરડાને (નાણાકીય સિવાય) ન મોકલીને તે રોકી શકે છે. દા.ત., રાષ્ટ્રપતિ સ્વ. જ્ઞાની ઝૈલસિંઘે ખાનગી ટપાલ અંગેના ખરડાને પુનર્વિચાર માટે પાછો મોકલ્યો ન હતો અને રોકેલો.

→ સંસદની બેઠક ચાલુ ન હોય ત્યારે તેઓ વટહુકમ બહાર પાડી શકે છે.

→ પરંતુ સંસદની બેઠક મળ્યા પછી છ અઠવાડિયામાં આ વટહુકમ પસાર ન થાય તો આપોઆપ રદ થાય છે.

→ એકમ રાજ્યોની પુનઃરચના અને નાણાં સંબંધી ખરડાઓ સંસદમાં રજૂ કરતા પહેલાં તેમની મંજૂરી મેળવવી પડે છે.

→ એકમ રાજ્યોની ધારાસભાઓમાં પણ કેટલાક ખરડા જેવા કે રાજ્યમાં વ્યાપાર-વાણિજ્યની સ્વતંત્રતા પર નિયંત્રણ અંગે, સંયુક્ત યાદી પરનો રાજ્યનો કાયદો કેન્દ્રે આ બાબત અંગે ઘડેલ કાયદા સાથે સંઘર્ષમાં આવે તેમ હોય તો તેવો ખરડો રજૂ કરતાં, કેટલાક વિશિષ્ટ કરવેરા નાંખતા પહેલાં તેમની મંજૂરી લેવી પડે છે.

→ તેઓ લોકસભામાં બે એન્ગ્લો ઇન્ડિયન સભ્યો અને રાજ્યસભામાં સમાજના વિવિધ ક્ષેત્રે સેવા આપનાર 12 સભ્યોની નિમણૂક કરે છે.

**(ક) નાણાકીય સત્તા :**

→ વાર્ષિક અંદાજપત્ર સહિત કોઈ પણ નાણાકીય ખરડો, કરવેરા, પૂરક માંગ કે શૂલ્ક સંબંધી ખરડાને લોકસભામાં રજૂ કરવા માટે રાષ્ટ્રપતિ મંજૂરીની જરૂર છે.

→ અનુદાન અંગેની કોઈ પણ માંગણી માટે તેમની મંજૂરીની જરૂર પડે છે.

→ કોઈ પણ આકસ્મિક ખર્ચ માટે આકસ્મિક નિધિમાંથી નાણાં ઉપાડવા તેમની સંપત્તિ મેળવવી પડે છે.

→ દર પાંચ વર્ષ તેઓ કેન્દ્ર અને એકમ રાજ્યોના નાણાકીય તપાસવા નાણાપંચની નિમણૂક કરે છે.

**(ડ) ન્યાયવિષયક સત્તાઓ :**

→ ભારતના રાષ્ટ્રપતિ ન્યાયનું ઉદ્‌ભવસ્થાન ગણાય છે.

→ તેઓ સર્વોચ્ચ અદાલત અને વડી અદાલતના ન્યાયાધીશોની નિમણૂક કરે છે.

→ તેઓ કોઈ કાયદા કે બાબત અંગે સર્વોચ્ચ અદાલતની સલાહ માંગી શકે છે.

→ આ સલાહ તેમને બંધનકર્તા નથી.

→ તેઓ સજા પામેલાને માફી આપી શકે, તેની સજાના અમલને મોકૂફ રાખી શકે, મહેતલ આપી શકે, બાકી રહેલ સજા રદ કરી શકે છે, સજાને હળવી કરી શકે છે, મૃત્યુદંડને આજીવન કેદમાં બદલી શકે છે.

**(ઇ) કટોકટીની સત્તાઓ :**

→ રાષ્ટ્રપતિને ઉપર પ્રમાણ બંધારણે સામાન્ય સત્તાઓ આપી છે.

→ તે ઉપરાંત ત્રણ પ્રકારની કટોકટી માટે રાષ્ટ્રપતિને બંધારણે અસામાન્ય સત્તા આપી છે.

**(1) રાષ્ટ્રીય કટોકટી (કલમ 352 પ્રમાણે) :**

→ રાષ્ટ્રપતિ સમગ્ર દેશ કે તેના કોઈ એક ભાગ ઉપર નીચેના આધારે કટોકટી જાહેર કરી શકે છે.

(અ) યુદ્ધ (બ) બાહ્ય આક્રમણ (ક) અથવા લશ્કરી બળવો.

→ 1978માં 44માં બંધારણીય સુધારા દ્વારા 'આંતરિક અશાંતિ' શબ્દને બદલે 'લશ્કરી બળવો' શબ્દ મૂકાયો છે.

→ રાષ્ટ્રપતિ કેબિનેટનો લેખિત ઠરાવ મળે પછી જ કટોકટીની જાહેરાત કરી શકે છે.

→ કટોકટીની જાહેરાત પછી એક માસમાં તેને સંસદની સંમતિ મળવી જરૂરી છે.

→ આ સંમતિ પછી છ માસ સુધી કટોકટી લંબાવી શકાય.

→ એટલું જ નહીં દર છ માસે સંસદની 2/3 બહુમતીની સંમતિ મેળવી તેને અચોક્કસ મુદ્દત માટે લંબાવી શકાય છે. 1962, 1971 અને 1975માં રાષ્ટ્રીય કટોકટી જાહેર કરાઈ હતી.

→ આ રાષ્ટ્રીય કટોકટી સમયે રાષ્ટ્રપતિ

→ કોઈ પણ એકમ રાજ્યને તેની કારોબારી સત્તાના ઉપયોગ માટે દોરવણી આપી શકે છે.

→ રાજ્યવાદી ઉપર કેન્દ્ર કાયદો ઘડી શકે છે.

→ તેઓ કેન્દ્ર અને એકમ રાજ્યની નાણાકીય ફાળવણીમાં ફેરફાર કરી શકે છે.

→ જીવન અને વ્યક્તિગત સ્વાતંત્ર્ય સિવાયના મૂળભૂત અધિકારો ઉપર તેઓ નિયંત્રણ મૂકી શકે છે.

→ જરૂર જણાય તો તેઓ લોકસભા અને વિધાનસભાઓની મુદ્દત એક વર્ષ માટે લંબાવી શકે છે.

(2) **બંધારણીય કટોકટી :** → રાષ્ટ્રપતિને કોઈ એકમ રાજ્યનું સરકારી તંત્ર બંધારણ પ્રમાણે ચાલી શકે તેમ નથી તો (કલમ 356) તે રાજ્યમાં અથવા કોઈ રાજ્યમાં બંધારણ પ્રમાણેનું શાસન તૂટી પડે તેમ હોય તો તેને નિર્દેશ આપ્યા (કલમ 365) પ્રમાણે કટોકટી જાહેર કરી શકે છે.

→ રાષ્ટ્રપતિ કટોકટી ત્યારે જ જાહેર કરે છે જ્યારે રાજ્યપાલના અહેવાલથી તેમને સંતોષ થાય અથવા રાજ્યપાલના અહેવાલ વિના પણ તેમને ખાતરી થાય કે બંધારણ પ્રમાણે જે તે રાજ્યમાં ચાલી શકે તેમ નથી.

→ આ જોગાવાઈનો વિશેષ ઉપયોગ રાજ્યોમાં રાષ્ટ્રપતિશાસન જાહેર કરવામાં થાય છે.

→ તેનાથી ચૂંટાયેલ સરકાર બરતરફ થાય છે અને રાષ્ટ્રપતિ દ્વારા રાજ્યના રાજ્યપાલને વહીવટકર્તા નીમવામાં આવે છે.

→ બંધારણીય જોગવાઈ પ્રમાણે આ કટોકટીની જાહેરાતને બે માસમાં જ મંજૂરી જરૂરી છે.

→ તે સિવાય તે રદ થાય છે.

→ સંસદ મંજૂરી આપે તો છ માસ અને જરૂર પડે દર છ માસે વધારી 3 વર્ષ સુધી વધારી શકાય છે.

→ જોકે કલમ 356નો પક્ષીય સ્વાર્થ માટે ઘણી વાર કેન્દ્ર સરકારે દુરુપયોગ કર્યો હોવાથી ટીકા થયેલ છે.

(3) **નાણાકીય કટોકટી :** → રાષ્ટ્રપતિને એમ જણાય કે સમગ્ર દેશ કે કોઈ એક કે તેથી વધુ રાજ્યમાં નાણાકીય શાખ ભયમાં મૂકાઈ છે તો કલમ 360 નીચે નાણાકીય કટોકટી જાહેર કરી શકે છે.

→ આ કટોકટીની જાહેરાતને પણ બે માસમાં સંસદની મંજૂરીની જરૂર પડે છે.

→ આ સમયે રાષ્ટ્રપતિ અમુક નાણાકીય ધોરણો જાળવવા આદેશ આપી શકે છે.

→ સરકારી કર્મચારીઓના પગાર ભથ્થામાં ઘટાજો કરી શકે છે.

→ રાજ્યોને તેમના નાણાકીય ખરડા રાષ્ટ્રપતિ પોતાની વિચારણા માટે અનામત રાખવા આદેશ આપી શકે છે.

→ જોકે આ પ્રકારની કટોકટી જાહેર કરવાની જરૂર પડી નથી.

→ **રાષ્ટ્રપતિનું સ્થાન :**

→ ભારતના રાષ્ટ્રપતિના સ્થાન અંગે પ્રથમ ડો. રાજેન્દ્રપ્રસાદ સમયથી વિવાદ છે.

→ કેટલાક અભ્યાસીઓનું કહેવું છે કે ભારતના રાષ્ટ્રપતિ નામના અને બંધારણીય વડા ગણાતા હોવા છતાં કેટલાક સંજોગોમાં સ્વવિવેકની સત્તા ધરાવે છે.

→ આ સ્વવિવેકન સત્તાનો ઉપયોગ કેન્દ્રમાં કયા પક્ષની બહુમતી છે અને કોને સરકાર રચવાનું નિમંત્રણ રાષ્ટ્રપતિ આપી શકે છે તે સમયે ક્યારેક થયો છે અને તે ચર્ચાનો મુદ્દો રહ્યો છે.

→ બંધારણની કલમ 53 જણાવે છે કે સંઘની કારોબારી સત્તા રાષ્ટ્રપતિ પાસે છે અને તેઓ પ્રત્યક્ષ રીતે કે તેમના ગૌણ અધિકારીઓ વડે બંધારણ પ્રમાણે ભોગવી શકે છે.

→ કલમ 75 પ્રમાણે 'પ્રમુખને તેમના કાર્યોમાં મદદ કરવા અને સલાહ માટે વડાપ્રધાન સહિતનું પ્રધાનમંડળ રહેશે.'

→ 1976ના 42માં બંધારણીય સુધારાથી કલમ 74(1)માં સ્પષ્ટતા કરાઈ છે કે, "વડાપ્રધાનના નેતૃત્વ નીચેનું પ્રધાનમંડળ રાષ્ટ્રપતિને મદદ કરવા અને સલાહ આપવા હશે અને તેમની સલાહ પ્રમાણે રાષ્ટ્રપતિ પોતાનાં કાર્યો બજાવશે."

→ આમ રાષ્ટ્રપતિ માટે પ્રધાનમંડળની સલાહ બંધનકર્તા બનાવાઈ છે.

→ આમ છતાં જ્યારે લોકસભામાં કોઈ પક્ષ કે જોડાણને સ્પષ્ટ બહુમતી ન હોય.

→ લોકસભામાં બહુમતી ગુમાવનાર પ્રધાનમંડળને પદભ્રષ્ટ કરવા.

→ પ્રધાનમંડળે બહુમતી ગુમાવતા લોકસભાને બરખાસ્ત કરવા.

→ તેમને યોગ્ય જણાય તો નાણાંકીય સિવાયના ખરડાને પુનર્વિચાર માટે પરત ન મોકલીને હંમેશા માટે અટકાવવાની લોકસભામાં કોઈ પણ પક્ષ કે જોડાણની બહુમતી ન જણાય ત્યારે વડાપ્રધાનની પસંદગીની સ્વવિવેકની સત્તા છે તે 50 વર્ષના બંધારણના અમલે પુરવાર કર્યું છે.

→ ઉપરાંત ભારતના રાષ્ટ્રપતિ પરોક્ષ રીતે ચૂંટાયેલા છે તેથી બ્રિટનના રાજા કરતાં તેમનું સ્થાન પ્રભાવશાળી છે જ.

**⏩ વડાપ્રધાન વાસ્તવિક કારોબારી તરીકે :**

→ સ્વતંત્ર ભારતે બ્રિટિશ મોડેલવાળી સંસદીય લોકશાહી અપનાવી છે.

→ આ પ્રકારની લોકશાહીમાં કારોબારીની વાસ્તવિક સત્તા વડાપ્રધાન સહિતના પ્રધાનમંડળ પાસે હોય છે.

→ વડાપ્રધાન અને પ્રધાનમંડળ અંગે કેટલીક પરંપરાઓ પણ આપણે બ્રિટન પાસેથી મેળવી છે.

→ આમ છતાં બંધારણે વડાપ્રધાન અને પ્રધાનમંડળ અંગે કેટલીક ચોક્કસ જોગવાઈઓ પણ કરી છે. કલમ 74.3 (1. રાષ્ટ્રપતિને સહાય કરવા માટે તથા સલાહ આપવા વડાપ્રધાન જેવા વડા હોય તેવું એક પ્રધાનમંડળ રહેશે, રાષ્ટ્રપતિ પોતાનાં કર્તવ્યો અદા કરતી વખતે તેની સલાહને અનુસરીને કાર્ય કરશે.)

→ (પરંતુ રાષ્ટ્રપતિ એવી સલાહની સામાન્ય રીતે અથવા અન્યથા ફેરવિચારણા કરવા પ્રધાનમંડળને કહી શકશે અને એવી ફેરવિચારણા પછી અપાયેલી સલાહ પ્રમાણે રાષ્ટ્રપતિ કાર્ય કરશે.)

(2) પ્રધાનોએ રાષ્ટ્રપતિને કોઈ સલાહ આપી હતી કે કેમ અને આપી હોય તો શી આપી હતી એ પ્રશ્નની કોઈ ન્યાયાલયમાં તપાસ કરી શકશે નહિ.

→ કલમ 75(1) પ્રમાણે વડાપ્રધાનને રાષ્ટ્રપતિ નીમશે અને વડાપ્રધાનની સલાહથી રાષ્ટ્રપતિ બીજા પ્રધાનોને નીમશે.

(2) પ્રધાનો રાષ્ટ્રપતિની મરજી હોય ત્યાં સુધી હોદ્દા ધરાવશે.

(3) પ્રધાનમંડળ લોકસભાને સામૂહિક રીતે જવાબદાર રહેશે.

(4) કોઈ પ્રધાન પોતાનો હોદ્દો સંભાળે તે પહેલાં રાષ્ટ્રપતિ તેની પાસે, ત્રીજી અનુસૂચિમાં તે હેતુ માટે આપવામાં આવેલા નમૂના અનુસાર હોદ્દાના અને ગુપ્તતાના શપથ લેવડાવશે.

(5) સતત છ મહિનાની મુદ્દત સંસદમાં બે ગૃહમાંથી કોઈ ગૃહના સભ્ય ન હોય તે પ્રધાન, એ મુદ્દત પૂરી થશે, પ્રધાન તરીકે રહેશે નહિ.

(6) પ્રધાનોનાં પગાર અને ભથ્થાં સંસદ કાયદાથી ઠરાવે તેવાં રહેશે અને સંસદ એ રીતે ન ઠરાવે ત્યાં સુધી, બીજી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે રહેશે.

→ વડાપ્રદાન ગૃહનો વિશ્વાસ ગુમાવે, તેમની સરકાર સામે અવિશ્વાસની દરખાસ્ત લોકસભા પસાર કરે, વડાપ્રધાને મૂકેલો વિશ્વાસનો પ્રસ્તાવ સરકાર જીતી ન શકે.

→ જેમ કે 1999માં શ્રી અટલ બિહારી વાજપેયીની સરકારની તરફેણમાં 269 અને વિરુદ્ધમાં 270 મત પડતાં માત્ર એક મતે સરકાર હારી ગઈ હતી.

→ ઉપરાંત અંદાજપત્ર લોકસભામાંથી પસાર ન થઈ શકે, રાષ્ટ્રપતિના પ્રવચન પછીનો આભારનો પ્રસ્તાવ લોકસભામાંથી પસાર ન થાય તો વડાપ્રધાને રાજીનામું આપવું પડે છે.

→ જોકે નવી સરકાર બને ત્યાં સુધી રાષ્ટ્રપતિ વડાપ્રધાનને તેમના પદ ઉપર ચાલુ રહેવાનું જણાવે છે.

**⏩ વડાપ્રધાનની સત્તા અને કાર્યો :**

→ ભારતના વડાપ્રધાન નીચે પ્રમાણેની સત્તાઓ ધરાવે છે અને કાર્યો બનાવે છે :

**⏩ પ્રધાનમંડળના સંબંધમાં :**

→ ભારતના વડાપ્રધાનની સલાહથી જ રાષ્ટ્રપતિ પ્રધાનોની નિમણૂક કરે છે.

→ વડાપ્રધાન પ્રધાનોને ખાતાની ફાળવણી કરે છે.

→ તેઓ કોઈ પણ પ્રધાનને રાજીનામું આપવાનું કહી શકે છે અથવા મતભેદ પડતાં રાષ્ટ્રપતિ તે પ્રધાનને બરતરફ કરવા સલાહ આપી શકે છે.

→ પ્રધાનમંડળની પસંદગી અને ખાતાની ફાળવણી એ વડાપ્રધાનના સંપૂર્ણ અધિકારની બાબત છે.

→ તેઓ પ્રધાનમંડળની બેઠકનું સંચાલન કરે છે અને નિર્ણય લેવા માટે પ્રભાવ પાડે છે.

→ જોકે એક જ બહુમતી પક્ષના પ્રધાનમંડળમાં પણ કોઈ પ્રધાન પ્રભાવશાળી હોય તો વડાપ્રધાનના નિર્ણય ઉપર પણ અસર પાડી શકે છે.

→ જેમ કે વડાપ્રધાન સ્વ. પં. જવાહરલાલ નેહરુના પ્રધાનમંડળમાં ગૃહપ્રધાન સરદાર પટેલના આગ્રહથી નિર્ણયો લેવાયા હોય તેવાં ઉદાહરણો છે.

→ ઉપરાંત જો જોડાણ સરકાર હોય તો વડાપ્રધાનમંડળ પાસે નિર્ણય લેવડાવતી વખતે સાથી પક્ષોના દબાણને પણ ધ્યાનમાં લેવું પડે છે.

→ અત્યારની એન.ડી.એ.ની સરકાર તેનું ઉદારણ છે.

→ આમ છતાં આપણે કહી શકીએ કે વડાપ્રધાન પ્રધાનમંડળની પ્રવૃત્તિઓને માર્ગદર્શન આપે છે, તેનું નિરીક્ષણ કરે છે, નિયંત્રણ કરે છે અને સંકલન કરે છે.

→ વડાપ્રધાનના રાજીનામા સાથે જ સમગ્ર પ્રધાનમંડળનું વિસર્જન થાય છે.

→ એટલે કે વડાપ્રધાન વગર પ્રધાનમંડળનું અલગ અસ્તિત્વ નથી.

**⏩ રાષ્ટ્રપતિના સંબંધમાં :**

→ વડાપ્રધાન પ્રધાનમંડળમાં લેવાતા વહીવટ સંબંધી નિર્ણયોથી અને ધારાસભામાં મૂકનારા પ્રસ્તાવોથી રાષ્ટ્રપતિને માહિતગાર રાખે છે.

→ તે સાથે રાષ્ટ્રપતિના આ અંગેના વિચારોને વડાપ્રધાન ધ્યાનમાં લે છે.

→ વડાપ્રધાન વિદેશના પ્રવાસે જતા પહેલાં અને આવ્યા પછી રાષ્ટ્રપતિની કેટલીક બાબતો અંગે, કરારો અંગે રાષ્ટ્રપતિને માહિતગાર કરે છે.

→ પરંતુ વડાપ્રધાન અને રાષ્ટ્રપતિ વચ્ચેના આ સંબંધોમાં વડાપ્રધાન નેહરુ અને રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદ, વડાપ્રધાન મોરારજી દેસાઈ અને રાષ્ટ્રપતિ શ્રી સંજય રેડ્ડી, વડાપ્રધાન શ્રી રાજીવ ગાંધી અને રાષ્ટ્રપતિ શ્રી જ્ઞાની ઝેલસિંઘના સંબંધો ઘણી વાર કડવાશભર્યા બન્યા હતા.

→ જોકે વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીને અનુક્રમે રાષ્ટ્રપતિ ડો. ઝાકીર હુસેન, શ્રી. વી.વી. ગીરી, ફકરૂદ્દીન અલી એહમદ સાથેના સંબંધોમાં ભાગ્યે જ સંઘર્ષમાં ઊતરવું પડેલું.

→ વડાપ્રધાન શ્રી અટલબિહારી વાજપેયીને રાષ્ટ્રપતિ શ્રી. કે.આર. નારાયણના સાથેના સંબંધોમાં મોટા ચઢાવ-ઉતરાવ જાહેરમાં નોંધી શકાયા છે.

→ ભારતની વડી અદાલત તથા સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની નિમણૂક એટર્ની જનરલ તથા કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ, ચૂંટણી પંચના કમિશનરો, યુ.પી.એસ.સી.ના અધ્યક્ષ અને સભ્યો, નાણાંપંચના અધ્યક્ષ અને સભ્યોની અને અન્ય નિમણૂક બાબતે વડાપ્રધાન રાષ્ટ્રપતિને સલાહ આપે છે.

→ આવા પ્રસંગે વડાપ્રધાને રાષ્ટ્રપતિ સાથે ભાગ્યે જ સંઘર્ષમાં ઊતરવું પડ્યું છે.

**⏩ સંસદના સંબંધમાં :**

→ ભારતના વડાપ્રધાન લોકસભાના નેતા ગણાય છે.

→ તેઓ સંસદની બેઠક બોલાવવા, બરખાસ્ત કરવા અને લોકસભાના વિસર્જન માટે રાષ્ટ્રપતિને સલાહ આપી શકે છે.

→ તેઓ લોકસભામાં સરકારની નીતિવિષયક જાહેરાત, સ્પષ્ટતા અને બચાવ કરે છે.

→ તેઓ અન્ય પ્રધાનની ખાતાકીય કામગીરી અને પ્રધાનનો લોકસભામાં બચાવ કરી શકે છે.

→ દા.ત. 2001માં વિરોધપક્ષોએ ગૃહપ્રધાન શ્રી. એલ.કે. અડવાણી અને માનવ સંશાધન પ્રધાન મુરલી મનોહર જોશીની અયોધ્યા કેસ સંબંધે રાજીનામાની માંગણી કરેલી ત્યારે વડાપ્રધાન શ્રી અટલબિહારી વાજપેયીએ આ પ્રધાનોનો લોકસભામાં બચાવ કરેલો અને એટલે સુધી કે આ બે પ્રધાનો રાજીનામું આપશે તોપણ તે રાજીનામાનો સ્વીકાર તેઓ નહિ કરે.

**⏩ અન્ય સત્તાઓ અને કર્યો :**

→ ભારતના વડાપ્રધાન આયોજનપંચ, રાષ્ટ્રીય વિકાસ પરિષદ, રાષ્ટ્રીય એકતા પરિષદ, આંતરરાજ્ય પરિષદના અધ્યક્ષની હેસિયતથી તેમાં ભાગ લે છે.

→ કેન્દ્ર સરકારનાં નાણાંખાતું, વિદેશખાતું, ગૃહખાતું, સંરક્ષણ જેવા ખાતાઓમાં તેમનો અવાજ વિશેષ મહત્ત્વનો હોય છે.

→ તેઓ સરકારના વડા છે અને તેથી સરકાર સામે અને દેશ સામે ઊભી કરતી કટોકટીઓના નિવારણમાં તેમની ભૂમિકા અગત્યની રહે છે.

→ ખાસ કરીને જોડાણ સરકારોને ચલાવવામાં અને ટકાવવામાં વડાપ્રધાન શ્રી. વી.પી. સિંઘ, શ્રી દેવગૌડા, શ્રી.આઈ.કે. ગુજરાલ તથા શ્રી અટલબિહારી વાજપેયીને કટોકટીભરી પરિસ્થિતિનું નિવારણ કરવામાં વારંવાર કુશળતા બતાવવી પડી છે.

→ ઉપરાંત વડાપ્રધાન દેશના નેતા ગણાય છે.

→ તેની ભારતમાં વિદેશોમાંથી આવતા મહેમાનો ભારતના જુદા જુદા પ્રદેશોના પ્રશ્નો લઈને આવતા પ્રતિનિધિમંડળોને તેઓ મળે છે.

→ તેઓ વિદેશના પ્રવાસે હોય ત્યારે ભારતનું વાસ્તવિક પ્રતિનિધિત્વ કરે છે.

→ વિદેશોમાં વસતા ભારતીયોની તેમના માટેની ચાહના આવા સમયે વધી જાય છે અને તે રીતે તે રાષ્ટ્રનાં હિતોનું જતન કરે છે.

→ તેઓ દેશમાં હોય ત્યારે દેશના સમગ્ર વહીવટીતંત્રને સક્રિય બનાવવાનું પ્રેરકબળ બને છે.

**⏩ કેન્દ્રિય સચિવાલય :**

→ કારોબારીના સભ્યો એટલે કે પ્રધાનમંડળ રાજકીય અને સાર્વજનિક કાર્યોમાં અત્યંત વ્યસ્ત હોય છે. આ ઉપરાંત આ પ્રધાનો માટે લોકશાહીમાં એ જરૂરી નથી કે તે ખાતાકીય વહીવટના નિષ્ણાત હોય.

→ એટલું જ નહિ કેટલીક વાર એક પ્રધાન પાસે એક કરતાં વધુ ખાતાં પણ હોય છે, તેથી પ્રત્યેક વિભાગની વહીવટી ટેક્નિક જાણવાનો તેમની પાસે સમય પણ હોતો નથી.

→ વિભાગીય વડા અને ઉચ્ચ અધિકારીઓ જરૂરી સૂચનાઓ એકત્ર કરે.

→ જેના ઉપર પ્રધાન રાજકીય દૃષ્ટિએ એને સ્વવિવેકથી નિર્ણય લે છે, તેઓ નીતિ નક્કી કરે છે અને નીતિના અમલ ઉપર નિરીક્ષણ રાખે છે.

→ તેથી જાહેર વહીવટનું એક એવું સંગઠન સ્થાપવામાં આવે છે જે પ્રધાનોને સલાહ આપે છે.

→ તેમના માટે માહિતી એકત્ર કરે, નીતિનિર્ધારણમાં તેમને મદદ કરે અને વહીવટતંત્ર ઉપર નિયંત્રણ રાખે.

→ આવા સંગઠનમાં અનુભવી, ઉચ્ચ અનુભવી અને બિનનિષ્ણાત (Generalist) અધિકારીઓની જરૂર પડે છે, જે ગૌણ અધિકારીઓને માર્ગદર્શન આપી શકે, તેમની કામગીરીનું નિરીક્ષણ અને નિયંત્રણ કરે.

→ આ સચિવોનું કાર્યાલય એ સચિવાલય છે અને કેન્દ્રિય સચિવાલય એ છે જેમાં તમામ પ્રધાનોના વિભાગો અને ખાતાઓનો સમાવેશ થાય છે.

**⏩ કેન્દ્રિય સચિવાલયનું સંગઠન :**

→ કેન્દ્ર સકારના પ્રધાનોનાં ખાતાં મહદ્અંશે ત્રણ સ્તરનાં હોય છે : (અ) રાજકીય વડા જે કેબિનેટ પ્રધાન હોય છે જેઓને રાજ્યકક્ષાના પ્રધાન અને નાયબ પ્રધાન મદદ કરે છે.

→ જોકે કેટલીક વાર રાજ્યકક્ષાના પ્રધાન પણ ખાતાના સ્વતંત્ર હવાલા (Charge) સાથે રાજકીય વડા હોય છે. (બ) સચિવાલય જેના વડા સચિવ હોય છે તેઓ સિવિલ સેવક હોય છે.

→ તેમને સહાય માટે સંયુક્ત સચિવો, નાયબ સચિવો, ઉપસચિવો અને કાર્યાલયનો કર્મચારી ગણ હોય છે.

→ આમ સચિવાલયનું સંગઠન મુખ્યત્વે બે વિભાગમાં વહેંચાયેલ હોય છે : અધિકારી વર્ગ તથા કર્મચારી વર્ગ.

→ (ક) કારોબારી સંગઠન ખાતાકીય વડાના હાથ નીચે જેઓ જુદા જુદા હોદ્દા દ્વારા ઓળખાય છે જેમ કે નિયામક, નિયામક-સામાન્ય, કમિશનર, ઇન્સ્પેક્ટર જનરલ, મુખ્ય નિયામક વગેરે.

**⏩ કેન્દ્રીય સચિવાલયની કાર્યપ્રણાલી :**

→ સંસદીય લોકશાહીમાં પ્રધાનોને તેમની જવાબદારીમાં મદદ કરવા માટે સચિવાલયની ચોક્કસ પદ્ધતિ હોય છે.

→ મહત્ત્વપૂર્ણ નીતિવિષયક પ્રશ્નો ઉપર નિર્ણય લેવામાં પ્રધાન દ્વારા તેનો સ્વીકાર થતા તે અંતિમ નિર્ણય બને છે.

→ સચિવનું એ કામ રહે છે કે તે પ્રધાનના વિચારોને સમજે અને પ્રધાનમંડળની સંપૂર્ણ નીતિને સમજીને વહીવટીતંત્રનું સંચાલન કરે.

→ અગાઉના ચેપ્ટરમાં દર્શાવ્યા મુજબ લાઇન અને સ્ટાફની કામગીરીમાં સચિવાલય "સ્ટાફ" એટલે કે સચિવાત્મક કામગીરી બજાવે છે.

→ એટલે કે કદાચ આ સંગઠનને "સચિવાલય" કહે છે. જોકે મહારાષ્ટ્રમાં સચિવાલય શબ્દને બદલે મંત્રીઓને ધ્યાને લઈ "મંત્રાલય" કહે છે.

→ ભારતના સચિવાલયન કામગીરી નીતિઘડતર અને નીતિના અમલના કાર્યને જુદા પાડીને કામ કરવાના સિદ્ધાંતને અનુસરે છે.

→ વિભાજનની (Separation or Spilit Sytem) આ પ્રથામાં સચિવાલય માત્ર નીતિઘડતર સાથે સંબંધ ધરાવે છે.

→ એટલે કે તે મુખ્યત્વે નીતિઘડતરનું કાર્ય કરે છે.

→ આ નીતિના અમલની કામગીરી સચિવાલયની બહારના કારોબારી એકમો (Line agencies)ને સોંપાય છે.

→ આ પ્રકારની કામગીરીની પ્રથાને લીધે કેન્દ્રીય સચિવાલય રાષ્ટ્રીય હિતો, ધ્યેયો અને જરૂરિયાતોને ધ્યાનમાં લઈ શકે છે.

→ કારણ કે સચિવાલયને રોજબરોજના વહીવટ સાથે લાવાદેવા નથી રહેતી.

→ આમ થવાથી એક બાજુ સચિવાલયનું નિરીક્ષણ અને નિયંત્રણ સરળ બને છે. બીજી બાજુ સચિવાલયને કાર્યક્રમના અમલનું મૂલ્યાંકન કરવાનું કામ સરળ બને છે.

### ⏩ કેન્દ્રીય સચિવાલયનાં કાર્યો :

→ ભારતના કેન્દ્રીય સચિવાલયની કાર્યપ્રણાલી જાણ્યા પછી તેનાં કાર્યોને સમજવા જરૂરી છે.

→ સચિવાલય એ સચિવાત્મક એકમ (Staff agency) છે. તેનું કાર્ય ભારત સરકારને તેની જવાબદારીઓ અદા કરવામાં મદદ કરવાનું છે. આ માટે તે –

→ સચિવાલય જરૂરી બાબતો અંગે માહિતી મેળવે છે, તેનું વિશ્લેષણ કરે છે અને રાજકીય કારોબારી સાથે ચર્ચા કરીને નીતિઘડતરમાં મદદ કરે છે.

→ આવશ્યકતા ઊભી થતા નીતિમાં પરિવર્તન કરે છે.

→ ઉપરાંત સરકારનાં વિવિધ ખાતાંઓને નીતિના અમલ અંગે જરૂરી આદેશ આપે છે.

→ રાજકીય કારોબારી સંસદમાં કાનૂનઘડતર માટે એ ખરડા રજૂ કરે છે તેના માટે જરૂરી માહિતી મેળવીને ખરડાનું માળખું સચિવાલય તૈયાર કરે છે.

→ સરકારના જુદા જુદા વિભાગો દ્વારા નીતિ અમલ માટે જે કામગીરી થાય છે તેનું સંકલન કરે છે, જેના લીધે સરકારના વિવિધ એકમો વચ્ચે અનુકૂલન સાધવામાં સરળતા રહે છે.

→ સચિવાલય નાણાં પ્રધાનને અંદાજપત્ર તૈયાર કરવા રાષ્ટ્રની આવકજાવકના અંદાજો અંગે માહિતી આપે છે અને અંદાજપત્ર પસાર થયા પછી વહીવટી ખર્ચ ઉપર નિરીક્ષણ અને નિયંત્રણનું કામ પણ કરે છે.

→ તે કેન્દ્ર સરકાર અને એકમ રાજ્ય સરકાર વચ્ચે સંપર્ક જાળવવાનું કાર્ય કરે છે જેના લીધે સમવાયતંત્રી વ્યવસ્થાનું સંચાલન સરળ બને છે.

→ રાષ્ટ્રપતિશાસન લદાયું હોય તેવા એકમ રાજ્યના વહીવટતંત્રને રાજકીય કારોબારીના સંપર્કમાં રાખવાની ખાસ કાળજી લે છે.

→ સિવિલ સેવકોને ઉચ્ચ કામગીરી માટે પ્રેરણા પૂરી પાડે છે.

### ⏩ કેન્દ્રીય સચિવાલયનું સચિવાલયનું મહત્ત્વ :

→ ભારતમાં કેન્દ્રીય સચિવાલયનાં કાર્યોની ઉપરોક્ત સમજૂતી ઉપરથી તેનું મહત્ત્વ આપણને જણાય છે.

→ દેશના શાસન માટે નીતિવિષયક નિર્ણયો એ મહત્ત્વની બાબત છે.

→ ભારતમાં કેન્દ્રીય સચિવાલય આ અગત્યનું કાર્ય કરવામાં પ્રધાનોને નીતિઘડતરના કાર્યમાં મદદ કરે છે.

→ તે વિવિધ દૃષ્ટિકોણમાં સમન્વય સાધીને સરકારની કામગીરીમાં સહાયક બને છે.

→ તે રાજકીય સ્તરે લેવાયેલ નિર્ણયોના અમલ ખાતાકીય સ્તરે થાય તે માટે નિરીક્ષણ અને નિયંત્રણનું મહત્ત્વનું એકમ છે.

→ તે કેન્દ્ર સરકારની નીતિઓ અને કાર્યક્રમોના ઉદ્‌ભવનું મહત્ત્વપૂર્ણ અને મુખ્ય કેન્દ્રબિન્દુ છે ને કેન્દ્ર સરકારનાં વિવિધ ખાતાંઓ વચ્ચે સંકલન જાળવે છે અને કેન્દ્ર સરકારની કામગીરીને અર્થપૂર્ણ બનાવે છે.

### ⏩ મૂલ્યાંકન :

→ સ્વતંત્ર ભારતની પલટાતી જતી પરિસ્થિતિમાં અભ્યાસીઓએ કેન્દ્રીય સચિવાલયની કેટલીક મર્યાદાઓ બતાવીને તેની કાગમીરીની ટીકા કરી છે.

→ સચિવાલયના પેટાવિભાગો અને કર્મચારીઓની સંખ્યા એટલી વધી છે અને નવા હોદ્દાઓ ઊભા કરાયા છે, જેના લીધે સચિવાલયનું નિરીક્ષણ અને નિયંત્રણ જોખમાખું છે.

→ સચિવાલયની કામગીરીમાં બિનજરૂરી રાજકીય દરમિયાનગીરીને લીધે નીતિવિષયક નિર્ણયો લેવામાં ઘણી વાર મુશ્કેલી પડે છે.

→ જાહેર જીવનમાં વ્યાપક જાતિવાદ, લાગગવ અને ભ્રષ્ટાચાર પણ કેન્દ્રીય સચિવાલય સુધી પહોંચ્યો હોવાની ટીકા કરે છે.

→ ઈ.સ. 2001ના માર્ચમાં તહેલકાડોટે જેના ઉપર આક્ષેપો મૂકેલા તેમાં સચિવાલયના ઉચ્ચ હોદ્દેદારો તરફ પણ આંગળી ચીંધાઈ છે.

→ આમ છતાં આ મર્યાદાો દૂર કરી શકાય તેવી છે.

→ કેન્દ્રીય સચિવાલય એ ભારતીય જાહેર વહીવટ માટે કેટલું મહત્ત્વનું છે તે વહીવટ સુધારવા પંચે જણાવ્યું છે : "સચિવાલય વ્યવસ્થા વહીવટને સમતુલિતતા સાત્યત અને એકરૂપતા પ્રદાન કરે છે.

→ સચિવાલય રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રશ્નો પરત્વે ધ્યાન કેન્દ્રીત કરે છે.

→ આમ, કેન્દ્રીય સચિવનું ફલક આંતરરાષ્ટ્રીય સ્તરે વિસ્તરેલું હોય છે અને તે રીતે એ ફલક પરની નીતિઘડતરનું કાર્ય ઘણું જટીલ અને મહત્ત્વનું બને છે.

→ આ કક્ષાએ લેવાતા નિર્ણયની અસર રાષ્ટ્રીય જ નહીં પણ આંતરરાષ્ટ્રીય કક્ષાએ થતી હોવાથી તેના દ્વારા થતા નિર્ણયો રાષ્ટ્ર માટે ખૂબ જ અગત્યના બને છે.

**⏩ પ્રધાનમંડળ સચિવાલય :**

→ સ્વતંત્ર ભારતની સંસદીય વ્યવસ્થામાં પ્રધાનમંડળ એ વાસ્તવિક કારોબારી છે.

→ ભારતનું સમગ્ર વહીવટીતંત્ર વડાપ્રધાન સહિતના આ પ્રધાનમંડળને જવાબદાર હોય છે.

→ પ્રધાનમંડળ આ વિશાળ જવાબદારી અસરકારક રીતે અદા કરી શકે તે માટે પ્રધાનમંડળ સચિવાલયની રચના કરવામાં આવી છે.

→ આમ તો આ પ્રધાનમંડળ સચિવાલયના મૂળ આપણને 1861ના ધારા દ્વારા ગર્વનર જનરલની કારોબારી પરિષદને મદદ કરવા રચાયેલ 'વિભાગીય વ્યવસ્થા'માં જણાય છે. 1947થી આ કારોબારી પરિષદના સચિવાલયને પ્રધાનમંડળ સચિવાલય તરીકે ઓળખવામાં આવ્યું છે.

→ આપણી સંસદીય લોકશાહીને લીધે પ્રધાનમંડળ સચિવાલયનું સ્થાન વધુ મહત્ત્વનું બન્યું છે.

**⏩ પ્રધાનમંડળ સચિવાલયનું સંગઠન :**

→ પ્રધાનમંડળ સચિવાલય ઔપચારિક રીતે વડાપ્રધાનને જવાબદાર હોય છે.

→ પરંતુ વ્યવહારમાં આ સચિવાલયના વડા 'કેબિનેટ સચિવ' હોય છે.

→ પ્રધાનમંડળ સચિવાલયના નિરીક્ષણ અને નિયંત્રણની જવાબદારી આ કેબિનેટ સચિવની હોય છે.

→ 1947માં કેબિનેટ સચિવાલયમાં પ્રારંભમાં નાગરિક શાખા, લશ્કરી શાખા અને જાસૂસી શાખા હતી.

→ ત્યાર બાદ 'સલામતી સમિતિ'ની રચના 1949માં 'પ્રધાનમંડળ આર્થિક સમિતિ', 1954માં ઓ. એન્ડ એમ. વિભાગ, 1957માં કેન્દ્રીય આંકડાકીય વિભાગ, 1961માં રાષ્ટ્રીય સેમ્પલ સર્વેક્ષણ વિભાગ, 1965માં 'ઇન્ટેલીજન્સ વીંગ', 1966માં 'જાહેર ઉદ્યોગ બ્યૂરો અને કોમ્પ્યુટર વિભાગ, 1970માં ઇલેક્ટ્રોનિક્સ વિભાગ, વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન વિભાગ, કર્મચારી વર્ગ અને વહીવટી સુધારણા વિભાગની સ્થાપના થઈ.

→ 1971માં વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધન વિભાગ આયોજન વિભાગને અપાયો.

→ 1977માં 'કર્મચારી વર્ગ અને વહીવટી સુધારણા વિભાગ' ગૃહમંત્રાલયને અપાયો.

→ 1988માં સચિવાલયમાં લોક ફરિયાદ વિભાગ (Public Grievance)ની સ્થાપના કરવામાં આવી.

→ પ્રધાનમંડળને સચિવાલયમાં તેના કેબિનેટ સચિવ, તેમના કાર્યો અને જવાબદારી પૂરી કરવા, મદદ કરવા ઘણા સચિવો અને નાયબ સચિવો છે.

→ આ કેબિનેટ સચિવાલયે પ્રધાનમંડળને સચિવાત્મક - સલાહકારી સહાય કરવાની છે.

→ પ્રધાનમંડળ સચિવાલયનાં કાર્યો (Functioins of Cabinet Secretariat) :

→ ભારતની સંસદીય સરકારમાં પ્રધાનમંડળની કુશળતા તથા વહીવટી કુશળતાનો આધાર પ્રધાનમંડળ સચિવાલયને ઘણે અંશે આભારી છે.

→ આ પ્રધાનમંડળ સચિવાલયનાં કાર્યોનો વિચાર કરતાં જણાવે છે કે

→ તે પ્રધાનમંડળોની બેઠકો નક્કી કરે છે.

→ પ્રધાનમંડળની બેઠકોમાં થયેલ ચર્ચા તથા લેવાયેલા નિર્ણયોની નોંધ તૈયાર કરે છે.

→ સંસદમાં કાયદાઘડતર માટે ખરડાઓ તૈયાર કરે છે.

→ કેન્દ્રના જુદા જુદા પ્રધાનોના ખાતામાં કાર્યોનું સંકલન કરે છે.

→ વિદેશનીતિ મહત્ત્વની બાબતો અંગે વિદેશો સાથે પરામર્શ કરે છે.

→ કેન્દ્ર સરકારની કામગીરીની માસિક નોંધ રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને અન્ય પ્રધાનો સમક્ષ રજૂ કરે છે.

→ કેન્દ્રકક્ષાએ પ્રધાનમંડળ દ્વારા નિમાયેલ વિવિધ સમિતિઓ, ઉપસમિતિઓ માટે સચિવાલય સંબંધી જરૂરી કામગીરી કરે છે.

→ તે પ્રધાનમંડળ દ્વારા અગાઉ લેવાયેલ નિર્ણય ઉપર જરૂર પડતાં પુનઃ વિચાર કરે છે અને તે અંગેની જાણકારી પ્રધાનમંડળને આપે છે.

⏩ **પ્રધાનમંડળ સચિવાલયનું મહત્ત્વ :**

→ આપણી સંસદીય લોકશાહી પ્રથાને લીધે પ્રધાનમંડળ સચિવાલયનું સ્થાન અને કામગીરી અતિ મહત્ત્વની બન્યાં છે.

→ સંસદીય પ્રણાલીને લીધે પ્રધાનમંડળ કારોબારી સંસદને જવાબદાર છે.

→ સંસદસભ્યો પ્રધાનોને તેમના ખાતાની કામગીરી અંગે ઝીણામાં ઝીણી બાબત માટે પ્રશ્નો પૂછી શકે છે.

→ પ્રત્યેક પ્રધાન પોતાના ખાતાના નિષ્ણાત હોય તેવું શક્ય નથી.

→ ઉપરાંત એક પ્રધાનને ક્યારેક એક કરતાં વધુ ખાતાઓ સંભાળવા પડે છે, પ્રધાનોએ પોતાનો મતવિસ્તાર પણ સંભાળવો પડે છે, ખાતાને લગતા પ્રશ્નો અંગે નિર્ણય લેવામાં પણ આ સચિવાલય ઉપયોગી બને છે.

→ તે વડાપ્રધાનને વિવિધ ખાતાઓનાં કાર્યો વચ્ચે સંકલન જાળવવામાં મદદ કરે છે.

→ આમ છતાં કેન્દ્રીય વહીવટીતંત્રને કાર્યક્ષમ રાખવા આ સચિવાલય પ્રધાનમંડળને સલાહસૂચનો આપીને તેમના કાર્યોનું ભારણ ઓછું કરે છે.

→ વહીવટી સુધારણ પંચ (ARC) તેના અહેવાલમાં જણાવ્યું છે કે પ્રધાનમંડળ સચિવાલયની બદલાયેલી પરિસ્થિતિમાં પુનર્રચના જરૂરી છે.

→ આ માટે જે સૂચનો કરાયાં છે તેમાં અતિ અગત્યનું સૂચન એ છે છે કે આંકડાકીય વિભાગને નાણાંખાતા સાથે જોડી દેવો જોઈએ.

→ આ ઉપરાંત લશ્કરી ઉપશાખા સંરક્ષણખાતાને સોંપી દેવી જોઈએ.

→ આમ થવાથી બાકી રહેલા વિભાગો કેવળ પ્રધાનમંડળની બાબતો ઉપર ઊંડું ચિંતન કરી શકશે.

→ સચિવાલયનું નિરીક્ષણ અને નિયંત્રણ સરળ બનશે.

⏩ **આયોજનપંચ :**

→ આયોજનનો ખ્યાલ આપણે સોવિયેત રશિયા પાસેથી મેળવ્યો હતો.

→ આયોજન સલાકાર બોર્ડના ચેરમેન શ્રી કે.સી. નીગોઈની ભલામણને આધારે 1950ની 15મી માર્ચ આયોજનપંચની સ્થાપના ભારત સરકારના ઠરાવ દ્વારા કરવામાં આવી હતી.

→ આમ તે બિનબંધારણીય સંસ્થા છે.

→ તેના પ્રથમ અધ્યક્ષ વડાપ્રધાન પં. જવાહરલાલ નેહરુ હતા.

→ આયોજનપંચ એ એક અર્થમાં વડાપ્રધાનની સત્તાનું આર્થિક નીતિના ક્ષેત્રમાં વિસ્તરમ હતું.

→ આયોજનપંચના સ્થાન અને સત્તામાં સમયાનુસાર વધારો થતો ગયો છે.

→ તેનું મૂળ લોકશાહી સ્વરૂપ સલાહકારી સ્વરૂપ અને નિર્ણયઘડતર સંસ્થા તરીકે વિકસ્યું છે.

⏩ **આયોજનપંચનું સંગઠન :**

→ ભારતમાં આયોજનપંચના અધ્યક્ષ તરીકે વડા પ્રધાન અને ઉપાધ્યક્ષ તરીકે આયોજન પ્રધાન કે કોઈ વિશેષજ્ઞ હોય છે.

→ આ ઉપરાંત તેમાં કેન્દ્રમાં કેટલાક પ્રધાનો અને નિષ્ણાતો સભ્યો તરીકે હોય છે.

→ સામાજિક અને આર્થિક વિકાસની તે સર્વોચ્ચ સંસ્થા છે.

→ આયોજનપંચની કામગીરી માટે તેન મુખ્યત્વે ચાર વિભાગો પાડવામાં આવ્યા છે :

**(અ) સમન્વય વિભાગ :**

→ તેના વળી પેટાવિભાગ પાડવામાં આવ્યા છે : (1) યોજના સમન્વય વિભાગ અને (2) કાર્યક્રમ વહીવટ વિભાગ.

→ પ્રથમ પેટાવિભાગ પંચના વિવિધ ભાગો વચ્ચે સંકલનકર્તાની ભૂમિકા ભજવે છે જ્યારે બીજો પેટાવિભાગ પંચવર્ષીય યોજનાઓ ઉપર નિરીક્ષણ અને નિયંત્રણ તથા તેના સરળ સંચાલન માટેની કામગીરી કરે છે.

**(બ) સામાન્ય વિભાગ :**

→ વિવિધ યોજનાઓ અંગે વિવિધ સામાન્ય વિભાગોની રચના કરવામાં આવી છે.

→ તેમાં દીર્ઘકાલીન યોજના વિભાગ, આર્થિક વિભાગ, શ્રમ અને રોજગાર વિભાગ, કુદરતી અને વૈજ્ઞાનિક સંશોધન વિભાગ, આંકડાકીય અને સર્વેક્ષણ વિભાગ તથા સંચાલન વિભાગ મુખ્ય છે.

**(ક) વિષય વિભાગ :** આર્થિક પ્રક્રિયાઓનાં વિવિધ સ્વરૂપો અંગે આ વિભાગ કામ કરે છે.

**(ડ) વિશિષ્ટ વિકાસ કાર્યક્રમ વિભાગ :**

→ વિકાસના કેટલાંક ક્ષેત્રોને ધ્યાનમાં લઈને આ વિભાગની રચના થઈ છે.

→ જેમ કે ગ્રામ્ય વિભાગ અને સહકાર વિભાગ.

→ આયોજનપંચમાં આ ચાર મુખ્ય ભાગો પંચવર્ષીય યોજનાઓના ઘડતરમાં, તેના વાર્ષિક મૂલ્યાંકનમાં, યોજનાઓ ઉપર નિરીક્ષણ અને નિયંત્રણ રાખવામાં અગત્યનું યોદગાન આપે છે.

→ આયોજનપંચના આ ચાર વિભાગો ઉપરાંત જરૂરિયાત પ્રમાણે 27 જેટલા પેટાવિભાગો પણ રચવામાં આવ્યા છે.

→ આયોજનપંચના સંગઠનમાં આ ઉપરાંત એક સામાન્ય સચિવાલય તથા કાર્યક્રમ સલાહકારી સચિવાલય અને ટેક્નિકલ સચિવાલય છે.

→ પંચમાં મુખ્ય ત્રણ સમિતિઓ છે : સંશોધન કાર્યક્રમ સમિતિ, યોજના અમલીકરણ સમિતિ અને કાર્યક્રમ મૂલ્યાંકન સમિતિ.

### ⏩ આયોજનપંચના મુખ્ય કાર્યો :

→ કારોબારીના 15 માર્ચ 1950ના ઠરાવ પ્રમાણે ભારતનું આયોજનપંચ મુખ્યત્વે નીચે પ્રમાણે કાર્યો કરે છે :

→ આયોજનપંચ યોજનાઓના ઘડતર માટે દેશનાં ભૌતિક અને માનવીય સાધનોનો અંદાજ બાંધે છે.

→ દેશના સ્ત્રોતોના સમતુલિત વિકાસ માટે યોજનાઓ બનાવે છે.

→ યોજના માટેની પ્રાથમિકતા તપાસે છે.

→ યોજનાના અમલના પ્રત્યેક તબક્કે નિરીક્ષણ અને નિયંત્રણની વ્યવસ્થા કરે છે.

→ યોજનાઓનું વાર્ષિક મૂલ્યાંકન કરે છે જેને આધારે સુધારણા માટે જરૂરી પગલાં લઈ શકાય.

→ તે આર્થિક વિકાસનાં અવરોધક પરિબળો તરફ આંગળી ચીંધે છે અને આર્થિક વિકાસ માટે સરકારને નીતિઘડતર અને કાર્યક્રમોના નિર્માણ માટે સૂચનો આપે છે.

### ⏩ મૂલ્યાંકન :

→ અભ્યાસીનું કહેવું છે કે તેના ઉદ્‌ભવના સમયે આયોજનપંચ મુખ્યત્વે સલાહકારી સંસ્થા બતી.

→ પરંતુ કલ્યાણ રાજ્યની પ્રવૃત્તિઓ વધતાં આયોજનપંચ ‘સુપર કેબનિટ’ બની ગઈ છે.

→ નીતિઘડતરના કાર્યમાં આયોજનપંચને જે ભૂમિકા અપાઈ છે તેની ટાકી કરતા કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલ શ્રી અશોક ચંદા કહે છે કે, “આયોજનપંચને ઉચ્ચ સ્થાન અપાયું છે.

→ જે કેબિનેટ પ્રથાના ખ્યાલને અનુરૂપ નથી.

→ શ્રી. ડી.આર. ગાડગીલ પણ ટીકા કરતાં કહે છે : “પંચની નિષ્ફળતાનાં મૂળ એ પ્રક્રિયામાં છે કે જેના દ્વારા આયોજનપંચ જે માત્ર સલાહકારી સંસ્થા છે.

→ વિકાસ સાથે અન્ય બાબતો અંગેની નીતિના નિર્માણમાં માથું મારે છે.”

→ જોકે 1970 પછી આયોજનપંચને વધુ સક્ષમ બનાવવા જે ભલામણો કરેલી તેમાં જણાવ્યું હતું કે પંચમાં વડાપ્રધાન અને નાણાપ્રધાન કે કોઈ પ્રધાન સભ્યપદે ન હોવા જોઈએ.

→ પરંતુ વડાપ્રધાન અને નાણાપ્રધાન જરૂર પડે તો આયોજનપંચની બેઠકમાં હાજરી આપી શકે છે અને સૂચનો આપી શકે છે.

→ પંચમાં માત્ર 7 સભ્યો હોવા જોઈએ તેમાંથી એક તેના અધ્યક્ષ બને.

→ આ ઉપરાંત પંચનો વાર્ષિક અહેવાલ સંસદમાં મૂકાય તે જરૂરી છે.

**નાણાંપંચ :**

→ સ્વતંત્ર ભારતે સમવાયતંત્રી વ્યવસ્થા સ્વીકારી છે.

→ આપણા રાજ્યબંધારણે કેન્દ્ર અને એકમ રાજ્યોના સંબંધો સુમેળભર્યા રહે તે માટે લેખિત રીતે ત્રણ યાદીઓ દ્વારા બંને સરકારો વચ્ચે સત્તાની વહેંચણી કરી છે.

→ આમ છતાં આર્થિક બાબતો એવી છે કે જેના ઉપર અવારનવાર વિચાર કરવો જરૂરી બને.

→ તેથી જ ભારતના બંધારણના ઘડવૈયાઓએ બંધારણની કલમ 280(1)માં સ્પષ્ટતા કરી છે કે, "આ સંવિધાનના આરંભથી બે વર્ષની અંદર અને ત્યાર પછી પ્રત્યેક પાંચમું વર્ષ પૂરું થયે અથવા તે પહેલાં પોતાને જરૂર જણાય ત્યારે રાષ્ટ્રપતિ હુકમ કરીને, એક નાણાં કમિશન રચશે, જે તેમણે નિમેલા અધ્યક્ષ અને બીજા ચાર રાજ્યોનું બનશે." બંધારણની આ કલમ પ્રમાણે ભારતની સંસદે નાણાંપંચ અધિનિયમ 1951 જેને 1955માં સુધારીને આ પંચના સભ્યોની લાયકાત ઠરાવતાં જણાવ્યું છે કે પંચના અધ્યક્ષપદે એવી વ્યક્તિની નિમણૂક કરાશે જેને જાહેર જીવનનો વ્યાપક અનુભવ હોય. અધ્યક્ષ ઉપરાંત પંચના ચાર સભ્યોની લાયકાતમાં જણાવાયું કે (અ) એવી વ્યક્તિ જે વડી અદાલતના ન્યાયાધીશ હોય, રહી ચૂક્યા હોય અથવા નીમાવાને લાયક હોય. (બ) એવી વ્યક્તિ જેને નાણાકીય વહીવટનો વ્યાપક અનુભવ હોય (ક) એવી વ્યક્તિ જે અર્થશાસ્ત્રની નિષ્ણાત હોય.

**નાણાંપંચની કાર્યપ્રણાલી :**

→ નાણાંપંચનું સ્થાન દીવાની અદાલતનું છે, જે પોતાની કામગીરીને સ્વયં નક્કી કરે છે.

→ બંધારણ પણ કલમ 280(4)માં તેને આ માટે પૂરતી સત્તા આપી છે.

→ તે પોતાની ભલામણો આપતી વખતે કેન્દ્ર સરકાર, આયોજન પંચ, એકમ રાજ્ય સરકારોના પ્રધાનો અને અધિકારીઓનાં મંતવ્યોને ધ્યાનમાં લે છે.

→ તે એક સલાહકારી સંસ્થા છે.

→ તેની ભલામણોનો અમલ ત્રણ પ્રકારે થાય છે : (અ) રાષ્ટ્રપતિના આદેશ પ્રમાણે અમલી બનનારા પ્રસ્તાવ (બ) કારોબારીના આદેશોના સંદર્ભમાં અમલી બનનારા પ્રસ્તાવ (ક) સંસદ દ્વારા ઘડાયેલ અધિનિયમોના આધારે અમલી બનનારા પ્રસ્તાવ.

**નાણાંપંચનાં કાર્યો :** → બંધારણની કલમ 280(3) પ્રમાણે બંધારણે નાણાંપંચને નીચે પ્રમાણેનાં કાર્ય કરવા જણાવ્યું છે :

**(1) રાષ્ટ્રપતિને ભલામણો કરવી :**

(ક) આ પ્રકરણ હેઠળ સંઘ અને રાજ્યો વચ્ચે વિભાજિત કરવાના અથવા કરી શકાય તેવા કરની ચોખ્ખી આવકની તેમની વચ્ચે વહેંચણી કરવા બાબત અને રાજ્યો વચ્ચે એવી આવકના તેમના દરેકના હિસ્સાની ફાળવણી કરવાની બાબત.

(ખ) ભારતના એકત્રિત ફંડમાંથી રાજ્યોની આવકની સહાય-ગ્રાન્ટ આપવામાં કયા સિદ્ધાંતો પાળવા જોઈએ તે બાબત.

(ગ) તોંતેરમાં સુધારા અધિનિયમ 1992ની કલમ 3 પ્રમાણે રાજ્યના નાણાં આયોગે કરેલ ભલામણોને આધારે રાજ્યમાંથી પંચાયતોનાં સાધનોની પૂરતી કરવા રાજ્ય એકત્રિત ફંડમાં વૃદ્ધિ કરવા માટેનાં જરૂરી પગલાં બાબત.

→ ચુંમોતેરમાં સુધારા અધિનિયમ 1993ની કલમ 3(ગ) પ્રમાણે રાજ્યના નાણાં આયોગે કરેલી ભલામણોને આધારે, રાજ્યમાંની નગરપાલિકાઓની સાધનોની પૂરતી કરવા રાજ્યના એકત્રિત ફંડમાં વૃદ્ધિ કરવા માટે જરૂરી પગલાં બાબત.

(ઘ) સંગીન નાણાકીય વ્યવસ્થાના હિતમાં રાષ્ટ્રપતિએ કમિશનને વિચારણા માટે મોકલેલી બીજી કોઈ બાબત કલમ 281 પ્રમાણે રાષ્ટ્રપતિ આ સંવિધાનની જોગવાઈઓ હેઠળ નાણાં કમિશનને કરેલી દરેક ભલામણ તેના ઉપર લીધેલાં પગલાં વિશેની સમજૂતી યાદી સાથે સંસદના દરેક ગૃહમાં મૂકાવશે.

(2) **આર્થિક સંબંધો નક્કી કરવા :** → ભારતના બંધારણે અર્ધ-સમવાયતંત્રી વ્યવસ્થા આપી છે જેમાં કેન્દ્રને વધુ સત્તાઓ આપી છે.

→ પરંતુ પલટાયેલા સંજોગોમાં એકમ રાજ્યો વિકાસ માટે વધુ ને વધુ નાણાકીય સાધનોની માંગ કરે છે.

→ તેથી નાણાંપંચ કેન્દ્ર અને એકમ રાજ્ય સરકારોના નાણાકીય સંબંધોમાં સુમેળ સાધવાનું કામ કરે છે.

(3) **અસમાનતા દૂર કરવી :** → નાણાપંચ માત્ર કેન્દ્ર અને એકમ રાજ્યો વચ્ચે જ નહિ પરંતુ જુદાં જુદાં રાજ્યો વચ્ચે પણ આર્થિક અસમાનતા દૂર થાય તે માટે નાણાકીય સાધનોની વહેંચણી સમાન ધોરણે કરે છે.

(4) **ન્યાયકર્તા તરીકે :** → નાણાંપંચ માત્ર કેન્દ્ર અને એકમ રાજ્યો તથા વિવિધ રાજ્યો વચ્ચે ઊભા થતા નાણાકીય પ્રશ્નોને તપાસી તેનો ઉકેલ આપે છે.

→ આમ ભારતના બંધારણે જાહેર વહીવટ માટે સ્થાપેલ સંસ્થાઓમાં નાણાંપંચ એ પણ એક મહત્ત્વની સંસ્થા છે.

### ⏩ ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક :

→ લોકશાહીમાં જાહેર વહીવટમાં ખર્ચાતા નાણાં લોકોના હોય છે.

→ તેથી લોકોના નાણાં યોગ્ય માર્ગે વપરાય તેની કાળજી લેવાય તેવી બંધારણીય વ્યવસ્થા ભારતના બંધારણે કરેલી છે.

→ ભારતના બંધારણે આ માટે નિયંત્રક અને મહાલેખા પરીક્ષક નામની સંસ્થા બનાવી છે.

→ વાસ્તવમાં નિયંત્રક અને લેખા પરીક્ષણ વિભાગની રચના ભારતમાં 1753માં ઇસ્ટ ઇન્ડિયા કંપનીના શાસન દરમિયાન થઈ હતી.

→ પરંતુ સ્વતંત્ર એકમના રૂપમાં તેની સ્થાપના 1919માં અધિનિયમ દ્વાર થઈ હતી.

→ 1935ના ભારત સરકાર અધિનિયમ અને 1947ના સ્વતંત્રતા અધિનિયમે તેને વધુ સત્તા આપી.

→ 1950માં આ મહાલેખા પરીક્ષકના પદને નિયંત્રક અને મહાલેખા પરીક્ષક તરીકે ઓળખવામાં આવ્યું.

→ બંધારણની કલમ 148 થી 151ની વચ્ચે ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષકના સ્થાન અને સત્તાઓની જોગવાઈઓ આપવામાં આવી છે.

### ⏩ નિમણૂક અને સેવાની શરતો :

→ આ નિયંત્રક અને મહાલેખા પરીક્ષકની નિમણૂક ભારતના રાષ્ટ્રપતિ વડાપ્રધાનની સલાહથી કરે છે.

→ તેઓ પોતાનો હોદ્દો ગ્રહણ કરે તે પહેલાં ભારતના રાષ્ટ્રપતિ પાસે બંધારણને વફાદાર રહેવાના સોગંદ લે છે.

→ તેઓ આ હોદ્દો છ વર્ષ માટે અથવા 65 વર્ષ સુધી સંભાળે છે.

→ તેમન પગાર અને સેવાની બીજી શરતો કાયદાથી સંસદ નક્કી કરે તે રહે છે.

→ તેમના પગાર, રજા, પેન્શન કે નિવૃત્તવય અંગેના તેમના હક્કોમાં તેમને ગેરલાભ થાય તેવો ફેરફાર થઈ શકે નહીં તેવી બંધારણીય જોગવાઈ છે.

→ તેમને હોદ્દા ઉપરથી દૂર કરવાના સંજોગો ઊભા થાય તોપણ બંધારણની કલમ 148(1)માં જણાવ્યું છે કે ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશને જે રીતે અને જે કારણે હોદ્દા ઉપરથી દૂર કરવામાં આવે તે રીતે અને તે કારણે તેમને હોદ્દા ઉપરથી દૂર કરી શકાય તેવી જોગવાઈ છે.

→ આમ તેઓ પોતાની કામગીરી સ્વતંત્ર અને તટસ્થ રીતે કરી શકે તેવી બંધારણીય જોગવાઈ છે.

### ⏩ કાર્યો અને સત્તાઓ :

→ ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષકશ્રીનું મુખ્ય કાર્યાલય નવી દિલ્હીમાં આવેલું છે. તેના 103 ક્ષેત્રીય કાર્યાલય, 71 શાખા કાર્યાલય, 380 નિવાસી લેખા કાર્યાલયો છે.

→ ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક તેમનાં આ કાર્યાલયો અને શાખાઓ દ્વારા બંધારણની કલમ 148 થી 151માં વર્ણવેલ અને 1976ના 42મા તથા 1978ના ચુમાળીશમાં સુધારા પ્રમાણે નીચે પ્રમાણેનાં કાર્યો કરે છે અને સત્તાઓ ભોગવે છે.

→ નિયંત્રક-મહાલેખા પરીક્ષક સંઘના તથા રાજ્યોના તથા અન્ય કોઈ સત્તામંડળના અથવા મંડળના હિસાબ સંબંધે સંસદે કરેલા કાયદાથી કે તે હેઠળ ઠરાવવામાં આવે તેવી ફરજો અદા કરે છે અને તેવી સત્તા વાપરે છે.

→ સંઘના તથા રાજ્યોના હિસાબો તેમની સલાહથી રાષ્ટ્રપતિ ઠરાવે તેવા નમૂનામાં રાખવામાં આવે છે.

→ સંઘના હિસાબો સંબંધી તેમના રિપોર્ટો રાષ્ટ્રપતિ સમજ રજૂ કરાય છે અને રાષ્ટ્રપતિ તેને સંસદના દરેક ગૃહમાં મૂકાવે છે.

→ રાજ્યના હિસાબો સંબંધી તેમના રિપોર્ટો રાજ્યના રાજ્યપાલ સમક્ષ રજૂ થાય છે અને રાજ્યપાલ તેને રાજ્યના વિધાનમંડળ સમક્ષ રજૂ કરાવે છે.

→ તેઓ સંઘ તથા રાજ્ય સરકારોના હિસાબોના ઓડિટ કરીને સમયે સમયે તે સંબંધે આદેશ જારી કરે છે.

→ તેઓ જાહેર હિસાબ સમિતીની બેઠકોમાં ઉપસ્થિત રહે છે તથા સમિતિને તેની ફરજો બજાવવામાં મદદ કરે છે.

→ તેઓ ખર્ચા ઉપર નિયંત્રણ મૂકે છે જે બંધારણ અથવા કાયદાના વિરુદ્ધ હોય.

→ તેઓ સંઘ સરકારને સરકારી કંપનીઓના ઓડિટરોની નિમણૂક માટે સલાહ આપી શકે છે.

**⏩ મૂલ્યાંકન :**

→ ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષક (C.A.G.)ના સ્થાન અને તેમની સત્તાનો અભ્યાસ કરનાર કેટલાક ચિંતકો, વહીટદારો અને સમિતિઓએ કેટલીક ટીકા પણ કરી છે. જેમ કે પોલ.એચ. એપલીબી સમિતિએ તેના બંને અહેવાલમાં જણાવ્યું હતું કે ભારતના નિયંત્રક અને મહાલેખા પરીક્ષકની સંસ્થા એક સાંસ્થાનિક વારસા જેવી છે.

→ તેની કામગીરી રચનાત્મક કરતાં નકારાત્મક અસર વધુ ધરાવે છે.

→ એક વહીવટકર્તા વહીવટી ખર્ચનું મહત્ત્વ સમજી શકે તે આ સંસ્થા ન પણ સમજી શકે.

→ જોકે ભારતના ભૂતપૂર્વ સી.એન.જી. શ્રી અશોક ચંદાના મતે, "સી.એન્ડ એ.જી.નું બંધારણીય અને કાનૂની સ્થાન ગમે તે હોય, પરંતુ તેમનાં કાર્યોને ઓછા કરવા એ રાષ્ટ્રીય ખર્ચ અંગેના સંસદીય નિયંત્રણ ઉપર એક આઘાત હશે." આમ કેટલીક મર્યાદાઓ છતાં ભારતના જાહેર વહીવટી તંત્રને પ્રામાણિક, આધારભૂત અને વિશ્વાસપાત્ર બનાવવામાં નિયંત્રક અને મહાલેખા પરીક્ષકની મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે.

→ તે રાજકીય નેતૃત્વ અને વહીવટીતંત્રને સાંકળનારી એક બંધારણીય અને વિશ્વાસપાત્ર કડી છે.

**⏩ જાહેર સાહસોનાં મુખ્ય સ્વરૂપો :**

→ ભારતના બંધારણમાં જણાવાયેલ રાજનીતીના માર્ગદર્શક સિદ્ધાંતો પ્રમાણે 'સમાજવાદી સમાજરચનાના' આદર્શ ને જેનો સમાવેશ બંધારણના આમુખમાં પણ પાછળથી (1976ના 42મા બંધારણીય સુધારાથી) કરવામાં આવેલો તે પ્રમાણે જાહેર સાહસોની સ્થાપના કરવામાં આવી છે.

→ પરંતુ 1991 પછી નવી અર્થનીતિના સ્વીકારથી જાહેર સાહસોમાં અગાઉ કરેલા રોકાણને પાછું ખેંચવા (Disinvestment)ની પ્રક્રિયાને વેગ આપવાની નીતિ જાહેર કરી છે.

→ વિશ્વ વેપાર સંગઠન (W.T.O)ને આપેલ વચન પ્રમાણે 1લી એપ્રિલ 2001ની મુક્ત આયાત માટે ભારતીય બજારના ભાવ ખુલી ગયા છે.

→ આમ છતાં હજુ ભારતમાં જાહેર સાહસોની ઘણાં ક્ષેત્રોમાં હયાતી છે.

→ જાહેર સાહસો તેને કહેવામાં આવે છે જે સંપૂર્ણ રીતે અથવા કેટલાક પ્રમાણમાં સંઘ સરકાર અથવા એકમ રાજ્ય સરકાર અથવા સંઘ અને એકમ સરકારની સંયુક્ત માલિકી ધરાવે છે.

→ ભારતમાં જાહેર સાહસોના મુખ્યત્વે ચાર સ્વરૂપ છે : વિભાગીય સાહસ, જાહેર નિગમ, સરકારી કંપનીઓ અને હોલ્ડિંગ કંપનીઓ.

→ આ ઉપરાંત કમિશનો, નિયંત્રક બોર્ડ, સહકારી કાયદા નીચે રચાતી સોસાયટી (Societies), જાહેર ટ્રસ્ટ અને વસ્તુગત બોડર્સ.

**(1) વિભાગીય કે ખાતાકીય સાહસ :**

→ વિભાગ કે ખાતું એ જાહેર વહીવટનું પરંપરાગત ઉચ્ચ સંચાલન છે.

→ આ પ્રકારમાં એ ઔદ્યોગિક સંસ્થાઓનો સમાવેશ થાય છે, જે સાર્વજનિક સેવાઓ સાથે સંબંધિત છે.

→ તેનો વહીવટ રાજ્યના વિવિધ ખાતાઓ દ્વારા થાય છે અને તેનો નફો કે નુકસાન સરકાર પાસે રહે છે.

→ તેની સામાન્ય નીતિ તથા નિયંત્રણ લોકસભા પાસે રહે છે.

→ રેલવે, તાટટપાલ, સુરક્ષા સંબંધી ઉત્પાદન એકમો, સરકારી પ્રેસ વગેરે આ પ્રકારમાં આવે છે.

→ ખાતાકીય સંગઠનની મુક્ય વિશેષતાઓ અંગે વિચારતા કહી શકાય કે તેના માટેની નાણાકીય વ્યવસ્થા સરકારન વાર્ષિક અંદાજપત્રમાં થાય છે.

→ સરકારી ખાતાની જેમ આ ખાતાકીય સાહસો ઉપર નિયંત્રણ અને લેખા પરીક્ષણના નિયમો લાગુ પડે છે.

→ આ ઉદ્યોગોના કર્મચારીઓની સેવાની શરતો પણ વહીવટી સેવાના કર્મચારીઓ જેવી જ હોય છે.

→ આવા ઉદ્યોગોની સ્થાપના કોઈ ખાતાના પેટાવિભાગ જેવી હોય છે અને તેના પર ખાતાકીય પ્રધાનનું નિયંત્રણ રહે છે.

→ કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા આ સાહસ ઉપર સરકારની સંમતિ વિના કેસ કરી શકતી નથી.

**લાભ :**

→ વિભાગીય સંગઠનના અભ્યાસીઓએ નીચે પ્રમાણે લાભ બતાવ્યા છે :

→ જાહેર સાહસો રચવા પાછળ મહત્ત્વનો હેતુ વ્યાવસાયિક ધોરણે કામગીરી બજાવવા માટેની છૂટછાચનો પણ છે.

→ સરકારી નિયમોને કારણે નાણાકીય, કોમર્શિયલ, વહીવટી વગેરે નિર્ણયમાં માર્કેટની જરૂરિયાત મુજબ નિર્ણયો લેવા મુશ્કેલ બને છે તેમજ પ્રોફેશનલ મેનેજરો મેળવવા મુશ્કેલ બને છે.

→ તે પરિસ્થિતિ દૂર કરવા જાહેર સાહસોને રચવામાં આવે છે.

→ સરકારી વિભાગના નિયંત્રણને લીધે આવાં જાહેર સાહસોમાં ખાનગી માલિકી જેવી જોહુકમી જણાતી નથી.

→ નિયમાનુસાર કામ થતું હોવાથી નાણાંનો દુરુપયોગ થતો નથી.

→ લોકસેવા અને સુરક્ષા જેવાં ક્ષેત્રો માટે આ પ્રકારનાં વિશેષ ઉપયોગી છે.

→ ખાતાકીય શિસ્ત જળવાતી હોવાથી વહીવટી સરળતા રહે છે.

**મર્યાદા :**

→ ખાતાકીય જાહેર સાહસોના ઉપર પ્રમાણે ફાયદા હોવા છતાં તેની કેટલીક મર્યાદાઓ છે :

→ જાહેર સાહસોને ખાતાની મેનેજમેન્ટની જેમ પ્રોફેશનલ મેનેજમેન્ટ અપનાવવાની અપેક્ષા ઘણા કિસ્સામાં પૂરી થઈ નહીં અને પરિણામે સરકાર અને ખાનગી ક્ષેત્રની નબળી બાજુ કેટલાંક જાહેર સાહસોમાં પેસી ગઈ.

→ ખાસ કરીને વર્ક કલ્ચર ક્ષેત્રે જાહેર સાહસોની ઘણી ટીકા થઈ રહી છે.

→ તે જ રીતે અનપ્રોફેશનલ નિર્ણયો અને વહીવટને કારણે ઘણાં જાહેર સાહસો ખોટ કરે છે અને સફેદ હાથી જેવા પુરવાર થાય છે.

→ ખાતાકીય નિયમજડતાને લીધે આ પ્રકારનાં સાહસોમાં ખાનગી સાહસોમાં જણાતી સ્થિતિસ્થાપકતાનો અભાવ હોય છે.

→ સરકારી કર્મચારીઓમાં જોવા મળતી “ધીમે કામ કરો”ની નીતિ, લાલ પટ્ટીવાળા અહીં દાખલ થાય છે.

→ અહીં ધંધાકીય નુકસાનની કોઈને પડી હોતી નથી કારણ કે કર્મચારીઓને પ્રત્યક્ષ રીતે તેની અસર થતી નથી.

→ કારોબારી અને સંસદીય સાથે પક્ષીય રાજકારણ પણ દાખલ થાય છે.

→ આમ ખાતાકીય જાહેર સાહસોની કેટલીક મર્યાદાઓ હોવા છતાં લોકસેવા અને રાષ્ટ્રીય સુરક્ષા સંબંધી સાહસો માટે હજુ આ પ્રકાર ઉપયોગી છે.

→ ખાસ કરીને ખાનગીક્ષેત્ર દ્વારા મોનોપોલી કરીને લોકોનું શોષણ થાય તેવી સ્થિતિ હોય અથવા મર્યાદિત રિસોર્સીસને ધ્યાને લઈ પ્રોજેક્ટ કરવાનો હોય ત્યારે જાહેર સાહસ અનિવાર્ય બની જાય છે.

**(2) જાહેર કોર્પોરેશન :**

→ જાહેર કોર્પોરેશન એ ધારાસભાના કાયદા દ્વારા રચાયેલ સ્વાયત્ત કોર્પોરેટ સંસ્થા છે.

→ તેની સંપૂર્ણ મૂડી તથા માલિકી રાજ્યની હોય છે.

→ તેનું સંચાલન ચોક્કસ મુદ્દત માટે સરકાર નિયુક્ત બોર્ડ કરે છે.

→ જાહેર કોર્પોરેશન એ 20મી સદીની જાહેર વહીવટને મોટી દેન છે.

→ ભારતમાં 1934માં સ્થપાયેલ રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા પછી સ્વતંત્રતા બાદ પુનર્વસવાટ નાણાંનિગમ, દામોદર વેલી નિયમ, 1953માં ઇન્ડિયન એર લાઇન્સ તથા એર ઇન્ડિયા ઇન્ટરનેશનલ, ત્યાર બાદ સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા, જીવન વીમા કોર્પોરેશન વગેરે મહત્ત્વનાં કોર્પોરેશન છે.

**⏩ જાહેર કોર્પોરેશનનાં લક્ષણો :**

→ માર્શલ ડિમોક, જહોન પિફનર, અર્નેસ્ટ ડેવિસ જેવા વહીવટશાસ્ત્રીઓએ જાહેર કોર્પોરેશનનાં લક્ષણો આ પ્રમાણે જણાવ્યાં છે :

→ તે વિશિષ્ટ ધારાકીય સર્જન છે એટલે કે ધારાસભાના ખાસ કાયદાથી તેની રચના થાય છે.

→ તે સંપૂર્ણપણે સરકારી માલિકીની સંસ્થા છે.

→ તેનું સંપૂર્ણ મૂડીરોકણ રાજ્યનું હોય છે.

→ **તે નાણાકીય સ્વાયત્તતા ધરાવે છે.**

→ તે નાણાખાતાની મંજૂરી લઈ લોકો પાસેથી નાણાં લઈ શકે છે.

→ તેની નાણાકીય જોગવાઈ રાજ્યના અંદાજપત્રમાં હોતી નથી.

→ **તે વહીવટી રીતે સ્વતંત્ર હોય છે.**

→ **તેના રોજબરોજના વહીવટમાં સરકારની દખલ હોતી નથી.**

→ તેનું સંચાલન બોર્ડ કરે છે.

→ તેની કર્મચારી પ્રણાલી પણ સ્વતંત્ર હોય છે.

→ તેને કાનૂની વ્યક્તિત્વ હોય છે.

→ તે બીજી વ્યક્તિ કે સંસ્થા ઉપર દાવા માંડી શકે છે.

→ બીજી વ્યક્તિ કે સંસ્થા તેના પર દાવા માંડી શકે છે.

→ તેનો આદર્શ જાહેર સેવાનો છે.

→ નફો થાય તો ઠીક છે ન થાય તો વાંધો નથી.

**⏩ જાહેર કર્પોરેશનના લાભ :**

→ હુવરપંચ અને એ.ડી. ગોરવાલા પંચ વહીવટ સુધારણા સમિતિ, કૃષ્ણમેનન સમિતિ તથા કેટલાક વહીવટશાસ્ત્રીઓએ જાહેર કોર્પોરેશન પ્રણાલીને આવકારતાં તેના લાભ બતાવ્યા હતા.

→ જાહેર કોર્પોરેશન ખાતાકીય સોપાનિક તંત્રરચનાની બહાર અને વહીવટી સ્વાયત્તતાને લીધે કાર્યક્ષમ વહીવટ ધરાવે છે.

→ નાણાકીય સ્વતંત્રતાને લીધે તે પોતાના આર્થિક વિકાસના કાર્યક્રમોનો અમલ સરળતાથી કરે છે.

→ તે નીતિવિષયક બાબતો માટે કારોબારીનું અને વહીવટ માટે ધારાસભાનું નિયંત્રણ ધરાવતું હોવાથી પ્રજાને વફાદાર રહે છે.

→ તે જાહેર સેવાના આદર્શને લીધે જીવજરૂરી સેવાઓ માટે આવકારદાયક છે.

→ તેનું સંચાલન બોર્ડ કરતું હોવાથી તેનામાં ધંધાકીય કુનેહ જોવા મળે છે.

→ તે ખાતાકીય જડ નિયમોની બહાર હોવાથી ખાનગી સાહસની જેમ સ્થિતિસ્થાપક છે.

→ લોકશાહીમાં ધારાસભાનાં કાર્યોમાં વધારો થયો છે ત્યારે કોર્પોરેશનનો સ્વાયત્ત વહીવટ ધરાવતા હોવાથી ધારાસભાનો કાર્યબોજ ઘટે છે.

**⏩ જાહેર કોર્પોરેશન ગેરલાભ :**

→ એ.ડી. ગોરવાલા જેવા પંચોએ જાહેર કોર્પોરેશનના ગેરલાભ સામે પણ આંગળી ચીંધી છે.

→ **તેમાં પ્રજાનાં નાણાંનું રોકાણ હોવા છતાં તે પ્રજાને પૂરતા જવાબદાર નથી.**

→ પરિણામે આજે આ કોર્પોરેશનો ખોટ કરતા જાય છે.

→ તેથી સરકાર તેમાંથી પોતાનું મૂડીરોકાણ ઘટાડી શકે છે.

→ તેના ક્ષેત્રમાં તેને હરીફાઈનો સામનો કરવો પડતો ન હોવાથી તેમાં **ઇજારાશાહીના અનેક દુર્ગુણો પ્રવેશ્યા છે.** તેથી જ નવી અર્થનીતિમાં આ ક્ષેત્રોમાં પણ હરીફાઇ થાય તેવા પ્રયત્નો થઈ રહ્યા છે.

→ નાણાકીય, વહીવટી અને ધાર્મિક વહીવટની સ્વાયત્તતા જાણે સ્વચ્છંદતામાં પરિણમી હોય તેવું અનુભવે જણાયું છે.

→ તે રાજ્ય માટે જવાબદારી બની ચૂકી છે.

→ ઉપર વિભાગીય જાહેર સાહસોમાં લાભ અને મર્યાદામાં દર્શાવ્યા મુજબ ખાનગી ક્ષેત્રની મોનોપોલી અને શોષણ સામે માર્કેટ બેલેન્સિંગ તેમજ સંવેદનશીલ ક્ષેત્રોમાં રિસોર્સિસનો શ્રેષ્ઠ ઉપયોગ કરવા સરકાર અને ખાનગી ક્ષેત્રના સારામાં સારાં પાસાંઓનો લાભ લેવા જાહેર કાર્યો રચાયા.

→ ખાસ કરીને ખાનગી ક્ષેત્રની પ્રોફેશન એફીસીઅન્સીનો લાભ મેળવવા જાહેર કોર્પોરેશન રચાયા.

→ તેનાં ઘણાં સારાં ઉદાહરણો પણ છે.

→ પરંતુ એટલા જ નબળા હિસ્સાઓ પણ છે.

→ જાહેર કોર્પોરેશનના આ ગેરલાભ દૂર કરવા જુદા જુદા દેશોમાં વિવિધ પંચોએ કર્યા છે પરંતુ અનુભવે હવે દુનિયાના મોટા ભાગના દેશો મુક્ત અર્થતંત્ર તરફ જઈ રહ્યા છે.

**(3) જાહેર કંપનીઓ :**

→ જાહેર અથવા સરકારી કંપની એ છે જેની ઓછામાં ઓછી 51 % મૂડી કેન્દ્ર સરકાર અથવા એકમ રાજ્ય સરકારની અથવા બંનેની સંયુક્ત હોઈ શકે છે.

→ આમાં તે કંપનીઓ પણ સામેલ છે જે સરકારની કંપનીઓની સહાયક હોય છે.

→ તે ભારતના 1956ના કંપનીધારા પ્રમાણે નોધાયેલ હોય છે.

**⏩ જાહેર કંપનીઓની મુખ્ય વિશેષતાઓ :**

→ તેમાં ઉદ્યોગની સંપૂર્ણ અથવા ઓછામાં ઓછી 51 % મૂડી સરકારની હોય છે.

→ તમામ અથવા મોટા ભાગના ડાયરેક્ટર્સની નિમણૂક સરકાર કરે છે.

→ તેની સ્થાપના ભારત સરકારના 1956ના કંપનીધારાથી થાય છે.

→ તેની સ્થાપના કારોબારીના આદેશથી થાય થાય છે, તેને ધારાસભાની મંજૂરીની જરૂર નથી.

→ તે કાર્મિક વહીવટની સ્વતંત્ર વ્યવસ્થા ધરાવે છે.

→ તેનો સામાન્ય રીતે અંદાજપત્રમાં સમાવેશ થતો નથી અને નાણાંની બાબતમા તે ખાતાકીય હિસાબ અને ઓડિટ જેવાં નિયંત્રણોની બહાર છે.

→ તે રોજિંદા વહીવટમાં સ્વાયત્તતા ધરાવે છે.

**⏩ જાહેર કંપનીઓના લાભ :**

→ એ.ડી. ગોરવાલ સમિતિ અને પ્રથમ પંચવર્ષીય યોજના દસ્તાવેજમાં જાહેર કંપનીઓને આવકારવામાં આવી છે.

→ જાહેર કે સરકારી કંપનીની સ્થાપના ભારતીય કંપની અધિનિયમ 1956 નીચે સરળતાથી થઈ શકે છે.

→ તેના માટે વિશિષ્ટ ધારાકીય કાનૂનની જરૂર નથી.

→ સોપાનિક પદક્રમને સ્થાને બોર્ડને લીધે ખાનગી સાહસની સ્થિતિસ્થાપકતા હોય છે.

→ જાહેર કોર્પોરેશનની ઇજારાશાહીને બદલે સરકારી કંપનીઓ ખાનગી કંપઓની હરીફાઈ કરે છે.

→ તેથી તેનો સમતુલિત વિકાસ થાય છે.

→ તે લોકોને જવાબદાર છે.

→ તે આર્થિક બાબતમાં સ્વાયત્તતા છે.

→ તે બહારથી લોન લઈ શકે છે.

→ તેમાં ખાનગી રોકાણકારોને પણ આવકારાય છે અને તેઓ પણ રાષ્ટ્રના વિકાસમાં સહયોગી બને છે.

→ તેની કાર્મિક પ્રણાલી સ્વતંત્ર હોય છે જેને કંપની ઉચ્ચ સિદ્ધિ માટે પ્રેરણા આપે છે.

**⏩ જાહેર કંપનીઓના ગેરલાભ :**

→ સરકારી કંપનીઓની રચના સંસદીય લોકશાહીને અનુરૂપ નથી કારણ કે તેની રચનામાં ધારાસભાની ભૂમિકા ન હોવાથી તેના પર તેનું નિયંત્રણ પણ ઓછું હોય છે.

→ તેમાં વ્યાપારી સિદ્ધાંતો પ્રમાણે ગુપ્ત સોદાઓ થાય છે, જેથી પ્રજાની વિશ્વનીયતા જળવાતી નથી.

→ વહીવટી સ્વાયત્તતાનો પ્રધાનોની દરમિયાનગીરીથી ભંગ થાય છે.

→ સાચા અર્થમાં પ્રોફેશનલ મેનેજમેન્ટ ઘણા કિસ્સામાં જોવા મળતું નથી.

**⏩ ક્ષેત્રીય નિગમ :**

→ આપણા જાહેર ઔદ્યોગિક વિકાસ માટે સંગઠિત પ્રયત્ન લાંબા સમય સુધી ન થઈ શક્યો.

→ તેમાં અલગતા, પુનરાવર્તન, સમાન ઉદ્યોગોમાં સંકલનનો અભાવ જેવી સમસ્યાનો અભાવ વહીવટી સુધારણા પંચે 1967માં જોયો.

→ આ પંચે તથા 1986માં સેનગુપ્તા સમિતિએ સમિતિએ આ સમસ્યાઓના ઉકેલ માટે ક્ષેત્રીય નિગમોની સ્થાપનાની ભલામણ કરી.

→ આ પંચે પોતાના અહેવાલમાં જણાવ્યું કે કોઈ ઉદ્યોગનું ક્ષેત્ર એક કરતાં વધુ પ્રધાનોના ખાતાને સ્પર્શતું હોય ત્યારે આવા ઉદ્યોગોમાં સંકલન મુશ્કેલ બને છે.

→ અન્ય દેશોમાં આ સમસ્યા ક્ષેત્રીય નિગમોની સ્થાપનાથી ઉકેલાઈ છે.

→ ચોક્કસ વિસ્તાર માટેની આ એક જ અધિકૃત જાહેર સંસ્થાને લીધે તે પ્રદેશના વિકાસના કાર્યમાં સાતત્ય અને સંકલન જળવાય છે.

**⏩ ક્ષેત્રીય નિગમના લાભ :**

→ તે જાહેર ક્ષેત્રના ઔદ્યોગિક પ્રયાસને સુગ્રંથિત બનાવે છે.

→ સરકારના નિયંત્રણનો વિસ્તાર ઘટે છે અને કોર્પોરેશન પોતે સંકલનનું કાર્ય કરે છે.

→ દા.ત. ગુજરાત રાજ્યમાં વિવિધ ઇન્ફ્સ્ટ્રક્ચરલ પ્રોજેક્ટસ જેવા કે રસ્તા, બંદરો, પાવર પ્લાન્ટ, ટેલીકોમ્યુનિકેશન, શહેરી વિકાસના પ્રોજેક્ટ વગેરેનું સંકલન કરી યોગ્ય દિશામાં તેનો વિકાસ થાય તે હેતુથી ગુજરાત ઇન્ડ્સ્ટ્રીયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરલ બોર્ડમાં મા. મુખ્ય મંત્રીશ્રીના અધ્યક્ષપદે રચ્યું છે.

→ જાહેર ઉદ્યોગો માટે જરૂરી સેવાઓ સ્ટાફ, સંશોધન, તાલીમ વગેરે માટે નાણાં અને સમયની બચત થશે અને કાર્મિક વહીવટ સુદૃઢ બનશે.

→ આ ક્ષેત્રીય નિયમોની જેવી જ હોલ્ડિંગ કંપની પણ આર્થિક ક્ષેત્રના ચોક્કસ વિસ્તાર માટે ઉપયોગી છે.

**⏩ જાહેર ક્ષેત્રના અન્ય સ્વરૂપો :** ઉપરોક્ત જાહેર સાહસનાં ચાર સ્વરૂપો ઉપરાંત કેટલાક અન્ય પ્રકાર પણ છે.

**(1) નિયંત્રણ બોર્ડ :**

→ બહુહેતુક યોજનાઓના વિસ્તારના વિકાસ માટે આવા બોર્ડની સ્થાપના થાય છે.

→ આવા 14 નિયંત્રણ બોર્ડ દેશમાં છે.

→ જેમ કે નાગાર્જુન કંટ્રોલ બોર્ડ, કોશી કંટ્રોલ બોર્ડ વગેરે.

**(2) જાહેર ટ્રસ્ટ :**

→ તેની રચના જાહેર સેવાઓનાા સંચાલન માટે અથવા સમાજને સમાન રીતે સ્પર્શતી બાબતોના સંચાલન માટે થાય છે.

→ દા.ત., યુનિટ ટ્રસ્ટ ઓફ ઇન્ડિયા.

**(3) પંચ :**

→ ચોક્કસ ક્ષેત્રમાં વિકાસ કાર્યોને જાળવવા તેની રચના થાય છે.

→ તેની રચના ધારાસભાના ખાસ કાયદાથી થાય છે.

→ દા.ત., ખાદી અને ગ્રામોદ્યોગ પંચ.

**(4) સહકારી સમાજ :**

→ તેની રચના ચોક્કસ પ્રવૃત્તિની સ્થાપના અને વિકાસ માટે હોય છે.

→ તેની રચના સહકારી સમાજ રજિસ્ટ્રેશન એક્ટ નીચે થાય છે.

→ દા.ત., રાષ્ટ્રીય ડેરી ડેવલપમેન્ટ બોર્ડ.

**(5) કોમોટિડી બોર્ડ :**

→ તેની સ્થાપના ચોક્કસ ઉદ્યોગોના વિકાસ માટે થાય છે.

→ દા.ત., સ્મોલ સ્કેલ ઇન્ડસ્ટ્રીઝ બોર્ડ.

●

# ૭. ભારતમાં મુલકી સેવા

- **"પ્રધાન અને સચિવ વચ્ચેના સંબંધોનો સેતુ અને મનમેળની કડી સાચવવી એ આપણી ફરજો છે."**
- **અખિલ ભારતીય અને કેન્દ્રિય સેવાઓની ભરતી, સંઘ લોકસેવા આયોગ, ભારતીય વહીવટી સેવા અને ભારતીય પોલીસ સેવાની તાલીમ, સર્વસામાન્ય અને ખાસ વિષયના નિષ્ણાત, રાજકીય કારોબારી સાથેના સંબંધો.**

→ મેક્સવેબરે જેને "નોકરાશાહી" તરીકે સમજાવેલ તે ખ્યાલને આપણે લોકશાહીને અનુરૂપ મુલકી સેવા અથવા સિવિલ સેવાને નામે ઓળખીએ છી.

→ આગળ આપણે જોઈ ગયા છીએ તે પ્રમાણે પ્રાચીન ભારતથી ઇતિહાસના પ્રત્યેક તબક્કે વિવિધ સ્વરૂપે આ વ્યવસ્થા હતી તેને બ્રિટિશ યુગમાં ચોક્કસ બંધારણીય સ્વરૂપ મળ્યું છે.

→ આજે ભારતમાં જોવા મળતી જાહેર સેવાઓ મુખ્યત્વે ચાર સ્વરૂપની છે : (1) અખિલ ભારતીય સેવાઓ (2) કેન્દ્રીય સેવાઓ (3) રાજ્ય સેવાઓ (4) સ્થાનીય સેવાઓ.

**(1) અખિલ ભારતીય સેવાઓ :**

→ અખિલ ભારતીય સેવાઓ એ છે જેની ભરતી તથા સેવાની શરતો કેવળ સંસદ દ્વારા નક્કી થાય છે. સંસદ દ્વારા અખિલ ભારતીય સેવા અધિનિયમ 1951 દ્વારા અખિલ ભારતીય સેવાના સભ્યોની ભરતી, વર્તન, સેવાની શરતો, શિસ્ત અને અપીલની વ્યવસ્થા કરાઈ છે.

→ આ સેવાના અધિકારીઓની નિમણૂક કેન્દ્ર અથવા દેશના કોઈ પણ એકમ રાજ્ય કે કેન્દ્રશાસિત પ્રદેશમાં થઈ શકે છે.

→ ભારત સ્વતંત્ર થયું ત્યારે બે જ અખિલ ભારતીય સેવાઓ હતી : ભારતીય સનદી સેવા (I.C.S) જે સ્વતંત્રતા પછી ભારતીય વહીવટી સેવા (I.A.S.)ના નામે ઓળખાઈ તથા ભારતીય પોલીસ સેવા (I.P.S) 1963માં બંધારણની કલમ 312 દ્વારા રાજ્યસભાએ અખિલ ભારતીય સેવાઓમાં અન્ય સેવાઓનો ઉમેરો કર્યો છે. દા.ત. UPSC

**(2) કેન્દ્રિય જાહેર સેવાઓ :**

→ કેન્દ્રિય સેવાઓ એ છે જે કેન્દ્ર સરકાર દ્વારા રચાય છે અને સમગ્ર દેશમાં સેવા આપે છે.

→ તેની પ્રથમ અને દ્વિતીય શ્રેણીના અધિકારીઓની ભરતી જાહેર સેવા પંચ કરે છે.

→ જ્યારે બીજી શ્રેણી કર્મચારી પસંદગી પંચ અને ચોથી શ્રેણીના કર્મચારીઓ સ્થાનીય સ્તરે પસંદ થાય છે.

→ કેન્દ્રીય સેવામાં પ્રથમ શ્રેણીમાં 33 અને બીજી શ્રેણીમાં હાલમાં 26 સેવાઓ સામેલ છે.

**(3) રાજ્ય જાહેર સેવાઓ :**

→ ભારતમાં પ્રત્યેક રાજ્યોમાં પોતાનાં વહીવટી કાર્યો માટે તથા પોતાની જરૂરિયાત પ્રમાણે રાજ્યસેવાઓ વિકસાવવામાં આવી છે.

→ આ સેવાઓમાં ભરતી, બઢતી, શિસ્ત અને સેવાની અન્ય શરતો માટે રાજ્ય સેવાપંચની રચના કરાય છે.

→ ગુજરાતમાં પણ આ પ્રમાણે ગુજરાત જાહેર સેવા આયોગ (G.P.S.C)ની રચના થયેલ છે.

**(4) સ્થાનિક જાહેર સેવાઓ :**

→ ભારતમાં જોવા મળતી સ્થાનિક જાહેર સેવાઓ સ્થાનીય સ્તરના વહીવટતંત્રની અંતર્ગત આવે છે.

→ જેમ કે રેવન્યુ સેવાઓ, પંચાયતી રાજ્યસેવાઓ, નગરપાલિકા અને મહાનગરપાલિકા સેવાઓ.

→ તે સ્થાનિક સ્તરે સ્થાનિક કાર્યો કરે છે અને કેટલાક પ્રમાણમાં રાજ્ય સરકારની નીતિઓનો અમલ કરે છે. દા.ત. પંચાયત સેવા પસંદગી મંડળ

**અખિલ ભારતીય અને કેન્દ્રિય જાહેર સેવાઓની ભરતી :**

→ અખિલ ભારતીય અને કેન્દ્રીય જાહેર સેવાઓમાં ભરતી માટે ભારતમાં ત્રણ સમિતિઓની ભલામણોને ધ્યાનમાં લેવામાં આવે છે : (અ) મેકોલે સમિતિ, (બ) કોઠારી સમિતિ અને (ક) સતીશચંદ્ર સમિતિ.

→ લોર્ડ મેકોલે સમિતિએ 1854માં પોતાના અહેવાલ દ્વારા ભારતમાં સૌપ્રથમ સિવિલ સેવા માટેની પાયાની નીતિ આપી હતી.

→ આ નીતિમાં ખુલ્લી મુક્ત સ્પર્ધા અને પરીક્ષાનું બુદ્ધિગમ્યતા એ મહત્ત્વનાં પાસાં હતાં.

→ હાલમાં અખિલ ભારતીય અને કેન્દ્રીય ઉચ્ચ જાહેર સેવાઓની પ્રત્યક્ષ ભરતી માટે ઉમેદવારની ગુણવત્તાની ચકાસણીની પરીક્ષા કોઠારી સમિતિ અને સતીશચંદ્ર સમિતિના અહેવાલને આધારે ગોઠવાયેલી છે.

→ ભરતીની પ્રથા અને પસંદગીની પદ્ધતિઓ માટે યુ.પી.એસ.સી.એ શ્રી ડી.સી. કોઠારીના અધ્યક્ષપણા નીચે એક સમિતિની નિમણૂક 1974માં કરેલી જેણે પોતાનો અહેવાલ 1976માં આપેલો.

→ ભારત સરકારે તેની મોટા ભાગની ભલામણોનો 1978માં સ્વીકાર કર્યો અને 1979માં આ અહેવાલ અમલી બન્યો.

→ આ સમિતિએ ભારતના વિવિધ ક્ષેત્રના નિષ્ણાત લોકો સાથે રૂબરૂ ચર્ચા કરેલી.

→ તેણે વિદેશોની સિવિલ સેવાની ભરતી પદ્ધતિઓનો પણ અભ્યાસ કરીને ભારતની ભરતી પ્રણાલીની ખામીઓ દૂર કરવા જે ભલામણો કરેલી તેમાં ખાસ અગત્યની હતી તે સ્ક્રીનિંગ ટેસ્ટ માટેની.

→ સમિતિનું માનવું હતું કે સિવિલ સેવાની પ્રત્યક્ષ ભરતી માટે જે પરીક્ષા લેવાય છે તેમાં ઉદેવારોની સંખ્યા ખૂબ જ વિશાળ હોવાથી તેની વસ્તુલક્ષી ચકાસણી થઈ શકતી નથી.

→ તેથી જે ઉમેદવારો સ્ક્રીનિંગ ટેસ્ટમાંથી પસાર થાય તેવા ખૂબ જ ઓછા મુખ્ય પરીક્ષામાં બેસશે.

→ સંઘ જાહેર સેવા પંચે સિવિલ સેવા યોજનાના પુનઃમૂલ્યાંકન માટે યુ.જી.સી.ના પૂર્વ અધ્યક્ષ અને ઇતિહાસકાર ડો. સતીશચંદ્રની અધ્યક્ષતા 1988માં નિમાયેલ સમિતિએ 1989મં પોતાનો અહેવાલ આપ્યો, જેની કેટલીક મહત્ત્વની ભલામણોનો અમલ ભારત સરકારે 1993માં કર્યો.

→ તેમાં મહત્ત્વની ભલામણ પ્રમાણે 200 માર્કર્સનું નિબંધ પ્રકારનું પ્રશ્નપત્ર દાખલ કરવામાં આવ્યું.

→ જેમાં ઉમેદવારની વિશ્લેષણાત્મક ક્ષમતા ઉપર ભાર અપાયો હતો.

→ વળી ઇન્ટરવ્યૂના 250ને બદલે 300 ગુણ કરાયા જેનો હેતુ ઉમેદવારના વ્યક્તિત્વનું યોગ્ય મૂલ્યાંકનનો હતો.

→ સમિતિએ શિક્ષણ, ઇલેક્ટ્રોનિક્સ, દૂરસંચાર અને ચિકિત્સા વિજ્ઞાનને પ્રારંભિક અને મુખ્ય બંને વિષયમાં દાખલ કરવાની ભલામણ કરેલી.

→ 1994માં ચિકિત્સા વિજ્ઞાનના વિષયને દાખલ કરાયો છે.

→ આ વિવિધ સમિતિઓની ભલામણોને આધારે જે ભરતીની પ્રથા વિકસી છે તે નીચે પ્રમાણે છે :

**(1) રાષ્ટ્રીયતા :**

→ ભારતીય વહીવટી અને ભારતીય પોલીસ સેવાની ઉમેદવારી ભારતના નાગરિકો જ કરી શકે છે.

→ આ સિવાયની સેવાઓ માટેના ઉમેદવાર ભારતના અથવા નેપાળ, ભૂતાન કે તિબેટના હોઈ શકે છે.

→ જોકે તેઓ ભારતની વિદેશ સેવા માટે હરીફાઈ કરી શકતા નથી.

**(2) એક જ પરીક્ષા :**

→ ભારતીય વહીવટી સેવા, ભારતીય પોલીસ સેવા, ભારતીય જંગલ સેવા (I.F.S) તથા કેન્દ્રીય ઉચ્ચ સેવાઓ માટે ઉમેદવારે એક જ સંયુક્ત પરીક્ષા આપવાની રહે છે.

**(3) ઉંમર–મર્યાદા :**

→ પંચ દ્વારા અખિલ ભારતીય સેવાઓ તથા કેન્દ્રીય ઉચ્ચ સેવાઓ માટે 21 વર્ષથી 28 વર્ષની વયમર્યાદા S.C. તથા S..T. ઉમેદવારો 28 + 5 વર્ષ સુધી ઉમેદવારી કરી શકે છે.

→ ભૂતપૂર્વ સૈનિકો, વિકલાંગ બનેલ સુરક્ષા કર્મચારીઓ, અલ્પ સમય પર રહેલ કમિશન પ્રાપ્ત અધિકારીઓને ઉમેદવારી માટે 10 વર્ષની છૂટ અપાય છે.

**(4) ન્યૂનતમ શૈક્ષણિક લાયકાત :** → યુ.પી.એસ.સી. દ્વારા કોઈ પણ વિષયમાં સ્નાતક પદવીને ન્યૂનતમ શૈક્ષણિક લાયકાત તરીકે સ્વીકારવામાં આવે છે.

→ સ્નાતકની પરીક્ષા આપી હોય પરંતુ પરિણામ જાહેર ન થયું હોય તેવા ઉમેદવાર પણ પ્રારંભિક પરીક્ષામાં બેસી શકે છે.

→ પરંતુ મુખ્ય પરીક્ષામાં બેસતા ઉમેદવારે પદવી પરીક્ષા ઉત્તીર્ણ કરેલ હોય તે જરૂરી છે.

**(5) તકોની સંખ્યા :** → 1979માં કોઠારી પંચની ભલામણો પછી ઉમેદવાર વધુમાં વધુ ચાર વાર આ પરીક્ષામાં બેસી શકે છે. જોકે S.T. તથા S.C. ઉમેદવારો માટે આવી મર્યાદા નથી.

**(6) ભરતી માટે પરીક્ષા :** → 1979માં કોઠારી પંચની ભલામણથી લેખિત પરીક્ષાને બે વિભાગમાં વહેંચવામાં આવી છે : (અ) પ્રારંભિક પરીક્ષા (બ) મુખ્ય પરીક્ષા.

(અ) ભરતી માટેની પ્રારંભિક પરીક્ષામાં વસ્તુમૂલક (Objective) પ્રશ્નો પૂછાય છે.

→ તેમાં પહેલું પ્રશ્નપત્ર સામાન્ય જ્ઞાનનું 150 માર્ક્સનું અને બીજું પ્રશ્નપત્ર વૈકલ્પિક (Optional) હોય છે, જે 300 માર્ક્સનું હોય છે.

→ પ્રારંભિક પરીક્ષામાં પાસ થયેલામાંથી કુલ જગ્યાઓમાં માત્ર બાર ગણા ઉમેદવારોને મુખ્ય પરીક્ષા માટે બોલાવાય છે.

→ આ પરીક્ષા મહદ્અંશે જૂનમાં લેવાય છે.

**⏩ ભરતીની મુખ્ય પરીક્ષા :**

→ પ્રારંભિક પરીક્ષામાં ઉત્તીર્ણ ઉમેદવારને નવે.-ડિસે. માસમાં મહદ્અંશે મુખ્ય પરીક્ષા માટે બોલાવાય છે.

→ આ પરીક્ષામાં 9 પ્રશ્નપત્રો કુલ 2600 માર્ક્સના હોય છે.

→ તેમાં પાંચ પ્રશ્નોપત્રો ફરજિયાત હોય છે, બાકીના ચાર મરજિયાત હોય છે.

**⏩ મુલાકાત પરીક્ષા :**

→ ઇન્ટરવ્યૂ માટે મુખ્ય પરીક્ષામાં લેખિત કસોટીમાં પાસ થયેલામાંથી ખાલી જગ્યાઓના માત્ર બમણા જેટલા ઉમેદવારોને ઇન્ટરવ્યૂ માટે બોલાવાય છે.

→ ઇન્ટરવ્યૂ 300 ગુણનો હોય છે.

→ જેમાં ઉમેદવારની વ્યક્તિત્વ અને માનસિક ક્ષણતાનું મૂલ્યાંકન થાય છે.

→ ઇન્ટરવ્યૂમાં પાસ થયેલ ઉમેદવારોને તાલીમ માટે લાલબહાદુર શાસ્ત્રી એકેડેમી મસૂરી ખાતે મોકલવામાં આવે છે.

→ મુખ્ય પરીક્ષા અને તાલીમની પરીક્ષાના ગુણને આધારે મેરિટ લિસ્ટ બને છે, જે ભારત સરકારના પર્સોનેલ વિભાગને મોકલાય છે.

→ અહીંથી ઉમેદવારની જે તે ખાતામાં નિમણૂકની આગળની પ્રક્રિયા હાથ ધરાય છે.

**⏩ ભરતીની પદ્ધતિની ટીકા :**

→ ભરતીની પ્રક્રિયા મહદ્અંશે નકારાત્મક છે.

→ તે અકુશળ અને અયોગ્ય ઉમેદવારને રોકવાનો ઉદ્દેશ્ય ધરાવે છે.

→ તેમાંથી કેટલીક વાર શ્રેષ્ઠ ઉમેદવારને તક મળતી નથી.

→ વહીવટી સુધારણા પંચ 1968ની મહત્ત્વની ભલામણોને હજુ લાગુ કરાઈ નથી.

→ જાહેર સેવા પંચનો અહેવાલ સંસદમાં ઘણો મોડો મૂકાય છે.

→ ભરતીમાં પંચના સ્થાને કારોબારીનો પ્રભાવ વધ્યો છે.

→ પંચના સભ્યોની નિમણૂક વખતે પંચના અધ્યક્ષ સાથે ચર્ચા થતી નથી – વિશ્વાસમાં લેવાતા નથી.

→ સરકારિયા પંચે 1987માં તેના અહેવાલમાં જણાવ્યું છે કે જાહેર સેવાને વધુ પ્રભાવશાળી બનાવવા તેમાં નિષ્ણાતોને મહત્ત્વ અપાવું જોઈએ.

→ પસંદગી, તાલીમ, બઢતીની પદ્ધતિઓ વધુ સક્ષમ બનાવવી જોઈએ.

**⏩ સંઘ જાહેર સેવા આયોગ :**

→ લોકશાહી રાજ્યવહીવટને તટસ્થ, પ્રામાણિક અને કાર્યક્ષમ સિવિલ સેવકો પ્રાપ્ત થાય તે માટે તેમની ભરતીની વ્યવસ્થા કરનારી સંસ્થાની ભૂમિકા મહત્ત્વનો ભાગ ભજવે છે.

→ આ બાબત ભારતના બંધારણના ઘડવૈયાઓના ધ્યાનમાં હતી તેથી ભારતના બંધારણની કલમ 315 થી 323ની વચ્ચે ભારતના સંઘ જાહેર સેવા આયોગની રચના, સ્થાન અને સત્તાઓ અંગે વિસ્તૃત જોગવાઈ કરવામાં આવી છે.

→ બંધારણે એક રાજ્યના જાહેર સેવાપંચ માટે પણ જોગવાઈ કરી છે અને બે કે તેથી વધુ એકમ રાજ્યો વિનંતી કરે તો સંસદ તેમના માટે સંયુક્ત જાહેર સેવા આયોગ રચી શકે છે.

**⏩ સંઘ જાહેર સેવા આયોગની રચના :**

→ જોકે ભારતમાં સૌપ્રથમ 1919ના ધારામાં જાહેર સેવા પંચની જોગવાઈ પ્રમાણે 1926માં તેની સ્થાપના થઈ હતી. 1935ના ધારામાં તેની રચના વધુ સુદૃઢ બનાવાઈ હતી.

→ સ્વતંત્ર ભારતના બંધારણની કલમ 316(1) પ્રમાણે 'જાહેર સેવા આયોગના અધ્યક્ષને અને બીજા રાજ્યોને, સંઘ આયોગ અથવા સંયુક્ત આયોગની બાબતમાં રાષ્ટ્રપતિ અને રાજ્ય આયોગની બાબતમાં, તે રાજ્યના રાજ્યપાલ નીમશે.' ભારતીય બંધારણે આયોગના સભ્યોની સંખ્યા નક્કી કરી નથી.

→ આ બાબતને તેણે રાષ્ટ્રપતિના દિશાસૂચન માટે છોડી દીધી છે. 31 માર્ચ 1999થી સંઘ જાહેર સેવા આયોગમાં એક અધ્યક્ષ અને આઠ સભ્યો છે જ્યારે સ્વીકૃત સંખ્યા 10 સભ્યોની છે.

→ અધ્યક્ષ રજા ઉપર હોય અથવા અન્ય કારણસર ફરજ ઉપર હાજર ન હોય તો કાર્યકારી અધ્યક્ષ તરીકે સંઘ અને સંયુક્ત આયોગોમાં રાષ્ટ્રપતિ અને રાજ્યમાં રાજ્યપાલ આયોગના કોઈ સભ્યને નીમી શકે તેવી બંધારણીય જોગવાઈ છે.

→ સેવા આયોગના અધ્યક્ષ અને સભ્યોની નિમણૂક છ વર્ષ માટે અથવા 65 વર્ષ સુધીની અને સંયુક્ત આયોગ કે રાજ્ય આયોગની બાબતમાં (1976ના એકતાલીસમાં સુધારા પ્રમાણે) તેમની ઉંમર 62 વર્ષની રહેશે.

→ સંઘ જાહેર સેવા આયોગનો કોઈ સભ્ય રાષ્ટ્રપતિ પાસે રાજીનામું મંજૂર કરાવીને સ્વેચ્છાએ પદમુક્ત થઈ શકે છે.

→ બંધારણની કલમ 317ના ભાગ 1,2,3,4 પ્રમાણે સંઘ અને સંયુક્ત જાહેર સેવા આયોગના કોઈ સભ્યને તેની સામે ભ્રષ્ટાચારના આરોપસર કે ગેરબંધારણીય કૃત્ય બદલ અદાલતની પ્રક્રિયાથી તેના સ્થાનેથી દૂર કરી શકાશે અને આ પ્રક્રિયા ચાલુ હોય ત્યાં સુધી રાષ્ટ્રપતિ તેને ફરજમોકૂફ (સસ્પેન્ડ) કરી શકે.

→ રાજ્ય જાહેર સેવા આયોગમાં રાજ્યપાલ આવી ફરજમોકૂફી આવી શકે.

→ બંધારણની કલમ 316(3) પ્રમાણે જાહેર સેવા આયોગનો હોદ્દો ધરાવનાર કોઈ પણ વ્યક્તિ ફરીથી તે હોદ્દા ઉપર નિમણૂક મેળવી શકશે નહિ.

→ કલમ 319 રાજ્ય જાહેર સેવા આયોગના કોઈ સભ્યને સંઘ જાહેર સેવા આયોગમાં નિમણૂક મેળવી શકશે.

→ સંઘ, સંયુક્ત કે રાજ્ય જાહેર સેવા આયોગના પદ ઉપર ચાલુ હોય ત્યારે સરકારી નોકરી કરી શકશે નહિ.

→ સંઘ અને સંયુક્ત જાહેર સેવા આયોગ અંગે રાષ્ટ્રપતિ અને રાજ્ય જાહેર સેવા આયોગ માટે રાજ્યપાલ સભ્યોની સંખ્યા અને તેમની સેવા અંગેની અન્ય શરતો જરૂર પડે નક્કી કરે છે.

→ તેમન પગાર, ભથ્થા, પેન્શન અને આયોગનું ખર્ચ સંચિત નિધિમાંથી થાય છે.

→ સંઘ જાહેર સેવા આયોગનું કાર્યાલય ધૌલપુર હાઉસ નવી દિલ્હી છે.

→ તેમાં મુખ્ય પાંચ વિભાગો છે : (અ) પરીક્ષા વિભાગ (બ) ભરતી વિભાગ (ક) નિમણૂક વિભાગ (ડ) ગોપનીય વિભાગ (Confidential)

→ ભારતના બંધારણે કલમ 320માં આયોગનાં કાર્યો અને સત્તાઓની વિસ્તૃત જોગવાઈ કરી જ છે.

→ તે ઉપરાંત કલમ 321માં સ્પષ્ટતા કરી શકે છે, 'યથા પ્રસંગ, સંસદે અથવા કોઈ રાજ્યના નિધાનમંડળે કરેલા અધિનિયમથી, સંઘ કે રાજ્યની સેવાઓ અંગે અને કોઈ સ્થાનિક સત્તામંડલ કે કાયદાથી રચાયેલા બીજા સ્થાપિત મંડળની અથળા કોઈ જાહેર સંસ્થાની સેવાઓ અંગે સંઘ જાહેર સેવા આયોગ કે રાજ્ય જાહેર સેવા

આયોગ વધારાનાં કાર્યો કરવા માટે જોગવાઈ કરી શકશે.' આ કલમ પ્રમાણે સંસદના ટેરીટોરીયલ અધિનિયમ 1954થી સંઘ આયોગ કેટેડોની ભરતી માટેની લેખિત પરીક્ષાઓનું આયોજન કરે છે.

→ દિલ્હી મ્યુનિ. કોર્પોરેશન અધિનિયમ 1959 દ્વારા તેના ઉચ્ચ અધિકારીઓની ભરતી સંઘ આયોગ દ્વારા થાય છે.

→ બંધારણની કલમ 320 પ્રમાણે સંઘ જાહેર સેવા આયોગ નીચે પ્રમાણેનાં કાર્યો કરે છે :

→ તે સિવિલ સેવકોની ભરતી માટેની પરીક્ષાઓનું સંચાલન કરે છે.

→ બે કે તેથી વધુ એકમ રાજ્યો ખાસ લાયકાત ધરાવતા ઉમેદવારોની આવશ્યકતાવાળી સેવાઓ માટે સંયુક્ત ભરતીની યોજન ઘડવા અને અમલ કરવા મદદ કરવા વિનંતી કરે તો તે કરે છે.

→ તે મુલકી સેવા - (સિવિલ સેવા)ઓ અને જગ્યાઓ ઉપર નિમણૂકો કરવામાં અને બઢતીઓ આપવામાં નિયમો ઘડે છે.

→ જાહેર સેવાઓમાં શિસ્ત પ્રત્યે સરકારને સલાહ આપે છે.

→ સિવિલ સેવકના પેન્શન સંબંધી દાવા અંગે સરકારને સલાહ આપે છે.

→ રાષ્ટ્રપતિ કે રાજ્યપાલ દ્વારા સોંપાયેલ ખાસ કોઈ બાબત અંગે સરકારને સલાહ આપે છે.

→ સંઘ જાહેર સેવા આયોગ મહદ્અંશે સલાહકારી સંસ્થા છે.

→ આમ છતાં તે જરૂર પડે વિશેષ કાર્યો માટે સમિતિઓ નીમી શકે છે.

→ બંધારણની કલમ 323 પ્રમાણે સંઘ જાહેર સેવા આયોગે પોતે કરેલા કામનો અહેવાલ રાષ્ટ્રપતિને અને સંક્યુત તથા રાજ્ય જાહેર સેવા આયોગે તેણે કરેલ કાર્યોનો અહેવાલ રાજ્યપાલને આપે છે.

→ સંઘ આયોગની કોઈ સલાહ ન સ્વીકારાઈ હોય તો તેને રાષ્ટ્રપતિ સંસદમાં અને રાજ્ય તથા સંયુક્ત આયોગની કોઈ ભલામણ ન સ્વીકારાઈ હોય તો તે સલાહ ભલામણને વિધાનમંડલમાં મૂકાય છે.

**⏩ સંઘ જાહેર સેવા આયોગનું મૂલ્યાંકન :**

→ સ્વતંત્રતા બાદ બંધારણના અમલના પાંચ દાયકામાં આયોગની કામગીરી તટસ્થ અને આવકારદાયી રહી છે.

→ તે બંધારણીય સંસ્થા છે.

→ આમ છતાં તેની ભલામણોની સરકારી ઘણી વાર અવગણના કરે છે.

→ સરકાર અસ્થાયી નિમણૂકો કરે છે અને તેને લાંબો સમય ચલાવે છે જે આયોગની ભલામણોની વિરુદ્ધ છે.

→ આયોગ સામે પણ કેટલાક ઉમેદવારોની ટીકા છે કે ભરતી કરાયા પછી નિમણૂક આપવામાં ક્યારેક ઘણી વાર લાગે છે અને ક્યારેક યોગ્ય ઉમેદવાર આ સમય દરમિયાન અન્ય મનપસંદ જગ્યાએ નોકરી લેતાં સરકારી ખાતાઓમાં જગ્યા ભરવામાં વિલંબ થાય છે.

→ આ ઉપરાંત આ પરીક્ષાની પદ્ધતિ જરૂરી Job requirement મુજબના ઉમેદવારો મળે છે કે કેમ તે પણ ક્યારેક પ્રશ્નાર્થ બને છે.

→ ઉચ્ચ સરકારી અમલદાર માટે જરૂર સ્થળ પર નિર્ણય લેવાની શક્તિ, પરિસ્થિતિને કાબૂમાં લેવાની આવડત, મોટા લોકસમુદાય સાથે કામ પાર પાડવું, નાના અને સીમાંત લોકોના પ્રશ્નો સમજવા અને આગળ જતા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના ગૂંચવણભર્યા પ્રશ્નોને હલ કરવાની શક્તિ, વિઝન વગેરે તમામ આવડત ધરાવતા ઉમેદવારની પસંદગીમાં હજી જૂની પદ્ધતિ મુજબ લાંબાં નિબંધાત્મક પેપર લખવાના છે.

→ આ સામે આધુનિક મેનેજમેન્ટના ઉમેદવારોની પસંદગીમાં Apptitute test, Analitical Ability, લોજિક વગેરેના Test હોય છે.

→ તે રીતે સરકારી અમલદારની કામગીરી માટે જરૂરી Apptitude Test વગેરે ઉમેદવારની પસંદગી વખતે ધ્યાને લેવાય તે જરૂરી છે.

→ પરિણામે અગાઉના વર્ષોમાં Accademic માંથી મોટા પ્રમાણમાં ઉમેદવારો પસંદ થતા હતા.

→ હવે જોકે ટ્રેકનિકલ ઉમેદવારો પર આવતા જાય છે.

→ વહીવટી સુધારણા આયોગે ખુદ સંઘ જાહેર સેવા આયોગ અને સંયુક્ત કે રાજ્ય જાહેર સેવા આયોગના સભ્યોની તટસ્થતા, કાર્યક્ષમતા અને નિષ્ઠા સામે આંગળી ન ચિંધાય તે માટે કેટલાંક સૂચનો કરેલાં છે.

→ રાજ્ય આયોગના સભ્યોની નિમણૂક રાજ્યપાલ રાજ્ય તથા સંઘ આયોગના અધ્યક્ષો સાથે ચર્ચાવિચારણા પછી કરે.

→ સંઘ આયોગના સભ્યોની નિમણૂક તેના અધ્યક્ષ સાથે ચર્ચાવિચારણા કરીને રાષ્ટ્રપતિએ કરવી જોઈએ.

→ સંઘના સંયુક્ત કે રાજ્ય આયોગના સભ્ય માટે ઓછામાં ઓછો સ્નાતક સુધીનો અભ્યાસ જરૂર જણાય.

→ સંઘ જાહેર સેવા આયોગમાં સભ્યોની પસંદગી માટે રાજ્યના આયોગમાંથી 2/3 થી ઓછા સભ્યો લેવા જોઈએ.

→ સરકારી અધિકારીમાંથી પસંદ થતા સભ્યો ઉચ્ચ સરકારી હોદ્દાનો 10 વર્ષનો અનુભવ હોય અથવા બિનસરકારી નોકરી કે વ્યવસાયમાંથી પસંદ પ્રાધ્યાપક, વકીલ, ડોક્ટર, એન્જિનિયર કે વૈજ્ઞાનિક સંસ્થામાં 10 વર્ષનો અનુભવ હોય.

→ આ ઉપરાંત આયોગની કામગીરી વધુ સુદૃઢ બનાવવા સંઘ અને એકમ રાજ્યોના જાહેર સેવા પંચો વચ્ચે ચોક્કસ સંપર્કની કડી હોવી જોઈએ તે નથી.

→ આ માટે બંધારણે અથવા સંસદના કાનૂને કોઈ આધાર પૂરો પાડવો નથી.

→ જોકે સંઘ તથા રાજ્ય જાહેર સેવા પંચોના અધ્યક્ષો અને સચિવોના સંમેલનો સમયાંતરે થાય છે.

→ પરંતુ આવા સંમેલનો માટેનો ચોક્કસ સમય નક્કી નથી.

→ વળી આ સંમેલનોના ઠરાવો અમલમાં મૂકાય તેવી જોગવાઈ નથી.

→ આ દિશામાં યોગ્ય થાય તે જરૂરી બાબત છે.

**ભારતીય વહીવટી સેવા અને ભારતીય પોલીસ સેવાની તાલીમ :**

→ આધુનિક જાહેર વહીવટમાં કાર્યોની સંકુલતા અને વ્યાપકતા જોતાં સિવિલ સેવામાં ભરતી થતા નવા કર્મચારીઓ માટે તાલીમ ખૂબ જ મહત્ત્વની બાબત છે.

**આઈ.એ.એસ.ની તાલીમ :**

→ સ્વંત્રતા પહેલાં અખિલ ભારતીય સમદી સેવા (I.A.S.) તરીકે જેને ઓળખાતી તે જ આજની અખિલ ભારતીય વહીવટી સેવા (I.A.S.) છે. પ્રારંભમાં દિલ્હીમાં એક વર્ષની તાલીમનું કેન્દ્ર હતું અને 6 થી 10 વર્ષની સેવા દરમિયાન રીફ્રેશર કોર્સ સિમલામાં અપાતો. પરંતુ 1959માં આ બંને તાલીમનાં કેન્દ્રો મસૂરી ખાતે ખસેડવામાં આવ્યાં છે.

→ આજે તે લાલબહાદુર શાસ્ત્રી રાષ્ટ્રીય વહીવટી અકાદમીના નામે ઓળખાય છે.

→ આ અકાદમીમાં ચાર વર્ષની પૂર્વભૂમિકારૂપ (Foundational) તાલીમ અખિલ ભારતીય અને કેન્દ્રીય સેવાના સિવિલ સેવાના અજમાયશી (Probationers) સેવકોને સંયુક્તપણે અપાય છે.

→ આ તાલીમ પાછળ ઉચ્ચ સિવિલ સેવકોમાં મારાપણાની અને વિશાળ દૃષ્ટિ કેળવવી.

→ બંધારણ, આર્થિક, સામાજિક, રાજકીય, કાનૂની, વહીવટી ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંદર્ભની સમજ અપાય છે.

→ જેમાં વહીવટકારોએ કામ કરવાનું છે અને તેમનું પ્રદાન કરવાનું છે.

→ અજમાયશી સિવિલ સેવકોમાં ધંધાકીય, વહીવટી અને માનવીય મૂલ્યોનું સિંચન કરવું.

→ આ પૂર્વભૂમિકા તાલીમ પૂરી થયા પછી I.A.S. સિવિલ સેવકોને તેમની તાલીમ સંસ્થાઓમાં મોકલવામાં આવે છે. આઇ.એ.એસ. અજમાયશીઓને બે માસ તેમના વ્યવસાય અંગેની તપાસ અપાય છે.

→ જેમાં તેઓ ભારતીય વહીવટીતંત્ર, જિલ્લા વહીવટતંત્ર, ઇન્ડિયન પિનલ કોડ, ફોજદારી કાયદો (Criminal Procedure Code). બંધારણીય અને કાનૂની પ્રથા, આર્થિક આયોજન જેવી બાબતોને લગતા પ્રશ્નોનો ઊંડો સૈદ્ધાંતિક અભ્યાસ કરે છે.

→ ત્યાર બાદ એક વર્ષ માટે તેઓને વ્યાવહારિક અનુભવ માટે વિવિદ રાજ્યોમાં મોકલવામાં આવે છે.

→ રાજ્યના સેક્રેટરી તેમની તાલીમનું સ્થળ નક્કી કરે છે.

→ જ્યાં તેઓ રાજ્ય તાલીમ કેન્દ્રમાં કલેક્ટર પાસે જિલ્લામાં વ્યાવહારિક વહીવટી તાલીમ અને રાજ્ય સચિવાલયમાં તાલીમ મેળવે છે.

→ એક વર્ષનો સમય પૂર્ણ કર્યા પછી આ અજમાયશી સિવિલ સેવકો ફરીથી મસૂરી પાછા ફરે છે.

→ અહીં તેઓ 3 માસની તેમની વ્યાવસાયિક તાલીમ મેળવે છે.

→ જેમાં તેઓ તેમના એક વર્ષના જાહેર વહીવટની વ્યાવહારિક તાલીમમાં કરેલ નિરીક્ષણો, મેળવેલ અનુભવો, સમસ્યાઓની ચર્ચા કરે છે.

| | |
|---|---|
| પૂર્વભૂમિકા તાલીમ | 4 માસ |
| વ્યાવસાયિક તાલીમ | 2 માસ |
| એકમ રાજ્યામાં જિલ્લા તારીખ | 12 માસ |
| વ્યાવસાયિક તાલીમ | 3 માસ |
| આમ કુલ | 21 માસની તાલીમ પછી પરીક્ષા લેવાય છે. |

**⏩ ભારતીય પોલીસ સેવાની તાલીમઃ**

ભારતના ઇતિહાસના પ્રત્યેક તબક્કે પોલીસ સેવાની હાજરી કોઈ ને કોઈ સ્વરૂપે જણાય તે સ્વાભાવિક છે.

→ મનસ્મૃતિ, કૌટિલ્યના અર્થશાસ્ત્ર અને શુક્રાચાર્યના નીતિસારમાં પોલીસ સેવાનાં વર્ણનો પણ છે.

→ પરંતુ મોગલકાલીન સમય પૂરો થયો ત્યાં સુધીની પોલીસની ચોક્કસ સંસ્થાકીય વ્યવસ્થા વિકસી ન હતી.

→ ઈ.સ. 1972માં મુંબઈ પ્રાંતમાં જિલ્લા સ્તરે પોલીસ અધિકારીન નિમણૂક થઈ.

→ 1793માં ગ્રાન્ડ જ્યુરીએ પોલીસ અધિક્ષકને આધીન કાર્મિક વ્યવસાય પર ભાર મૂક્યો.

→ 1861માં બનાવાયેલ પોલીસ અધિનિયમ આજે પણ ભારતની પોલીસ વ્યવસ્થાનો આધાર છે.

→ 1893માં ભારતની સિવિલ સેવામાં પ્રત્યક્ષ ભરતીમાં તેને સ્થાન મળ્યું.

→ 1947માં ભારત આઝાદ થયું ત્યારે 516 આઇ.પી.એસ.માં ભારત-પાકિસ્તાનના કુલ 193 આઇ.પી.એસ. હતા.

→ આગળ આપણે વિચારણા કરેલી તે પ્રમાણે સ્વતંત્ર ભારતમાં I.P.S. અજમાયશી 4 માસની પૂર્વભૂમિકા તાલીમ મસૂરમાં સંયુક્ત રીતે મેળવીને સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય પોલીસ અકાદમી હૈદરાબાદ ખાતે આવે છે.

→ અહીં પોલીસ તાલીમ અંગેના ગોરે સમિતિ (1974)ના અહેવાલ પ્રમાણ 1986 થી 'સેન્ડવીચ' પ્રોગ્રામ નીચે પ્રથમ એક વર્ષ વ્યાવસાયિક અને છેલ્લે 3 માસની તાલીમ મેળવે છે.

→ વચ્ચે 8 માસ તેઓને વિવિધ રાજ્યોનાં જિલ્લાઓમાં વ્યાવસાયિક (Practical) તાલીમ માટે મોકલાય છે.

→ અહીં તેઓ જિલ્લા પોલીસ વડાના સહાયક અધિકારી તરીકે કામ કરીને તાલીમ મેળવે છે.

→ આ સાથે ગુજરાત પોલીસનો વિચાર કરીએ તો 2001ના એપ્રિલ-મેમાં ગૃહવિભાગે તૈયાર કરેલ નવો ધારો અમલમાં આવશે તો ગુજરાત પોલીસ સેવા વધુ સજ્જ બનશે.

→ તેઓ જે વ્યવસાયિક તાલીમ મેળવે છે તેમાં કાનૂની વિધિ, કાનૂની પ્રક્રિયા, ભારતીય બંધારણ, ડ્રીલ કવાયત, વિવિધ શસ્ત્રોની તાલીમ, અપરાધ મનોવિજ્ઞાન, અપરાદ તપાસ, ભ્રષ્ટાચારનો સામનો કરવાની રીતો, આગ, રેલ જેવી આકસ્મિક આપત્તિઓ સામે રક્ષણ જેવી બાબતોનો તાલીમમાં સમાવેશ થાય છે.

| | |
|---|---|
| પૂર્વભૂમિકા તાલીમ | 4 માસ |
| વ્યાવસાયિક તાલીમ | 12 માસ |
| એકમ રાજ્યોમાં જિલ્લા તાલીમ | 8 માસ |
| વ્યાવસાયિક તાલીમ | 3 માસ |
| આમ કુલ | 27 માસની તાલીમ બાદ પરીક્ષા લેવાય છે. |

→ I.A.S અને I.P.S. બંને ઉમેદવારોને ભરતી સમયની મુખ્ય પરીક્ષા અને તાલીમના અંતે લેવાતી પરીક્ષાના ગુણોના સફળતાના શ્રેષ્ઠ દેખાવને આધારે નિમણૂક માટે મેરિટ લિસ્ટ બનાવાય છે.

**⏩ ભારતમાં તાલીમ વ્યવસ્થાની ખામીઓ :**

→ ઉપર પ્રમાણે I.A.S અને I.P.S. ની તાલીમ અંગેનો વિચાર કર્યો. અભ્યાસીઓએ આ તાલીમની કેટલીક ખામીઓ બતાવી છે.

→ તાલીમમાં ઉચ્ચ આદર્શોની અપેક્ષા રખાય છે.

→ જ્યારે વાસ્તવમાં આ તાલીમ મેળવનાર વહીવટકારો સાથે સમાજ અને રાજકીય કારોબારી ઘણી વાર જુદી અપેક્ષા રાખે છે.

→ તાલીમ અંગે જુદાં જુદાં પંચોની ભલામણોનો અમલ ખૂબ જ ધીમી ગતિએ થાય છે.

→ વ્યાવસાયિક તાલીમ માટે જ્યારે આ અજમાયશી સિવિલ સેવકો જિલ્લા સ્તરે કલેક્ટર પાસે અને પોલીસ અજમાયશીઓ જિલ્લા પોલીસ વડા પાસે મૂકાય છે ત્યારે અનક્રમે કલેક્ટર અને જિલ્લા પોલીસવડાની કામગીરીમાં એટલો વધારો થયેલ છે કે તેમની પાસે તાલીમ માટે મૂકાયેલ અધિકારી માટે તેઓ પૂરતો સમય આપી શકતા નથી.

→ તાલીમના અભ્યાસક્રમમાં પણ સમય સાથે પરિવર્તન થતું નથી તે થવું જોઈએ.

→ તાલીમમાં દેશના જુદા જુદા એકમ રાજ્યો અને વિદેશોના વહીવટનો તુલનાત્મક અભ્યાસ પણ ઉમેરાવો જોઈએ.

**સામાન્યજ્ઞ અને વિશેષજ્ઞ :**

→ ભારતના રાજ્યવહીવટ ઉપર બ્રિટિશ યુગનો પ્રભાવ છે એ બાબત સામાન્યજ્ઞ અને વિશેષજ્ઞ વચ્ચેના સંઘર્ષને પણ સ્પર્શે છે.

→ બ્રિટનની નોર્થકોટ ટ્રાવેલિયન સમિતિ 1854ના અહેવાલમાં જાહેર વહીવટી સેવામાં સામાન્યજ્ઞને ઉપલા સ્થાને મૂકવાની ભલામણ હતી.

→ પરિણામે ભારતની સિવિલ સેવામાં સામાન્યજ્ઞ ઉપલા સ્થાને રહે તેવી વ્યવસ્થા ઊભી થઈ.

→ સ્વતંત્ર ભારતમાં પણ આ પરિસ્થિતિ ચાલુ રહી છે જેમાંથી કેટલાક પ્રશ્નો ઉદ્‌ભવે છે.

→ **અર્થ (Meaning) :**

→ સામાન્ય રીતે સામાન્યજ્ઞ સિવિલ સેવક એ છે કે જેઓ કોઈ નિષ્ણાતી પૂર્વભૂમિકા ધરાવતા નથી.

→ પરંતુ તેઓ વહીવટી પ્રક્રિયા, કાયદા અને નિયમો ઉપર પ્રભુત્વ ધરાવતા હોવાથી વહીવટના કોઈ પણ ક્ષેત્રમાં મૂકાય છે.

→ તેઓ POSSDCoRB કાર્યો કાર્યક્ષમતાપૂર્વક કરી શકે છે. I.A.S. અને અન્ય આ પ્રકારના સિવિલ સેવકો છે.

→ જ્યારે વિશેષજ્ઞ સિવિલ સેવકો એ વિશેષ ક્ષેત્રનું જ્ઞાન ધરાવે છે અથવા વહીવટના વિશિષ્ટ ક્ષેત્રમાં નિપુણ હોય છે.

→ એન્જિનિયર, ડોક્ટર, આંકડાશાસ્ત્રી, એકાઉન્ટન્ટ આ પ્રકારમાં આવે છે.

→ પરંતુ કેટલાક વિચારકોના મતે સામાન્યજ્ઞ અને વિશેષજ્ઞ એ નિરપેક્ષ નહિ પરંતુ સાપેક્ષ અર્થ ધરાવે છે. જેમ કે એક સામાન્ય દર્દી માટે સામાન્યજ્ઞ ડોક્યર (M.B.B.S) પણ વિશેષજ્ઞ બની શકે છે.

→ પરંતુ આ જ ડોક્ટર આંખ, દાંત, હાડકાના સર્જન ડોક્ટરની તુલનામાં સામાન્યજ્ઞ બની જાય છે.

→ ભારતીય વહીવટી સુધારણા આયોગે વિશેષજ્ઞ સેવા માટે કાર્યાત્મક સેવા (Functional Services) શબ્દ વાપર્યો છે.

→ 1966-68માં બ્રિટનની જાહેર સેવા અંગેની ફૂલ્ટન સમિતિ સામાન્યજ્ઞ માટે વહીવટકાર (Administrator) અને વિશેષજ્ઞ માટે (Specialist) એ બે શબ્દો વાપરેલા.

**ભારતમાં સ્થિતિ :**

→ ભારતમાં બ્રિટિશ સમયની જેમ સ્વતંત્રતા બાદ પણ સિવિલ સેવામાં 'સામાન્યજ્ઞ' અધિકારીની સ્થિતિ ઉચ્ચ રહે છે.

→ નીતિઘડતર તથા નિર્ણયકર્તા પદો ઉપર કેન્દ્રીય અને એકમ રાજ્યોના સચિવાલયોમાં સામાન્યજ્ઞ અધિકારીઓનું વર્ચસ્વ છે.

→ અહીં ઉપસચિવ અને તેથી ઉપરનાં પદો ઉપર 'જનરાલિસ્ટ'ની જ નિમણૂક થાય છે.

→ સામાન્ય રીતે ક્ષેત્રીય પદો ઉપર વિશેષજ્ઞોની નિમણૂક થાય છે.

→ એવાં ઘણાં ઉદાહરણ છે જેમાં જુદાં જુદાં રાજ્યોમાં શિક્ષણ નિયામક, આરોગ્ય નિયામક, કૃષિનિયામક કે વન્ય નિયામક તરીકે આઇ.એ.એસ. અધિકારીઓની નિમણૂક થઈ હોય.

→ જિલ્લા સ્તર ઉપર પણ કલેક્ટર જે જિલ્લાના મુખ્ય અધિકારી છે તે આઇ.એ.એસ. હોય છે - સામાન્યજ્ઞ હોય છે.

→ જ્યારે તેમને આધીન વિવિધ ખાતાઓના વડા વિશેષજ્ઞ અધિકારી હોય છે.

→ પંચાયતીરાજ પણ આ પરિસ્થિતિથી મુક્ત નથી.

→ ડી.ડી.ઓ. (જિલ્લાપંચાયતના મુખ્ય કારોબારી અધિકારી) I.A.S. હોય છે અને તેમના વિભાગીય વડાઓની ટીમ વિશેષજ્ઞ હોય છે.

→ આ પરિસ્થિતિ વિશેષજ્ઞ અધિકારીઓમાં હતાશા અને દ્વેષની લાગણી પેદા કરે છે.

**⏩ વિશિષજ્ઞો શ્રેષ્ઠતાનાં કારણો :**

→ વિશિષજ્ઞો પોતાના સ્થાનને અન્યાય થઈ રહ્યો છે એમ માને છે. તેમના આ સ્થાનને સુધારવા - ઉચ્ચ બનાવવા માટે તેમના તર્ક છે કે –

→ વિશેષજ્ઞનું સામાન્યરી અંગે કહેવું છે કે, "Relling stone gather no more."

→ વહીવટ એક જટીલ તથા ટેક્નિકલ પ્રક્રિયા છે. તેથી વહીવટી કાર્યોને યોગ્ય અને કાર્યક્ષમપણે પાર પાડવા વિશેષજ્ઞના જ્ઞાનની જરૂર છે.

→ તેથી વિભાગીય વહીવટી વડાના સ્થાન તેમને મળવા જોઈએ.

→ સામાન્યજ્ઞ વહીવટીકારોએ બદલાયેલી પરિસ્થિતિમાં પોતાનાં વલણ અને વર્તન બદલવાં જોઈએ.

→ તેમણે વિશેષજ્ઞો સાથે ચર્ચાવિચારણા બાદ નિર્ણય લેવો જોઈએ.

→ આજે માહિતીનો વિસ્ફોટ થયેલો છે ત્યારે નિર્ણયઘટતરમાં વિશેષજ્ઞોની ભૂમિકા જ મુખ્ય હોઈ શકે છે.

→ રાજકીય કારાબોરી પ્રધાન પાસે સામાન્ય વહીવટની સૂઝ તો હોય જ તેથી તેમને જરૂરી છે વિશેષજ્ઞની સહાયની.

→ તેથી આ સંજોગોમાં વિશેષજ્ઞનું સ્થાન ઉચ્ચ બનવું જોઈએ.

**⏩ સામાન્યજ્ઞની શ્રેષ્ઠતા માટેનાં કારણો :**

→ જાહેર વહીવટ ઉપર પોતાની પરંપરાગત સર્વોચ્ચતા જળવાય તે માટે સામાન્યજ્ઞોનું કહેવું છે કે –

→ સામાન્યજ્ઞનું વિશેષજ્ઞ વિશે કહેવું છે કે, "Too much technical reading blurns the vision."

→ જ્યારે પ્રધાનને ખાતાના વહીવટ માટે કોઈ વિશિષ્ટ જ્ઞાનની નહીં પરંતુ વહીવટી કુશળતાની જરર છે ત્યારે સામાન્યજ્ઞ અધિકારી તો વહીવટી ક્ષેત્રે તાલીમબદ્ધ, મેઘાવી, કુશળ અને અનુભવી હોય છે.

→ તેથી તેમનું જ્ઞાન જ સિવિલ સેવામાં ઊંચું રહેવું જોઈએ.

→ સામાન્યજ્ઞોનું માનવું છે કે જાહેર વહીવટને ઉદારતા કે વ્યાપક દૃષ્ટિની જરૂર છે અને તે વિશેષજ્ઞ કરતાં સામાન્યજ્ઞ પાસે વધુ હોઈ શકે.

→ વહીવટ પણ એક નિષ્ણાત વ્યવસાય છે.

→ ખાનગીક્ષેત્રે તેઓને મેનેજમેન્ટ નિષ્ણાત જ કહે છે.

→ તેના સંચાલન માટે ઊંડું ચિંતન, તથ્યોનું વિશ્લેષણ, નેતૃત્વ, પહેલવૃત્તિ, નિર્ણયોનો અમલ કરવાની ક્ષમતા માંગે છે તે સામાન્યજ્ઞો પોતાની પાસે વધુ છે એમ તેમનું કહેવું છે.

→ જાહેર વહીટમાં સંકલન એ ખૂબ જ મહત્ત્વની બાબત છે તે પણ સામાન્યજ્ઞ જ વધુ યોગ્યપણે કરી શકે.

→ જાહેર વહીવટ ઐતિહાસિક રીતે વિસ્તારના વહીવટને સ્પર્શે છે.

→ તાલુકા, જિલ્લા, પ્રાંત, રાજ્યનો વહીવટ અને તે સામાન્ય જ આપી શકે.

→ ખાનગી ક્ષેત્રે M.B.A. ડિગ્રીધારી મેનેજરો પણ સામાન્યજ્ઞ જેવી જ કામગીરી બજાવે છે.

→ સામાન્યજ્ઞો અને વિશેષજ્ઞો વચ્ચેના આ તનાવભર્યા સંબંધોને સુમેળભર્યા બનાવવા કેવી પ્રથા અપનાવવામાં આવે તે તેના પર આધારિત છે.

(1) **અલગ-પદ-સોપાન :** આ પ્રથામાં સામાન્યજ્ઞ અને વિશેષજ્ઞની વેતનપ્રથા સમાન હોય છે.

→ તેમાં વિશેષજ્ઞઓને યોગ્ય સન્માનપૂર્ણ સ્થાન મળે છે.

→ ઓસ્ટ્રેલિયા, સ્વીડન અને જર્મનીમાં આ પ્રથા છે.

(2) **સમાન્તર પદ-સોપાન :** આ પદ્ધતિમાં વિશેષજ્ઞ અને સામાન્યજ્ઞને તેમના પોતાના કોટીક્રમ હોય છે જે એકબીજાની સમાન હોય છે.

→ સંકલનકર્તાનું કામ બંને વારાફરતી કરે છે.

(3) **સંયુક્ત પદ-સોપાન :** આ પ્રથામાં સામાન્યજ્ઞ વહીવટકાર અને વિશેષજ્ઞ ટેકનોક્રેટ તેમના સંયુક્ત વડા જે કાયમી સેક્રેટરી અને સામાન્યજ્ઞ હોય છે તેને અહેવાલ આપે છે.

→ પ્રધાનને પણ સામાન્યજ્ઞ અને વિશેષજ્ઞ સલાહ આપે છે.

(4) **એકીકૃત પદ-સોપાન :** આ પ્રથા તમામ સેવા અને કેડરોને સુગ્રથિત કરીને બનાવાય છે.

→ અહીં જાહેર સેવા માટે એક જ સ્પર્ધાત્મક ભરતી થાય છે.

→ પગાર અને સેવાની શરતો એક જ હોય છે.

→ 1973માં પાકિસ્તાને આ પ્રથાનો સ્વીકાર કરેલો.

→ પરંતુ મુખ્ય પ્રશ્ન ત્યાં જ અટકે છે કે અંતિમ નિર્ણય કોણ લે.

→ જે અંતિમ નિર્ણય લે તે જ સંગઠનનો વડો બને છે.

→ તેથી પગાર-ભથ્થાં કે અન્ય શરતો ઉપરાંત નિર્ણયની સત્તા જ મુખ્ય વિવાદનો પ્રશ્ન રહે છે.

→ ભારતની સિવિલ સેવામાં વિશેષજ્ઞો અને સામાન્યજ્ઞો વચ્ચેનો તનાવ દૂર કરવા વહીવટી સુધારણા સમિતિએ કેટલીક ખાસ ભલામણો કરેલી. I.A.S માં પણ કાર્યત્મક ક્ષેત્ર રાખવાની જરૂર છે.

→ સિનિયર મેનેજમેન્ટ કક્ષાની જગ્યાઓ કે જેમાં ખાસ ક્ષેત્રના જ્ઞાનની જરૂર છે તે જેણે ખાસ ક્ષેત્રની કાર્યાત્મક કેડરમાંથી જ ભરાવી જોઈએ.

→ પ્રત્યેક જગ્યાની જવાબદારી પ્રમાણે પગારમાળખું નક્કી થવું જોઈએ.

→ સામાન્યજ્ઞને જાહેર સાહસના ખંડ સમય કે પૂર્ણ સમયના સચિવ, અધ્યક્ષ કે મેનેજિંગ ડાયરેક્ટર કે ડાયરેક્ટર તરીકેની નિમણૂકની પ્રથા રદ થવી જોઈએ.

### ⏩ સિવિલ સેવકોના રાજકીય પ્રબંધક સાથેના સંબંધો :

→ ભારત સંસદીય લોકશાહીવાળો દેશ છે.

→ લોકશાહીમાં રાજકીય કારોબારી સ્વરૂપે અસ્થિર હોય છે કારણ કે તે લોકમતને આધારે હોય છે.

→ સંસદીય લોકશાહીમાં આ અસ્થિરતા વધવાની શક્યતા રહે છે કારણ કે કારોબારી ધારાસભાને જવાબદાર હોય છે.

→ પ્રધાનો વ્યક્તિગતરૂપે પોતાના ખાતા માટે અને સંયુક્ત રૂપે નીતિ અંગે ધારાસભ્યને જવાબદાર હોય છે.

→ આ સંજોગોમાં સરકાર ચલાવવા માટે બિનરાજકીય અને સ્થિર એવી સિવિલ સેવા પ્રધાનમંડળને ઉપયોગી સેવા પૂરી પાડે છે.

### ⏩ રાજકીય કારોબારીની ભૂમિકા :

→ પ્રધાનો પોતાના ખાતાના વડા હોય છે.

→ તેમણે નીતિવિષયક નિર્ણયો લેવાના હોય છે.

→ આ નિર્ણયોનો અમલ થાય છે કે કેમ તેનું નિરીક્ષણ પણ કરવાનું હોય છે.

→ પરંતુ પ્રધાનો પોતાના ખાતાના મહદ્અંશે નિષ્ણાત હોતા નથી.

→ તેઓ વહીવટી રીતે પણ સમસ્યાઓનું વિશ્લેષણ કરવા માટે અનુભવ અને લાયકાત ધરાવતા જ હોય તેવું નથી.

→ વળી વડાપ્રધાન પ્રધાનના ખાતા બદલી પણ શકે છે.

→ આ ઉપરાંત કેટલાક પ્રધાન પાસે એક કરતાં વધુ ખાતાં પણ હોય છે.

→ પ્રધાનોએ ખાતાકીય વહીવટ ઉપરાંત પોતાના રાજકીય પક્ષમાં પણ કેટલીક જવાબદારીઓ અદા કરવી પડે છે.

→ તેમણે લોકોને મળવું જરૂરી બને છે.

→ લોકોના પ્રશ્નો અંગે ધારાસભ્યમાં પણ પ્રશ્નોત્તરી થતાં ઉત્તર આપવા પડે છે.

### ⏩ સિવિલ સેવકોની ભૂમિકા :

→ સિવિલ સેવકો ચોક્કસ શૈક્ષણિક લાયકાત અને તાલીમ ધરાવતા હોય છે. તેમણે સિવિલ સેવામાં પોતાની ગુણવત્તાને આધારે પ્રવેશ મેળવ્યો હોય છે.

→ જાહેર વહીવટ માટે ચોક્કસ તાલીમ પણ લીધી હોય છે.

→ તેમને ખાતાનો લાંબો વહીવટી અનુભવ પણ હોય છે.

→ તેની લીધે તેઓ સમસ્યાઓનો ઝીણવટથી અભ્યાસ કરી શકે છે.

→ તેઓ પોતાના વ્યવસાયમાં કાયમી હોવાથી અને સ્વરૂપે બિનરાજકીય હોવાથી તેમને લોકમતની ચિંતા રહેતી નથી.

→ તેથી રાષ્ટ્રહિત માટે ચોક્કસ પરિસ્થિતિમાં કડવા નિર્ણયો પણ સૂચવી શકે છે.

### ⏩ સિવિલ સેવકો અને રાજકીય કારોબારી વચ્ચેના સલાહકારપૂર્ણ સંબંધ :

→ રાષ્ટ્રના વિકાસ માટે પ્રધાનો અને સિવિલ સેવકોના સંબંધો સહકારપૂર્ણ રહે તે જરૂરી બાબત છે.

→ પ્રધાનો રાજકારણમાં, લોકોના સંપર્કમાં અને સરકારના સંચાલનમાં વ્યસ્ત હોવાથી તેમને જાહેર વહીવટ માટે સિવિલ સેવકો ઉપર સ્વાભાવિક રીત આધારિત રહેવું પડે.

→ સિવિલ સેવકોએ પોતાના વહીવટી અને નિષ્ણાતી જ્ઞાન તથા અનુભવ સાથે રાજકીય કારોબારીને નીતિઘડતરમાં કોઈ પણ જાતના પૂર્વગ્રહ વગર સહયોગ આપવો એ તેમની બંધારણીય અને કાનૂની ફરજ છે.

→ ધારાસભામાં પ્રધાનોને ખાતા અંગે પૂછાયેલા પ્રશ્નોના ઉત્તરમાં ઝીલી વિગતો, આંકડાકીય માહિતી વગેરે તેઓ તૈયાર કરીને આપે છે.

→ તેઓ પ્રધાનોનો વહીવટી ગંભીરતા સમજાવી શકે છે, પ્રશ્નના ઉકલે માટે તથ્યો રજૂ કરે છે, નિર્ણયો માટે વિકલ્પો પૂરા પાડે છે.

→ આમ છતાં આખરી નિર્ણય પ્રધાને લેવાનો હોય છે.

→ લોકશાહીમાં નિર્ણયના યશ-અપયશની જવાબદારી પ્રધાનની ગણાય છે.

→ સિવિલ સેવકોની સેવા ખાનગી અનામી ગણાય છે.

→ સિવિલ સેવકો અને પ્રધાનો પરસ્પર વિશ્વાસથી કામ કરી શકે તે માટે જ રાજકીય તટસ્થતાની અપેક્ષા સિવિલ સેવકો માટે રાખે છે.

→ આ તટસ્થતા ત્રિપક્ષીય છે.

→ લોકોને વિશ્વાસ રહેવો જોઈએ કે સિવિલ સેવકો તેમને નિષ્પક્ષ સેવા આપશે.

→ સિવિલ સેવકોને વિશ્વાસ રહે કે પ્રધાનો તેમની બઢતી અને સેવાકીય શરતોમાં માત્ર ગુણવત્તાને જોશે અને પ્રધાનોને વિશ્વાસ રહેવો જોઈએ કે પક્ષીય વિચારસરણી, નીતિવિષયક નિર્ણયો અને કાર્યક્રમોના અમલ અંગે સિવિલ સેવકો તટસ્થતાપૂર્વક સહકાર આપશે.

→ આમ છતાં સાથે કામ કરવાને લીધે, કામના ભારણને લીધે, માનવસહજ રાગદ્વેષથી ક્યારેક પ્રધાનો અને સિવિલ સેવકો વચ્ચે કડવાશ ઊભી થતી જોવા મળે છે.

→ ક્યારેક આવા પ્રસંગે પરિસ્થિતિ ઉગ્ર બનતાં ક્યારેક સિવિલ સેવકે રાજીનામું આપ્યું હોય તો ક્યારેક પ્રધાને રાજીનામું આપ્યું હોય તેવા પ્રસંગો નોંધાયા છે.

→ આ બાબત દેશહિતમાં ન ગણાય.

→ પ્રધાનની પ્રશ્નોને સમજવાની દૃષ્ટિ વ્યાપક અને વર્તન ઉદાર હોવું જોઈએ.

→ તે સાથે સિવિલ સેવકે વહીવટી પ્રશ્નોને ઝીણવટથી સમજીને તેના ઉકેલ માટે પ્રધાનો માટે સૌમ્યતાપૂર્ણ અને નિષ્ઠાપૂર્વક વ્યવહાર બતાવવો જરૂરી છે.

**⏩ અમલદારશાહીનું ઘડતું કદઃ**

→ ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકરણની સાથે રાજ્યની વહીવટકર્તા તરીકેની પરંપરાગત ભૂમિકામાં હવે પરિવર્તન આવ્યું છે.

→ આ પરિવર્તન નવીન જાહેર સંચાલન તરીકે ઓળખાય છે.

→ તેમાં ડેવિડ એસ્બોર્ન અને ટેડ ગેમ્બલરના 'સરકારની પુનઃ શોધ' (રીન્યુઇંગ ગવર્નન્સ) ઉપર ચિંતન થઈ રહ્યું છે, તે પ્રમાણે જાહેર વહીવટના અસ્થિતંત્ર રૂપી અમલદારશાહીમાં પણ પરિવર્તન આવી રહ્યું છે.

→ આ ચિંતન મર્યાદિત (નાની) સમર્થન કરે છે.

→ તે માને છે કે મોટી સરકારનો સમય ગયો.

→ આ શાખાના ચિંતકોમાં મતભેદ છે.

→ પરંતુ તેઓ એ બાબતમાં સહમત છે કે રાજ્યની દખલગીરી ઇજારાશાહીને પ્રોત્સાહન આપે છે. તે અંદાજપત્રને મોટું કરે છે.

→ તે બિનજરૂરી સેવાઓનું ઉત્પાદન વધારે છે.

→ તે બગાડ તથા અછતને વધારે છે.

→ તેથી નવીન જાહેર સંચાલન પ્રમાણે ઘણા દેશોએ માળખાકીય અનુકૂલન કેળવ્યું છે.

→ કેટલાક દેશોએ રાજ્યની ભૂમિકા ઘટાડવા અમલારશાહીના કદ-સંખ્યામાં ઘટાડો કર્યો છે.

→ સરકારનાં કેટલાંક કાર્યોને કોન્ટ્રેક્ટ આધારિત કર્યા છે.

→ તેથી ઉત્પાદનખર્ચ ઘટ્યું છે.

→ સરકારની પ્રવૃત્તિ બજારલક્ષી અને પરિણામલક્ષી બની છે.

→ નવીન રાજ્ય સંચાલન માને છે કે પરંપરાગત રાજ્યવહીવટમાં અમલદારશાહીનો મોટા ભાગનો સમય સેવા પૂરી પાડવામાં જ પૂરો થઈ જાય છે.

→ તેથી અધીકૃત સિવિલ સેવાને સ્થાને નવું મોડેલ અપનાવવું જરૂરી છે.

→ તે પ્રમાણે નીતિઘડતરનું કામ સિનિયર સેવકોને સોંપવામાં આવે અને જાહેર સેવા પૂરા પાડવાનું કામ ખાનગી એકમોને સોંપવામાં આવે તેની તરફેણ કરે છે.

→ આમ અમલદારશાહીનું કદ ઘટે છે.

→ તે સ્થાન ખાનગી એકમો લે છે.

→ આ એકમો તેનો ઉપયોગ કરનારને ખર્ચે ચાલે છે. તે અર્ધબજારુ પદ્ધતિ એને ઠેકા ઉપર (કોન્ટ્રેક્ટ)ના કામનો ઉપયોગ કરતી હોવાથી હરીફાઈને પ્રોત્સાહન મળે છે અને જાહેર ખર્ચ ઘટે છે.

→ તે કાર્યદેખાવ સુધારવા એક બાજુ પ્રોત્સાહકો પૂરા પાડે છે અને બીજી બાજુ મેનેજરોને વધુ સત્તા આપે છે.

→ નવીન રાજ્ય સંચાલન પ્રમાણે રાજકીય કારોબારીની સાથે સાથે વહીવટી કારોબારી એટલે કે અમલદારશાહીનું કદ ઘટાડવા સુધારણાનાં પગલાં વિવિધ દેશોમાં લીધેલાં છે.

→ તે પ્રમાણે યુ.એસ.એ. બ્રિટન, ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયાએ આ દિશામાં પહેલ કરી છે. 1993માં રશિયામાં 25 % (નવ લાખ) સિવિલ સેવકોને નિવૃત્ત કરાયા.

→ દ.કોરિયામાં 1998 અને 199માં એમ બે વાર સિવિલ સેવકોને નિવૃત્તિ અપાઈ, જેમાં 14681ને નિવૃત્ત કરાયા જે 40 % જેટલા હતા.

→ ફિલિપાઈન્સમાં 1992 થી 1998ની વચ્ચે 1,00,753 ખાલી પડેલી જગ્યાઓ ભરવામાં ન આવી.

→ આ સુધારણા રોજગારીને ક્ષેત્રે મૂંઝવણ પેદા કરનારી જણાય તે સ્વાભાવિક છે.

→ પરંતુ તે રાજ્યની બદલાતી ભૂમિકા માટે જરૂરી છે.

•



# ૮. રાજ્ય, જિલ્લા અને સ્થાનિક વ્યવસ્થાતંત્ર

- **"આપણાં શહેરો ભારત નથી. ભારત તેનાં સાડા સાત લાખ ગામડાંઓમાં વસે છે."**
- **રાજ્યાપ, મુખ્ય મંત્રી, સચિવાલય, મુખ્ય સચિવ, નિયામકો, મહેસૂલ, કાયદો અને વ્યવસ્થા તથા વિકાલક્ષી વહીવટમાં જિલ્લા કલેક્ટરની ભૂમિકા, પંચાયતી રાજ, શહેરી સ્થાનિક સરકારની મુખ્ય વિશેષતાઓ, માળખું અને સમસ્યાક્ષેત્રો**

→ ભારતના બંધારણે ભારતને 'રાજ્યોના સંઘ' તરીકે ઓળખાયેલ છે.

→ 1956ના 7માં બંધારણીય સુધારાથી ભારતામં એકમ રાજ્યોની બે શ્રેણી અપાઈ છે : (અ) રાજ્ય અને (બ) સંઘ રાજ્યક્ષેત્ર.

→ હાલમાં ભારતાં 29 એકમ રાજ્યો અને 6 કેન્દ્રશાસિત પ્રદેશો છે.

→ ભારતમાં રાજ્યકક્ષાએ વહીવટીતંત્રની સ્થાપના ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ 1773માં મદ્રાસ, કલકત્તા અને મુંબઈના ત્રણ પ્રાંતોની સ્થાપના કરેલી ત્યારથી શરૂ થયેલ છે.

→ 1919 ને 1935ના ધારામાં રાજ્યોના વહીવટીતંત્રને વધુ ચોક્કસ સ્વરૂપ અપાયું હતું. સ્વતંત્ર ભારતના બંધારણના 6ઠ્ઠા ભાગમાં કલમ 153 થી 237 સુધી અને સાતમી અનુસૂચિતમાં રાજ્યવહીવટીતંત્ર માટે વિસ્તૃત જોગવાઈઓ કરાઈ છે.

→ બંધારણે રાજ્યવાદીના 66 અને સંયુક્ત યાદીના 47 વિષયો પર રાજ્યની ધારાસભાને કાયદા ઘડવાની સત્તા આપેલ છે.

**રાજ્યપાલ :**

→ રાજ્યના વહીવટતંત્ર માટે રાજ્યપાલનું સ્થાન અને ભૂમિકા ખૂબ જ મહત્ત્વનાં છે. ભારતના બંધારણના 6ઠ્ઠા ભાગમાં કલમ 152 થી 163ની વચ્ચે રાજ્યના રાજ્યપાલના સ્થાન અને સત્તાઓની જોગવાઈઓ કરેલી છે.

→ તેઓ સંઘ અને રાજ્યોને પરસ્પર જોડનારી કડી છે.

→ તેઓ રાજ્યના મુખ્ય વહીવટી વડા છે.

→ પરંતુ રાષ્ટ્રપતિની જેમ તેમનું સ્થાન બંધારણીય છે.

→ રાજ્યમાં તેઓ કેન્દ્રસરકારના પ્રતિનિધિ ગણાય છે.

→ આમ તેમની ભૂમિકા બેવડી છે.

**નિમણૂક અને શરતો :**

→ ભારતના રાષ્ટ્રપતિ તેમની નિમણૂક કરે છે.

→ તેમના હોદ્દાની મુદ્દત પાંચ વર્ષની હોય છે છતાં રાષ્ટ્રપતિની મરજી હોય ત્યાં સુધી જ તેઓ હોદ્દો ભોગવી શકે છે.

→ સામાન્ય રીતે પ્રત્યેક રાજ્ય માટે એક જ રાજ્યપાલ હોય છે.

→ છતાં રાષ્ટ્રપતિને જરૂર જણાય તો એક જ વ્યક્તિની બે કે તેથી વધુ રાજ્ય માટે રાજ્યપાલપદે નિમણૂક કરી શકે છે.

→ રાજ્યના રાજકારણથી પર રહી શકે તે માટે સામાન્ય રીતે તેઓ બીજા રાજ્યની વ્યક્તિ હોય છે.

→ તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.

→ તેમણે 35 વર્ષ પૂરા કરેલા હોય તે જરૂરી છે.

→ તેઓ સંસદ કે રાજ્ય ધારાસભાના સભ્યપદે અથવા અન્ય પગાર સાથેની નોકરી ન કરી શકે.

→ તેમના પગાર, ભથ્થાં અને અન્ય લાભો પસંદ નક્કી કરે છે.

**સત્તા અને કાર્યો :**

→ રાજ્યના રાજ્યપાલ ભારતના રાષ્ટ્રપતિની જેમ કારોબારી વિષયક, ધારાકીય, નાણાકીય અને ન્યાયવિષયક સત્તાઓ ધરાવે છે.

→ રાજ્યનો સમગ્ર વહીવટ તેમના નામે ચાલતો હોવા છતાં વાસ્તવમાં તેમને નામે સત્તા તથા કાર્યો પ્રધાનમંડળ પાસે રહે છે.

**(1) કારોબારી વિષયક સત્તાઓ :**

→ તેઓ રાજ્ય વિધાનસભાનાં બહુમતી ધરાવતા પક્ષ કે જોડાણના નેતાને મુખ્ય પ્રધાન તરીકે નીમે છે અને તેમની સલાહ પ્રમાણે અન્ય પ્રધાનોને નિમણૂક આપે છે.

→ તેઓ રાજ્યના એડવોકેટ જનરલ, ચૂંટણી કમિશનર, રાજ્ય જાહેર સેવા આયોગના અધ્યક્ષ અને સભ્યો, વિધાન પરિષદમાં સમાજનાં વિવિધ ક્ષેત્રોમાં સેવા આપનાર 1/6 સભ્યોની નિમણૂક કરે છે.

→ વહીવટને લગતા તમામ હુકમો તેમના નામે થાય છે.

→ રાજયમાં બંધારણ પ્રમાણે શાસન ચાલે તેમ નથી તેવું તેમને જણાય તો તેઓ રાષ્ટ્રપતિને અહેવાલ મોકલી શકે છે.

→ રાષ્ટ્રપતિ કટોકટી જાહેર કરે તો તેમના પ્રતિનિધિ તરીકે રાજ્યનો કારોબાર ચલાવે છે.

**(2) ધારાકીય સત્તાઓ :**

→ રાજ્યપાલ ધારાસભાના ભાગ ગણાય છે.

→ તેઓ ધારાસભાની બેઠક બોલાવી શકે, મુલતવી રાખી શકે અને બરખાસ્ત કરી શકે તેવી સત્તા ધરાવે છે.

→ ધારાસભાનો કોઈ પણ ખરડો તેમની સહી પછી જ કાયદો બને છે.

→ તેઓને જરૂર જણાય તો ખરડો પુનર્વિચારણા માટે ધારાસભાને પાછો મોકલી શકે અથવા રાષ્ટ્રપતિની સલાહ માટે અટકાવી શકે છે.

→ ધારાસભાની બેઠક ચાલુ ન હોય ત્યારે જરૂર પડે તો વટહુકમ બહાર પાડી શકે છે.

→ જોકે ધારાસભાની બેઠક જ્યારે મળે છે ત્યારે છ અઠવાડિયામાં વટહુકમ મંજૂર કરાવવો પડે છે.

→ કેટલીક બાબતોના વટહુકમ રાષ્ટ્રપતિની મંજૂરી બાદ જ તેઓ બહાર પાડી શકે છે.

→ તેઓ વટહુકમને પાછો પણ ખેંચી શકે છે.

→ તેઓ પ્રત્યેક વર્ષે ધારાસભાની પ્રથમ બેઠકને સંબોધે છે.

→ તેઓ જરૂર જણાય ત્યારે ધારાસભાને સંદેશો મોકલી શકે છે.

→ તેઓ રાજ્ય નાણાંપંચ, જાહેર સેવા આયોગ, કોમ્પ્ટ્રોલર અને એડિટર જનરલના (રાજ્યને લગતા) અહેવાલ ધારાસભા સમક્ષ વિચારણા માટે મૂકાવે છે.

**(3) નાણાકીય સત્તાઓ :**

→ તેઓ વાર્ષિક અંદાજપત્રક વિભાનસભામાં નાણાપ્રધાન દ્વાર રજૂ કરાવે છે.

→ ગૃહમાં કોઈ પણ નાણાકીય ખરડો અથવા ખર્ચની માંગણી તેમની સંમતિ પછી જ રજૂ થઈ શકે છે.

→ આકસ્મિક ખર્ચ માટે તેમની મંજૂરીથી સંચિતનિધિમાંથી નાણાં ઉપાડી શકાય છે.

→ પંચાયતીરાજ અને શહેરી સ્થાનિક સરકારો માટે તેઓ પ્રત્યેક પાંચ વર્ષે નાણાપંચની નિમણૂક કરે છે.

**(4) ન્યાયવિષયક સત્તાો :**

→ રાજ્યની વડી અદાલતના ન્યાયાધીશોની નિમણૂક કરતી વખતે રાષ્ટ્રપતિ તેમની સલાહ લે છે.

→ તેઓ વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ સાથે ચર્ચા કરીને જિલ્લા અદાલતોના ન્યાયાધીશોની નિમણૂક, બદલી, બઢતી કરે છે.

→ રાજ્યના સીમા વિસ્તારમાં અદાલત દ્વારા કરાયેલ સજાનો અમલ તેઓ અટકાવી શકે છે.

→ માફ કરી શકે છે.

→ તેઓ મૃત્યુની કે લશ્કરી અદાલતની સજાને માફ કરી શકતા નથી.

**⏩ રાજયપાલનું**

→ કેન્દ્રની જેમ એકમ રાજ્યોમાં પણ સંસદીય પ્રથાને લીધે રાજ્યપાલનું સ્થાન પણ રાષ્ટ્રપતિની

**બંધારણીય સ્થાન :** જેમ બંધારણીય છે. તેથી તેઓ નામના વડા બની રહે છે.

→ વાસ્તવિક સત્તા મુખ્યમંત્રી સહિતનું પ્રધાનમંડળ ભોગવે છે.

→ આમ છતાં રાજ્યપાલ સ્વવિવેકની સત્તા ધરાવે છે.

→ તેઓ ધારાસભાના ખરડાને રાષ્ટ્રપતિની મંજૂરી માટે રોકી શક છે.

→ ધારાસભામાં કોઈ પક્ષની બહુમતી ન હોય ત્યારે મુખ્ય પ્રધાન પસંદ કરવામાં ભાગ ભજવ્યો હોય તેવાં ઉદાહરણો છે.

→ રાજ્યમાં સરકાર બંધારણ પ્રમાણે ચાલે છે કે નહિ તેવો અહેવાલ તેઓ રાષ્ટ્રપતિને મોકલીને કલમ 356 નીચે રાષ્ટ્રપતિશાસન દાખલ કરી શકે છે.

→ આ કલમનો દુરુપયોગ પક્ષીય પૂર્વગ્રહવાળી ભૂમિકાવાળા રાજ્યપાલોએ કર્યો હોય તેવા ઘણા આક્ષેપો છે.

→ દા.ત. 1996માં ગુજરાતમાં રાજ્યપાલ સ્વ. કૃષ્ણપાલસિંહની ભૂમિકા અંગે મોટો વિવાદ હતો.

→ રાષ્ટ્રપતિશાસન રાજ્યમાં હોય ત્યારે રાજ્યપાલ રાષ્ટ્રપતિના પ્રતિનિધ તરીકે વાસ્તવિક કારોબાર ચલાવે છે.

→ સરકારિયા પંચે તો રાજ્યપાલનું સ્થાન તટસ્થ વ્યક્તિઓને સોંપાય તેવી ખાસ ભલામણ કરેલી.

⏩ **મુખ્યમંત્રી :** → ભારતના બંધારણની કલમ 163 પ્રમાણે મુખ્યમંત્રી રાજ્યના વાસ્તવિક વડા છે.

→ તે વિધાનસભામાં બહુમતી પક્ષ કે જોડાણના નેતા હોવાથી ગૃહના પણ નેતા છે.

→ તે સરકારના વડા છે અને સંઘમાં રાજ્યનું પ્રતિનિધિત્વ કરે છે.

⏩ **નિમણૂક :** → વિધાનસભામાં બહુમતી પક્ષના કે જોડાણના નેતાની રાજ્યપાલ મુખ્યમંત્રી તરીકે નિમણૂક કરે છે.

→ તેમની સલાહ પ્રમાણે રાજ્યપાલ અન્ય પ્રધાનોની નિમણૂક કરે છે.

→ તેઓ રાજ્યપાલની મરજી હોય ત્યાં સુધી સત્તા પર રહી શકે છે.

→ પ્રધાનો વ્યક્તિગત અને સંયુક્ત રીતે વિધાનસભાનને જવાબદાર હોય છે.

→ મુખ્યમંત્રી સહિત કોઈ પણ પ્રધાન જો ચૂંટાયેલ ન હોય તો તેમણે છ માસમાં ધારાસભામાં ચૂંટાવું જરૂરી છે.

→ તેમ ન થાય તો તેમણે રાજીનામું આપવું પડે છે.

→ તેમના પગાર અને ભથ્થા ધારાસભા નક્કી કરે તે પ્રમાણે હોય છે.

⏩ **સત્તા અને કાર્યો :** → મુખ્ય પ્રધાન રાજ્યના વાસ્તવિક વડા છે. તેઓ નીચે પ્રમાણે સત્તાઓ ભોગવે છે અને કાર્યો કરે છે.

**(અ) પ્રધાનમંડળના સંબંધમાં :** → મુખ્યમંત્રી કારોબારીના વડા છે.

→ તેમની સલાહથી રાજ્યપાલ પ્રધાનોની નિમણૂક કરે છે.

→ તેઓ પ્રધાનોને ખાતાની વહેંચણી કરે છે.

→ તેઓ પ્રધાનમંડળની બેઠકનું નેતૃત્વ કરે છે, ચર્ચાને દિશા આપે છે અને નિર્ણયો લેવડાવે છે.

→ તેમને જરૂર જણાય તો પ્રધાનનું ખાતું બદલી શકે છે, પ્રધાનને રાજીનામું આપવાનું કહી શકે છે.

→ જરૂર પડે રાજ્યપાલને કોઈ પ્રધાનને બરતરફ કરવાની સલાહ આપી શકે છે.

→ તેઓ સરકારની કામગીરી ઉપર નિરીક્ષણ અને નિયંત્રણ રાખે છે.

**(બ) ધારાસભા સાથે :** → મુખ્ય પ્રધાન પ્રથમ ગૃહના નેતા ગણાય છે.

→ તેઓ ધારાસભાની બેઠક બોલાવવા અને મુલતવી રાખવાની રાજ્યપાલને સલાહ આપે છે.

→ તેઓ ગૃહમાં સરકારની નીતિની જાહેરાત કરે છે અને જરૂર પડે તેનો બચાવ કરે છે.

→ ધારાસભાનું પ્રથમ ગૃહ વિધાનસભા તેની મુદ્દત પહેલાં પરિસ્થિતિ ઊભી થાય તો વિખેરી નાંખવાની સલાહ તેઓ રાજ્યપાલને આપી શકે છે.

**રાજ્યપાલના સંબંધમાં :**

→ રાજ્યપાલના નામે મૂકાયેલી બંધારણીય સત્તાઓનો વાસ્તવિક ઉપયોગ તેઓ કરે છે.

→ તેઓ સરકારની કામગીરીથી રાજ્યપાલને માહિતગાર કરે છે.

→ પ્રધાનમંડળની બેઠક ચાલુ હોય ત્યારે કોઈ બાબત અંગે રાજ્યપાલના સંદેશાને વિચારણામાં લે છે.

→ રાજ્યમાં એડવોકેટ જનરલ, રાજ્ય ચૂંટણી કમિશનર, જાહેર સેવા પંચના અધ્યક્ષ અને સભ્યો, પંચાયતીરાજ અને શહેરી સ્થાનિક સરકારો માટે ચૂંટણીપંચ અને નાણાપંચની રચના માટે તેઓ રાજ્યપાલને સલાહ આપે છે.

→ મુખ્ય પ્રધાન રાજ્યના વહીવટીતંત્રના સુકાની છે.

→ તેમની કુનેહ, દીર્ઘદૃષ્ટિ અને રાજ્યપાલ સાથેના સહકારભર્યા વલણ ઉપર રાજ્યના વિકાસનો મોટો આધાર છે.

→ એકપક્ષપ્રભાવપ્રથા હતી ત્યારે મુખ્ય પ્રધાનો કેન્દ્રમાં કહ્યાગરા ઘણી વાર હતા જ્યારે 1989 પછી કેન્દ્રમાં જોડાણ સરકારોના સમયમાં પ્રાદેશિક પક્ષોની રાજ્ય સરકારોના કેટલાક મુખ્ય પ્રધાનો કેન્દ્ર સાથે રાજ્યના વિકાસ માટે મોટી સોદાબાજી કરે છે.

**રાજ્ય સચિવાલય :**

→ રાજ્યના રોજબરોજના કારોબારનું કેન્દ્રબિન્દુ સચિવાલય છે.

→ રાજ્ય સચિવાલય રાજ્યની રાજધાનીમાં હોય છે.

→ ગુજરાતનું સચિવાલય ગાંધીનગરમાં છે.

→ સંસદીય લોકશાહીમાં કેન્દ્રની જેમ રાજ્યકક્ષાએ પણ પ્રધાનમંડળની કામગીરીમાં સચિવાલયની ભૂમિકા મહત્ત્વપર્ણ હોય છે.

**સચિવાલયનું સંગઠન :**

→ આજે પણ રાજ્યકક્ષાએ સચિવાલયની રચના અને તેની કામગીરીની પ્રક્રિયા ઉપર બ્રિટિશ શાસનતંત્રની કેટલીક અસરો છે.

→ બંધારણની કલમ 154 પ્રમાણે રાજ્યની કારોબારી સત્તા રાજ્યપાલ પાસે છે અને તેઓ આ સત્તાનો ઉપયોગ પોતે અથવા પોતાને આધીન અધિકારીઓ દ્વારા કરી શકે છે.

→ રાજ્યપાલની સહાયમાં રહેલ પ્રધાનમંડળના પ્રત્યેક ખાતાના અધ્યક્ષ પ્રધાન હોય છે.

→ તેમની સહાયમાં ખાતાના વહીવટી વડા સચિવ હોય છે.

→ જોકે આ સચિવ વહીવટની પરિભાષામાં ખાતાના નહિ પરંતુ સરકારના સચિવ ગણાય છે.

→ સચિવની સહાયમાં ખાસ કે વધારાના સચિવ તેમના પછી સંયુક્ત, નાયબ સચિવ, સહાયક સચિવ હોય છે. તેમને સહાય કરવા કાર્યાલયમાં અધીક્ષક, નાયબ અધીક્ષક, હેડક્લાર્ક, ક્લાર્ક - ટાઇપિસ્ટ અને ચોથા વર્ગના કર્મચારીઓ હોય છે.

→ રાજ્યનો વિસ્તાર, વસ્તી અને વિકાસ પ્રમાણે સચિવાલયના વિભાગોમાં વધઘટ થઈ શકે છે.

→ આ સચિવાલય એ કાયમી કારોબારી છે.

→ તે સ્થિર છે.

→ પ્રધાનો બદલાય પરંતુ સચિવાલયની વ્યવસ્થા અને વહીવટી પ્રક્રિયા ગોઠવાયેલી રહે છે.

**સચિવાલયના કાર્યો :**

→ રાજ્યસચિવાલય રાજ્યવાદીમાં જણાવાયેલ, સંયુક્ત યાદી ઉપર રાજયે ઘડેલ કાયદા અને હાથ ધરેલ પ્રવૃત્તિ જેમકે ગુજરાતમાં દારૂબંધી ઉપરાંત કેન્દ્રીય નિયમો અને કાયદાઓના અમલ માટે વહીવટી કામગીરી કરે છે.

→ સચિવાલય પ્રધાનમંડળને નીતિઘડતરમાં અને નિર્ણય લેવામાં મદદ કરે છે.

→ સચિવાલયનું મુખ્ય કામ સલાહકારી છે.

→ તે પ્રધાનો સમક્ષ વિવિધ ખાતાકીય પ્રશ્નોના ઉકલ માટે તથ્યોનું વિશ્લેષણ કરીને વિકલ્પો સૂચવે છે.

→ તે વિવિધ ખાતાની કામગીરીની પ્રવૃત્તિઓનું નિરીક્ષણ અને નિયંત્રણ કરે છે.

→ તે વિવિધ ખાતાઓની પ્રવૃત્તિઓનું સંકલન કરે છે.

→ આયોજન અને નાણાકીય કાર્યો માટે નિર્ણય લેવામાં સહાયભૂત બને છે.

→ કેન્દ્ર તથા રાજ્યના સંબંધો માટે સંચારવ્યવસ્થા જેવું કાર્ય કર છે.

→ કાર્મિક વહીવટ માટે નીતિ ઘડે છે.

→ આમ રાજ્ય સચિવાલય બહુમુખી કામગીરી કરે છે.

**મુખ્ય સચિવ :**

→ સ્વતંત્ર ભારતમાં એકમ રાજ્ય કક્ષાએ સચિવાલયના વહીવટીતંત્રની ટોચ ઉપર મુખ્ય સચિવનું સ્થાન છે. વાસ્તવમાં સ્વંત્રતા પહેલાં 1799માં લોર્ડ વેલેસ્લીના સમયમાં કેન્દ્રકક્ષાએ આ સ્થાનની જોગવાઈ થઈ હતી.

→ સ્વતંત્રતા બાદ આ સ્થાન કેન્દ્ર સ્તરેથી ખસીને રાજ્યસ્તરે આવ્યું છે.

**મુખ્ય સચિવનું સ્થાન :**

→ મુખ્ય સચિવ રાજ્ય સચિવાલયના વહીવટી વડા તો છે જ પરંતુ રાજ્યના સમગ્ર વહીવટીતંત્રના પણ વડા છે.

→ રાજ્ય સચિવાલય અને રાજ્યના સમગ્ર વહીવટીતંત્રને પ્રેરણા આપવામાં, કાર્યક્ષમ બનાવવામાં સ્થાન મહત્ત્વનું રહે છે.

→ તેમના સ્થાનનું આ મહત્ત્વ જોતાં વહીવટ સુધારણા આયોગે તેના અહેવાલમાં સ્પષ્ટ જણાવ્યું છે કે મુખ્ય સચિવ પદે નિમાનાર વ્યક્તિ વહીવટનો લાંબો અનુભવ ધરાવનારી, પ્રામાણિક, નિષ્પક્ષ અને કાર્યક્ષમ હોવી જોઈએ.

→ જોકે મુખ્ય સચિવની નિમણૂક વખતે વ્યવહારમાં લૂંટપદ્ધતિ (spoil system)ની જેમ રાજકારણની અસર પડે છે.

→ તેમ છતાં વહીવટી રીતે કાર્યક્ષમ રાજ્યો જેવાં કે ગુજરાત, મહારાષ્ટ્ર વગેરે રાજ્યોમાં સિનિયોરિટી કમ મેરિટને જ મહત્ત્વ અપાય છે.

→ જ્યારે કેટલાંક રાજ્યોમાં મુખ્ય પ્રધાન પોતાના અને પક્ષના વિચારોની દૃષ્ટિએ વિશ્વાસપાત્ર વ્યક્તિની નિમણૂક આપવા કાળજી લે છે.

→ આમ છતાં ઘણાં રાજ્યોનો અનુભવ છે કે મુખ્ય સચિવપદે રહેનાર અધિકારીઓ કાર્યક્ષમ અને પ્રજાભિમુખ વહીવટ આપનાર નીવડ્યા છે.

→ તેઓ રાજ્ય વહીવટી વ્યવસ્થાને નેતૃત્વ આપે છે.

→ તે અન્ય એકમ રાજ્યો અને કેન્દ્ર સાથે કડીરૂપ સ્થાન ધરાવે છે.

**મુખ્ય સચિવનાં કાર્યો :**

→ મુખ્ય સચિવને તેમના સ્થાનને અનુરૂપ વિશાળ સત્તાઓ અને જવાબદારીઓ છે.

→ તેઓ મુખ્ય સચિવ હોવાને નાતે મુખ્યમંત્રીને મુખ્ય સલાહકાર તરીકે નીતિઘડતરમાં અને નિર્ણયો લેવા માટે જરૂરી તથ્યો, આંકડાઓ અને વિકલ્પો પૂરા પાડી તેમની સાથે બંધ બારણે (Confidential) ચર્ચા પણ કરે છે.

→ રાજ્યમાં શાંતિ અને સલામતી માટે રાજ્યના વહીવટીતંત્ર, પોલીસતંત્ર ઉપર નિરીક્ષ અને નિયંત્રણ રાખે છે.

→ તેઓ સચિવાલય, પ્રધાનોના ખાતા અને સમગ્ર રાજ્યના વહીવટીતંત્રનું નિરીક્ષણ, સંકલન અને નિંયંત્રણ કરે છે.

→ રાજ્યમાં સરકારી નિમણૂકો, બદલીઓ, બઢતીઓ, તપાસ માટે જરૂરી આદેશ આપે છે.

→ મુખ્ય સચિવની હેસિયતથી વહીવતંત્રને માર્ગદર્શન, પ્રેરણા અને નિયંત્રણ પૂરા પાડે છે.

→ આ મુખ્ય સચિવનું સ્થાન અને ભૂમિકા બહુમુખી છે.

→ રાજયની શાંતિ, સલામતી અને વિકાસ માટે તેમનું યોગદાન મોટું હોય છે.

**નિયામકશ્રીની કચેરી :**

→ રાજ્ય વહીવટીતંત્રમાં નિયામકશ્રીની કચેરીનું સ્થાન રાજ્યના સચિવાલય પછીના ક્રમે આવે છે.

→ સચિવાલય સલાહકારી એકમ છે જ્યારે નિયામકશ્રીની કચેરી એ લાઇન એકમ છે.

→ આમ સચિવાલય નીતિઘડતરનું કામ કરે છે, નિર્ણયો લેવડાવવાનું - લેવાનું કામ કરે છે જ્યારે નિયામકશ્રીની કચેરી નીતિનો - નિર્ણયનો અમલ કરવાનું કામ કરે છે. નિયામકશ્રીની કચેરીઓને વહીવટી ખાતા તરીકે પણ આપણે ઓળખી શકીએ.

→ આ નિયામકશ્રીની કચેરીમાં નિયામક, નાયબ નિયામક, સહાયક નિયામક હોય છે.

→ નિયામકશ્રીની કચેરી - વહીવટી ખાતાના વડાને કેટલીક વાર કમિશનર, રજિસ્ટ્રાર, ઇન્સ્પેક્ટર જનરલ, મુખ્ય ઇજનેર જેવા નામે પણ ઓળખવામાં આવે છે.

**નિયામકશ્રીનાં કાર્યો :**

→ રાજ્યના જાહેર વહીવટમાં ઉચ્ચ શિક્ષણ, પશુપાલન, નાની બચત, કૃષિ જેવાં ઘણાં વિવિધ પાસાંઓની કાર્યક્ષમતા વધારવા તેની ટોચ ઉપર નિયામકશ્રીની કચેરી હોય છે.

→ આ જુદા જુદા વિશિષ્ટ ખાતાઓના નિયામકોનાં કેટલાંક કાર્યો પણ વિશિષ્ટ સ્વરૂપનાં હોય છે.

→ ખાતાના વડાની કામગીરીમાં લાઇન અને સ્ટાફ બંનેનાં તત્વો વિશિષ્ટ રીતે સમાવિષ્ટ છે.

→ મહદ્અંશે લાઇન એજન્સી-(અલીકરણ)ની કામગીરી છે પરંતુ તેની કામગીરી વાસ્તવમાં સચિવાલય અને ક્ષેત્રીય કચેરી વચ્ચે સેતુરૂપ છે. તે ક્ષેત્રીય કચેરી દ્વારા થતી અમલીકરણની કામગીરી અંગે સૂચના, માર્ગદર્શન અને દેખરેખની કાર્યવાહી કરી તેનું વિશ્લેષણ કરી સરકારશ્રીને નીતિઘડતરમાં સલાહ અને માહિતી પૂરી પાડવાની ખૂબ અગત્યની કામગીરી બજાવે છે.

→ અગાઉ ખાતાના વડાની કચેરીનો હેતુ મર્યાદિત પ્રમાણમાં હતો.

→ પરંતુ જેમ જેમ ક્ષેત્રીય કચેરીની કામગીરીનો વ્યાપ અને કર્મચારીગણની સંખ્યા વધતી ગઇ તેમ તેમ આ કચેરીઓના સંકલન, માર્ગદર્શન, દેખરેખ વગેરે સીધા સચિવાલયથી કરવાં મુશ્કેલ બનતાં ગયાં અને તેથી ખાતાના વડાની કચેરીઓ વધવા પામી.

→ હાલના સમયમાં ખાતાના વડાં માત્ર અમલીકરણ જ નહીં પરંતુ સરકારને સંકલન-માહિતી અને સલાહ પૂરી પાડવાની ખૂબ મહત્ત્વની કામગીરી બજાવે છે અને તે રીતે લાઇન ને સ્ટાફ બંનેની કામગીરીનો સુભગ સમન્વય આ કચેરી મારફત જાહેર વહીવટમાં હવે ખૂબ અગત્યનું સ્થાન ધરાવે છે.

→ ખાતાનું અંદાજપત્ર તૈયાર કરવું.

→ અનુદાનની ફાળળણી કરવી.

→ ગૌણ કર્મચારીઓ ઉપર નિરીક્ષણ, તપાસ, નિયંત્રણ, શિસ્તંભગનાં પગલાં

→ ખાતાકીય તાલીમનું આયોજન

→ કર્મચારીઓની બઢતી અને બદલી માટે ભલામણ જેવાં અનેક કાર્યો નિયામકશ્રીની કચેરી કરે છે જેનાથી વહીવટીતંત્ર ચેતનવંતુ રહે છે, રાજકીય પ્રબંધકોને વિશેષજ્ઞની સલાહ અને સહકાર મળતાં વહીવટીતંત્ર નક્કી કરેલ ધ્યેયોને સમયસર સિદ્ધ કરે છે.

→ ખાતામાં શ્રેષ્ઠ દેખાવ કરનારને પુરસ્કારની તે વ્યવસ્થા કરે છે, જેથી કર્મચારીઓને પ્રેરણા મળે છે, તેમનો કાર્યોત્સાહ વધે છે. આ સાથે અયોગ્ય કામ કરનાર સામે શિસ્તભંગનાં પગલાં લેતાં વહીવટતંત્ર સ્વચ્છ અને કાર્યક્ષમ રહે છે.

→ આદેશનો અમલ ત્વરિત થતો રહે છે.

## ⏩ જિલ્લા કલેક્ટર :

**(મહેસૂલ, કાયદો અને વ્યવસ્થા તથા વિકાસલક્ષી વહીવટમાં જિલ્લા કલેક્ટરની ભૂમિકા)**

→ ભારતમાં જિલ્લા વહીવટીતંત્રનો ઉલ્લેખ 'મનુસ્મૃતિ' જેવા પ્રાચીનગ્રંથોમાં થયેલો છે. મૌર્યકાલીન વહીવટીતંત્રમાં જિલ્લા વહીવટતંત્રને વધુ સુદ્રઢ બનાવાયું તેના મુખ્ય અધિકારી 'રાજુકા' અનેકવિધ જવાબદારીઓમાં મહેસૂલ એકત્ર કરવાની જવાબદારી પણ અદા કરતો, મોગલયુગમાં જિલ્લાને 'સરકાર' તથા તેના વહીવટકર્તાને 'મનસબદાર' તરીકે ઓળખાતો.

→ બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના શાસનમાં ઇ.સ. 1772માં ગવર્નર જનરલ વોર્ન હેસ્ટિંગ્સના સમયમાં જિલ્લાની વહીવટી જવાબદારી માટે કલેક્ટરના કાર્યાલયની શરૂઆત થઈ.

→ 1787માં કલેક્ટરને મહેસૂલ ઉપરાંત નાગરિક ન્યાય અને ફોજદારી અદાલતની જવાબદારી અપાઈ.

→ 1833માં વિલિયમ બેન્ટિકન સમયમાં, 1880માં ફ્રેમીન કમિશન દ્વારા, 1935માં ભારત સરકાર અધિનિયમ દ્વારા કલેક્ટરના સ્થાનને વધુ મજબૂત બનાવાયું. જિલ્લા માટે અંગ્રેજીમાં વપરાતો District શબ્દ લેટિન ભાષાના Districtus ઉપરથી ઊતરી આવ્યો છે, જેનો અર્થ 'ન્યાયી વહીવટના ઉદ્દેશ્યથી બનાવાયેલા પ્રદેશ' એવો થાય છે.

→ ઓક્સફર્ડ શબ્દકોષ પ્રમાણે જિલ્લો એ 'એવો પ્રદેશ છે જે ખાસ વહીવટી ઉદ્દેશ્ય માટે નક્કી કરાયો હોય છે.'

→ ભારતના બંધારણમાં કેન્દ્ર અને એકમ રાજ્યના વહીવટીતંત્રની જ જોગવાઈ છે.

→ જિલ્લા વહીવટીતંત્રને સ્થાનીય વહીવટી સરળતા પ્રમાણે નક્કી કરવાનું રાખ્યું છે. 'જિલ્લા' શબ્દનો ઉપયોગ બંધારણમાં માત્ર 133 કલમમાં જિલ્લા ન્યાયાધીશોની નિમણૂકના સંદર્ભમાં કરાયો છે.

## ⏩ જિલ્લા કલેક્ટરનું સ્થાન :

→ સ્વતંત્ર ભારતમાં કલેક્ટર એ જિલ્લાના વહીવટીતંત્રના વડા છે અને રાજ્ય સરકારના જિલ્લાકક્ષાએ અધિકૃત પ્રતિનિધિનું સ્થાન ધરાવે છે.

→ સ્વતંત્રતા પછી તેમના સ્થાનમાં કેટલુંક પરિવર્તન આવ્યું છે.

→ લોકશાહી વ્યવસ્થામાં તે લોકોના સેવક છે.

→ ન્યાયતંત્રની સ્વતંત્રતાને લીધે કલેક્ટરને બ્રિટિશ સમયના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટના સ્થાને હવે એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટનું સ્થાન ચાલુ છે. 'પોલીસ' રાજ્યને સ્થાને કલ્યાણ રાજ્યને આદર્શને લીધે તેમને કાયદો અને વ્યવસ્થાની જવાબદારી સાથે વિકાસ કાર્યોની જવાબદારી પણ સોંપાઈ હતી.

→ મોટાં શહેરોમાં કાયદો અને વ્યવસ્થા માટે પોલીસ કમિશનરના કાર્યાલયને અલગ સત્તા ફાળવાઈ છે.

→ પંચાયતીરાજના 1992ના 73માં બંધારણીય સુધારા પછી વિકાસલક્ષી વહીવટમાં સ્થાનિક સંસ્થાો જેવી કે પંચાયત, નગરપાલિકાઓએ વગેરેને વિશેષ સત્તાઓ સોંપવાને કારણે તેમની જવાબદારી ઘટી છે.

→ આમ છતાં આજે પણ જિલ્લા વહીવટીતંત્રમાં કલેક્ટરનું સ્થાન ખૂબ જ પ્રભાવશાળી છે.

→ આજે જિલ્લાના વહીવટમાં કાયદો અને વ્યવસ્થા જાળવવામાં, વિકાલક્ષી વિવિધ યોજનાઓમાં તેમનું સ્થાન સંકલનકાર અને સમન્વયકર્તા તરીકે વધુ મહત્ત્વનું બન્યું છે. તેઓ I.A.S. હોય છે.

→ આમ છતાં રાજ્યસરકાર પણ રાજ્યના વહીવટીતંત્રમાંથી આ સ્થાને બઢતી આપી શકે છે.

→ બધારણની કલમ 311માં કલેક્ટરને તેમની સેવાકીય શરતોમાં પૂરતું રક્ષણ અપાયું છે.

→ તેમના સ્થાનનું મહત્ત્વ તેમનાં કાર્યોની નીચે પ્રમાણેની ચર્ચાથી આપણને સમજાશે.

**જિલ્લા કલેક્ટરનાં કાર્યો :**

→ જિલ્લા કલેક્ટરની ભૂમિકા બહુમુખી છે.

→ આમ છતાં તેમનાં મુખ્ય કાર્યોને ત્રણ વિભાગમાં વહેંચીને આપણે સમજીશું.

**(અ) મહેસૂલ વહીવટ :**

→ કલેક્ટરના સ્થાન અને કામગીરીનો ઉદ્‌ભવ ઐતિહાસિક રીતે મહેસૂલ એકત્ર કરવાના કામથી જ (To collect revene) થયો છે.

→ સરકાર જમીનની માલિક ગણાય છે.

→ તેથી સરકાર ખેડૂતો પાસેથી જમીન મહેસૂલ મેળવતી આવી છે.

→ સરકારનું આ કાર્ય જિલ્લાકક્ષાએ કલેક્ટર દ્વારા થાય છે.

→ તેમના આ કાર્યમાં મામલતદાર, તલાટી વગેરે કર્મચારીઓનો સહયોગ મળે છે.

→ મહેસૂલ અંગેના નીચલા અધિકારીઓના નિર્ણય વિરુદ્ધની અપીલ સાંભળે છે.

→ તેઓ જમીન મહેસૂલનું મૂલ્યાંકન કર છે.

→ તેઓ જમીન અંગેના દસ્તાવેજો જાળવે છે અને જમીનસુધારણાના કાર્યક્રમોની દેખરેખ રાખે છે.

→ ખેત ઉત્પાદન સંબંધી અને અન્ય આંકડા મેળવે છે.

→ ખેતસુધારણા સંબંધી કાર્યક્રમોનું નિરીક્ષણ કરે છે.

→ સરકારી મિલકતોની જાળવણી કરે છે.

→ દસ્તાવેજો બનાવે છે.

→ ટ્રેઝરી અને સબટ્રેઝરી ઉપર નિયંત્રણ રાખે છે.

→ આમ કલેક્ટર જિલ્લાકક્ષાએ મહેસૂલ સંબંધી કાર્ય સાથે ગ્રામીણ પ્રજાના કલ્યાણ અંગેનાં ઘણાં કાર્યો કરે છે.

**(બ) કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કાર્ય :**

→ કલેક્ટરની કામગીરીમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળળણી એ નાગરિકજીવન માટે ખૂબ જ અગત્યની બાબત બને છે.

→ ઇન્દર મલહોત્રા પોતાના નવેમ્બર 2006ના લેખમાં નિવૃત્ત થઈ રહેલા સીબીઆઈના રાષ્ટ્રીય વડાને ટાંક્યા છે.

→ તેમણે જણાવ્યું કે આંતકવાદ સામે દેશ લડી શકે તે માટે કાયદો અને વ્યવસ્થાનું માળખું સુધારવું જરૂરી છે.

→ આ બાબત કેન્દ્રથી સ્થાનિક સ્તરના વહીવટને લાગુ પડે છે.

→ આ માટે તેઓ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટની રૂએ ફોજદારી વહીવટ માટે જવાબદાર ગણાય છે.

→ આ માટે પોલીસ અધિનિયમ એક્શન - 4 પ્રમાણે કલેક્ટરને જિલ્લાના પોલીસતંત્ર ઉપર નિરીક્ષણ અને નિયંત્રણની સત્તા છે.

→ પોલીસનું આંતરિક સંગઠન પોલીસ અધીક્ષક સંભાળે છે.

→ પરંતુ જિલ્લામાં પોલીસતંત્રનો કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ઉપયોગ કલેક્ટર કરે છે.

→ જિલ્લાનો કાયદો અને વ્યવસ્થા અસરકારક રીતે જળવાય તે માટે પોલીસ અધીક્ષક અને કલેક્ટર વચ્ચે સહકાર અને સમન્વયની વ્યવસ્થા હોય છે.

→ જિલ્લાના વિવિધ વિસ્તારોની મુલાકાત દરમિયાન કલેક્ટર કાયદો અને વ્યવસ્થા અંગે, ફોજદારી - ઘટનાઓ અંગે, લોકોની ફરિયાદ સાંભળે છે.

→ આવી બાબતો અંગે તેઓ પોલીસ અધિક્ષક સાથે ચર્ચા કરી શકે છે અને પોલીસ કાર્યવાહીનો અહેવાલ માંગી લે છે.

→ સામાન્ય રીતે વર્ષમાં એક વાર પોલીસ કામગીરીનો લેખિત અહેવાલ કલેક્ટર કાર્યાલયને ઘટનાઓના વિગતે વિશ્લેષણ સાથે મળતો રહે છે.

→ પોલીસતંત્ર પર જિલ્લા કલેક્ટરશ્રીને સત્તા બક્ષવાનો મુદ્દો પોલીસતંત્ર માટે કાયમી નારાજગીનો મુદ્દો રહેલો છે.

→ પોલીસતંત્ર અને I.P.S. અધિકારીઓ આ વ્યવસ્થાને તેમની કાર્યક્ષમતા અને સત્તા પર બિનજરૂરી મર્યાદા ગણે છે.

→ તેથી જ હવે મ્યુ. કોર્પોરેશનનાં શહેરોમાં પોલીસ કમિશનર પર જિલ્લા કલેક્ટરની સત્તા નથી.



GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

→ આ રીતે જિલ્લા કલેક્ટરને પોલીસતંત્ર પર નીમવાનો મૂળભૂત હેતુ પોલીસની સત્તા અમર્યાદા બની જાય નહીં તે જોવાનો છે.

→ આ વિવાદને કારણે વખતોવખત જિલ્લા કક્ષાએ કલેક્ટર અને પોલીસવડા વચ્ચે પ્રશ્નો ઊભા થાય છે.

→ ખાસ કરીને જિલ્લાની મુલાકાતે કોઈ મોટા પદાધિકારી નેતા આવવાના હોય ત્યારે કલેક્ટરે પ્રોટોકોલ કાર્યની અંદર પણ શાંતિ અને વ્યવસ્થા જાળવવા હાજર રહીને નિરીક્ષણ - નિયંત્રણ કરવું પડે છે. જોકે વહીવટ સુધારણા સમિતિની ભલામણ પ્રમાણે પ્રોટોકોલ કામગીરીમાં કલેક્ટરને પૂરો સમય હાજર રાખીને તેમનો કીમતી સમય બગાડવો ન જોઈએ.

→ આવા પ્રસંગે તેમની હાજરી પૂરતી જ હોવી જોઈએ.

→ આ ઉપરાંત કલેક્ટર કેદીઓને પેરોલ પર છોડે છે, જેલનું નિરીક્ષણ કરે છે.

→ જાહેર સલામતી જોખમાય ત્યારે કલમ 144 જાહેર કરી પરિસ્થિતિ નિયંત્રિત કરવા પ્રયત્ન કરે છે.

→ પરિસ્થિતિ ખૂબ જ વણસે તો લશ્કર બોલાવી શકે છે.

→ રાજ્ય સરકાર તરફથી જિલ્લાની વ્યવસ્થા માટે મળતા આદેશોનો અમલ કરે છે.

→ ઔદ્યોગિક અને વેપારી કાયદાઓનો ભંગ કરનાર ઉપર કેસ ચલાવી શકે છે.

**(ક) વિકાસલક્ષી વહીવટ :**

→ સ્વતંત્ર ભારતમાં કલ્યાણ રાજયોનો આદર્શ અને પંચવર્ષીય યોજનાઓને લીધે વિકાસ કાર્યોને માર્ગદર્શન, નિરીક્ષણ અને નિયંત્રણની કામગીરીમાં કલેક્ટરની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની બની હતી.

→ સમાજકલ્યાણ, આરોગ્ય, જાહેર બાંધકામ, પુરવઠા વિભાગ જેવા ખાતાઓના જિલ્લા કક્ષાના વડાઓએ કલેક્ટર કાર્યાલયને માસિક અહેવાલ મોકલવો જરૂરી છે.

→ જોકે 1992ના 73માં બંધારણીય સુધારાને પગલે પંચાયતીરાજને જિલ્લાના વિકાસ કાર્યોની વિશેષ સત્તાઓ મળી છે.

**(ડ) અન્ય કાર્યો :**

→ આગળ જોયા તે ત્રણ મુખ્ય કાર્યો ઉપરાંત કલેક્ટર સંસદ અને ધારાસભાની ચૂંટણી સમયે રીટર્નિંગ ઓફિસર તરીકે,

→ દર દસ વર્ષે યોજાતી વસ્તીગણતરી સમયે જિલ્લા વસ્તીગણતરી અધિકારી તરીકે,

→ જિલ્લામાં યોજાતા તમામ જાહેર કાર્યક્રમોમાં રાજ્યસરકારના પ્રતિનિધિ તરીકે,

→ સરકારના લોકસંપર્ક અધિકારી તરીકે,

→ કુદરતી આપત્તિઓ સમયે રાહતકાર્યોનું સંચાલન જિલ્લા કક્ષાએ કરે છે.

→ આમ પરિવર્તન પ્રવાહ સાથે કલેક્ટરના સ્થાન અને કાર્યોમાં પરિવર્તન આવ્યું છે.

→ જિલ્લાના લોકો તેમના પ્રત્યક્ષ સંપર્કમાં આવે છે.

→ નોંધપાત્ર બાબત એ છે કે આજે કલેક્ટર બીજા રાજ્યોના હોવા છતાં જે રાજ્યોમાં મૂકાય છે તેના લોકોની એટલા નજીક આવ્યા છે કે પ્રાદેશિક ભાષા સહેલાઈથી બોલતા અને સમજતા જોવા મળે છે. આ લોકશાહીનો પ્રભાવ છે.

**⏩ પંચાયતી રાજ અને શહેરી સ્થાનિક સરકારની મુખ્ય વિશેષતાઓ, માળખું અને સમસ્યાક્ષેત્રો :**

→ 'પંચાયતી રાજ' એ મૂળે ભારતીય ખ્યાલ છે.

→ અંગ્રેજોના આગમન પહેલાં ઇતિહાસને પ્રત્યેક તબક્કે પંચપ્રથા જોવા મળે છે.

→ 1935ના ધારા પ્રમાણે 1937માં ચૂંટાયેલી પ્રાંતીય લોકપ્રિય સરકારોએ પંચાયતપ્રજાના વિકાસ માટે કેટલાક પ્રયત્નો કરેલા.

→ આ સાથે કેટલાંક દેશી રાજ્યોએ પણ પંચાયત પ્રજાના વિકાસ માટે પગલાં લીધાં હતાં.

→ સ્વતંત્ર ભારતના બંધારણમાં મહાત્મા ગાંધીજીના આગ્રહથી ડો. બી.આર. આંબેડકરે રાજનીતિના માર્ગદર્શક સિદ્ધાંતોમાં બંધારણની કલમ 40માં પંચાયતી રાજનો વિષય મૂક્યો હતો અને તેના અમલને એકમ રાજ્યોની સ્વેચ્છા ઉપર છોડયો હતો.

→ પરંતુ સ્વતંત્રતા બાદ સામુદાયિક વિકાસ યોજનાઓ (1952) અને રાષ્ટ્રીય વિસ્તરણ સેવા (1953)નું મૂલ્યાંકન કરવા અને ઘટેલા લોકસલાહકારનાં કારણો જાણવા જાન્યુ. 1957માં સ્વ. બળવંતરાય મહેતાના અધ્યક્ષપણા નીચે એક સમિતિની સ્થાપના કરેલી. આ સમિતિએ નવેમ્બર 1957માં પોતાના અહેવાલમાં જે ભલામણો કરી તેમાં ત્રિસ્તરીય પંચાયતી રાજની સ્થાપના એ મહત્ત્વની બાબત હતી.

→ 1958માં રાષ્ટ્રીય વિકાસ પરિષદે આ અહેવાલ સ્વીકાર્યો.

→ આ અહેવાલ પ્રમાણે 2જી ઓક્ટો. 1959ના રોજ સૌપ્રથમ રાજસ્થાનમાં પંચાયતી રાજની સ્થાપના થઈ.

→ ત્યારબાદ આંધ્રપ્રદેશ અને ભારતનાં મોટા ભાગનાં રાજ્યોમાં પંચાયતી રાજની સ્થાપના થઈ.

→ હાલમાં કેન્દ્રસ્તરે ગ્રામ્યવિકાસ ખાતું પંચાયતી રાજ અંગેની બાબતો હાલમાં સંભાળે છે.

→ કેન્દ્રમાં અખિલ ભારતીય પંચાયત પરિષદની જોગવાઈ 73માં બંધારણીય સુધારાથી થઈ છે.

→ ગુજરાતમાં પંચાયતીરાજના અમલ માટે ગુજરાત સરકારે નીમેલી શ્રી રસીકલાલ પરીખ સમિતિએ ડિસે. 1960માં પોતાનો અહેવાલ આપ્યો.

→ આ અહેવાલ પ્રમાણે ગુજરાતમાં લોકશાહી વિકેન્દ્રીકરણ માટે ત્રિસ્તરીય પંચાયતી રાજ માટે ભલામણ કરાઈ.

→ પરંતુ 1962માં ચીનના આક્રમણને લીધે આ ધારા પ્રમાણેનું પંચાયતી રજા 01-04-1963થી અમલમાં આવ્યું.

→ આ પછી પણ સતત ગુજરાતના પંચાયતી રાજના વિકાસ માટે મથામણ ચાલતી રહી.

→ આ માટે 1963-67માં શ્રી માલદેવજી ઓડેદરા, 1964-65માં શ્રી એચ.કે.એલ. કપૂર તથા સતીન્દ્ર શાહ, 1964-65માં શ્રી જાદવજી મોદી, 1968-70માં શ્રી ડાહ્યાભાઈ નાયક, 1969-72માં શ્રી રં.ભા. શુક્લ, 1970-72માં શ્રી માલદેવજી આડેદરા, 12-04-72થી 30-09-72માં શ્રી ઝીણાભાઈ દરજી, 1977-78 શ્રી રિખવદાસ શાહના અધ્યક્ષપણા નીચે આ વિવિધ સમિતિઓએ ગુજરાત પંચાયતી રાજને વધુ સક્ષમ બનાવવા પ્રયત્નો કર્યા છે.

→ 1961ના ધારા પ્રમાણે ગુજરાતમાં તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણીઓ પરોક્ષ રીતે થતી.

→ શ્રી દરજી સમિતિની ભલામણ પ્રમાણે 1973ના સુધારેલા અધિનિયમથી તાલુકા અને જિલ્લા પંચાયતોની ચૂંટણીઓ પણ પ્રત્યક્ષ સ્વરૂપની બનાવાયી.

→ અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સ્ત્રીઓ માટે 1961ના પંચાયતી રાજધારામાં અનામત બેઠકોની જોગવાઈ હતી જ.

→ 1973ના પંચાયતીરાજ ધારામાં સ્ત્રી અનામત બેઠકો લગભગ 20 % જેટલી કરાઈ. આમ છતાં સરપંચ, પ્રમુખ જેવા નિર્ણાયક હોદ્દાઓ માટે અનામતની વ્યવસ્થા ન હતી જેના લીધે અનામત બેઠકો ઉપર ચૂંટાયેલા સભ્યોની ભાગીદારી પ્રભાવશાળી બની ન હતી.

→ ગુજરાતમાં ગ્રાપમપંચયાત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત એમ ત્રિસ્તરીય પંચાયતીરાજ ઉપરાંત શ્રી રિખવદાસ સમિતિએ જેને ચોથું સ્તર ગણ્યું ચે તે રાજ્ય પંચાયત પરિષદ પણ સક્રિય છે.

→ 1992ના 73માં બંધારણીય સુધારા પ્રમામે ગુજરાતમાં 1995 અને 2000માં એમ બે વાર ચૂંટણીઓ થઈ છે. આ ધારા પ્રમામે 33 % અનામત બેઠકો ઉપર ચૂંટાયેલી બહેનોની ભૂમિકા પ્રભાવશાળી બની રહી હોય તેવું અભ્યાસોમાં જણાય છે.

→ પંચાયતી રાજની ધરતી જેને ગણાઈ છે તે 'ગ્રામસભા'ઓ સક્રિય બને તે માટે ગુજરાત બને તે માટે ગુજરાત પંચાયતીરાજ સંગઠન જેવી બિનસરકારી (N.G.C) સંસ્થાઓ સક્રિય ભૂમિકા ભજવે છે.

→ પ્રો. શ્રી પ્રવીણ શેઠે નોંધ્યું છે તેમ 'સમગ્ર દેશમાં ગુજરાત જ એવું રાજ્ય છે જેમાં લગભગ નિયમિત સમયાન્તરે રાજ્યવ્યાપી ચૂંટણીઓ થઈ છે. (2000 સુધીમાં કુલ 8 વખત આ ચૂંટણીઓ થઈ છે.)

→ 24-09-2000ના રોજ ગુજરાતના 25 જિલ્લાઓમાં 23 જિલ્લા પંચાયતોની ચૂંટણીઓ યોજાઈ હતી - જેમાં 65.41 % મતદાન થયું છે.

→ મહારાષ્ટ્રની જેમ ગુજરાતમાં પણ જિલ્લાપંચાયતને (ત્રણેય સ્તરમાં) સૌથી શક્તિશાળી અને અસરકારક સંસ્થા બનાવાઈ છે.

→ 1લી મે 2001થી ગુજરાતમાં પંચાયતી રાજમાથી જકાતવેરો (ઓક્ટ્રોય) નાબૂદ થઈ ગયો છે.

→ ડો. ઘનશ્યામ શાહે નોંધ્યું છે કે (ગુજરાતમાં), 'પંચાયતોની આદિવાસી - દલિતોની જ્ઞાતિઓના લોકોને કોઈ ને કોઈ જગ્યાએ સ્થાન મળ્યું છે પણ તેઓ પ્રમાણમાં આર્થિક રીતે ઉપલા સ્તરમાંથી જ આવે છે.'

→ ગુજરાત પંચાયતી રાજે ગ્રામ્ય વિસ્તારોમાં રાજકીય , આર્થિક વિકાસ અને સામાજિક પરિવર્તન ક્ષેત્રે નોંધપાત્ર સિદ્ધિઓ મેળવી છે.

→ ગુજરાત પંચાયતી રાજની મુખ્ય વિશેષતાઓ જોયા પછી રાષ્ટ્રીય સ્તરે પંચાયતી રાજની સ્થિતિ તપાસવા આપણે પાછા ફરીએ તો જણાય છે કે -

→ રાષ્ટ્રીય સ્તરે પંચાયતી રાજના અભ્યાસ માટે ડિસેમ્બર 1977માં સ્વ. અશોક મહેતાના અધ્યક્ષપદ નીચે એક સમિતિ નીમેલી જેણે ઓગસ્ટ 1978માં પોતાના (આ અહેવાલનો અમલ થાય તે પહેલાં શ્રી મોરારજી દેસાઈની જનતા સરકારનું પતન થતાં અહેવાલનો અમલ થયો નહોતો.)

→ અહેવાલામાં કરેલ ભલામણોમાં સૌથી વિશેષ મહત્ત્વની ભલામણે બે સ્તરના પંચાયતી રાજ માટેની હતી.

→ સમિતનું માનવું હતું કે આર્થિક વિકાસની દૃષ્ટિએ 'ગ્રામ'નાનું એકમ હોવાથી પંચાયતી રાજના બે જ સ્તર તાલુકા પંચાયત (મંડળ પંચાયત) અને જિલ્લા પંચાયત રહેવા જોઈએ.

→ કર્ણાટક, આંધ્રપ્રદેશ અને પ. બંગાળે આ સમિતિની ઘણી જોગવાઈઓને અમલી બનાવવા પં. રા. માં સુધાર કર્યાં હતા.

→ 1885માં આયોજનપંચ દ્વારા પંચાયતીરાજના અભ્યાસ માટે નિમાયેલ જી.વી. કેશવ સમિતિએ પોતાના અહેવાલમાં ખાસ ભાર મૂક્યો હતો કે લોકશાહી વિકેન્દ્રીકરણ અને વિકાસ કાર્યક્રમોના આયોજન માટે જિલ્લા પંચાયત એ યોગ્ય એકમ છે.

→ 186મા ંશ્રી રાજીવ ગાંધીની સરકારે શ્રી એલ. એમ. સીંઘવીના અધ્યક્ષપદના નીચે નીમેલ સમિતિએ પોતાના અહેવાલમાં ખાસ ભાર આપ્યો હતો કે પંચાયતી રાજ સંસ્થાને બંધારણમાં સ્થાન અને રક્ષણ મળવું જોઈએ.

→ શ્રી એલ.એમ. સીંઘવી સમિતના અહેવાલનો અમલ શ્રી રાજીવ ગાંધીની સરકારે જુલાઈ 1989માં 64માં બંધારણીય સુધારા દ્વારા પંચાયતી રાજને બંધારણમાં સ્થાન આપી મજબૂત બનાવવા પ્રયત્ન કર્યો હતો. આ સુધારો લોકસભામાંથી પસાર થયો પરંતુ રાજ્યસભામાંથી પસાર ન થઈ શક્યો.

→ સપ્ટેમ્બર 1990માં શ્રી. વી.પી. સીંઘની લોકશાહી મોરચા સરકારે પંચાયતીરાજને બંધારણમાં સ્થાન અપાવવા 74મો બંધારણીય સુધારો લોકસભામાં રજૂ કરેલો. પરંતુ આ સુધારો પસાર થાય તે પહેલાં સરકારનું પતન થયેલું.

→ 23 ડિસે. 1992માં શ્રી નરસિંહરાવની કોંગ્રેસ સરકારે 73માં બંધારણીય સુધારા સંસદમાંથી પસાર કરાવી શકી, જે 17 રાજ્યો અને રાષ્ટ્રપતિની સહી મળતાં 24 એપ્રિલ 1993માં અમલમાં આવ્યો. આ સુધારાએ પંચાયતી રાજને બંધારણમાં સ્થાન અપાવી લોકશાહી વિકેન્દ્રીકરણના આદર્શને સાકાર કરતી વ્યાપક જોગવાઈ કરેલી છે.

→ તેની મુખ્ય વિશેષતાઓ આ પ્રમાણે છે :

→ આ ધારાની જોગવાઈઓ મુખ્યત્વે બે વિભાગમાં છે : (અ) ફરજિયાત અને (બ) મરજિયાત.

→ 1992ના આ ધારાનાં મુખ્ય લક્ષણો આ પ્રમાણે છે :

→ **ધારાસભા :** આ ધારા પ્રમાણે ગ્રામસભાએ ધારા સભા જેવું સ્થાન અને કેટલીક સત્તાઓ ધરાવશે.

→ ત્રિસ્તરીય પંચાયતી રાજ (Three tier system) : આ ધારા પ્રમાણે પ્રત્યેક રાજ્ય માટે ત્રિસ્તરીય પંચાયતી રાજનું માળખું ફરજિયાત રહેશે. (જોકે 20 લાખથી ઓછી વસ્તીવાળા રાજ્યને મધ્ય સ્તરનું - તાલુકા સ્તરનું પંચાયતી માળખું જરૂરી નથી.)

→ **પંચયાતની સમયમર્યાદા :** → પંચાયતના પ્રત્યેક સ્તરની મુદ્દત પાંચ વર્ષની રહેશે. પાંચ વર્ષ પહેલાં કોઈ પંચાયત બરતરફ કરાઈ હોય તો છ માસમાં ચૂંટણીઓ ફરજિયાતપણે કરવાની રહેશે.

→ **સભ્યોની ચૂંટણીઓ :** → પંચાયતી રાજના તમામ સભ્યોની ચૂંટણી પ્રત્યક્ષ સ્વરૂપની રહેશે, માત્ર તાલુકા અને જિલ્લા પંચાયતના અધ્યક્ષોની ચૂંટણી પરોક્ષ રીતે થશે.

→ **અનામત બેઠકો :** → ધારા પ્રમાણે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના સભ્યોને પંચાયતના વિસ્તારમાં તેમની વસ્તીના ધોરણે અનામત બેઠકો રહેશે. સ્ત્રીઓ માટે 33 % બેઠકો અને પ્રત્યેક સ્તરે 33 % અધ્યક્ષપદ અનામત રહેશે.

### ⏩ રાજ્ય ચૂંટણી પંચ :

→ રાજ્યના રાજ્યપાલ ચૂંટણી કમિશનરની નિમણૂક કરશે. તેમને પંચાયત રાજ્યની ચૂંટણીઓ માટે તમામ આવશ્યક સત્તાઓ રહેશે.

**નાણાંપંચ :**

→ રાજ્યના રાજ્યપાલ દર વાંચ વર્ષે પંચાયતી રાજની આર્થિક સ્થિતિનું મૂલ્યાંકન કરવા નાણાંપંચની રચના કરશે. પંચનો અહેવાલ ધારાસભા સમક્ષ મૂકાવશે.

**સત્તા અને કાર્યો :**

→ 11મી અનુસૂચિમાં સમાયેલ 29 વિષયો અંગે પંચાયતી રાજ કામગીરી કરી શકે છે તે માટે તેને સત્તાનું વિકેન્દ્રીકરણ ધારાસભા કરશે. પંચાયતી રાજને પૂરતા નાણાકીય સાધનો મળી રહે તે માટે અનુદાન અને કરવેરાનું માળખું પૂરું પાડશે.

→ નાણાકીય ખર્ચનું ઓડિટ અને અન્ય નિયંત્રણની જોગવાઈ રાજ્ય સરકાર કરશે.

→ ઉપરાંત કેન્દ્રશાસિત પ્રદેશોમાં રાષ્ટ્રપતિ પંચાયતી રાજના અમલ માટે જોગવાઈ કરશે તેમ જણાવાયું છે.

**પંચાયતી રાજનાં સમસ્યાક્ષેત્રે :**

→ પંચાયતી રાજના અમલના ચાર દાયકાની કામગીરીનું મૂલ્યાંકન કરવા સરકારી રાહે અને બિનસરકારી રીતે ઘણાં અભ્યાસા થયા છે.

→ પંચાયતી રાજે ચાર દાયકાથી ઘણી સિદ્ધિઓ મેળવી છે. પરંતુ અહીં આપણે પંચાયતી રાજને નડતી સમસ્યાઓ અંગે વિચાર કરવાનો છે.

→ પંચયાતી રાજમાં ગ્રામ સ્તરે રાજકીય પક્ષોને ચૂંટણીઓથી દૂર રાખવામાં આવતા હોવા છતાં પંચાયતી રાજના સ્તરે રાજકીય પક્ષાપક્ષી અને જૂથવાદને લીધે લોકોના કામ ઘણી વાર ખોરંભે પડે છે.

→ પદાધિકારીઓ અને અધિગારીઓ વચ્ચે ઘણી વાર સંબંધો તંગદિલીભર્યા બને છે.

→ ઉત્તર પ્રદેશ અને બિહાર જેવાં રાજ્યોમાં પંચાયતી રાજની ચૂંટણીઓ નિયમિત યોજાતી નથી. 73માં બંધારણીય સુધારા પછી પણ પંચાયતી રાજની ચૂંટણીઓ માટે 'લોકહિત'ની અરજી અદાલતમાં કરવી પડે છે. બિહારમાં આવી લોકહિતની અરજી પછી 2001ના એપ્રિલ માસના બીજા અઠવાડિયામાં 23 વર્ષ પછી પંચાયતી રાજની ચૂંટણીઓ થઈ રહી છે અને તે પણ લોહીયાળ બની છે.

→ પંચાયતના ત્રણેય સ્તરે સ્ત્રીઓનો અધ્યક્ષપદની અનામત જોગવાઈ હજુ સંસ્ક્રાંતિકાળમાંથી પસાર થઈ રહી છે. તેમને સમાજ, અધિકારીઓ અને પુરુષ નેતાો સાથેના પડકારો અનુભવવા મળે છે. જોકે કેટલીક સ્ત્રી અધ્યક્ષોએ સુંદર કામગીરી બજાવી છે.

→ ગ્રામસભા અને ન્યાયપંચાયતોની નિષ્ક્રિયતાનું ભારે પ્રમાણ હજુ ચાલુ છે.

→ પંચાયતી રાજ દ્વારા 'લોકોને સત્તા' હજુ મૂર્તિમંત થતાં સમય લાગશે એવું લાગે છે.

**શહીર સ્થાનિક સરકાર-મુખ્ય વિશેષતાઓ અને માળખું :**

→ ભારતમાં શહેરી સ્થાનિક સરકારનો સ્પષ્ટ ઉલ્લેખ સૌપ્રથમ મેગેસ્થીનીસના પુસ્તક 'ઇન્ડિકા'માં જોવા મળે છે. તેમણે મૌર્ય સામ્રાજ્યના 'પાટલીપુત્ર'ના સ્થાનિક વહીવટની પ્રશંસા કરી છે. બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીના સમયનાાં સૌપ્રથમ 1987માં મદ્રાસમાં મહાનગરપાલિકાની સ્થાપના થયેલી. બ્રિટિશ સમયમાં ભારતમાં સ્થાનિક સરકારના વિકાસની ચર્ચા આપણે પ્રકરણ 8માં કરેલી છે.

→ સ્વતંત્રતા પછી લોકશાહી વિકેન્દ્રીકરણ માટે ગ્રામ્યક્ષેત્રે પંચાયતી રાજ્યને વ્યવસ્થિત બનાવવા સરકાર, એન.જી.ઓ. અને અન્ય અભ્યાસુઓએ જે ધ્યાન આપ્યું છે તેના પ્રમાણમાં શહેરી સ્થાનિક સરકારો તરફ કંઈક દુર્લક્ષ સેવાયું હોય તેવું જણાય છે.

→ 1963ના નગરપાલિકા અધિનિયમ વડે શહેરી સ્થાનિક સરકારોનું માળખું નક્કી થયું.

→ ગુજરાત સરકારે શહેરી સ્થાનિક સરકાર અંગે નિમેલી સમિતિઓમાં 1961ની નગરશાસન નવીનીકરણ સમિતિ અને 1964 નગરપાલિકા અનુદાન સંહિતા સમિતિએ સ્થાનિક સરકારના વિકાસ માટે ચોક્ક દિશા આપી છે.

→ ગુજરાતમાં 20,000 થી 3 લાખની વસ્તી સુધી નગરપાલિકા અને 3 લાખ કે તેથી વધુ વસ્તી એ મહાનગપાલિકાની સ્થાપના માટે મહત્ત્વનું ધોરણ છે. હાલમાં 2001માં ગુજરાતમાં નગરપાલિકાઓની સંખ્યા અ - પ્રકારમાં 9, બ - પ્રકારમાં 29, ક - પ્રકારમાં 24, ડ - પ્રકારમાં 81 - કુલ 143 છે. મહાનગરપાલિકાઓ અમદાવાદ, સુરત, રાજકોટ, ભાવનગર, વડોદરા અને જામનગર એમ 6 શહેરોમાં છે. રાષ્ટ્રીય સ્તરે જોઈએ તો 1990ની પ્રાપ્ત સંખ્યા પ્રમાણ 1770 નગરપાલિકાઓ અને 73 મહાનગરપાલિકાઓ હતી.


GADHAVIS CURRENT AFFAIRS (ગઢવી કરન્ટ અફેયર્સ)

→ વસ્તીની દૃષ્ટિએ વિચાર કરીએ તો શહેરોની વસ્તીમાં ઝડપથી વધારો થઈ રહ્યો છે.

| | 1191 | 1921 | 1931 | 1941 | 1951 | 1961 | 1971 | 1981 | 1991 | 2001 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| નગર | 10.40 | 11.2 | 12.0 | 13.9 | 17.3 | 18.0 | 19.0 | 23.73 | 25.72 | 27.3 |
| ગ્રામ્ય | 89.60 | 88.8 | 88.0 | 86.1 | 28.7 | 82.0 | 80.1 | 76.27 | 74.28 | 72.7 |

→ આમ શહેરીકરણની પ્રક્રિયા ઝડપી બની છે ત્યારે શહેરમાં વસતા નાગરિકોના જીવનને સ્પર્શતી બાબતોની વ્યવસ્થા કરતી શહેરી સ્થાનિક સરકારોની મુખ્ય વિશેષતા, તેનું માળખું અને તેની સમસ્યાનાં ક્ષેત્રો અંગેની વિચારણા મહત્ત્વની બાબત બને છે.

→ શહેરી સ્થાનિક સરકારોની વિકાસ માટે ભારતનાં વિવિધ રાજ્યોએ જુદે જુદે સમયે વિવિધ સમિતિઓ નીમેલી છે.

→ જેમાં દિલ્હીમાં 1948 અને 1968માં, તામિલનાડુમાં 1950, પંજાબમાં 1957માં, મધ્યપ્રદેશમાં 1959માં, મહારાષ્ટ્રમાં 1964માં, કેરલમાં 1965માં, આસમમાં 1969માં અભ્યાસ સમિતિઓ નિમાયેલી.

→ રાષ્ટ્રીય સ્તરે શહેરી સ્થાનિક સરકારનો વિચાર કરીએ તો 1949-51માં શ્રી પી.કે. વેત્તલના અધ્યક્ષપદે સ્થાનિક નાણાં તપાસ સમિતિ, 1953-54માં શ્રી જહોન મથાઈના અધ્યક્ષપદે કરવેરા તપાસ આયોગ, 1963માં શ્રી નૂરુદ્દીન અહેમદના અધ્યક્ષપદે નગરપાલિકા કર્મચારીઓ માટે તાલીમ સમિતિ, શ્રી એ.પી. જૈનના અધ્યક્ષપદે 1963-66માં ગ્રામ્ય-શહેરી સંબંધ સમિતિ, 1963માં રફીક ઝકારિયાના અધ્યક્ષપદે શહેરી સ્થાનિક સરકારોની નાણાકીય સ્ત્રોત અંગેની સમિતિ, 1965-68માં નગરપાલિકા કર્મચારીઓની સેવાકીય શરતો અંગેની સમિતિ, 1974માં શ્રી ગીરજાપતિ મુખરજીના અધ્યક્ષપદે નગરપાલિકા કર્મચારીઓની સેવાકીય શરતો અંગેની સમિતિ, 1974માં શ્રી ગીરજાપતિ મુખરજીના અધ્યક્ષપદે શહેરી સ્થાનિક સંસ્થાઓ અને મહાનગરપાલિકાઓ બંધારણ, સત્તા અને કાયદા અંગે અભ્યાસજૂથ 1985-88માં શ્રી સી.એમ. કોરેના અધ્યક્ષપદે શહેરીકરણ અંગેના રાષ્ટ્રીય આયોગે અભ્યાસ કરીને પોતાના અહેવાલ આપેલા છે.

→ ઓગસ્ટ 1989માં શ્રી રાજીવ ગાંધીની સરકારે શહેરી સ્થાનિક સરકારોને બંધારણમાં સ્થાન આપી`તેના વિકાસને દઢ બનાવવા પ્રયત્ન કરેલો.

→ પરંતુ આ 65મો બંધારણીય સુધારો લોકસભામાંથી પસાર થયો પરંતુ રાજ્યસભામાંથી પસાર ન થઈ શક્યો.

→ સપ્ટે. 1990માં શ્રી વી.પી. સિંઘની મોરચા સરકારે ફરીથી સુધારેલ નગરપાલિકા ખરડો લોકસભામાં રજૂ કરેલો પરંતુ આ સુધારો પસાર થાય તે પહેલાં સરકારનું પતન થયેલું.

→ ડિસે. 1992માં શ્રી નરસિંહ રાવની સરકાર શહેરી સ્થાનિક સરકારને બંધારણમાં સ્થાન અપાવતો 74મો બંધારણીય સુધારો લોકસભા અને રાજ્યસભામાંથી પસાર કરાવ્યો જે 1લી જૂન 1993માં અમલી બન્યો.

**⏩ 74મો બંધારણીય સુધારો અને શહેરી સ્થાનિક સરકારની મુખ્ય વિશેષતાઓ :**

→ આ અધિનિયમ દ્વારા બંધારણમાં (શહેરી સ્થાનિક સરકારને લગતી) 12મી અનુસૂચિનો ઉમેરો થયો. આ ધારાથી શહેરી સ્થાનિક સરકારોને બંધારણમાં સ્થાન આપવામાં આવ્યું.

**(1) ત્રણ પ્રકારની નગરપાલિકાઓ :** → આ ધારા પ્રમાણે (અ) નગરપંચાયત જે ગ્રામ્યમાંથી શહેરી વિસ્તારમાં સંક્રાંતિકાળનો વિસ્તાર થશે. (બ) નગરપાલિકા નાના શહેરી વિસ્તાર માટે (ક) મહાનગરપાલિકા મોટા શહેરી વિસ્તાર માટે.

**(2) સભ્યોની ચૂંટણી :** → આ અધિનિયમ પ્રમાણે શહેરી સ્થાનિક સરકારોમાં (અ) તમામ સભ્યોની પ્રત્યક્ષ ચૂંટણી થશે : અધ્યક્ષપદ પરોક્ષ ચૂંટણીથી નક્કી થશે. (બ) સહસભ્યો તરીકે નગરપાલિકાની હદમાંથી ચૂંટાયેલા, રાજ્યધારાસભાના અને લોકસભાના સભ્યો તથા રાજ્યસભાના સભ્ય જેમની મતદાર તરીકે નગરપાલિકા વિસ્તારમાં નોંધણી થઈ હોય, ઉપરાંત નગરપાલિકા વિશેનું વિશેષ જ્ઞાન અથવા અનુભવ ધરાવતી વ્યક્તિને સહ સભ્ય તરીકે સ્થાન આપી શકાશે પરંતુતે સભામાં મત નહીં આપી શકે.

**(3) અનામત બેઠકો :** → નગરપાલિકાઓમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની શહેર વિસ્તારની તેની વસ્તીના પ્રમાણમાં અને સ્ત્રીઓ 33 % બેઠકો અનામત અપાશે. અધ્યક્ષપદે અનામત વ્યવસ્થા રાજ્ય ધારાસભા કરશે.

(4) **નગરપાલિકાઓની મુદ્દત :** → નગરપાલિકાઓની મુદ્દત પાંચ વર્ષની રહેશે. આમ છતાં કોઈ નગરપાલિકા વિસર્જીત કરાઈ હશે તો તેની નવી ચૂંટણી છ માસમાં કરાવવાની રહેશે.

(5) **સત્તા અને કાર્ય :** → 12મી અનુસૂચિમાં બતાવેલા વિષયોને લગતા કાર્યો અને સત્તાઓ રાજ્ય ધારાસભા નગરપાલિકાઓ વિકેન્દ્રિત કરશે.

(6) **નાણાકીય વ્યવસ્થા :** → રાજ્ય ધારાસભા નગરપાલિકાઓ તેને સોંપાયેલી જવાબદારીઓ સંતોષકારક રીતે કરી શકે તે માટેનું કરનું માળખું ઘડી આપશે અને અનુદાન આપશે.

**નાણાપંચ :** → નગરપાલિકાઓની નાણાકીય સ્થિતિનું મૂલ્યાંકન કરવા દર પાંચ વર્ષે રાજ્યપાલ નાણાપંચની નિમણૂક કરશે અને નાણાંપંચનો અહેવાલ ધારાસભામાં મૂકાવશે.

(7) **રાજ્ય ચૂંટણીપંચ :** → રાજ્યપાલ નગરપાલિકાઓની ચૂંટણીઓ ન્યાયી ધોરણે તટસ્થાપૂર્વક થાય તે માટે ચૂંટણીપંચની રચના કરશે.

(8) **મેટ્રોપોલિટિન આયોજન સમિતિ :** → 10 લાખ કે તેથી વધુ વસ્તીવાળા શહેરીવિસ્તારના વિકાસ માટે આ પ્રકારની સમિતિની રચના કરશે.

→ તેની જોગવાઈ રાજ્ય ધારાસભા કરશે.

## ⏩ જિલ્લા આયોજન સમિતિ :

→ જિલ્લામાં આપેલી પંચાયતો અને નગરપાલિકાઓ સંયુક્ત રીતે જિલ્લાના વિકાસ માટે આ સમિતિના ઉપક્રમે આયોજન કરશે.

→ તેની જોગવાઈ ધારાસભા કરશે.

## ⏩ શહેરી સ્થાનિક સરકારોનાં સમસ્યાક્ષેત્રો :

→ શહેરી સ્થાનિક સરકારોની કામગીરી સંતોષકારક બને તે માટે વિવિધ રાજ્ય સરકારોએ અને કેન્દ્ર સરકારે યોજેલ સમિતિઓ અને બંધારણના 74મા અધિનિયમ પછી પણ શહેરી સ્થાનિક સરકારો ઘણી સમસ્યાઓથી ઘેરાયેલી છે.

(1) **ઝડપી શહેરીકરણ :** → શહેરોમાં ઉદ્યોગોના કેન્દ્રીકરણ અને શહેરોમાં નાગરિક જીવનની સવલતોથી આકર્ષાઈને ગામડાઓમાંથી લોકોની શહેરો તરફનો ધસારો વધતો રહ્યો છે. દા.ત. 2001ની વસ્તીગણતરીમાં જાણવા મળ્યું છે કે સુરત શહેરન વસ્તી 1991માં 15 લાખ હતી તે વધીને 2001માં 28 લાખની થઈ છે. લેખકે પોતે 2001માં શહેરી સ્થાનિક સરકાર અંગે કરેલ સંશોધનમાં આ સરકારી શહેરીકરણને લીધે શહેરમાં ગંદા વસવાટની સમસ્યા ઉગ્ર બનતી જાય છે.

→ પરંતુ શહેરની આ વધતી જતી વસ્તી અને વિસ્તરણના પ્રમાણમાં નગરપાલિકાઓની કામગીરી અદ્યતન બની શકી નથી.

(2) **નગરપાલિકાઓનાં કાર્યોનો હ્રાસ :** → વધતા જતા શહેરકરણના પ્રશ્નોને ઉકેલવા રાજ્ય સરકારોને કેટલાંક કાર્યો જેવા કે શહેર આયોજન, શહેર વિકાસ, પાણી પુરવઠા જેવાં કાર્યો માટે અલગ એકમોને સત્તા આપી છે જેના લીધે આ એકમો - બોર્ડો માટે સરકાર અલગ નાણાકીય જોગવાઈ પણ કરે છે.

→ પરંતુ આમ થવાથી નગરપાલિકાઓના વ્યવસ્થાતંત્રમં એક ખાલીપો ઊભો થાય છે.

→ તેનાં કાર્યોનું સંગઠન ખોરવાય છે અને નાણાકીય શક્તિ પણ ઘટે છે.

(3) **અપૂરતા નાણાકીય સ્ત્રો :** → આજે શહેરી જીવનની ગીચતાની સાથે અપેક્ષાઓ પણ વધતી જાય છે. જેમ કે પહોળા પાકા રસ્તા, બગીચા, ફુવારા, બસની સગવડ વગેરે. પરંતુ અઓ માટે નગરપાલિકાઓ પાસે આવકના પૂરતા સ્ત્રોત નથી.

→ તે લોકોની વધતી જરૂરિયાતો સામે નવા કરવેરા નાંખવાની હિંમત બતાવતી નથી અને રાજ્યસરકારો વધુ અનુદાન આપી શકતી નથી. જોકે ગુજરાતમાં 6 મહાનગરપાલિકાઓ સિવાયની તમામ નગરપાલિકાઓનો જકાતવેરો 1લી મે 2001થી રદ કરેલ છે અને તેના સ્થાને વધારાનું અનુદાન આપશે.

**(4) નબળી વહીવટી વ્યવસ્થા :**

→ નગરપાલિકામાં લોકોએ ચૂંટેલા પ્રતિનિધિઓ નીતિ ઘડે છે. પરંતુ આ નીતિનો અમલ જેમણે કરવાનો છે તેવા ઉચ્ચઅધિકારીઓ ઉપર તેમું નિયંત્રણ હોતું નથી.

→ આ અધિકારીઓને રાજ્યસરકાર નીમે છે.

→ પરિણામે અધિકારી અને પદાધિકારી વચ્ચેના સંબંધો સમતુલિત રહેતા નથી અને વહીવટી કાર્યક્ષમતા જોખમાય છે.

**(5) લોકોમાં જાગરૂકતાનો અભાવ :**

→ આપણે ત્યાં જાહેર જવાબદારી અંગેની સભાનતા ઓછી છે.

→ લોકો પોતાના હક્કો પ્રત્યે જ પૂરતા સભાન નથી ત્યાં ફરજો પ્રત્યેતો સભાનતા ક્યાંથી હોય. પરિણામે પ્રતિનિધિઓ ચૂંટાયા પછી લોકોનાં કાર્યો પ્રત્યે પૂરતો ઉત્સાહ દાખવતા નથી.

→ લોકો મુશ્કેલીમાં હોય છતાં સંગઠિત રીતે બંધારણીય માર્ગે વિરોધ કરતા નથી.

→ વિરોધ કરે છે તો હિંસક વિરોધ તેમને જ નુકસાનકર્તા બને છે. દા.ત., 2001ના એપ્રિલમા દિલ્હીમાં સર્વોચ્ચ અદાલતના આદેશ પ્રમાણે જાહેર બસો અને ખાનગી વાહનો પ્રદૂષણ અંગેના નિયમો પૂરતા પાળી ન શકતાં બસોમાં ઘટાડો થતાં હિંસક લોકોએ 6 બસો સળગાવી દીધી.

**(6) ભ્રષ્ટાચાર :**

→ સ્થાનિક સરકાર તરફ લોકોની વધેલી અપેક્ષાના પ્રમાણમાં નાણાકીય સાધનોની તો ખેંચ છે જ.

→ આ ઓછાં નાણાકીય સાધનોમાંથી પણ લોકોના ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને વહીવટીતંત્રના મેળાપીપણામાં ઘણી વાર લોકોના નાણાંનો ઘણો ભાગ અંગત હિતમાં વપરાઈ જાય છે.

→ જેના પરિણામે રસ્તા કાચા બને છે, પણ તૂટી પડે છે, જાહેર ઇમારતો કાચી પડે છે.

→ આ ભ્રષ્ટાચારની બદી નવી નથી.

→ 1941માં પણ સ્વતંત્રતા પહેલાં લખનઉ નગરપાલિકામાં તપાસ સમિતિએ વ્યાપક ભ્રષ્ટાચાર પુરવાર કર્યો હતો તો આજે શી સ્થિતિ હોઈ શકે ?

**(7) જાહેર હિતની વિરુદ્ધ પક્ષીય હિત :**

→ શહેરી સ્થાનિક સરકારોએ લોકશાહી સંસ્થાઓ છે. તેથી સ્વાભાવિક રીતે રાજકીય પક્ષોની ભૂમિકા અગત્યની બને છે.

→ પરંતુ અહીં રાજકીય પક્ષ એ લોકહિતનું માધ્યમ બનવાને બદલે રાજકરણના દાવપેચીની ભૂમિ સંકુચિત રાજકીય સ્વાર્થમાં પરિણમે છે.

→ આમ થવાથી સામાન્ય લોકોની અપેક્ષાઓની પૂર્તિ થતી નથી.

→ જાહેર હિતને સ્થાને સ્થાપિત હિત અને પક્ષીય હિત સંતોષવા પગલા ભરાય છે.

→ ઉપરાંત રાજ્ય સરકાર અને નગરપાલિકામાં વિરુદ્ધના રાજકીય પક્ષો સત્તા ઉપર હોય ત્યારે આ સ્થિતિ વધુ વણસે છે.

→ રાજ્યના નિયંત્રણનો દુરુપયોગ થાય છે.

→ શહેરી સ્થાનિક સરકારો કેટલીક સમસ્યાઓનો સામનો ભારતમાં આગવું જોયું તેમ કરે છે.

→ આમ છતાં આ સમસ્યાઓમાંથી માર્ગ શોધવાનું ચિંતન આપણે ચાલુ રાખ્યું છે.

→ ઉપરાંત તે પ્રમાણે પગલાં પણ ભર્યાં છે.

**(1) બંધારણમાં ચોક્કસ સ્થાન આપ્યું છે :** આપણે સમવાયતંત્રના સ્વીકાર સાથે કેન્દ્ર અએને રાજ્યોને ત્રમ યાદીઓ દ્વારા સત્તા વહેંચી છે.

→ પરંતુ ગ્રામ અને શહેરી ક્ષેત્રે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સુધારણા માટે જે પંચો અને સમિતિઓ નીમાઇ તેમાં શહેરી સ્થાનિક સરકારોની કંઇક અવગણના થયેલી.

→ આખરે 1992-93ના 74મા બંધારણીય સુધારાથી શહેરી સ્થાનિક સરકારોને બંધારણમાં સ્થાન આપી તેની સત્તાઓ, ચૂંટણીઓ અને નાણકીય વ્યવસ્થા માટે જોગવાઈ કરાઈ છે.

(2) **ખામીપૂર્ણ વહીવટી વ્યવસ્થા દૂર કરી શકાય તેમ છે :** સ્વતંત્રતા પહેલાં 1918માં મોન્ટેગ્યુ ચેમ્સફર્ડ સુધારાએ ભાલમણ કરી હતી કે નગરપાલિકાઓ અને બોર્ડ ચેરમેનની ચૂંટણી થવી જોઈએ.

→ આ ચેરમેનને વહીવટી અધિકારીઓનાં કાર્યો ઉપર નિરીક્ષમ અને નિયંત્રણની સંપૂર્ણ સત્તા હોવી જોઈએ.

→ પરંતુ સ્વતંત્રતા બાદ મોટા ભાગનાં રાજ્યોએ આ બાબતને અપનાવી. માત્ર ગુજરાત, બંગાળ અને બિહારની નગરપાલિકાઓના પ્રમુખોને કારોબારી સત્તા પૂર્ણપણે અપાઈ છે.

→ બાકીનાં રાજ્યોમાં મુખ્ય અધિકારી રાજ્ય સરકારના નિયંત્રણમાં છે.

→ મહાનગરપાલિકાની સ્થિતિ તો સ્થાનિક સરકારની વિચારસરણીથી વધુ વિપરીત છે.

→ અહીં મ્યુનિસિપલ કમિશનર પરિષદ કે મેયરને જવાબદાર નથી, તે રાજ્ય સરકારને જવાબદાર છે. સમગ્ર દેશમાં માત્ર બંગાળ સરકારે નગરપાલિકા ધારામાં સુધારો કરીને મેયર ઇન કાઉન્સિલ પ્રથા અપનાવી છે.

→ કલકત્તા અને વહારા મહાનગરપાલિકામાં તેનો અમલ કર્યો છે.

→ આ પ્રથાથી તમામ કારોબારી સત્તા ચૂંટાયેલા નેયરને અપાઈ છે. મ્યુનિસિપલ કમિશનર મેયરને જવાબદાર બનાવાયા છે.

→ આ બાબતને ભારતનાં અન્ય રાજ્યો દ્વારા અનુસરાય તો વહીવટી વ્યસ્થાની નબળાઈ દૂર થઈ શકે.

(3) **આવકનાં નવાં સાધનો અપાય :** 74માં બંધારણીય સુધારાએ શહેરી સ્થાનિક સરકારનાં કાર્યો સ્પષ કર્યાં પરંતુ લોકોની વધેલી જરૂરિયાતો અને અપેક્ષાએ સંતોષવા શહેરી સ્થાનિક સરકારો પાસે પૂરતા નાણાકીય સ્ત્રોત ન હોય ત્યારે તે માટે પૂરતી વ્યવસ્થા થવી જોઈએ.

→ 1979માં નાઈજીરિયા જેવા વિકાસશીલ દેશની કેન્દ્ર સરકારે આવકના 10 % શહેરી સ્થાનિક સરકારોને આપવાનું શરૂ કર્યું છે.

→ ભારતમાં એન. ડી. એ.ની સરકારના સમયથી શહેર વિકાસ માટે કેટલીક ગ્રાનટ કેન્દ્ર સરકારે આપવાનું શરૂ કર્યું છે.

→ આ સાથે ધારાસભ્યો અને સંસદસભ્યો પણ વિકાસ ફંડ દ્વારા વિકાસ કાર્યોમાં સહાયરૂપ બની શકે છે.

→ પરંતુ તે સ્થાનિક સરકારની પોતાની તાકાત ગણી શકાય નહિ.

→ નવી ઉદારવાદી અર્થનીતિ અને ખાનગીકરણના યુગમાં રોકાણકારોને શહેરી સ્થાનિક સરકારનાં કાર્યોમાં નાણાં રોકવાનું સૂચન કરાય છે.

→ સંયુક્ત રાજ્ય અમેરિકામાં નગરપાલિકાઓ આવક મેળવવા જે બોન્ડો બહાર પાડે છે, તેને આવકવેરામાંથી રાહત અપાય છે.

→ ભારત સરકાર પણ શહેરી સ્થાનિક સરકારના નાણાકીય સ્ત્રોત તરીકે ખાની રોકાણકારોને પ્રોત્સાહિત કરવા આવી જોગવાઈ ઊભી કરે તે જરૂરી બાબત છે.

→ 74માં બંધારણીય સુધારે નાણાપંચની જોગવાઈ તો શહેરી સ્થાનિક સરકારો માટે કરી જ છે.

(4) **કર્મચારી ગણના અસંતોષને દૂર કરવાનો પ્રયત્ન :**

→ શહેરી સ્થાનિક સરકારના કર્મચારી એક જ વિસ્તારમાં તેની આખી જિંદગી કામગીરી કરે છે. તેને બઢતીની તકો ઓછી રહે છે.

→ નિમણૂકમાં સ્થાનિક દબાણો અને પક્ષીય રાજકારણન લીધે ક્યારેક ઓછી ગુણવત્તાવાળા પસંદ થયા હોય તો ક્યારેક કામચલાઉ લેવાયેલા કર્મચારીઓ પક્ષીય દબાણોને લીધે છૂટા કરી શકાતા નથી.

→ તેથી તેમના પગારનું ભારણ સ્થાનિક સરકાર ઉઠાવી શકતી નથી.

→ આમ થવાથી નિયમિત પગાર ચૂકવી શકાત નથી.

→ ત્યાં પેશન્જરોને પેન્શન ક્યાંથી ચૂકવાય ?

→ 2002થી નવી ભરતી પામનારને ગુજરાત જેવાં રાજ્યોએ પરંપરાગત પેન્શન પ્રથા રદ કરી છે.

→ હવે ભરતી ઉપર રાજ્ય સરકારનું નિયંત્રણ વધ્યું છે.

→ તેથી અસ્તિત્વ ધરાવતા કર્મચારીઓને પગાર અને અન્ય લાભો આપી શકાય તે બાબત ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું છે.

**(5) શહેરીકરણની તીવ્રતા સામે દીર્ઘદૃષ્ટિવાળા આયોજનો થાય છે પરંતુ અમલ હજુ દૂર છે :**

→ ભારતમાં શહેરીકરણ પશ્ચિમની જેમ વિશાળ પ્રમાણમાં ઓદ્યોગિક પરિણામ નથી.

→ તે ગ્રામ્ય ગરીબીનું સીધું પરિણામ છે.

→ શહેર વિકાસમાં ભાગીદારી આપવાની દૃષ્ટિ હજુ આપણામાં પૂરતી વિકસી નથી.

→ ગામોમાંથી આવતા ગરીબ લોકો ઝૂંપડપટ્ટી ઊભી કરે છે તો મધ્યમ અને તવંગર વર્ગના લોકો ટાઉન પ્લાનિંગનો સહેલાઈથી ભંગ કરીને આડેધડ મકાનો બનાવે છે.

→ મોટા કોન્ટ્રાક્ટરો માર્ગો દબાવીને એપાર્ટમેન્ટના બાંધકામ કરે છે.

→ તેઓ એપાર્ટમેન્ટમાં વાહનો રાખવાની ભોંયતળિયાની જગ્યા છોડતા નથી.

→ આ બધું નગરપાલિકા અને મહાનગરપાલિકાના ધ્યાન બહાર બનતું નથી.

→ આવાં મોટાં બાંધકામો જે શહેરના વિકાસને અવરોધીને બનાવાયાં હોય છે.

→ તેમાં મોટી ખાયકી થયેલી હોય છે.

→ કહેવાતા પ્રજાના પ્રતિનિધિ એવા સેવકો રાતોરાત પૈસાદાર બની જાય છે અને શહેર રાંક બની જાય છે.

→ ...ળોમાં પૂરતું પાણી આવતું નથી.

→ કચરો પૂરતો વળાતો નથી.

→ કચરાપેટીઓ જલદી ઉપાડાતી નથી.

→ ગટરો વારંવાર ઉભરાય છે.

→ બાલક્રીડાંગણો બનતા નથી અને હોય છે તો રમતનાં સાધનો તૂટેલાં હોય છે.

→ શહેરનું ઘરેલું ગણાતા પુસ્તકાલયોની વ્યવસ્થા બરોબર જળવાતી નથી.

→ ભારતના શહેરીકરણનો અંદાજ ગ્રામ્ય અને શહેર અભ્યાસ સમિતિએ વર્ષો પહેલાં કરીને અહેવાલ આપેલો.

→ ગુજરાત સહિતની કેટલીક રાજ્ય સરકારો અને ભારત સરકાર દ્વારા 'વિઝન 2220' જેવા આયોજનો બનાવાય છે, જે આવકારપાત્ર છે.

→ પરંતુ વહીવટીતંત્ર હજુ લાલપટ્ટીવાદ અને ભ્રષ્ટાચારમાંથી મુક્ત નથી તેની પ્રતીતિ 2006ના 30 ઓક્ટો.ના સંદેશના સમાચાર આપે છે. તે પ્રમાણે, "મેગાસિટી બનેલા અમદાવાદ શહેરમાં ટી.પી.સ્કીમનો અમલ કરવામાં આવે તો માત્ર નારોલથી નરોડા સુધીના 25 હજાર રહેણાંક અને 10 હજાર જેટલાં કોમર્શિયલ બાંધકામો તોડવા પડશે તેવો મ્યુનિસિપલતંત્રનો અદાંજ છે."

→ આવા બાંધકામ માટે કોણ કોણ જવાબદાર હોઈ શકે તે અભ્યાસીી સહેલાઈથી સમજી શકે છે.

→ તેથી નગરપાલિકા અને મહાનગરપાલિકાઓની સત્તામાં ઘટાડો થતો હોય.

→ આ લોકશાહી સંસ્થાઓ થોડીક મર્યાદિત બનતી હોય છતાં વિકાસ એકમોને પૂરતી સત્તા અપાય તે આજની માંગ છે.

→ ઉપરાંત શહેરના નાગરિકોએ પણ શહેરના વિકાસ માટે જાગૃતિ રાખવી પડશે.

→ આ સંદર્ભમાં 10 જૂન 2005ના રોજ દિલ્હીખાતે જવાહરલાલ નેહરુ યુનિ. ના યોજાયેલ વર્કશોપ કરેલું ચિંતન શહેરી સ્થાનિક સરકાર માટે દિશાસૂચક છે.

→ આ વિચારણા પ્રમાણે મહાનગરપાલિકા ધરાવતા શહેરોમાં વોર્ડ સમિતિને પૂરતી સત્તાઓ વિકેન્દ્રીત કરાવી જોઈએ.

→ 74મા બંધારણીય સુધારામાં વોર્ડ સમિતિની રચના માટેની જોગવાઈ છે.

→ પરંતુ આ વોર્ડ સમિતિને શક્તિશાળી બનાવવા તેને જરૂરી સત્તા વાસ્તવિક પણ અપાય તેવું તારણ આ વર્કશોપનું છે.

→ આમ થશે તો લોકોની જાહેર ભાગીદારી પણ વધશે.

→ વોર્ડ સ્તરે લોકો નિર્ણયઘડતરમાં સહેલાઈથી ભાગીદારી આપી શકશે.

→ તેથી શહેરી સ્થાનિક સરકાર લોકોની વધતી અપેક્ષાઓ અને જરૂરિયાતોને કાર્યક્ષમ પણે સંતોષી શકશે.

●

# કોમ્પ્યૂટરનું પ્રાથમિક જ્ઞાન

**⏩ કોમ્પ્યૂટરના શોધકો ક્રમાનુસાર નીચે મુજબ ગોઠવી શકાય :**

- **બ્લેઇઝ પાસ્કલ :** કોમ્પ્યૂટરના પ્રથમ શોધક તેમજ (1642)માં પ્રથમ ગણતરી સ્વરૂપ માત્ર સરવાળા અને બાદબાકીનું કરતું સૌપ્રથમ કેલ્ક્યુલેટર બનાવ્યું જે ભવિષ્યમાં આધુનિક કોમ્પ્યૂટરનું સ્વરૂપ ધારણ કરનાર હતું.
- જર્મમીના ગોડફ્રેડ લિબનિટ્ઝે (1674)માં આજ મશીનમાં સુધારા કરી ગુણાકાર- ભાગાકાર ઉમેર્યા.
- ચાર્લ્સ બેબેઝ : બ્રિટનમાં 1834-37 વર્ષ સુધી યાંત્રિક કોમ્પ્યૂટર બનાવવાનો પ્રયત્ન કર્યો છતાં તેમનું કાર્ય અધૂરું રહ્યું.
- ઈ.સ. 1890 હેરમાન હોલેરિયાએ કાણા પાડેલા વીજળીના સિગ્નલો દ્વારા વાંચી શકાતું પ્રથમ કાગળની સળંગ પટ્ટી વપરાતી હતી.
- ઈ.સ. 1944ની શોધમાં પ્રો. હાવર્ડ ઐકેનના માર્ક-1ના કોમ્પ્યૂટરમાં છૂટક કાર્ડને બદલે કાગળની સળંગ પટ્ટી વપરાતી હતી.
- જહોન ન્યુમાન પહેલો એવો શોધક હતો જેને ઈ.સ. 1946માં 0 (ઝીરો) તથા 1 (એક)માંજ દરેક ગણતરી કરવાનો પ્રયત્ન કર્યો.
- વિલિયમ સોકલા : ઈ.સ. 1948 તેઓ એ મોટા વાલ્વને બદલે મની ટ્રાન્ઝેસ્ટર શોધ્યું અને કોમ્પ્યૂટરને 100 ગણું નાનું કર્યું.
- જેક કિલ્લી : ઈ.સ. 1958માં તેમના દ્વારા હજારો ટ્રાન્ઝિસ્ટરને ચીપ સાથે જોડી દેવામાં આવ્યા અને સફળ રહ્યા. જેનાથી કોમ્પ્યૂટર વધારે નાનું થયું.
- ટેડ હોફ : ઈ.સ. 1969માં તેઓએ દરેક પ્રકારની ગણતરી કરતી ચીપ શોધી. આનાથી આખુય કોમ્પ્યૂટર ઘણી બધી ચીપની જગ્યાએ માત્ર એક જ ચીપમાં સમાવી લેવાયું.
- ઈ.સ. 1870માં Mark-1 કાણા પાડેલા કાર્ડને બદલે કાણાવાળી સળંગ પટ્ટી વાપરતું સૌ પ્રથણ કોમ્પ્યૂટર હતું.
- "એનિઆક" નામનું કોમ્પ્યૂટર 1500 ચો.મી. ફૂટ જગ્યા રોકાતું તેમ છતાં પણ તે ઝડપથી ગણતરી કરી શકતું ન હતું. શરૂઆતમાં આ કોમ્પ્યૂટરમાં અડધાથી અઢી ફૂટના વાલ્વ હતા. જે યાંત્રિક કોમ્પ્યૂટર હતું.
- ત્યારબાદ "એનિઆક" કોમ્પ્યૂટરને જ માત્ર અડધા ઇંચના ટ્રાન્ઝિસ્ટરમાં વાલ્વનું કદ ફેરવવામાં આવ્યું. ત્યારબાદ તેમાં બેક્ટેરિયાથી ચોથા ભાગનું કદ ધરાવતા અતિ સૂક્ષ્મ ટ્રાન્ઝિસ્ટરો જોડવામાં આવ્યા એટલે આ 1500 ચો. ફૂટનાં 'એનિઆક' કોમ્પ્યૂટરને આધુનિકતામાં 3 ચોરસ ફૂટ કોમ્પ્યૂટર કરતાં નાનાં ભાગમાં સમાવી શકાય છે.
- વર્ષ-2011થી આજ કોમ્પ્યૂટર નેનો-ટેક્નોલોજી ટ્રાન્ઝિસ્ટર સર્કિટ અને બોર્ડના કારણે માત્ર અડધા ચો. ફૂટમાં સમાવેશ કરી શકાયો. જેને કારણે આધુનિક યુગમાં લેપટોપ બની ગયેલ છે.
- સ્ટીવ જોબ્સ : વર્ષ 2008 થી Apploe Companyને માધ્યમ બનાવી આજ કોમ્પ્યૂટરનું આધુનિક સ્વરૂપમાં એક ટેબલેટ સ્વરૂપે પ્રથમ વખત ઇલેક્ટ્રોનિક સિસ્ટમથી સ્વયંમ સંચાલિત અડધા ચોરસ ફૂટમાં ફેરવી દીધું.

**⏩ કોમ્પ્યૂટર હાર્ટવેર : કોમ્પ્યૂટરની નિકાસ ગાથા : કોમ્પ્યૂટરના મુખ્ય ભાગો**

1. **Key-Board (કી બોર્ડ) :** કોમ્પ્યૂટર કી-બોર્ડમાં ટાઇપ રાઇટરના QWERTY પદ્ધતિથી 60% જેટલા ડેટા એન્ટ્રી ઓપરેટર માટે ડાબો હાથ (Left hand) વાપરવો સરળ બને એટલે કી-બોર્ડ બનાવવામાં આવેલ છે. જ્યારે બીજા 40 % જમણા (Right hand)નો વપરાશ ધરાવતી વ્યક્તિ માટે અંગ્રેજી મૂળાક્ષરો A, B, C, D પદ્ધતિમાં Key-Board (કી-બોર્ડ) જોવા મળે છે.
2. **Moniter મોનિટર :** કોમ્પ્યૂટરના સ્ક્રીનને Moniter (મોનિટર) તરીકે ઓળખવામાં આવે છે.

- મોનિટરનું મૂળ નામ "વિઝયુઅલ ડિસપ્લે" દા.ત. (Projecter, T.V. Screen, LED, LCD, Screen, Mobile Screen એટલે કે Softwareથી ચાલતું કોઇપણ ઇલેક્ટ્રોનિક સ્ક્રીન.

3. **Printer પ્રિન્ટર :** કોમ્પ્યૂટર Moniter એ બતાવેલી માહિતી કાયમી સાચવી શકાય તે હેતુથી કાગળ પ્રિન્ટર આઉટ છાપી આપતું સાધન પ્રિન્ટર ઓળખાય છે.

- વર્તમાન સમયમાં મુખ્ય ત્રણ પ્રકારનાં "Printer" બજારમાં જોવા મળે છે.

1. **DOT Matrix Printer : (ડોટ મેટ્રીક્ષ પ્રિન્ટર)** : આ પ્રિન્ટરની સૌથી જૂનું અને દુનિયામાં વધારે વપરાયેલ તેમજ સસ્તું પ્રિન્ટર છે. આ પ્રિન્ટરમાં કુલ 35 ટપકાં તેના હેડમાં હોય છે.

2. **ઈન્કજેટ પ્રિન્ટર** : ઈન્કજેટ પ્રિન્ટરમાં ઈન્ક એટલે શાહી અને જેટ એટલે ફુવારો. આ સિસ્ટમ જોતાં શાહી (ink)નો ફુવારો છુટી કાગળ ઉપર અક્ષરો બનાવે છે. જેમાં સરેરાશ દર ચો. ઈંચ 300 થી 600 જેટલા ટપકાં પડે છે. વર્તમાન સમયમાં ટેક્નોલોજીમાં સુધારા થતાં હવે રંગીન (કલર) (ઈન્કજેટ) પ્રિન્ટર જોવા મળે છે. દા.ત. HP Cannon Samsung જેવી વિવિધ કંપનીના પ્રિન્ટરો જોવા મળે છે.

3. **લેસર પ્રિન્ટર્સ** : આ પ્રિન્ટર ઉપરોક્ત બંને પ્રિન્ટર કરતાં ચઢિયાતું છે.

– લેસર પ્રિન્ટરમાં ટચૂકડી (નાની) લેસર ગન હોય છે. જે ડ્રમના Positve + (પ્રોઝિટીવ) વીજભારના કાળા પાવડરમાં જે કાર્બન હોય છે. તેનાથી ઊલટું ચિત્ર ઉપસાવી કાર્બનને સફેદ પેપર ઉપર ચોંટાડી દે છે. કાર્બન અને ડ્રમમાંથી પેપર ઉપર ટ્રાન્સફર થઈ ચોંટી જાય છે.

4. **હાર્ડ ડીસ્ક** : કોમ્પ્યૂટરના ડેટા સ્ટોરેઝ કરવા માટે વાપરવામાં આવતી તકતીના બે પ્રકારો છે.

– હાર્ડ ડીસ્ક : જે કોમ્પ્યુટરમાં કાયમી Fit (ફીટ) થયેલી હોય છે.

– **Floopy Disk : (ફ્લોપી ડીસ્ક)** : જે વર્તમાન સમયમાં નીચે મુજબના નવા સ્વરૂપો ધારણ કરેલી જોવા મળે છે. CD, DVD, Pendrive, External disk, Notbook માટે Net disk.

– એક મિનિટમાં 300 થી 600 જેટલા આંટાઓ Disk Computerમાં ફરે છે અને તેનો Data-reading થાય છે.

– **Disk Drive (ડીસ્ક હાઈવ)** : કોમ્પ્યુટરમાં "Hard disk" હોય છે. Disk Driveમાં સામાન્ય રીતે એક નહીં. પરંતુ છ કે સાત ડીસ્ક હોય છે. એટલે તેમાં 500 MBની માહિતી સહેલી પડે છે.

– Hard Diskમાં જે Data હોય છે. તે માત્ર Sofware (સોફ્ટવેર) સ્વરૂપે હોય છે.

– C-driveમાં Storage કરેલો Data જો કોમ્પ્યૂટર બગડે, Hard disk Currupt થાય અથવા C-driveની કોઈપણ પ્રકારની વાઈરસની અસર થાય તો બધા જ પ્રોગ્રામ સહિત સંપૂર્ણ Data C-driveમાંથી ઊડી જાય છે.

– D-driveનો Data Dથી શરૂ કરી ભવિષ્યમાં Z સુધીના વિવિધ ડ્રાઈવ બનશે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| દા.ત. | A | → | Comp.. મધર બોર્ડ | J | કેમેરો |
| | B | → | મોનિટર | K | સ્પીકર |
| | C | → | સોફ્ટવેર | L | → |
| | D | → | ડેટા સંગ્રહ | M | → |
| | E | → | ડેટા સંગ્રહ | N | → |
| | F | → | DVD/CD | O | → |
| | G | → | Pen - Drive | p | → |
| | H | → | Printer | Q | → |
| | I | → | Modem | R | → |

5. **C.P.U. : (સેન્ટ્રલ પ્રોસેસિંગ યુનિટ)** : C.P.U. એ કોમ્પ્યુટરનું મગજ છે. જેમાં Micro-Procesor (માઈક્રો પ્રોસેસર) તરીકે ઓળખાતી "ચીપ એરેથમેટીક" (Cheap Arithmetic) દ્વારા અસંખ્ય સંજ્ઞાઓ હોય છે. જેને 1, sec.થી સેકન્ડના એક લાખમાં અથવા 20 સેકન્ડ સુધીમાં સમજી શકે છે.

   C.P.U.ના ભાગરૂપે તેમાં Micro Processor સાથે Raw અથવા Row થી ઓળખાય છે. જેનું વર્તમાનમાં સાચું નામ RAM છે.

6. **RAM**ના કારણે "C - drive"માં અને એ સિવાયની બધી જ Driveમાં સચવાયેલા Data યોગ્ય પદ્ધતિથી સંગ્રહ થાય છે.

   RAMના કારણે C-drive અને વિવિધ પ્રોગ્રામ ચાલે છે. દા.ત., શરૂઆતના Compueterમાં માત્ર 120 MB RAM હતી. જે સેલફોન કોમ્પ્યુટરમાં હતી. ત્યાર બાદ 1 GB, 2GB, 4-GB જ્યારે સુપર કોમ્પ્યુટરમાં 1000 GB RAM હોય છે.

   RAM એ યાદશક્તિ ધરાવે છે Random Access Memory જે અતિ ટૂંકાગાળાની હોય છે. જે યુનિટ બંધ થતાં જ નાશ પામે છે.

**ROM :** Read only Memory તરીકે ઓળખાય છે. ROM એ માત્ર જોઈ શકાય છે. જેમાં ફેરફાર કરી શકાતો નથી. દા.ત., CD, DVD, Flopy જેના ઉદાહરણો છે.

7. **Modem (મોડેમ)** Computerમાં હજારો કિલોમીટર દૂર રહેલા બીજા કોમ્પ્યુટરમાં તેની સાથે જોડવાનું કાર્ય રહે છે.

Modem લાગેલું હોય અને Telephone (ટેલિફોન) લાઈનથી બંનને કોમ્પ્યુટર સાથે જોટી દીધા હોય તો માત્ર 1, Secમાં 9600 bitsની સ્પીડથી Data ટ્રાન્સફર થાય છે. દા.ત. SEBI (સેબી)નું કોમ્પ્યુટર, BSE, NSE વગેરે કોમ્પ્યુટ મોડમ હોય છે.

વર્તમાન સમયમાં મોડમનું આધુનિક સ્વરૂપ ડોન્ગલ અથવા USB Port વાળું Data Card જે એક સોફ્ટવેરથી સંચાલિત થાય છે. જેને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવામાં કોઈ તકલીફ પડતી નથી. જેનું મુખ્ય કારણ “ડોન્ગલ” એ કોઈપણ તાર આવતો નથી.

વર્તમાન સમયમાં BSNLનું Data Card સ્પીડ ધરાવે છે.

8. **Joy Stick :** કોમ્પ્યુટરમાં વીડિયોગેમની રમત રમવા માટે ઉત્તર-દક્ષિણ પૂર્વ-પશ્ચિમ જેવી વિવિધ દસ દિશાઓમાં ગતિ કરવા માટે અથવા તે બાજુ જવા માટે એક કમાન્ડ આપવા માટે વપરાય છે.

વર્ષ 2011 થી Joy Stick પરથી લેપટોપનું કર્સર સ્ક્રીન બનાવવામાં આવેલ છે.

વર્તમાનમાં એન્ડ્રોઇટ મોબાઇલ, ટચ-સ્ક્રીન મોબાઇલ એક નાના કોમ્પ્યુટર જેવું જ કામ લેવા માટે એક “ગોળી” (બોલ) સ્વરૂપે અથવા ચોરસ રિંગ સ્વરૂપે અસ્તિત્વમાં આવેલ છે.

9. **MOUSE : માઉસ :** ચાર્લ્સ બાબેન્ડના કોમ્પ્યુટરમાં માઉસ અસ્તિત્વમાં ન હતું. માઉસની શોધ “ડગ્લાસ એંગલ બાર્ટ” નામના વૈજ્ઞાનકે ઉંદર જેવી પૂંછડીવાળું એક સાધન બનાવ્યું જેને માઉસ નામ આપવામાં આવ્યું. જેનું મુખ્ય કાર્ય Computerના Screen ઉપર એક એરો (Aero) સ્વરૂપે કોઈ પણ જગ્યાએ જઈ ત્યાં તે સુધારો વધારો કરી શકાતું હતું.

– માઉસની right click જેમાં અમુક નક્કી કરેલા 20 ફંક્શન હોય છે. દા.ત. Copy, Paste

– જ્યારે લેફ્ટ ક્લીક (Left Click)નો ઉપયોગ Computer Screen ઉપર આવેલા કોઈપણ Dataમાં સુધારો-વધારો કરવા કે કંઈક ફેરફારથી નવું સ્વરૂપ આપવા ઉપયોગી છે.

– માઉસનું સ્કોલર એ માત્ર કોઈપણ Page reading વખતે Up-Down (અપ ડાઉન)માં ઉપયોગી છે.

- **Computerના Input Dives :**

1. Key-Board
2. Flopy Disk
3. Video Camera
4. Scanner
5. Light Pen
6. Mouse
7. Microphone

- **Output Devies :**

1. Moniter Screen
2. Pointer
3. VCR
4. Proter
5. Inter Face
6. Speaker
7. Prjector

- **Computer Software : કોમ્પ્યુટર સોફ્ટવેર**

**તફાવત : હાર્ડવેર (Hard Ware)**

- કોમ્પ્યુટરમાં જોડવામાં આવેલું કોઈપણ સાધન જેને પકડી શકાય તેમ હોય તેને Hard Ware (હાર્ડવેર) તરીકે ઓળખાય છે. દા.ત., Printer, Pen drive, CD, DVD...

- **Software (સોફ્ટવેર) :** કોમ્પ્યુટરમાં જે ક્રિયાને જોઈ શકાય છે, સાંભળી શકાય છે, અનુભવી શકાય છે, છતાં પણ વાસ્તવિક સ્વરૂપે પકડી શકાતું નથી તેને સોફ્ટવેર કહેવામાં આવે છે.

## સોફ્ટવેરના વિવિધ પ્રકારો

| **એપ્લિકેશન સોફ્ટવેર** | **ડેવલપમેન્ટ સોફ્ટવેર** | **સિસ્ટમ સોફ્ટવેર** | |
|---|---|---|---|
| 1. વડે પ્રોસેસિંગ | લેન્ગાવેજીસ | પેકેજીસ | 1. એસેમ્બર્સ |
| 2. ડેસ્ક ટોપ પબ્લિસિંગ | 1. ફ્રોટોન | 1. ડિબેઝ | 2. કમ્પાઈલર્સ |
| 3. સ્પ્રેડશીટ | 2. કોબોલ | 2. ફ્રોક્સબેજ | 3. ઈન્ટર પ્રિન્ટર્સ |
| 4. ડેટા બેઝ | 3. પાસ્કલ | 3. ફ્રોક્ષ-થ્રો | 4. સિસ્ટમ યુટિલિટીઝ |
| 5. ગમે તે ચોક્કસ | 4. બેઝિક | 4. કિલપર | 5. ઓપરેટિંગ સિસ્ટમ |
| કાર્યને લાગુ પડતા ગમે તે | 5. C & $C^{++}$ વગેરે | 5. ડેટા બેઝ | 6. વિન્ડો 95 |
| બીજા નવા સોફ્ટવેર | | | 7. વિન્ડો 8 |

દા.ત., એન્ટિવાઇરસની CD RUN કર્યા બાદ તે એન્ટિવાઈરસ સમગ્ર Computerને Scane કરે છે. તે જોઈ શકાય છે. તેને Kill (મારેલા) વાઇરસને જોઈ શકાય છે. Delete કરી શકાય છે. પરંતુ વાઇસરોયને હાથમાં પકડી શકાતા નથી.

- **સોફ્ટવેરના Drive :** Computerની અંદર જ્યારે Software Install કરવામાં આવે છે, ત્યારે તેમાં ગોળ ચક્ર A. B, C, D.... હોય છે. જે જરૂરિયાત મુજબ એકબીજાની સાથે સંકળાયેલા રહે છે અને યોગ્ય ગોઠવણી કરતાં સમગ્ર સોફ્ટવેર પ્રોગ્રામ Computerમાં જોઈ શકાય છે.

  દા.ત., Video Game, Page Type કરેલા Photo Image જોવી વગેરે.

- **વર્ડ પ્રોસેસિંગ :** વર્ડ પ્રોસેસિંગ (Tex Editing) કરી શકાય છે. તેમાં એક Personal Computerથી શરૂ કરી સુપર પાવર Computer સુધી એક હજાર કરતાં પણ વધારે પ્રકારથી વિવિધ રીતથી વિશ્વની બધી જ ભાષાઓને લખી શકાય છે.

  દા.ત., Type Siz, Type Style, Type Face

- **Page Margin :** જેમાં ચારેય બાજુનું માર્જિન 0.25, 0.50, 0.1 હોઈ શકે છે.

  Line Spacing, Text Justification, Collomns, Colonms મુખ્યત્વે ત્રણ ભાગમાં હોય છે. (1) સિંગલ કોલમ (2) ડબલ કોલમ (3) ટ્રીપલ્સ કોલમ. જેમાં વિવિધ લખાણ કરી શકાય છે.

- **D.T.P. (Desk Top Publishing) અને તેના માટે ઉપયોગી સાધનો :**

## સોફ્ટવેર

1. પેજમેકર
2. કોરલ ડ્રો
3. સીડી રોમ
4. ફ્રોન્ટ સોફ્ટવેર
5. MS. Word Page
6. MS. Exel
7. MS. Office

- **ઉપયોગી સાધનો :**

1. કોમ્પ્યુટર
2. પ્રિન્ટર
3. હાર્ડવેર : પેન ડ્રાઇવ, સીડી, ડીવીડી, Net disk

- **કોમ્પ્યુટરની વિવિધ ભાષાઓની સમજૂતીનો કોઠો :**

| ક્રમ | ભાષા (લેંગ્વેજ) | શોધનું વર્ષ | શોધકનું નામ |
|---|---|---|---|
| 1. | ફોર્ટ્રોન | 1957 | જહોન બેક્સ |
| 2. | કોબોલ | 1959 | ગ્રેસ હોપર |
| 3. | બેઝિક | 1963 | કેમેની/કર્ટઝ |
| 4. | પાસ્કલ | 1969 | નિકોલસ વર્ષ |
| 5. | (સી) C | 1972 | ડેનીસ રીચિ |

- **સિસ્ટમ સોફ્ટવેર** : કોમ્પ્યુટરનું વહીવટીતંત્ર એટલે તેની સિસ્ટમ સોફ્ટવેરની, C-drive જે નવેસરથી વિકસાવવી પડે છે.

કોમ્પ્યુટરનું રાજ્ય બંધારણ એટલે "C" driveમાં Install કરવામાં આવેલા વિવિધ સોફ્ટવેર Programme જેનું અનુસરણ કરવામાં ન આવે તો કોમ્પ્યુટર હેન્ગ થઈ જાય છે.

કોમ્પ્યુટર બંધારણના ઘટકો મુજબ છે :

1. જેમાં સૌ પ્રથમ એસેમ્બલ સ્વરૂપે બનાવેલ કોઈપણ સાધન જે Computerના મધર બોર્ડ સાથે જોડવામાં આવે છે. દા.ત., વિલિયમ કંપનીના Hard disk, RAM, CD Operater DVD, RAM, Camera, Printers આવા એસેમ્બલ કોમ્પ્યુટરોમાં કોઈ એક કંપનીની જગ્યાએ વિવિધ Company ઓના Parts (વિભાગ) જોડાયેલા હોય છે.
2. **ઈન્ટર પ્રિન્ટર્સ :** Programming માટે વપરાતી Proten કોબોલ, બેઝિક, પાસ્કલ અને બીજી આધુનિક ભાષાઓ, (લેન્ગ્વેઝીસ) કહેવાય છે. જે High Levelની છે. છતાં પણ કોમ્પ્યુટર જેને સમજી શકે એ મશીન Language કરતાં સૌથી વધારે સરળ અને સુગમતાથી દુભાષીઓની જેમ ચાલે તેને ઇન્ટર પ્રિન્ટર કહે છે. દા.ત., ગુગલ એન્જિનનું Language Function
3. **કમ્પાઇલર્સ :** કમ્પાઇલર્સમાં ઇન્ટર પ્રિન્ટર જેવો બીજો સિસ્ટમ સોફ્ટવેર કમ્પાઈલર છે. જેનું મુખ્ય ફોટોન કે પાસ્કલ જેવી High Level Languageનું મશીન લેંગ્વેજમાં અનુવાદ કરવામાં આવે છે.
4. **સિસ્ટમ યુલિલિટીઝ :** કોમ્પ્યુટરને Operatingને વધારે કાર્યક્ષમ બનાવતું સોફ્ટવેર સિસ્ટમ યુટિલિટીઝ તરીકે ઓળખાય છે.

   દા.ત. ડિસ્ક કોમ્પ્રેસન પ્રોગ્રામ યુટિલિટીઝના પ્રતાપેજ Hard Disk પરનો Data સંકોચન પામીને વધારે જગ્યા કરી આપી સમાવી લે છે. એવી જ રીતે Back-up યુટિલિટી Hard disk ઉપરના Dataને Back-up Diskમાં Automatic સમાવી લે છે.
5. **Operating System :** સૌથી જાણીતા સોફ્ટવેર Operating System કહે છે.

   જેની મુખ્ય જવાબદારી કોમ્પ્યુટરમાં ડેટાના ટ્રાફિકનું નિયમન કરવું.

   કોઈ પણ Computer Operting System વિના ચાલી શકાતું નથી. કારણ કે Computer વિવિધ સાધન વચ્ચે બેસાડવો શક્ય હોતો નથી.

- Operating System એક Traffic Police જેવું કામ કરે છે. કોમ્પ્યુટર હાર્ડ ડીસ્ક, Moniter - હાર્ડડીસ્ક, કી-બોર્ડ, ડિસ્ક ડ્રાઇવ C.P.U. Printer, મેમરી યુનિટ, ફ્લોપી, DVD ડેટા કાર્ડ, જેવા અનેક ઊર્જાનો (સાધનો)ને જોડી તેનું નિયમન કરે છે.
- ભૂતકાળમાં સૌથી પ્રચલિત ઓપરેટિંગ સિસ્ટમ DOS (Disk Operating System) હતી,.
- જ્યારે વર્તમાનમાં window-8 જેવી operating system છે.

6. **Windows (વિન્ડોઝ) :** Dos કરતાં પણ વધુ વ્યાવહારીક રીતે ચાલતી આ સિસ્ટમ છે. વિન્ડોઝમાં સોફ્ટવેર સરળતાથી ચાલે છે. કોમ્પ્યુટરનું ઓપરેટિંગ અત્યંત સરળતાપૂર્વક થાય છે.

– જેનું મુખ્ય કારણ સ્ક્રીન ઉપર Mouseના Pointને કોઈપણ ચોક્કસ જગ્યાએ રાખીને ક્લીક કરી Operator પોતાને જ યોગ્ય લાગે તે પ્રકારના સુધારા - વધારા કરી શકે છે.

– 'વિન્ડોઝ' નામ પાડવાનું મુખ્ય કારણ Computerને Start કરીએ એટલે Screen (સ્ક્રીન) ઉપર બારી જેવા અનેક ખાના ચમકે છે. જેને આપણે ધાર્યા મુજબ કોઈપણ જગ્યાએ ખસેડી શકીએ છીએ.

– એક ખાનાની નીચે બીજું ખાનું દબાવી શકીએ છીએ. કોઈપણ "Application Programmeના ખાના ઉપર Mouseનું Pointer મૂકી Select કર્યા બાદ ફક્ત એ જ પ્રોગ્રામનો દરવાજો ખૂલે છે. એટલે જ વિન્ડોઝનો ઉપયોગ સરળ છે. આવી સગવડ Dosમાં જોવા મળતી નથી.



# IMPORTANT WEBSITES

| SN | ORGANIZATION | WEBSITES |
|---|---|---|
| 1 | Agriculture Department | www.agri.gujarat.gov.in |
| 2 | Commissionerate of Schools | www.cos-mdm.gujarat.gov.in |
| 3 | Directorate of forensic Science | www.dfs.gujarat.gov.in |
| 4 | ESIC Gujarat | www.esicgujarat.org |
| 5 | GMDC | www.gmdcltd.com |
| 6 | GPSC | www.gpsc.gujarat.gov.in |
| 7 | GSEB Official | www.gseb.org |
| 8 | GSRTC Gujarat State Road Trans | www.gujaratsrtc.com |
| 9 | GSSSB | www.gssb.gujarat.gov.in |
| 10 | Gujarat Education Department | www.gujarat-education.gov.in |
| 11 | Gujarat Helth Department | www.gujhelth.gov.in |
| 12 | Gujarat Water Supply and Sewerage Board (GWSSB) | www.gwssb.org |
| 13 | Highcourt Online Application | www.hc-ojas.guj.nic.in |
| 14 | Highcourt Recruitment Page | www.hcrec.guj.ni.cin |
| 15 | Institute for Plasma Reasearch (Gandhinagar) | www.ipr.res.in |
| 16 | Kandla Port | wwwkandlaport.gov.in |
| 17 | Medical Admission Commite | www.medambjmc.in |
| 18 | OJAS | www.ojas.guj.nic.in |
| 19 | Panchyat Gujarat | www.panchayat.gujarat.gov.in |
| 20 | Railway Recruitment Bord Ahmedabad | www.rrbahmedabad.gov.in |
| 21 | Serva Shiksha Abhiyan (gujarat) | www.ssagujarat.org |
| 22 | Staff Selection Commission Westen State | www.sscwr.net |
| 23 | Talim Rojgar | www.talimrojgar.org |
| 24 | Vanbandhu Kalyan Yojana | vanbandhukalyanyojana. gujarat.gov.in |
| 25 | Vidyasahayak Bharti | www.vidhyasahayakgujarat.org |